# ધરતીનો બીજો છેડો

લેખક : જયંતીભાઇ પટેલ




## શ્રી જયંતીભાઈ પટેલઃ એક પરિચય

શ્રી જયંતીભાઈ પટેલ આણંદ તાલુકાના બાકરોલ ગામના વતની છે. એમને નાનપણથી જ સાહિત્ય પ્રત્યે લગાવ.

એમની બે નવલકથાઓ પ્રસિધ્ધ થયેલી છે. એમાંની ‘વસમા ઓરતા’ની બે આવૃતિઓ થયેલી છતાં અત્યારે અપ્રાપ્ય છે, જ્યારે ‘મેલા મનનું માણસ એક’ પણ અત્યારે અપ્રાપ્ય છે.

આ સિવાય એમની પચાસ જેટલી ટૂંકી વાર્તાઓ પણ ગુજરાતનાં વિવિધ સામયિકોમાં પ્રસિધ્ધ થયેલી છે.

આજે એમની નવી જ ચાર નવલકથાઓથી એ આ સાર્વજનિક ગુજરાતી પુસ્તકાલયની શરૂઆત કરે છે એ આનંદની વાત છે. એમની આ પ્રવૃત્તિ વિકસે અને એનાથી દેશ પરદેશમાં વસેલા સાહિત્યપ્રેમીઓને સારું સાહિત્ય વાંચવા મળે એ આનંદનો વિષય છે.

એમની આ પ્રવૃત્તિ વધુ ને વધુ વિકસે એવી આશા સહ–

જે. એમ. પટેલ.
(સાન હોઝે, કેલીફોર્નિયા.

## નિવેદન

આપણામાં પરાપૂર્વથી એક કહેવત ચાલી આવે છે : ધરતીનો છેડો ઘર. જ્યારે જ્યારે આ કહેવત સાંભળતો ત્યારે ત્યારે એક પ્રશ્ન સ્વાભાવિક રીતે જ મનમાં ઊઠતો કે ધરતીનો એક છેડો જો ઘર હોય તો એનો બીજો છેડો ક્યાં હશે! એવું પણ બને કે એના એક કરતાં બીજા અનેક છેડા હોય. પણ વધારે નહીં તોય બીજો એક છેડો તો હોવો જ જોઈએ એમ માની એના બીજા છેડાની શોધ કરવાની લગની લાગતી. આ બીજા છેડાને શોધવાની મથામણ આખરે પૂરી થઈ જ્યારે કેટલાંક વરસો પહેલાં અમેરિકા જવાનું અને ત્યાં રહેવાનું થયું ત્યારે.

ત્યાં જે જોયું, સાંભળ્યું ને અનુભવ્યું એ પરથી લાગ્યું કે ધરતીનો જો કોઈ બીજો છેડો હોય તો તે અમેરિકા જ હોવો જોઈએ. અમેરિકામાં અનેક લોકોના પરિચયમાં આવવાનું થયું એમાં આપણા દેશવાસીઓય હતા તો કાળા ને ધોળાય હતા. બધાના અનુભવો ને એમના પ્રત્યાઘાતની વાતો જાણવા મળી ને મનમાં થયું કે અમેરિકામાં દોલત ઘણી છે પણ એ દોલત લોકોનાં દિલમાં એટલી બધી ભરાઈ ગઈ છે કે એમાં કુટુંબની કે ભાઈચારાની ભાવના માટે ખાસ જ્ગ્યા રહી જ નથી. જેનું મૂલ્ય ડોલરમાં કે પેનીમાં ન મપાય એવી તુચ્છ ચીજો માટે એ ડોલરિયાં હૈયાંમાં હવે જ્ગ્યા થઈ શકવી અઘરી છે.

પછી તો એને શોધવા માટે જ જાણે એ લોકોનાં જીવનમાં ડોકિયાં કરવા માંડ્યાં. જેમ જેમ વધુ ખણખોદ કરતો ગયો એમ વધુ ને વધુ વાતો જાણવા મળતી ગઈ. એમાં મીઠાશ કરતાં કડવાશ વધારે હતી. મને થયું કે આમ ન હોઈ શકે. કદાચ એ કડવાશ ઓકતાં માણસોની અપેક્ષાઓ જ વધુ પડતી હોવાને કારણે તો આમ બનતું નહીં હોય ને! પણ ત્યાં તો કોઠી ધોઈને કાદવ કાઢવા જેવો જ અનુભવ થયો. કદાચ મેં આપણી દેશી સમાજવ્યવસ્થામાં જિંદગીનાં મોટા ભાગનાં વરસો કાઢ્યાં હતાં એટલે મને બધે પીળું જ દેખાતુ હતું એની પાછળ મારી દૃષ્ટિમાં જ કમળો તો નહીં થયો હોય ને એવો ભ્રમ પણ એક વખત તો થયો. પાછી ખણખોદ શરૂ કરી ને જે અમૃત કે વિષ હાથ લાગ્યું એ આ કથામાં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

જે લોકોને અમેરિકાનો પરિચય છે તેમને આ વાંચી વધારે ખણખોદ કરવાની વૃત્તિ થશે તો કેટલાકને આત્મશુધ્ધિની ભાવનાય થશે. કેટલાકને આમાં એક પક્ષીય રજૂઆતનો ભાસ થશે તો કેટલાકને એમાં ઘણા આવા પ્રસંગો આવરવા રહી ગયાનો ભાસ પણ થશે. કેટલાકને આ ગમશે તો કેટલાકને આમાં પોતાની કરણીનું પ્રતિબિંબ દેખાતાં કદાચ નહીંય ગમે. પણ મારા વાચકોને તો આ કથા ગમશે જ એવા વિશ્વાસ સાથે એને આપ સમક્ષ રજૂ કરી છે. શું ગમ્યું ને શું ન ગમ્યું એ મને પત્રથી કે ઈમેઈલથી જરૂર જાણાવશો. આપના આવા પ્રતિભાવો મને મારાં બીજાં સર્જનોમાં પથનિર્દેશનનું કામ કરશે એવી મને શ્રધ્ધા છે. મારું ઈમેઈલનું સરનામું છે : jdpatel@pustakalay.com

આપનો
જયંતીભાઈ પટેલ.

# અનુક્રમણિકા


૧. સોમાભાઈ અમેરિકામાં

૨. સમદુખિયાંનો ચોતરો

૩. દેવશીભાઈની હાલત

૪. પ્રિન્સિપાલ કરસનભાઈ

૫. ધનજી મુખી

૬. જશોદાબેનના મનની મનમાં જ રહી

૭. છાપે ચઢ્યા

૮. શુભમ્ ભવતુ

૯. વિવાહમાં વહેલા ને વરસીમાં પહેલા

૧૦.પલ્લવીની ઉપાધિ

૧૧.બાંમણિયું નંબર ત્રણ

૧૨.દેશની દુનિયામાં ડોકિયું

૧૩.સન્માન કર્યું

૧૪.ધનજી મુખી પાછા ઝળક્યા

૧૫.મુખીય સૌને રંગે રંગાયા

૧૬.રેવામાની જીવત્ચર્યા

૧૬.પ્રોજેક્ટ મેનેજર મુખી

૧૭.ભોળાભાઈ સૂરતી

૧૮.ઈન્ડિયા-પાકિસ્તાન

૧૯.દેડકાની પાંચશેરી

૨૦.મુખી નમ્યા

૨૧.ઉપસંહાર

## ૧. સોમાભાઈ અમેરિકામાં

ગોમતીપુર જેવા નાનકડા ગામમાંથી સોમાભાઈનો ભારત પરણીને અમેરિકા જઈ વસ્યો હતો. એને સોમાભાઈએ દેવું કરીને ઈજનેરીનું ભણાવ્યો હતો. અમેરિકાથી નવનીતલાલ એમની દીકરી સ્વાતિને પરણાવવા દેશમાં આવ્યા હતા તેમને ને સ્વાતિને ભારત પસંદ આવી ગયેલો એટલે અને સોમાભાઈને દીકરાને અમેરિકા મોકલવો હતો એટલે લગ્ન ગોઠવવામાં ખાસ તકલીફ પડી ન હતી. ઘડિયાં લગ્ન લેવાયાં હતાં અને વાજતે ગાજતે ભારત પરણી ગયો હતો. ને વરસ વંટોળમાં તો એ અમેરિકાય પહોંચી ગયો હતો.

અમેરિકાની લોકો ખાલી વાતો જ કરતા હતા એવું ન હતું પણ વાસ્તવમાં અમેરિકામાં પૈસાનાં ઝાડ ઊગે છે એ તો ભારતે બે જ વર્ષમાં સાબિત કરી બતાવ્યું હતું. એણે બે વરસમાં તો બાપનું દેવું વાળી દીધું હતું ને બાપને માટે શહેરની સોસાયટીમાં એક સારું ઘર પણ લઈ આપ્યું હતું. ગામના લોકોય સોમાભાઈના આ સુખની અદેખાઈ કરતા હતા. જો કે, શહેર બહારના આ એકાંતમાં એમને ગોઠતું ન હતું પણ દીકરાએ એમને માટે ખાસ મન કરીને આ મકાન લઈ આપ્યું હતું એટલે એ એમાં ગોઠવાવા મથામણ કરતા હતા. ગામમાંથી કોઈ એમને મળવા આવતું હતું ત્યારે એ કહેતા : ‘અહીં આવ્યા પછી મને પહેલાં તો બહુ ગમતું ન હતું, પણ હવે લાગે છે કે ગામની પંચાત ને મારી, તારી કરવા કરતાં અહીં શહેરને ખૂણે શાંતિથી જીવવામાં જ ખરી મજા છે.’

ગામલોકોય એમની આવી વાતોથી એમના મનની મૂંઝવણ સમજી તો જતા પણ એમને મોઢે એ બધા કંઈ કહેતા નહીં. પણ કોઈ કદીક બાંધેભારે કહીય દેતું : ‘અમે તો ભાઈ, હજુ ગામડામાં પડ્યા છીએ. અમારે કયાં અમેરિકાની કમાણી આવવાની છે! અમારે તો રોજ એના એ પાડોશમાં બેસવાનું ને એની એ જ વાતો વાગોળવાની. ને જ્યારે બધીય વાતો ખૂટી જાય ત્યારે નાનપણની વાતો કરીને મન મનાવવાનું.’

સોમાભાઈ મન મનાવી લેવા લાખ પ્રયત્ન કરતા પણ પેલા માણસની રોદણાં જેવી વાત એમના હૈયાની આરપાર નીકળી જતી. એમને પહેલાં તો લાગતું હતું કે લોકો એમની આ જાહોજલાલીને વખાણવા આવી વાત કરતા હશે પણ થોડે થોડે એમને લાગવા માંડ્યું કે એમની આ એકલવાઈ જિંદગીની ગમગીનીની વાત એ લોકોથી છૂપી રહી ન હતી. ને પછી તો પેલા લોકોની આવી વાતો એમને માથાવાઢ જેવી લાગવા માંડી. પણ પેલી કહેવત છે ને કે જે ગોળ ખાય એ ચાડાંય પહેરે, એમ એમણે શહેરનો આ એકાંતવાસ હાથે કરીને વહોર્યો હતો તે ભોગવ્યે જ છૂટકો હતો.

પણ બીજાં બે વરસ પછી એમના ભારતે બેયના પાસપોર્ટ બનાવવા તાકીદ કરી ત્યારે તો જે ગામલોકો વાતો કરતા હતા એમનાંય મોં બંધ થઈ ગયાં. નાનકડા ગામમાંથી સોમાભાઈ પહેલા જ આધેડ માણસ હતા કે જેમને દીકરો પરદેશ લઈ જવા તૈયાર થઈ ગયો હતો. હવે જે લોકો સોમાભાઈને મળવા આવતા હતા એ એમના આ શહેરી એકાંતવાસની વાત કરતા ન હતા. હવે એ લોકો એમના અમેરિકાના પ્રવાસની જ વાતો કરતા હતા. ગામમાંથી જે સ્ત્રીઓ આવતી હતી એ તો સોમાભાઈનાં પત્ની જશોદાબેનને એવી હેતે મળતી કે જાણે એમની માજણી સગી બહેનો ન હોય ! અમેરિકા જઈને એ એમને ભૂલી તો નહીં જાય ને એવો વલોપાતેય એ કરી લેતી.

ગમે તેમ પણ જ્યારથી ભારતે સોમાભાઈ અને જશોદાબેનના પાસપોર્ટ બનાવરાવ્યા ત્યારથી ગામની એ નાનકડી દુનિયામાં જાણે વાતોનો વંટોળ ઊઠ્યો હતો. તો શહેરની સોસાયટીના અતડા રહેતા લોકોય હવે સોમાભાઈ અને જશોદાબેનની નોંધ લેવા માંડ્યા હતા. કેટલાક તો એમને સાંજે ફરવા જતી વખતે સાથે લેવા પણ આવવા માંડ્યા હતા. કેટલાક પરદેશની થોડી જાણકારી ધરાવતા માણસો તો સોમાભાઈને જાતજાતની સલાહ પણ આપતા હતા અને ત્યાં કસરતની કેટલી અગત્ય હતી એ ટાંકી બતાવતા હતા.

સોમાભાઈ પહેલાં તો અમેરિકા જવાની વાતથી ગભરાયા હતા પણ જ્યારે ભારતે એમને સમજાવ્યું કે એને ત્યાં પારણું બંધાવાનું હતું ને એવે વખતે જો એ લોકો ત્યાં હોય તો ટાંકણુંય સચવાઈ જશે અને દાદા-દાદીનો સમય પણ આરામથી પસાર થઈ જશે. ને સોમાભાઈ કદાચ રસ ન બતાવે તો મનાય પણ આવી વાતમાં જશોદાબેન રસ ન બતાવે એ તો બને જ કેમ! એ તો આ વાત જાણીને રાજીનાં રેડ થઈ ગયાં. એમણે તો પછી ગામની જે સ્ત્રીઓ એમને મળવા આવતી એમની પાસેય વધામણી ખાવા માંડી કે ભારતની વહુને સારા દા'ડા છે એટલે ભારતે એમને ખાસ તેડાવ્યાં છે. ને લોકો વળી ભારતના યશની કલગીમાં એક છોગું વધારાનું ઊમેરતાં : 'જોયું ને બીજો કોઈ હોય તો માબાપને છોકરાનો ફોટો મોકલીને પટાવી લે, પણ આણે તો પંદર હજારની ટિકિટ ખર્ચીને માબાપને છોકરાને રમાડવા અગાઉથી જ તેડાવી લેવાનું જ ગોઠવ્યું. ભાઈ, સોમાભાઈએ એને ભણાવ્યો તો એણેય સામે માબાપને સુખી કર્યાં.'

સોમાભાઈ અને જશોદાબેન આ સાંભળીને ફુલાતાં. એમનેય હવે લાગવા માંડ્યું હતું કે ભારત ને એની વહુની એમના પ્રત્યેની માયા હજુ એવી જ છે. ભલે એ વારતહેવારે કાગળ ન લખતાં હોય પણ એમને ભૂલી ગયાં નથી. બેય જણાં કામની ધમાલમાં કાગળ લખવાનો સમય ન કાઢી શકતાં હોય તો ભલે પણ આ અવસર વખતે તો એમણે કાળજી રાખીને અગાઉથી જ પાસપોર્ટ બનાવરાવી દેવડાવ્યા ને! એટલે વહુની સુવાવડ પહેલાં જ પોતાનાથી અમેરિકા પહોંચી જઈ શકાશે.

ને એક દિવસ એમની બધી કલ્પનાઓ અને ચિંતાનો અંત આવ્યો. ભારતનો એક મિત્ર અમેરિકાથી આવ્યો હતો એણે દોડાદોડી કરીને એમને અમેરિકાના વીઝા અપાવી દીધા અને મહિના પછી પોતે પાછો જવાનો હતો ત્યારે એની સાથે જ એમનું બેયનું બુકિંગ પણ કરાવી લીધું. ને સોમાભાઈ તથા જશોદાબેને અમેરિકા જવાની તૈયારીઓ કરવા માંડી. ભારતે કાગળમાં બધું વિગતે જણાવ્યું હતું એ પ્રમાણે એમણે એક પછી એક વસ્તુઓ ખરીદી ભેગી કરવા માંડી હતી. પોતાને લાયક કપડાં અને મરીમસાલા તથા ભારતે ઘરને માટે એમની પાસે મંગાવેલી ચીજો એમણે કાળજી પૂર્વક એકઠી કરી લીધી. પછી પોતાની નાનીમોટી દવાઓ પણ છ મહિના ચાલે એટલી એમણે લઈ લીધી.

ને એક દિવસ એમનું શહેરનું ઘર બંધ કરીને, એક પિતરાઈને એની દેખરેખ રાખવાનું સોંપીને બેય જણ અમેરિકા જવા નીકળ્યાં. જેમણે મુંબઈ પણ પહેલી વખત જોયું હતું એ ન્યૂયોર્કના એરપોર્ટ પર ઊતર્યાં. દીકરો ભારત એમને લેવા માટે આવ્યો હતો. બાપાને ધોતિયું પહેરીને આવેલા જોઈ એ સ્હેજ શરમાયો. એણે એમને તે વખતે તો કશું ન કહ્યું પણ ઘેર જતાં રસ્તામાં એણે બાપાનું ધ્યાન એ બાબતમાં દોર્યું. સોમાભાઈ કહે : 'દેશમાંથી નીકળતાં તો બધાં વળાવવા આવ્યાં હોય એટલે લેંઘો પહેરીને કેમનું નીકળાય! હવે અહીં લેંઘા પહેરીશ, તારા કહ્યા પ્રમાણે ચાર સિવડાવી લાવ્યો છું.'

ભારતને એમની વાતથી સંતોષ થયો પણ એની પત્ની સ્વાતિએ જ્યારે સસરાને આવાં કપડાં પહેરીને આવેલા જોયા ત્યારે એનું નાક ચઢી ગયું. એણે એમને પગે લાગવાને બદલે સામી ટીકા કરી : 'તમને પહેલેથી જ જણાવ્યું હતું તોય ધોતિયું પહેરીને આવ્યા તે અમારું કેવું દેખાય એનોય તમને વિચાર ન આવ્યો !'

સ્વાતિની વાતનું સોમાભાઈને માઠું લાગ્યું પણ એમણે કશો જવાબ ન આપ્યો. ભારતે વાતને વાળી લેતાં કહ્યું : 'બાપા લેંઘા સિવડાવી લાવ્યા છે એટલે હવે પછી એ પહેરશે. આ તો દેશમાંથી નીકળતાં બધાની સામે એમને લેંઘો પહેરીને નીકળતાં શરમ આવી એટલે નહીં પહેરેલો.'

'પણ મુંબઈ એમને કોણ ખાળતું હતું ! તું એમને બરાબર સમજાવી દેજે નહીં તો એ આપણી આબરૂ કાઢશે.'

'તું અમથી નર્વસ ન થઈ જઈશ, એ અહીં તો અહીંની રીતે જ રહેશે. બાને પણ હું ગાઉન પહેરવાનું સમજાવી દઈશ.' ભારતે સ્વાતિને ઠંડી પાડતાં કહ્યું.

'તો વાંધો નહીં. પણ એમને અહીં બોલાવવાનો વિચાર તારો હતો એટલે તને ઠીક લાગે તેમ એમને સમજાવી દેજે. બેબી આવશે એટલે બધા લોકો બેબીને જોવા તો આવ્યા જ કરશે. આ લોકો એમની સામે આપણું ખોટું દેખાય એમ ન વર્તે તો સારું.' સ્વાતિએ સાસુ-સસરાને બારણામાંથી જ વધાવવામાં માંડ્યાં. સોમાભાઈ અને જશોદાબેનને સ્વાતિના સ્વભાવનો આવો પરિચય તો આ પહેલો જ હતો. આજ પહેલાં તો એ જ્યારે એ દેશમાં આવતી ત્યારે એવી નરમાઈથી વાત કરતી હતી કે આખા ગામનાં બૈરાં એનાં વખાણ કરતાં થાકતાં ન હતાં. પણ પેલી કહેવત છે ને 'પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી' પણ આજે વહુનાં લક્ષણ એનાં સાસુ-સસરાને વહુના બારણામાં પેસતાં જ વરતાઈ ગયાં.

જશોદાબેનનું મન ખાટું થઈ ગયું પણ પોતે અજાણી ધરતી પર હતાં એટલે એમણે કશું કહેવાને બદલે મનની વાત મનમાં જ દબાવી દીધી. સોમાભાઈએ ભારત સામે જોયું ને ભારતની આંખોમાં એમને લાચારી દેખાઈ અને એમણેય કશું બોલવું ઉચિત ન ગણ્યું. સાંજે એમને એમનો સૂવાનો ઓરડો બતાવતાં સ્વાતિની ગેરહાજરીનો લાભ લઈ ભારતે ચોખવટ કરવા પ્રયત્ન કર્યો : 'એના બોલવા સામે ન જોશો. એનાથી અત્યારે કામ થાય એવું નથી તોય એને નોકરી પરથી રજાઓ મળી નથી એટલે કામ કરવું પડે છે એટલે એ વાતવાતમાં ગુસ્સે થઈ જાય છે. તમે એને કશું કહેવા જશો તો એ મારા પર અકળાશે, કામ વગર મનદુખ ઊભું કરવાથી શું ફાયદો!'

સોમાભાઈને એની આ વાત ન સમજાઈ પણ એમણે દીકરાને કશું કહી એને ચિંતામાં ન નખવાનું મનથી જ નકકી કરી નાખ્યું.

બીજે દિવસે સ્વાતિના મગજનો પારો જરા નીચો ઊતર્યો હોય એમ લાગ્યો. એણે બેયને આખા ઘરમાં ફરી બધી સજાવટ બતાવી અને હવે પછીના બેત્રણ મહિના પોતે જ્યારે કામ કરી શકવાની ન હતી ત્યારે એની બધી સફાઈ કરવાની જવાબદારી એણે એમને ભળાવી. જશોદાબેન તો એની આવી વાતથી ચકિત જ થઈ ગયાં. એણે ના કહ્યું હોત તોય એ ઘરનું કામ તો એમની ઉકલત પ્રમાણે કરવાનાં જ હતાં, પણ જ્યારે સ્વાતિએ એમને આ કામ ભળાવ્યું ત્યારે એ મનનો અણગમો બહાર ન આવી જાય એની કાળજી સાથેય બોલ્યા સિવાય તો ન જ રહી શકયાં : 'એ તો તેં ના કહ્યું હોત તોય અમે કરવાનાં જ હતાં. તારા જેવી કાળજી કદાચ ના લેવાઈ હોય તો તું સારી થાય પછી સરખું કરી લેજે. અમે દેશમાં તો આવી બધી મોઘી સજાવટ નહીં જોએલી એટલે તારા જેવી કાળજી તો અમારાથી નહીં લેવાય. અમને આવું આવડેય નહીં ને! બાકી તમારું દેશમાંનું ઘર અમે બે વરસ થયા છતાં એવું ને એવું જ સાચવી રાખ્યું છે.' એમણે શહેરમાંના એમના ઘરને તમારું ઘર કહી જાણે એને પારકું ગણી કાઢ્યું પણ પેલી, એવું જ માનતી વહુને એમાં કશું જુદું લાગ્યું હોય એમ જણાયું નહીં.

'ના કેમ આવડે, કોઈ જન્મથી શીખીને થોડું આવે છે ! અમે અહીં આવ્યાં ત્યારે ઓછાં શીખીને આવ્યાં હતાં ! એ તો કામ કામને શિખવે. કામ કરવાની ધગશ જોઈએ. અમે આટલું કમાઈએ છીએ તે અમથાં નથી કમાતાં. અમારેય બોચી નમી જાય એટલું કામ કરવું પડે છે ત્યારે આટલું કમાવાય છે. અહીં અમેરિકામાં ઓછાં પૈસાનાં ઝાડ ઊગે છે!'

'અમારે કયાં અહીં જન્મારો કાઢવો છે? અમારે જે છ મહિના તારે અગવડ છે એમાં તમારું ઘર ચલાવી લેવાનું છે. પછી અમે અમારે ઘેર નહીં જતાં રહીએ !'

'એ તો તમારી મરજી ઉપર છે. ભારતની તો એવી ઈચ્છા છે કે તમને અહીં ગ્રીન કાર્ડ અપાવી દેવું એટલે તમારે જેટલું રહેવું હોય એટલું રહેવાય. છ મહિના જ રહેવું હોય તો આટલો બધો ખર્ચો કરવાની શી જરૂર ! જેટલો ખર્ચો તમારે માટે અમે કર્યો છે એટલું તો તમારે રહેવું જ જોઈએ.'

સોમાભાઈને એના બોલવામાં કશી સમજણ ન પડી. જો પોતે વધારે રહે તો ઊલટાનો એમને વધારે ખર્ચ થાય, તો પછી આ બૈરી એમને આવું અવળું ગણિત કેમનું ભણાવવા પ્રયત્ન કરતી હતી ! એમને થયું કે એ વાત સાંજે ભારતને પૂછી

જોવી પડશે. સ્વાતિને પૂછતાં એના મગજનો પારો કદાચ ઉપર પણ ચઢી જાય. પણ એમને ક્યાં ખબર હતી કે એમને બેલાવવાની ભારતે વાત કરી તે દિવસથી જ સ્વાતિના મગજનો પારો ચઢેલો જ હતો. સ્વાતિની એક ભાભી એટલાન્ટા રહેતી હતી તેને બોલાવી લેવા સ્વાતિએ ઘણી દલીલો કરી હતી પણ એમ કરવામાં ભારતનું મન માનતું ન હતું.

સ્વાતિની ઈચ્છા એની ભાભી માલતીને ન્યૂયોર્ક બોલાવી લેવાની હતી. એની ભાભી વિધવા હતી અને એટલાન્ટામાં નાનીમોટી નોકરી કરીને એનું ગાડું ગબડાવતી હતી. એને એક નાની દીકરી હતી પણ એનાથી એને સાથે રાખીને નોકરી કરી શકાય તેમ ન હતી એટલે એની દીકરી સ્વાતિના એક બીજા ભાઈને ત્યાં રાખી હતી. સ્વાતિનાં પિયરિયાં બધાં માનતાં હતાં કે કોઈક દિવસ એ બૈરી બીજાં લગ્ન કરી લે ત્યારે આ બેબી એની સાથે જતી ન રહે એ માટેય એને પોતાની સાથે રાખવી જરૂરી હતી. વળી એની ભાભી એમને ત્યાં રહેવા આવી જાય તો એની દીકરીની સાચવણીનો બોજો પોતાના ભાઈને માથેથી ઊતરી જાય એવી ગણતરી પણ મનમાં ખરી.

જો માલતીને ન્યૂયોર્ક લાવે તો એની બધી જવાબદારી એમને માથે આવે અને બેબી સીટીંગને બદલે માલતી સીટીંગ એમને માથે પડે એવું લાગ્યું એટલે ભારતે એની વાત ઉડાડી દીધી હતી. સ્વાતિ એ વાત ભૂલી ન હતી. એણે સાસુસસરાને બારણામાં પેસતાં જ વધાવ્યાં તેની પાછળ એ કારણ પણ હતું. ભારતને પણ હવે લાગવા માંડ્યું હતું કે માબાપને બોલાવવામાં એની ખરેખર ભૂલ થઈ ગઈ હતી.

સ્વાતિ મગજની ગમે તેટલી ઉધ્ધત કે ગરમ હોય છતાં એ પોતાના ખર્ચના હિસાબ કરવામાં કાબેલ હતી જ. એને પોતાનાં સાસુસસરા અમેરિકા રહે એને કારણે બેબી સીટીંગમાં જે આર્થિક ફાયદો થવાનો હતો એની ગણતરી એની જીભને ટેરવે જ હતી. એમને બદલે એની ભાભીને બોલાવી હોત તો એ વધુ મોંઘી પડી હોત એ વાત એ સમજતી હતી પણ એનાં માબાપ અને ભાઈઓની ચઢવણીએ એ એને બોલાવવાની જીદ કરતી હતી. હવે એનાં સાસુસસરા આવી જ ગયાં હતાં એટલે એને જીદ કરવાનું કોઈ કારણ ન હતું. પણ તોય એમને કારણે પોતાનું ધાર્યું ન થઈ શક્યું એ વાત એનાથી કેમેય ભુલાતી ન હતી. એમની પાસેથી કેમ વધુમાં વધુ કામ લેવું અને એમને કેમ વધુમાં વધુ પજવવાં એના તરહ તરેહના પ્લાન એના મગજમાં ચકરાઈ રહ્યા હતા.

એમના આવ્યા પછી એકાદ મહિને સ્વાતિનું બેબી શાવર રાખવાનું નકકી થયું હતું. જશોદાબેનને કશું કહેવાનો તો શું પણ સ્વાતીને આ બાબતમાં કશું પૂછવાનોય અધિકાર ન હતો. એ કાંઈ પણ પૂછે તો સ્વાતિ સીધું જ કહી દેતી હતી : ‘આ દેશમાં આપણા દેશની જેમ કશી વિધિ કરવાની નથી હોતી. તમને એમાં સમજણ નહીં પડે, એટલે વચમાં ડબ ડબ કર્યા વગર તમે જે થાય એ જોયા કરો. અમારે જે કરવાનું હશે એ અમે કરી લઈશું.’

જશોદાબેન રાતે પતિની પાસે બધો ઉકળાટ કાઢતાં હતાં. સોમાભાઈ કહેતા : ‘આપણો ભારત જ જ્યાં આપણો નથી રહ્યો ત્યાં તું શું કરવા જીવ બાળ છ. આપણે ચાર છો મહિના માટે આવ્યાં છીએ એ વખત પૂરો થાય એટલે આબરૂભેર ઘરભેગાં થઈ જવું છે. પછી એ જાણે ને એનો ધણી જાણે. અને મારી એક વાત ભીંત પર લખી રાખજે કે એક વખત આપણે અહીંથી દેશમાં જઈશું પછી આ બે જણાંના નામનું આપણે નાહી જ નાખવાનું રહેશે. આપણી પાસે જે ચપટી ફાકો હશે એ જ આપણા હાથમાં રહેવાનું છે ને આપણે એમાં જ પૂરું કરવાનું છે. ને મારે તો એના શહેરવાળા ઘરમાંય રહેવાના ઓરતા નથી રહ્યા. આપણે આપણે જૂને ઘેર ગામમાં પિતરાઈઓની વચમાં જ રહેવું છે.’

‘એવીએ ગમે તેમ કરે પણ આપણો ભારત આપણને ભૂલી નહીં જાય. એને તો ખબર છે કે આપણે પેટે પાટા બાંધીને એને ભણાવ્યો છે.’

'આજે જે આપણી સામે છે તોય બે આંખોની શરમ નથી ભરતો એ આપણી ગેરહાજરીમાં આપણું શું ઉકાળવાનો હતો !' સોમાભાઈએ ખેદથી કહ્યું. એમની આંખને ખૂણે આવીને આંસુ અટકી ગયાં.

જશોદાબેન પણ ઢીલાં પડી ગયાં. કેવા ઉમળકાથી એ બેય જણાં દેશમાંથી અમેરિકા આવ્યાં હતાં ! આખા ગામને તો એમ હતું કે દીકરા-વહુનો કેટલો ભાવ કે બેયને અગાઉથી બોલાવી લીધાં. એમને કયાંથી ખબર હોય કે એમને તો અહીં વેઠ કરવા જ બોલાવ્યાં હતાં. અને એમને પોતાનેય આવી કયાં ખબર હતી ! નહીં તો એમણે પહેલેથી જ નન્નો ના વાસી દીધો હોત!

પણ જશોદાબેન અમેરિકાનાં ભલે અજાણ્યાં હતાં પણ બાવન કાળજાં ધરાવતાં હતાં. એમણે ધણીને ભલે કશું ન કહ્યું પણ મનમાં તો ગાંઠ વાળી જ લીધી કે એને પોતે સાસુપણું કરીને બતાવી આપશે કે પોતે સાસુ છે અને ભારત પોતાનો દીકરો છે. હજુ ત્રણ મહિના તો એ આરામ કરવાની છે, અને પોતેય એની એટલી આંટી તો એક સાસુને નાતે કાઢી આપશે પણ પછી એને પાઠ ભણાવશે.

એ મનથી ગમે તે વિચારે પણ એક સાસુ તરીકે એમનાથી ત્રણ મહિના સુધી વાટ જોવાઈ જ નહીં. એમણે બીજે જ દિવસથી વહુની સાસુ બનવા માંડ્યું. પોતાને જે ખાવું હોય એ બનાવીને એ અને સોમાભાઈ ખાઈ લેતાં. પછી વહુ જ્યારે નોકરી પરથી આવે ત્યારે એને માટે માંદા માણસ જેવું પૌષ્ટિક ખાવાનું સામે ધરતાં હતાં. દીકરાને જુદું ખાવું હોય તો બીજા દિવસથી એને માટે જુદું બનાવી આપવાનું પણ એમણે વાતવાતમાં કહેવા માંડ્યું. પોતે રાતે રાંધેલું ખાય તો પિત્ત થાય છે એટલે એમણે વેળાસર ખાઈ લેવું એવી ટેવ રાખી છે એમ પણ એમણે વહુને પચારવા માંડ્યું. વહુનેય એમની સામે બેસીને ખાવાના ઓરતા નહીં એટલે એણે એમાં કોઈ વાંધો ન લીધો.

જશોદાબેને જાણે પોતાને કોઈ નવા કામમાં સમજણ જ ન પડતી હોય એમ દેખાડવા માંડ્યું. વહુ તો નોકરી પરથી આવતી કે તરત ખાટલો પકડી લેતી હતી. એટલે પોતાને ન આવડતું કામ ભારતને માથે પડવા લાગ્યું. જશોદાબેને દીકરાની દયા ખાવાને બદલે જાણે એને શિક્ષા લગાડવા માગતાં હોય એમ એની ચિંતા કરવાનુંય માંડી વાળ્યું હતું. ભારતની દશા બાપડાની સૂડી વચ્ચે સોપારી જેવી હતી. એનાથી ન તો એની બૈરીને કશું કહેવાતું હતું કે ન તો માબાપને કહેવાતું હતું.

સોમાભાઈ અને જશોદાબેન જ્યારે એકલાં પડતાં ત્યારે સોમાભાઈ પત્નીને સમજાવતા : 'આપણે જ્યાં ત્યાં હવે ચાર મહિના અહીં રહેવું છે. એટલો વખત એમને મદદ કરીએ પછી તો એ બેય જણાં પગે પડશે તોય આપણે કયાં અહીં રહેવાનાં છીએ ! તું સ્વાતિને પજવવા જે કર છ એનો માર ભારતને પડે છે. પેલી તો ખાટલે પડી મજા કરે છે.'

'એવોયેય એ જ દાવનો છે. આપણે એને દેવું કરીને ભણાવ્યો અને પૈણાવ્યો તેય દેવું કરીને જ ને! પણ એણે આપણો જરાય જશ ગણ્યો છે ! પેલી કાલ્યે અત્યારે આવેલીનો નચાવ્યો નાચે છે. આપણેય શું કરવા તૂટી મરવું !'

એક દિવસ બહાર કપડાં સુકવ્યાં હશે તે પવનથી ઊડીને નીચે પડી ગયાં હતાં. નીચેથી કપડાં લેતાં જણાયું કે એમાં કીડીઓ ચઢી ગઈ હતી. જશોદાબેનને તુકકો સૂઝયો તે એમણે જઈને એ લૂગડાં સ્વાતિની પથાળીમાં ખંખેરી ને ઉપર પાછી બેડસ્લેડ પાથરી દીધી. પછી રાતે સ્વાતિને માથે જે વીતી છે એ એમણે પોતાના રૂમમાંથી કાન માંડીને સાંભળ્યા કરી. સવારે સ્વાતિએ કહ્યું તો એમણે કાને હાથ દીધા : 'આખા ઘરમાં કયાંય કીડીઓ નથી. તારા રૂમમાં જ કયાંથી આવી! મને લાગે છે કે તું હમણાં ઘણી વખત ખાવાનું લઈને પથાળીમાં બેસે છે તે વેરાયું હશે. આજે દવા છાંટી દઈશું.'

જો કે એમની વાત કેટલેક અંશે તો સાચી જ હતી એટલે સ્વાતિને એમાં કશું કહેવાનું ન હતું. પછી એણે પથાળીમાં ખાતી વખતે વધારે કાળજી લેવા માંડી એ વાત તો સાચી જ. જશોદાબેનને થોડો સંતોષ થયો ને એમણે બીજી તરકીબો શોધવા માંડી. સોમાભાઈને આ વાતની ખબર ન હતી એટલે એમણે દીકરા વહુના ઓરડામાં કાળજીથી દવા છાંટી.

પોતે ગામડાગામનાં ઓછું ભણેલાં અને અમેરિકાથી અજાણ્યાં છતાં વહુને હરાવવા મેદાને પડ્યાં હતાં એની એમને ખબર હતી એટલે એમણે દરેક પગલું સાચવીને ભરવાનું નકકી કર્યું હતું. વહુનાં પિયરિયાં બધાં કામધંધાવાળાં હતાં અને દૂર રહેતાં હતાં એટલે એમના તરફથી તો એમને સીધી તો કશી રંજાડ હતી નહીં પણ એ અવારનવાર ફોન કરીને એમની દીકરીને ચઢાવતાં રહેતાં હતાં. સ્વાતિને પિયરિયાંનો ફોન આવ્યા પછી સાસુને કશું કહેવાની તાલાવેલી થતી તો બીજે દિવસે સ્વાતિને પજવવાની તાલાવેલી એનાં સાસુને ઊપડતી.

દેશમાં કેટલીય સાસુઓ પોતાની વહુઓને વગર કારણે જાતજાતના નુસ્ખાઓ કરી પજવતી હોય છે એની વાતો અને તરકીબોથી જશોદાબેન પરિચિત તો હતાં જ. આજે પોતાનેય વહુ સામે એ નુસ્ખાઓ અજમાવવાની ચાનક ચડી હતી. સ્વાતિને કશું ઈટાલિયન કે મેકસીકન ખાવાની ઈચ્છા થાય તો એણે બહારથી લઈ આવવું પડે અથવા જાતે બનાવી લેવું પડે. વળી ભારતનેય એ બનાવતાં આવડતું ન હોય એટલે સ્વાતિને જાતે બનાવ્યે જ છૂટકો. એક વખત એણે એન્ચીલાડા બનાવ્યા હતા. જશોદાબેને તો એમને ચીઝ અને સોસવાળું કશું માફક નથી આવતું એમ કહી પોતાની બે જણ પૂરતી ભાખરી બનાવીને ખાઈ પણ લીધી હતી.

પછી કોણ જાણે શુંય થયું કે એન્ચીલાડાનો એ સોસ એટલો તો ખાટો નીકળ્યો કે એન્ચીલાડા મોઢામાં જ પેસે નહીં. સ્વાતિ કહે : 'સોસની આખી બોટલ વપરાઈ ગઈ પણ આવું કયારેય થયું નથી. આજે જ સોસ આટલો ખાટો કેમ લાગ્યો!' પણ એને ખબર ન હતી કે એની સાસુએ ચપટી જેટલાં લીંબુનાં ફૂલ એ બોટલમાં બપોરથી જ મેળવી દીધાં હતાં.

'અમને મૂળથી જ એની ખટાશ ભાવતી નથી. આપણી સોસાયટીમાં પેલા શાસ્ત્રી રહેતા હતા એમણે એક વખત આવા સોસમાંથી સૂપ બનાવેલો એમાંય આવું જ થયેલું. એટલો ખાટો કે બધો ઢોળી દેવો પડેલો. પણ આપણા દેશનાં ટામેટાં તો ખાટાં બહુ પણ અહીંનાં તો એવાં ખાટાંય નથી હોતાં. તમને ભાખરી બનાવી દઉં જો એ ખવાય એવું ના હોય તો.' ને પછી એમણે મનમાં મલકાતાં દીકરાવહુ માટે મોવણ વગરની ભાખરી બનાવી આપી હતી.

અનુક્રમ Þ

૨. સમદુખિયાંનો ચોતરો

જશોદાબેનને તો ઘરનું કામ પહોંચતું હતું ને બહાર નીકળવાનું એમને બહુ ગમતુંય નહીં પણ સોમાભાઈ કયારેક સાંજની વેળામાં પગ છૂટો કરવા નીકળી પડતા. એક વખત આમ જ ફરતાં એમને એમના જેવા જ બે ડોસાઓ મળી ગયા. એક હતા અમદાવાદના રીટાયર્ડ રેલ્વે કારકુન પરસોત્તમદાસ રાવળ અને બીજા હતા દેવશીભાઈ પટેલ. દેવશીભાઈ મૂળ મહેસાણાના પણ વલ્લભવિદ્યાનગરમાં રસોડું ચલાવતાં દીકરાને એન્જિનીયર બનાવેલો અને એને પગલે અમેરિકામાં આવી ગયેલા. બેયનાં બૈરાં, છોકરાંનાં છોકરાં સચવે ને ઘરનું કામ ઢસરડે ને આ બેય ડોસાઓ એકલા મૂંઝાય ને કદીક આમ ફરવા નીકળી પડે. પહેલાં એકલા દાસભાઈ જ ફરવા નીકળતા હતા તેમાં એક દિવસ દેવશીભાઈ ભેગા થઈ ગયા. પછી તો એકના બે થયા એટલે એમનું ફરવા આવવાનું નિયમિત થઈ ગયેલું એમાં આજે સોમાભાઈ ભળ્યા. પછી તો એમની કંપની જામી પડી.

રોજ સાંજના લગભગ ચારેક વાગ્યે બધા ભેગા થાય. કયારેક વાતો કરતા ઊભા રોડે ચાલવા માંડે ને ૭૪મી શેરીમાં પાંચસાત દેશવાસીઓએ હમણાં દુકાનો શરૂ કરી હતી ત્યાં પહોંચી જાય. પેલા દુકાનવાળાને પણ પોતે અહીં દુકાન કરીને

ફસાઈ ગયા જેવું લાગતું હોય એમાં આ ડોસાઓ આવે તો બે ઘડી આનંદ થાય. પછી વાતોનાં વડાં થાય અને એકબીજાની ખાટીમીઠી વાતોય ચર્ચાય.

એમને આવતા અને બેસતા જોઈ બીજા કેટલાક ડોસાઓ પણ એમની સાથે જોડાવા લાગ્યા. બે મહિનામાં તો પંદરેક ડોસાઓનું ટોળું ભેગું થવા લાગ્યું. કેટલાક તો વળી એમની સાથે ક્યારેક ઘરનાં બૈરાંનેય લાવવા માંડ્યા. એક દિવસ સોમાભાઈ કહે : 'જ્યાં સુધી આપણી મંડળી જામી ન હતી ત્યાં સુધી અહીં ગમતું ન હતું, હવે ગમવા માંડ્યું છે, પણ આવતે મહિને તો દેશમાં પાછા જવું છે.'

'ગમવા માંડ્યું છે તો પછી પાછા જવાની વાત કેમ કરો છો ? આપણે બધા સરખા ભેગા થયા છીએ. દેશમાં જઈનેય આપણે કોઈ નોકરીધંધો તો કરવાના છીએ નહીં પછી અહીં રહી જવામાંય શું ખોટું ! સમજ્યા કે તમે આવ્યા હતા વહુની અગવડમાં મદદ કરવા. હવે છોકરાને સાચવવા રહી જાવ.' એક જણે કહ્યું.

'તમે બે જણ અહીં રહો તો તમારા દીકરાના દીકરાને તમે સારી રીતે ઉછેરી શકો ને બેય જણાં નોકરી કરી શકે. સાંજે નોકરી પરથી આવે ત્યારે એમને ગરમ ગરમ ખાવાનું તૈયાર મળે. તમારે તો જેમ દેશમાં રહો ને જે કામ કરવાનું છે એ જ કામ અહીં પણ કરવાનું છે. પણ તમે અહીં રહો તો તમારા દીકરાને વરસે વધારે નહીં તોય પચાસ હજાર રૂપિયાનો ફાયદો તો થાય જ.' બીજા એક જણે હિસાબ ગણી બતાવ્યો.

'ખબર નહીં કેમ પણ અહીં જાણે બધું ઓશિયાળું લાગે છે. આપણો દીકરો જ જાણે પારકો થઈ ગયો હોય એમ લાગે છે.' સોમાભાઈએ પેટછૂટી વાત કરી દીધી.

'મારું માનો, કોઈ ઘરની વાત બહાર કરતા નથી પણ આપણને બધાને કોઈની કોઈ તકલીફ તો છે જ. પણ આપણે કોઈના ઓશિયાળા રહેવું પડે એવું થવા જ કેમ દેવું ! આપણામાંથી બધા ૬૫ વરસની ઉપરના છે. જેની પાસે ગ્રીન કાર્ડ હોય એવા મોટી ઉંમરના માણસોને સરકાર મહિને બસો ડોલર આપે છે. બેય જણ મોટી ઉંમરનાં હોય તો એમને તો અઢીસોથી પોણી ત્રણસો જેવા આપે છે. દશ રૂપિયાનો ભાવ ગણીએ તોય મહિને-બે અઢી હજાર રૂપિયાનું પેન્શન થયું. આટલા તો ત્યાં કોઈ કંપનીના મેનેજરનેય નથી મળતા.' બધામાં એક જાણકાર હતા એમણે જાણકારીની વાત કરી. એમનું નામ મનોરભાઈ હતું. એ લગભગ પંદર વરસથી અમેરિકામાં હતા. એ આફ્રિકાથી અહીં આવ્યા હતા અને રેલ્વેમાં બાર વરસ નોકરી કરીને હજુ હમણાં જ રીટાયર થયા હતા. એમને રેલ્વેમાંથી સારું એવું પેન્શન મળતું હતું.

'પછી છોકરાને કહી દેવાનું કે સરકાર મને પૈસા આપે છે એ મારા. મારે તારી પાસેથી પૈસોય નથી જોઈતો, મને મારી રીતે રહેવા દેજે. પછી છોકરો હોય કે છોકરી બાપા કહીને રહેવા દેશે. એમનેય તમારી જરૂર છે ને આવાં વગર પગારનાં ઘરનાં માણસો એમને બીજે ક્યાંથી મળવાનાં હતાં!' બીજાએ પાદપૂર્તિ કરી.

'સાવ એવું તો કેમ કહેવાય પણ અન્યોઅન્ય છે. જો તમે કહો છો એટલા પૈસા સરકાર આપતી હોય તો એટલામાં તમે કાંઈ જુદું ઘર રાખીને તો ના જ રહી શકો ને!'

'જુદું ઘર રાખીને ન રહી શકાય પણ સામે પક્ષે આપણા દીકરાને કે દીકરીનેય વગર પગારનાં આવાં ઘરનાં માણસો ક્યાં મળવાનાં હતાં! ને મારી વાત માનજો એ લોકો આપણા કરતાં વધારે ભણેલાં છે એટલે એમને એમના ફાયદાની વાત આપણે સમજાવવી પડે તેમ નથી. એવાંયે કાકા કહીને આપણી વાત સ્વીકારી લેશે.'

સોમાભાઈને માટે આ વાત નવી હતી. એમને થયું કે એમને જો મહિને બસો અઢીસો ડોલર મળતા હોય તો એમનાં દીકરાને વહુની એમને ગરજ જ ન રહે. એમણે પોતાનો અભિપ્રાય જણાવ્યો : ‘જો આપણે છોકરાં પર છાપ પાડવી હોય તો એક વખત ગ્રીન કાર્ડ મેળવી લેવું અને પૈસા મળતા થાય એટલે છોકરાંને કહેવા માંડવું કે અમને ઘેર ગમતું નથી. ઘરડાઓનું એક મંડળ શરૂ થયું છે અમાં રહેવા અને જમવાની વ્યવસ્થા બે જણની દોઢસો રૂપિયામાં જ થઈ જાય છે. વળી રોજ સરખે સરખામાં બેસવા ઊઠવાનું એટલે એકલા પડી ગયા જેવુંય ન લાગે.’

‘તમારી વાત શક્ય પણ છે, જો પાંચસાત માણસો તૈયાર થાય તો એવી વ્યવસ્થા થઈ શકે એમ છે જ. દરેક જોડાને રહેવા માટે એક રૂમ અને તૈયાર ખાવાનું મળે પછી જોઈએ જ શું? એક વખત આપણામાંથી જે બાકી હોય એ બધા ગ્રીન કાર્ડ મેળવી લે પછી સરકારી મદદ મેળવવાની વિધિ હું તમને તમારાં છોકરાંથી ખાનગી રીતે ગોઠવી આપીશ. પછી આપણે આપણી વાત મૂકીશું.’ મનોરભાઈને તો જાણે નિવૃત્તિનું કામ મળી ગયું. એ ઉત્સાહમાં આવી ગયા.

સોમાભાઈએ આ બધી વાત રાતે જશોદાને કરી તો એમના આનંદનો તો પાર જ ન રહ્યો. એમને થયું કે અહીં એમની નજર સામે રહીને એમને સીધાં કરવામાં તો એમને મજા જ આવશે. એમનેય ખબર પડે કે કોઈ માથાનાં મળ્યાં હતાં.

ને બીજા જ દિવસથી એમનો વર્તાવ બદલાઈ ગયો. એમણે વહુ અને દીકરાને પોતાના કામથી ખુશ કરી દીધાં. એમણે કહેવા માંડ્યું : ‘અહીં શરૂમાં ગમતું ન હતું પણ હવે તો નાનકાને લીધે ગમવા માંડ્યું છે. હવે તો મનમાં થાય છે કે ગ્રીન કાર્ડ લઈને કાયમ માટે અહીં જ રહી પડીએ તો મારો નાનકો મારી નજર નીચે મોટો થઈ જાય.’

ભારત અને સ્વાતિને તો એમની આ વાત શીરાની જેમ તરત ગળે ઊતરી ગઈ. ભારતે બીજે જ દિવસે બેયનાં ગ્રીન કાર્ડ માટે કાગળિયાં કરી દીધાં. ને દશ જ દિવસમાં બેયને ગ્રીન કાર્ડ મળી પણ ગયાં. હવે જશોદાબેનને ચમક ઊપડી. એક રવિવારે જ્યારે ભારત અને સ્વાતિ બેય ઘેર હતાં ત્યારે જશોદાબેન પણ સોમાભાઈ સાથે ફરવા નીકળી પડ્યાં. બધાની સાથે વાતો કરતાં એમને જાણવા મળ્યું કે એમનામાંનાં બે જણ સિવાય બધાંને ગ્રીન કાર્ડ મળી ગયાં હતાં.

મનોરભાઈએ હવે આગેવાની લીધી. એમણે બધાને માટે સરકારી મદદની અરજીઓ કરાવી દીધી. અરજીઓમાં સરનામું એમણે પોતાના ઘરનું જ આપ્યું. એટલે સરકારમાંથી કોઈ કાગળ આવે તોય જે તેનાં દીકરા, વહુને કે દીકરી, જમાઈને ખબર ન પડે. જે બે જણ હજુ ગ્રીન કાર્ડ વગરનાં હતાં એમનેય વહેલી તકે પોતાનાં દીકરા દીકરીને રાજી કરીને ગ્રીન કાર્ડ મેળવી લેવાની એમણે સૂચના આપી.

જશોદાબેનને તો જાણે લગની જ લાગી ગઈ હતી. સરકારમાંથી એક વખત પૈસા મળતા થાય એટલે એ વહુને બતાવી આલવાની. ને એકલી વહુને જ શા માટે એ તો દીકરાનેય બતાવી આપવા માગતાં હતાં કે એ આધાર કે આવડત વગરનાં ન હતાં. પછી તો બેય પગે પડતાં આવે તોય એમની ગુલામી કરવાનાં ન હતાં.

ને થોડા જ દા’ડામાં બધાનાં મદદનાં કાગળિયાંના જવાબ આવી ગયા એકલા હોય એમના બસો ત્રીસ અને બે જણ હોય એમના બસો પંચાણું ડોલર મંજૂર થયા. ને બીજા જ મહિનાથી ચેક આવવા માંડ્યા. મનોરભાઈએ બધાનાં ખાતાં નજીકની બૅંકમાં ખોલાવડાવ્યાં. એમાંય એમણે સરનામું પોતાનું જ આપ્યું. એક દિવસ જશોદાબેન કહે : ‘અમે આટલું કામ કરીએ છીએ તોય અમારે પાંચ પૈસા વાપરવા હોય તો તમારી પાસે માગવા પડે છે એ મને ગમતું નથી. તારા બાપ બિચારા મનમાં મૂંઝાયા કરે છે પણ કશું કહેતા નથી. એમને સાંજે ફરવા જાય ત્યારે સરખે સરખામાં કયાંક વાપરવા હોય કે દેશમાં કોઈને બે પૈસાની મદદ કરવી હોય તોય એમનાથી થઈ શકતી નથી એટલે એ કેટલો જીવ બાળતા હોય છે.’

ને ભારતને બદલે સ્વાતિએ જ જવાબ આપ્યો : ‘તમે માગો છો ત્યારે અમે ક્યારે તમને પૈસા આપવાની ના કહી! ને દેશમાં તે વળી કોઈને શાની મદદ કરવાની! અમે કેટલો પરસેવો પાડીએ છીએ ત્યારે પૈસા કમાવાય છે એ તો તમે નજરે જુઓ જ છો ને!’

‘તે પરસેવો તમને એકલાંને નથી પડતો, અમનેય પડે છે જ ને! અમે બેય જણ તમારા ઘરનું ને છોકરાંનું ધ્યાન રાખીએ છીએ તો તારાથી નોકરી થાય છે ને સાંજે ઘેર આવો છો ત્યારે ગરમ ગરમ ખાવાનું તૈયાર મળે છે ને! લાખ વાતની એક વાત મારે તમારી પાસે પૈસા માગવા પડે એવું હવે ઓશિયાળું રહેવું નથી. તમારે અમને દર મહિને બસો ડોલર રોકડા આપી દેવાના. પછી અમારે એ પૈસાનું જે કરવું હોય એ અમે કરીશું.’

‘કેટલા, બસો ડોલર! બસો ડોલર એમ વાટમાં નથી પડ્યા.’

‘તે અમેય ક્યાં વાટમાં પડ્યાં છીએ! અમને છો મહિના માટે બોલાવ્યાં હતાં તે છો મહિના ક્યારનાય પૂરા થઈ ગયા છે એટલે ટિકીટ કઢાવી આલો તો પાછાં દેશમાં જઈએ.’

‘પાછાં જવું હતું તો પછી ગ્રીન કાર્ડ શું કરવા લીધાં?’

‘તે એમાં તમારા કેટલા ખર્ચાઈ ગયા! ગ્રીન કાર્ડ હશે તો અમે અમારી જાતે ફરી કોઈ વખત આવી શકીશું. હવે તો અમને અમેરિકાનો અનુભવ પણ થયો છે.’ સોમાભાઈ પણ હવે વચમાં પૂરાયા.

‘તમને ખબર છે ટિકીટના કેટલા થાય છે એની! બેયના થઈને પંદર હજાર તો એના જ જોઈશે તે ક્યાંથી કાઢશો?’

‘એની ચિંતા તમે ના કરશો. હવે પછી આવવું હશે તો અમારી ટિકીટના પૈસા અમે ભરી દઈશું. અત્યારે તો તારી બાએ કહ્યું એમ કાં તો મહિને અમને બસો ડોલર રોકડા આલવાના નક્કી કરો નહીં તો અમને દેશની ટિકીટ કપવી આલો.’ સોમાભાઈએ પણ પત્નીનો પક્ષ લીધો.

‘તમને સગા બાપને ઊઠીને દીકરા પાસે પગાર માગતાં શરમ નથી આવતી! કોક જાણે તો શું કહે!’ સ્વાતિએ વાતનું સુકાન બદલ્યું.

‘તારી બા આટલું વૈતરું કરે છે અને હુંય તમારા છોકરાને રમાડવામાંથી ઊંચો નથી આવતો છતાં તમે અમારી સાથે જેવો વહેવાર રાખો છો એ જોતાં તારી બાએ બસો માગ્યા છે એ તો બહુ ઓછા માગ્યા છે. ને મારુંય મન હમણાંનું દેશમાં જવાનું થઈ ગયું છે. અમે દેશમાં જતાં રહીશું પછી તને ને સ્વાતિને અમારી કિંમત સમજાશે.’

‘તમારે દેશમાં જવું હોય તો એની ટિકીટ પણ કઢાવી આપીશું પણ હમણાં તો સાત આઠ મહિના રહી જાવ.’ હવે ભારતને બદલે સ્વાતિએ વાતનો દોર હાથમાં લીધો.

‘તો હવેથી દર પહેલી તારીખે તારે અમને બસો ડોલર આપવા પડશે.’

‘પણ પપ્પા તમારે એટલા પૈસા કરવા છે શું?’ ભારતે વચલો રસ્તો કાઢવા પ્રયત્ન કર્યો.

'તને તો ખબર છે કે હું પૈસા વેડફી દઉં એવો નથી. કદાચ એ પૈસા બચાવીને દેશમાં કશી મિલકત વસાવીશ તોય છેવટે તો એ તારી જ છે ને!'

'અમે સાંજે ફરવા જઈએ છીએ ત્યાંથી મને જાણવા મળ્યું છે કે અમે જે કામ તારે ત્યાં કરીએ છીએ એટલું કોઈ બીજાને ત્યાં કરતાં હોઈએ તો એ અમને એમની સાથે રાખે અને ઉપરથી ત્રણસો પગાર પણ આપે. અને અમે દેશમાં જઈશું ત્યારે તારે એટલા કોઈ બીજાને આપવા જ પડવાના છે ને! આજ સુધી તમે અમને નોકર તરીકે રાખ્યાં છે તો આજે પગાર ગણવો હોય તો પગાર ગણીનેય આંકડો નકકી કરો તો અહીં રહેવું છે અને તેય આબરૂભેર રાખી શકો તો જ, નહીં તો દેશ ભેગાં થવું છે.' જશોદાબેને છેવટની વાત કરી દીધી.

છેવટે ભારત અને સ્વાતિએ એક ખાનગી મસલત કરી : 'એમને કોઈએ ભરમાવ્યાં લાગે છે, બાકી એ લોકો આમ છેલ્લે પાટલે જઈ ના બેસે. ને આપણે કદાચ એમને બસો ડોલર આપીશું તોય એ લોકો કયાં કોઈને આપી દેવાનાં છે! જ્યારે ત્યારેય આપણા જ છે ને!'

'શરૂથી જ તેં મારું કહેવું માન્યું નહીં ત્યારે ને! મારી ભાભીને બોલાવી હોત તો કદાચ બસોને બદલે ત્રણસો આપવા પડત પણ આવું સાંભળવાનું તો ના રહત ને!'

'એના કરતાં તો આ લોકો સસ્તાં પડ્યાં કહેવાય. એમને બોલાવવાનો જે ખર્ચો થયો તે જ માફ. બાપડાંએ એના કરતાં તો ચાર ઘણું કામ કરી આપ્યું હશે આપણું. અને બાના જેવી ઠાઠો તારી ભાભીથી ન થાત એ તો આપણને બેયને ખબર છે. મને તો લાગે છે કે એમને બસો આપી દેવા જોઈએ. જો તને એમ લાગતું હોય કે બીજું કોઈ આનાથી સસ્તામાં આટલું કામ કરી આપશે તો આપણે એમને દેશ ભેગાં કરી દઈશું.'

'આટલા ઓછામાં તો કોઈ કયાંથી તૈયાર થાય! ને દેશમાં મોકલવાં હોય તોય બીજું કશું નહીં તો લોકોની શરમેય આપણે એમને ટિકીટ લઈ આપવી પડશે. એના કરતાં છો રહ્યાં, પણ મારી સામે આડાજી કરશે તો હું એમને બારણું બતાવી દઈશ એ નકકી માનજે.' સાચી વાત સમજી ગયા છતાં હજુ સ્વાતિ પોતાની અકડાઈ છોડતી ન હતી.

ને એમ કરતાં બીજા છ મહિના વીતી ગયા. સોમાભાઈ બેઅઢી હજાર ફેરવતા થઈ ગયા. એમની પેલી સાંજની સભા ચાલતી રહી. સ્વાતિય ભલે વાઘનું મોઢું રાખતી હોય પણ એનેય લાગવા માંડ્યું કે એમના દીકરાની ઠાઠો જશોદાબેન જે રીતે કરતાં હતાં એ રીતે તો પોતે નોકરી ન કરતી હોત અને કાયમ ઘેર જ રહેતી હોત તોય ન કરી શકત. એ સાનમાં જ સમજી ગઈ. એ પછી કયારેય જશોદાબેનને પજવણી કરતી ન હતી. પણ જશોદાબેન સાસુ હતાં ને આખી જિંદગી દેશમાં ગાળી હતી એટલે એ એની પહેલાંની પજવણીને ભૂલી શકતાં ન હતાં. એ એક રવિવારે પતિની સાથે ફરવા ગયાં ત્યારે મનોરભાઈને ટકોર કરવાનું ન ભૂલ્યાં : 'આપણા ઘરડાઘરનું કામ કેટલે આવ્યું?'

'જો તમે બે એની જવાબદારી સંભાળવા તૈયાર હો તો કાલે ગોઠવી કાઢીએ. મારા એક દોસ્તની અઢાર રૂમની એક મોટેલ બંધ પડેલી છે. સોમાભાઈ તૈયાર થાય તો એ ચલાવવા લઈ લઈએ. તમારે એની બધી જવાબદારી લેવી પડે. પગાર કાંઈ નહીં મળે પણ તમારું બેયનું રહેવા ખાવાનું એમાં મફત થઈ જાય એવું ગોઠવીએ. કહો તો વાત આગળ ચલાવું.' મનોરભાઈએ વાત મૂકી.

'તમારી વાત વિચારવા જેવી છે, બે ચાર દિવસમાં અમે તમને પાકો વિચાર કરીને જેવો હશે તેવો જવાબ આલીશું.' સોમાભાઈએ વાત પર મુદત પાડી. એમને નાના ટોનીને રમાડવામાં મજા પડતી હતી પણ ઘરનો ઘસડબોરો કરીને જશોદાબેન થાકતાં જતાં હતાં. વળી કયારેક સ્વાતિ ખાવાનું બરાબર ન થયું હોય અને સહજ રીતે ટોકતી તોય એમને લાગતું

કે એ લોકો એમને પગાર આપે છે એટલે શેઠપણું કરે છે. ને કોઈ મહેમાન આવવાના હોય ત્યારે એ એમને કેમ વર્તવું એની સૂચના આપતી ત્યારે તો એમને પગથી તે માથા સુધી ચાટી જતી પણ પેલા બસો ડોલરની માયા છૂટતી ન હતી એટલે એ ગમ ખાઈ જતાં. વળી જો એ બેય જણ અમેરિકામાં સ્વતંત્ર રીતે જીવવા નીકળે તો એમની પેલી સરકારી આવક હતી એમાંથીય ખાસ બચે નહીં એવી એમને ખબર હતી એટલે એ ગમ ખાઈ જતાં. હવે એમની પાસે થોડા પૈસા થયા હતા એટલે એમાં ઉમેરો થાય એની જ વાત એ બેય વિચાર્યા કરતાં હતાં.

પણ જ્યારે મનોરભાઈએ આ નવી યોજનાની વાત કરી ત્યારે તો સોમાભાઈનોય વિચાર સ્વતંત્ર રીતે જીવવાનો થઈ ગયો. બેય જણાંએ મસલત કરી લીધી ને બે દિવસ પછી મનોરભાઈને પોતાની તૈયારી જણાવી. મનોરભાઈ એમને સાથે લઈ ગયા ને પેલી મોટેલ બતાવી. મોટેલનું મકાન ખખડી ગયું હતું, એમાં મહેનત ઘણી કરવી પડે એમ હતી પણ ખર્ચ બહુ કરવો પડે એમ ન હતો પણ જો કોઈ કારીગરનો સાથ મળી જાય તો ચાર છો મહિનામાં મોટેલ લાઈનમાં આવી જાય એમ હતી.

બીજે દિવસે રવિવાર હતો અને મોટાભાગના વડીલો સજોડે આવ્યા હતા એમાં મનોરભાઈએ પોતાનો આ પ્લાન રજૂ કર્યો. ને એમના આશ્ચર્ય વચ્ચે મોટાભાગના વડીલોએ એને વધાવી લીધો. ઘરડાઓના આ ટોળામાં બે સુથાર પણ હતા. છગનભાઈ અને છોટાભાઈ. એ કહે : 'અમને એ જગ્યા બતાવો. અમે તો ઈકોતેર પેઢીથી સુથાર છીએ, એને બે મહિનામાં ચમકતી કરી દઈશું.'

બધાં મળીને આઠ કુટુંબો અને ત્રણ જણા એકલા એમાં જોડાવા તૈયાર થયા. ને મનોરભાઈએ બે ચાર દિવસમાં આ વ્યવસ્થાની રૂપરેખા તૈયાર કરી બધાને જણાવવાની વાત કરી. જેમણે એમાં જોડાવાની વાત કરી હતી એમના મનમાંય થોડો ફફડાટ તો હતો જ. એમનેય એમનાં દીકરા-દીકરીઓની નારાજગી વહોરતાં આંચકો તો લાગતો હતો અને એવાંયે કશીક આડાઈ કરી એમને પાછાં પાડવા પ્રયત્ન કર્યા વગર નહીં રહે એની ચિંતાય એમને થતી હતી.

મનોરભાઈએ એમને હૈયાધારણ આપી કે પોતે એ બધાને જવાબ આપી દેશે. કોઈએ ડરવાની જરૂર ન હતી. ને બીજે અઠવાડિયે મનોરભાઈએ બધાંને આ ઘરડાંની મોટેલના સાહસની રૂપરેખા રજૂ કરી : જે દશ કુટુંબો એમાં જોડાવા તૈયાર થયાં હતાં એમણે ફેમિલીવાળાએ મહિને દોઢ સો ડોલર આપવાના અને જે ત્રણ જણા એકલા હતા એમણે સો આપવાના. પણ એ મોટેલ સંભાળવાની જવાબદારી અને બાકીની રૂમો આવતા ઘરાકોને ભાડે આપવાની જવાબદારી સોમાભાઈ સંભાળવાના હતા એટલે એમને કોઈ પૈસા આપવા નહીં પડે તથા છગનભાઈ અને છોટાભાઈ સુથાર મોટેલની મરામત કરશે એટલે છ મહિના સુધી એમણે પણ કોઈ પૈસા આપવા નહીં પડે.

એક રૂમમાં રસોડું શરૂ કરવામાં આવશે જેની જવાબદારી જશોદાબેન સંભાળશે. આ રસોડામાં બધાં આપણાં માણસોનું ખાવાનું બનશે પણ બધી બહેનોની જશોદાબેન ગોઠવે એ ક્રમમાં ખાવાનું બનાવવાની જવાબદારી રહેશે. સોમાભાઈ સિવાયના બાકીના બધાની મોટેલના કબજામાં જે બે એકર એટલે કે સાડાત્રણ વીઘાં જમીન છે તેમાં સાફસફાઈ તથા બાગ ઉછેરવાની જવાબદારી રહેશે. રસોડાનાં વાસણ કુસણ સાફ રાખવાની અને બહારના ઘરાકોની રૂમો સાફ કરવાની અને એની ચાદરો વગેરે ધોવાની ને પાથરવાની જવાબદારી જશોદાબેન સિવાયની બાકીની બહેનોની ને એમના ધણીઓની રહેશે. એમના કામનો ક્રમ જશોદાબેન નકકી કરશે.

ત્યાં દેવશીભાઈ કહે : 'બધાના વારા બાંધવાની જરૂર નથી. રસોડું અમે બે જણ સંભાળી લઈશું. જેને મદદમાં આવવું હોય એ કલાક બે કલાક આવશે તોય અમારે ઘણું છે. અમે વિદ્યાનગરમાં પંદર વરસ રસોડું ચલાવ્યું છે એટલે આવું પંદર માણસોનું ખાવાનું કરવું એ અમારે મન રમત વાત છે.'

આપણે આ મોટેલ ધંધો કરવા કે કમાવા ચલાવવાના નથી પણ બધાને આશરો આપવાની એક સેવા માટે ચલાવવાના છીએ એટલે બધાને જાતે ઘસારો વેઠવાની તૈયારી રાખવી પડશે. તમને બધાંને ખબર હશે કે સરકાર તમને જે જીવાઈ આપે છે એટલામાં તમને કોઈ રહેવા અને ખાવાની સગવડ આપી શકે નહીં છતાં આપણે બહારના ગ્રાહકોનાં ભાડાંમાંથી કમાણી કરીને ને જાતે ભાગે પડતું કામ કરી લઈને આટલી ઓછી કિંમતે બધાને આ સેવા પૂરી પાડવાનું સાહસ કરીએ છીએ. કોઈને આ વ્યવસ્થા સામે કશી ફરિયાદ હોય તો તેનો નિકાલ સોમાભાઈ કરશે અને તોય કોઈને સંતોષ ન થાય તો છેવટનો નિર્ણય મનોરભાઈ કરશે.

મનોરભાઈએ જે નિયમો રજૂ કર્યા એમાં કોઈને કશો વાંધો લેવા જેવું હતું જ નહીં એટલે બધાએ ખૂંખારીને એમાં પોતાની સંમતિ આપી. મનોરભાઈએ બધાને એક વાત જણાવી ન હતી કે જો નફો થાય તો શું! એમણે ને સોમાભાઈએ પેલા મોટેલના માલિક સાથે નકકી કર્યું હતું કે એમને દર મહિને છસો ડોલર ભાડું આપવાનું ને જે કાંઈ વપરાશનાં બિલ આવે કે મોટેલને ઠીકઠાક કરવાનો ખર્ચો થાય એ આ બધાએ ભોગવવાનો હતો. હા, મોટેલ દશ વરસ સુધી એ ખાલી ન કરાવી શકે એવું પેલા મોટેલ માલિક સાથે નકકી કરી લીધું હતું.

મનોરભાઈએ બધાને જણાવ્યું હતું કે જ્યાં સુધી મોટેલ રહેવા લાયક તૈયાર ન થઈ જાય ત્યાં સુધી કોઈએ પોતાનાં દીકરી દીકરાને કશું જણાવવાનું ન હતું. એટલે હજુ તો બધે શાંતિનું વાતાવરણ છવાયેલું હતું. રોજ સોમાભાઈ સવારથી જ ઘેરથી નીકળી પડતા અને બે ટ્રેનો બદલી મોટેલ પર પહોંચી જતા. બીજી બાજુથી મનોરભાઈ પણ પેલા બે સુથાર ભાઈઓને લઈને આવી પહોંચતા હતા. એ બે સુથારોને તો પોતાને લાયક કામ મળી ગયું એટલે બેય પૂરા ઉત્સાહમાં હતા. એક જ મહિનામાં મોટેલ રહેવા ને ભાડે આપવા લાયક થઈ ગઈ, એટલે બધાએ પોતાનાં દીકરા દીકરીઓને વાત કરવા માંડી ને પેલાં શાંત જણાતાં જળમાં જાણે કોઈએ ભારે પથરો નાખ્યો હોય એમ ચારે બાજુ અશાંતિનાં વમળો પેદા થઈ ગયાં.

કેટલાકે બહારથી એમની વાત હસી કાઢી તો કેટલાકે તેમને બીક પણ બતાવી કે જો એ લોકો એક વખત ઘર છોડશે અને પેલાં લોકો બીજા માણસની વ્યવસ્થા કરી લેશે તો એમના પાછા આવવાનું બારણું કાયમ માટે બંધ થઈ જશે. પણ બધાને મનોરભાઈની નિષ્ઠા અને સોમાભાઈની આવડત પર ભરોંસો હતો અને બધા પોતાનાં સંતાનોથી કંટાળેલા હતા એટલે મકકમ રહ્યા.

અનુક્રમ Þ

### ૩. દેવશીભાઈની હાલત

દેવશીભાઈ મૂળ મહેસાણા પાસેના ખાપર ગામના રહેવાસી. એમને બે દીકરીઓ અને એક દીકરો. બેય દીકરીઓના ને દીકરાના નાનપણથી વિવાહ કરી નાખેલા. એમણે વિદ્યાનગરમાં આવી કૉલેજમાં ભણતા છોકરાઓ માટે એક રસોડું શરૂ કર્યું હતું. વિદ્યાનગરનું વાતાવરણ જ એવું કે એમની બેય છોકરીઓ કૉલેજમાં બી.એસસી. માયક્રો બાયોલોજીનું ભણી હતી. પણ એમના જમાઈઓ બેય મેટ્રિકથી આગળ ભણી શકેલા નહીં પણ એમની નાતનો દાબ એવો કે એમણે આટલું ભણેલી પોતાની દીકરીઓને એ નહીંવત ભણેલા છોકરાઓ સાથે પરણાવવી પડેલી.

એમની પટેલની નાતમાં નાનપણથી જ દીકરા દીકરીના વિવાહ કરી દેવાની રૂઢિ હજુય ચાલુ હતી અને એમાં દરરોજ આવાં કેટલાંય કજોડાં થયા કરતાં હતાં. દીકરો વધારે ભણેલો હોય અને એના જેની સાથે વિવાહ કરી મૂકયા હોય એ છોકરી કહેવા પૂરતુંય ન ભણી હોય એવા કિસ્સા તો આજે ત્યાં ઘેર ઘેર હતા, પણ દીકરીઓ વધારે ભણી હોય એવા કિસ્સા બહુ ઓછા જોવા મળતા હતા.

હમણાંના વિવાહ તોડી નાખવાના બનાવો પણ આને કારણે બનવા માંડ્યા હતા. પણ એમની ઉપર નાતનો કડપ એટલો બધો હતો કે આવા વિવાહ તોડનારનો દંડ કરવાની અને નાત બહાર મૂકવાની સજાઓ પણ નાત કરતી. કેટલાક

આવા દંડાયેલા લોકોએ આની સામે કૉર્ટમાં ધા નાખી હતી અને કૉર્ટે નાતનોય દંડ કરીને દાખલો બેસાડવા પ્રયત્ન કર્યના દાખલા પણ હતા. છતાં નાત સરકારના કાયદાને જાણે ગણકારતી જ ન હોય એમ પોતાની નાતના રિવાજના કાયદા પ્રમાણે હજુય દંડ અને નાત બહાર મૂકવાની સજાઓ ફરમાવ્યે જ જતી હતી.

દેવશીભાઈની એ હિંમત નહીં કે એ નાતની સામે પડે, એટલે એમણે તો ઉપર રહીને પોતાની બેય દીકરીઓનાં કજોડાં થવા દીધેલાં. એક તો પોતે વખાના માર્યા કડિયા કામની મજૂરી કરવા વિદ્યાનગર ગયેલા અને તેમાં પોતાના ભાડાના મકાનમાં બે છોકરાને જમાડવા માંડેલા. એમ કરતાં એમાં સારી ફાવટ આવી ગયેલી અને એક જ વરસમાં મજૂરી કરવાની પડતી મૂકીને એમણે સ્વતંત્ર રસોડું શરૂ કરી દીધેલું અને સો જેટલા છોકરાઓને રોજ જમાડવા માંડેલા. ને ઘરનાં ઊઠ્યાં બધાં એમાં નાનાંમોટાં કામ કરતાં એટલે સારો એવો જીવ પણ ભેગો કરેલો. અત્યારે એમની પાસે વિદ્યાનગરમાં એક મકાન હતું અને દેશમાં બૅંકમાંય લાખેક રૂપિયા પડ્યા હતા. પણ ગરજના માર્યા અહીં અમેરિકામાં તો પોતે એન્જિનીયર દીકરા ને એને હિસાબે અભણ કહેવાય એવી વહુને પનારે પડ્યા હતા.

આ અભણ વહુય એમણે દીકરાનાં નાનપણથી લગન કરી મૂકેલાં એના પરિણામે જ દીકરાને કજોડામાં મળેલી હતી. પણ એનો ભાઈ ભણેલો અને પાંચ સાત વરસ પહેલાં અમેરિકામાં આવી ગયેલો. એની આંગળી પકડીને એ અને દેવશીભાઈનો દીકરો અવિનાશ અમેરિકા આવી ગયેલાં એટલે એ વહુનો પારો તો કાયમ સાતમે આસમાને જ રહેતો હતો. દેવશીભાઈને ખબર હતી કે જો અવિનાશના નાનપણમાં વિવાહ ન કરી મૂકયા હોત તો એને સારું ભણેલી અને અમેરિકાના રાઈટવાળી છોકરી મળી જ હોત પણ હવે એવું કહેવાનો અર્થ ન હતો.

એમના દીકરા અવિનાશની વહુ પલ્લવી - મૂળ તો પશી અમેરિકા આવી ત્યારથી જ એક ફેક્ટરીમાં મજૂરી કરતી હતી. એમને એક દીકરો ને એક દીકરીનો વસ્તાર પણ હતો. અવિનાશને પગાર સારો હતો એટલે એમણે કવીન્સમાં એક મકાન પણ વેચાતું લીધું હતું. દેવશીભાઈને પોતાની બે દીકરીઓ ને જમાઈઓને અમેરિકા બોલાવવા હતા. દેવશીભાઈ ભણેલા ઓછું પણ વિદ્યાનગરમાં રહીને પોતાની દીકરીઓની પાસે બેસી પૂછીને બે આંકડા અંગ્રેજીનાય સમજતા થયેલા એટલે આ વરસે અમેરિકાના સિટિઝન થઈને બેય દીકરીઓના પરિવારને અહીં બોલાવી લેવાની એમની નેમ હતી એટલે એ વહુનાં મહેણાં ટોણાં સહન કરી રહેલા.

એમની ગરજ વરતી ગયેલી એમની વહુ પલ્લવી એમને બીજાની હાજરીમાંય ઉતારી પાડતી અને કેટલાંય મહેણાં મારતી. એમનો અવિનાશ પણ પોતાના બનેવીઓનામાં તો અહીં અમેરિકામાં મજૂરી કરવા જેટલીય આવડત નથી એમ વારંવાર કહ્યા કરતો હતો. એ બે વરસથી સિટિઝન થયો હતો તોય એણે એમને બોલાવવા માટે કાગળિયાં કર્યાં ન હતાં. એ તો એનાં એક બેનબનેવી પોતાનાં છોકરાંને ભણાવવા વિદ્યાનગરમાં રહેતાં હતાં અને બાપે એમને રહેવા માટે વિદ્યાનગરવાળું મકાન ખોલી આપ્યું હતું એ માટેય ટકોર કર્યા વગર રહેતો ન હતો ને! એક દિવસ એ કહે : 'તમે મોટે ઉપાડે એમને ઘરની ચાવીઓ અપાવી દીધી છે તે એ મકાન પચાવીને બેસી ન જાય તો મને કહેજો.'

'એ મકાન પર જેટલો તારો હક પહોંચે છે એના કરતાંય તારી બહેનોનો હક વધારે પહોંચે છે. તું જ્યારે ઈજનેરીનું ભમતો હતો ત્યારે તારા ભાગનું કામેય એ છોડીઓ ઢસેડતી હતી ત્યારે તું ભણી શકયો હતો અને મકાન પણ એટલે જ લઈ શકાયું હતું. જો તને એનો જરાય ગણ હોય તો તેં આજે બે વરસ થયાં એમને બોલાવવા કાગળિયાં કર્યાં ના હોત!'

'તમે એની શી હાડીબાર રાખો છો! કાલ્યે હવારે તમે સેટીજણ થઈને એમને બોલાવજો ને! તમે કાંઈ અભણ ઓછા છો!' રેવતીબેને પેલાં બેને સંભળાવ્યું.

'એ તો બોલાવો ત્યારે ખબર પડે. બાકી આવતે વરસે તમને દેશમાં મોકલી આલીએ તો તમે એમને ક્યાંથી બોલાવવાનાં હતાં!' પલ્લવી પશી બની બેઠી.

'તે વહુ તમેય જોજો કે અમે એમને કેમનાં બેલાવીએ છીએ. અમે કંઈ તમારે જ ભરોંસે નથી બેઠાં, અમારેય આધાર છે. આવતે મહિને અમે અમારો રસ્તો કરી લઈશું, તમારી સાહ્યબી તમને મુબારક. અમે આવતે મહિને જુદાં રહેવા જતાં રહીશું. તું તારી તૈયારીમાં રહેજે. પછી કહેતી નહીં કે અમે તમને અટવાયાં. આ તો છોકરાંનું દાઝે છે તે તને કહ્યું.'

'તે પછી છોડીઓ ને જમાઈઓને બોલાવશો કેવી રીતે, દેશમાંથી?' વહુને ફફડાટ તો થયો કે આવાંયે દેશમાં તો નહીં જતાં રહે ને! એટલે તો એણે પેલી છોડીઓ જમાઈઓની વાત આગળ કરી ને!

'અમે એક જગ્યાએ ખાવા કરી આલવાની નોકરી પાકી કરી છે. અહીં કરીએ છીએ એના કરતાંય ઓછું કામ અને રહેવા ખાવાનુંય ત્યાં ને ઉપરથી પગાર. પછી તમારેય નિરાંત અને અમારેય નિરાંત.'

'તે તમે આ ઉંમરે નોકરી કરશો! આપણું કેવું દેખાય કોક જાણે તો!'

'તે અહીંય વગર પગારની નોકરી જ કરીએ છીએ ને, ત્યાં પગારવાળી નોકરી કરીશું. આખી જિંદગી રસોડું ચલાવ્યું છે એટલે અમને અમારે લાયક કામ મળી ગયું.'

'પછી આ છોકરાંનું શું?'

'કેમ તમે બેય છો ને! તારે નોકરી છોડી દેવી પડશે પણ આમેય તને કંઈ બારિસ્ટરનો પગાર મલે છે? ઘર તો મારા અવિનાશના પગાર પર જ ચાલે છે ને! તારો પગાર તો જાય છે તારી કાર, ટેલીફોન અને તારી વરણાગીમાં.' રેવતીબેનેય વહુને લાગ જોઈ કહી નાખ્યું.

દીકરો ને વહુ બેય એમની સામે તાકી જ રહ્યાં. એમને એ ન સમજાયું કે એમને આવી નોકરીની ભાળ કેમની મળી કે એમણે કયારે એની વાત કરી ને એમને એ નોકરી મળી! હવે આવતે મહિને એ ચાલ્યાં જાય તો ખરેખરી કફોડી સ્થિતિ થઈ જાય. પલ્લવીને છોકરાંને કારણે નોકરી છોડવી પડે ને ઘરના હપ્તા ભરતાં, છોકરાંને ખાનગી સ્કૂલમાં ભણાવવાના એમના પ્લાન હવામાં ઊડી જાય ને પલ્લવીની કારેય કાઢી નાખવી પડે.

પલ્લવીને તો નોકરી કરતાંય બહાર વટથી ફરવાની ને બેનપણીઓમાં વટ પાડવાની ટેવ પડી હતી એમાંય ઓટ આવી જાય. એણે ધણી સામે જોયું ને એની આંખમાંય લાચારીના ભાવ વાંચી એણે સુકાન બદલ્યું : 'તમે એમ ખોટું લગાડીને ઘેરથી ચાલ્યાં જાવ એટલે આખી નાતમાં આપણું કેટલું ખોટું દેખાય! તમને એમ હોય તો કાલે એ બધાંને માટે એપ્લાય કરી દઈએ, પછી છે કાંઈ!'

'મને બધી ખબર છે. હવે આજે તમે એમનું એપ્લાય કરો તો એમને આવતાં ત્રણ વરસ થાય એના કરતાં હું વરસમાં જ સિટિઝન થઈને એપ્લાય કરું તો એ વહેલાં આવી જાય, બે વરસ વહેલાં જાગ્યાં હોત તો એ બધાં આવીય ગયાં હોત ને એમને ધંધેય વળગી ગયાં હોત. જ્યારે વહેલું અવાતું હતું ત્યારે બોલાવ્યાં નહીં હવે બહુ મોડું થઈ ગયું.' દેવશીભાઈએ કહ્યું.

'તોય હું એમને માટે એપ્લાય કરું એ આગળ પડશે. તમે સિટિઝનની પરીક્ષામાં કદાચ પાસ ન થઈ શકો એવુંય બને એના કરતાં મેં એપ્લાય કર્યું હોય તો ચોકક્સ તો ખરું.'

'તને એમ લાગતું હોય તો તુંય એપ્લાય કર અને હું સિટિઝન થવા અરજી કરું. જે વહેલું પતે એ ખરું.' દેવશીભાઈએ જાણે પોતે એની વાત માની લેતા હોય એમ કહ્યું.

'તો તમે બેય જવાનું માંડી વાળો. જેમ ચાલતું હતું એમ ચાલવા દો.'

'એટલે અમે હજુ તૈણ વરસ સુધી તારાં ને તારી વહુનાં મેણાંટોણાં સાંભળી લઈએ તો તું તારી બેનો ને બનેવીનું એપલાય કરે એમ જ કહેવું છે ને તારે! તો અમારોય જવાબ સાંભળી લે, એમને બોલાવવાં હશે તો અમે જ બોલાવીશું. એમના નસીબમાં અમેરિકા આવવાનું લખ્યું હશે તો તારા બાપા સિટિજણ થઈ જશે. હૌ હૌનો ભગવાન છે. તારે અમારી કે એમની ચિંતા કરવાની જરૂર નથી.' રેવતીબેને દીકરાને ને ભેગી વહુનેય સુણાવી દીધી.

'તમને એક વાતનું રુંધું ભરાયું છે એટલે અમારી વાત તમને નહીં સમજાય પણ કાલે હવારે તમારી નોકરીમાંથી પેલો કાઢી મૂકશે ત્યારે તો તમારે અહીં જ પાછાં આવવાનું છે. આજે અમારી ઉપરવટ થઈને તમે ઘેરથી નીકળી ગયાં હો તો પછી તમને આ ઘરમાંય આશરો કેમનો મળશે એનોય વિચાર કરી લેજો પહેલાં.' અવિનાશ પણ હવે છેલ્લે પાટલે જઈ બેઠો.

'તે દીકરા એવું જ કરજે બાકી તમારા બેયનો અમને જે અનુભવ થયો છે એ જોતાં હવે વખત છે ને તું દેશમાં ફરવા માટે આવીશ ત્યારે અમેય તને ઘરમાં પેસવા દેવાનાં નથી એ લખી રાખજે.' દેવશીભાઈએય એને ચોખ્ખી સંભળાવી દીધી.

પછીના બે દિવસ ઘરનું વાતાવરણ તંગ રહ્યું. પેલાં બે એમની ગેઠવણમાં પડ્યાં હોય એમ લાગ્યું. પણ ત્રીજે દિવસે એમની નાતનો એક જુવાનિયો, કનક અવિનાશને મળવા આવ્યો હોય એમ કરીને આવ્યો ને એણે સામે ચાલીને વાત ઉખેડી : 'તે કાકા, તમે બેય આ ઉંમરે બીજે નોકરી કરવા જાવ એ કેવું લાગે! આવાંયે બેય જણ બાપડાં આખો દા'ડો નોકરી કરતાં હોય ને કંઈક કહી દે તો એમાં આમ ખોટું લગાડાતું હશે! તમારું કહેવુંય પલ્લવી સાંભળી જ લે છે ને!'

'એટલે તો અમે અમારો રસ્તો કરી લઈએ છીએ. પછી એમને કહેવુંય નહીં પડે ને સાંભળવુંય નહીં પડે.'

'મારી વાત માનો, અહીં નોકરીને મલતાં વાર નથી લાગતી એમ એને જતાંય વાર નથી લાગતી. અમારા જેવા ભણેલાને માથેય નોકરી કયારે જતી રહેશે એની લટકતી તલવાર હોય છે તો તમારી નોકરીનો તો વિશ્વાસ જ શો! એના કરતાં તમે એમની સાથે રહેતાં હો તો એમનાં છોકરાંય તમારી મમતા હેઠળ ઉછરે.'

'એનેય અમે અમારી મમતા હેઠળ જ ઉછેર્યો હતો ને પેટે પાટા બાંધીને ભણાવ્યો હતો. એ જ જ્યારે અમારો નથી રહ્યો ત્યાં એનાં છોકરાંને ઉછેરીને અમે કયા કાંદા કાઢી લેવાનાં હતાં! એના કરતાં અમારા નસીબને સહારે જીવવાનું શું ખોટું! એનેય એનું નસીબ છે ને અમારે અમારું.'

પેલો દોસ્ત અવિનાશનો પક્ષ લઈ આમને સમજાવવા આવ્યો હતો પણ એને કયાં ખબર હતી કે એને ઘેર એનાં સાસુ સસરા આવી જ મહાભારત જગાવીને બેઠાં હતાં. એ તો હજુ મનમાં ભગવાનનો આભાર માનતો હતો કે એને ઘેર આવું નથી થયું નહીં તો એની સ્થિતિ તો અવિનાશ કરતાંય વિપરિત થઈ જાય એવી હતી. એને થયું કે એણે ઘેર જઈને

પોતાની પત્ની રીવાને કાનમાં ફૂંક મારી દેવી પડશે કે એ એનાં માબાપને સતાવવાનું બંધ કરે. રીવાને તો ભાખરી વણતાંય આવડતી ન હતી ને એમની હાલત અઠવાડિયાના બે દા'ડાય બહાર ખાઈ શકાય એવી હતી નહીં.

છેવટે અવિનાશને બદલે પલ્લવીને જ બોલવું પડ્યું : 'એમને આજે ભલે ન સમજાય પણ અમે તો એમનાં સંતાન છીએ તે મટી જવાનાં નથી. એમને નોકરી માફક ન આવે ને કાલે સવારે પાછાં આ ઘેર આવવું હોય તોય એમને માટે આ ઘરનાં બારણાં કાયમ ઉઘાડાં જ છે. એ લોકો આધાર વગરનાં નથી.'

'વહુ, આધાર વગરનાં તો આજ સુધી હતાં એટલે નકટાં થઈને તમારાં મેંણાં સાંભળી રહ્યાં હતાં, આજે આધાર વગરનાં નથી એની તમને સમજણ પડી ગઈ છે એટલે જ આવું ડહાપણ આવ્યું છે. પણ તમે કાયમની વ્યવસ્થા કરી લેજો. અમારાં પાછાં આવવાની આશા રાખશો જ નહીં. અમને કોઈ આધાર નહીં રહે તો વિદ્યાનગરમાં જઈ રસોડું ચલાવીશું ને જેમ અવિનાશને ભણાવ્યો એમ બીજાનાં છોકરાંને ભણાવીશું. પૂન્યનું કામ તો ખરું.' દેવશીભાઈએ કહ્યું.

પછી કનકને લઈને બેય જણાં એમના બેડરૂમમાં ગયાં. 'આપણે એ શોધી કાઢવું પડશે કે એમને આવી ચાવી ચઢાવનાર કોણ છે! કોઈકે એમને ચઢાવ્યાં જ હશે નહીં તો એમનામાં રેલ્વેનો ટોકન ખરીદવા જેટલીય આવડત નથી.' અંદર પેઠા પછી પલ્લવીએ કહ્યું.

'ભાભી તમે તો એમને ખોટું લાગે એવું કશું કર્યું નથી ને!'

'ના રે, મેં તો એમને સગાં માબાપની જેમ રાખ્યાં છે. ભગવાન જાણે એમના મનમાં આવું ભૂસું કોણે ભરી દીધું.' પલ્લવીએ કહ્યું ને અવિનાશની ને એની નજર એક થઈ. એ આડું જોઈ ગઈ. એની નજર સામે પોતાનાં સાસુ સસરા પ્રત્યેના પોતાના વર્તાવનો નકશો ચિતરાઈ ગયો.

'તો તો સારું, બાકી તો આવી બધી વાતો બૈરાંથી જ શરૂ થાય છે. તમારે તો સાસુ સસરા છે છતાં તમે એમની સાથે આવો સારો વર્તાવ રાખો છો પણ રીવાને તો એનાં સગાં માબાપ છે છતાં એમને નાની નાની વાતોમાં ટોકવાનું ને મેણાં મારવાનું એ છોડતી નથી. મારે હવે એને ભાર દઈને આ વાત સમજાવવી પડશે.' કનકને ડહાપણ આવ્યું પણ એને કયાં ખબર હતી કે એ ઘણું મોડું આવ્યું હતું!

'મને લાગે છે કે એ રોજ સાંજના ફરવા જાય છે ત્યાંથી જ આ બધું શીખી લાવતા હશે. આપણે એ મૂળ શોધી કાઢવું પડશે તો એનો કશોક ઉપાય થઈ શકે.'

'મનેય એમ લાગે છે. જો આ ચેપ ફેલાશે તો આપણી રહેણી કરણી જ બદલાઈ જશે. આપણે એમની મદદને સહારે તો મોટાં મકાનો લઈને બેઠા છીએ અને મોંઘી કારો વાપરીએ છીએ. જો આપણે પહેલાંની જેમ જેકસન હોઈટના કોઈ એપાર્ટમેન્ટમાં ભાડે રહેતા હોત તો કારનીય જરૂર ન પડત કે એમનીય સાડીબાર ના રહત. હવે તો મારું માન અને એમને પગે પડવું પડે તો પડીનેય એક વખત તો મનાવી લે, એ સિવાય બીજો આરો નથી.'

'પણ તેં હમણાં ના જોયું કે એ લોકો કોઈ વાતે માનવા તૈયાર જ નથી ને!'

'મને એક વિચાર આવે છે, એ લોકો આજ સુધી દેશમાં રહેલાં છે એટલે સાસુ અને વહુના સંબંધ વિશે એમના મનમાં એક ગ્રંથિ બંધાઈ ગઈ હશે. એટલે જો ભાભીનાં માબાપ અહીં આવે ને ભાભીને એમની હાજરીમાં ખોટેખોટું વઢી

નાખે કે એનાથી એમનાં સાસુ સસરાને ન સચવાતાં હોય તો એનો પગ પોતાના ઘરમાં ના જોઈએ. ને બધાંની સામે એમની પાસે માફી મગાવે તો મને લાગે છે કે એ ઢીલાં પડશે. ભાભીએ એટલું સહન કરી લેવું પડશે.'

'હું તો પરણીને આવી ત્યારથી એમનાં મેણાં સહન કરતી જ આવી છુ ને. જ્યાં સુધી અમેરિકા આવવાનું થયું ન હતું ત્યાં સુધી એ મને કાયમ કહ્યા કરતાં હતાં કે મારો અવિનાશ આટલું બધું ભણેલો તોય કોણ જાણે કયાંથી મારા જેવી અભણ એમને માથે પડી.'

'એટલે અહીં આવ્યા પછી તેં એનો બદલો લેવા માંડ્યો હતો ને! મેં તને શરૂમાં ટોકીય હતી પણ તને કોણ જાણે શુંય ભૂત ભરાયું હતું કે તું એમને પજવ્યા જ કરતી હતી. હું એમને ઓળખું છું. એ કોઈ વાતેય નહીં માને. વળી એ દેશમાં જાય તોય આરામથી રહી શકે એટલી મિલકત એમણે વસાવી જ છે.' અવિનાશે પહેલી વખત પલ્લવીની વર્તણૂંક સામે પોતાનો અણગમો વ્યકત કર્યો. પલ્લવીને એની વાતનું ખોટું લાગ્યું, વધારે ખોટું તો એ વાતે લાગ્યું કે એણે કનકની હાજરીમાં આ વાત કરી હતી. એ ત્રાહિત માણસોની હાજરીમાં પોતાનાં સાસુ સસરાને ટોણાં મારતી હતી ત્યારે એમને કેવું લાગતું હશે એ વાત હજુ એના મગજમાં આવતી ન હતી.

કનક આ બે જણને સાંત્વન આપીને ઘેર ગયો ત્યારે એના ઘરની પરિસ્થિતિ પેલાંના જેવી જ હતી. એનાં સાસુ સસરાય સ્વતંત્ર રહેવા જવાની વાત લઈને બેઠાં હતાં. કનક તો એમની વાત સાંભળીને હેબતાઈ જ ગયો. એમણે પોતે કયાં જવાનાં હતાં અને બધા એમના જેવાં વૃધ્ધો માટે મનોરભાઈએ એક વૃધ્ધાશ્રમ ખોલવાની જે યોજના બનાવી હતી એની વાત વિગતે જણાવી દીધી હતી.

આ વાત જાણી એને એવો તો શૉક લાગ્યો કે ઘડીભર તો એને શું બોલવું એનીય સૂઝ ન પડી. એને થયું કે એણે એના જેવા બીજાની સાથે મળીને મનોરભાઈની ખબર લેવી જોઈએ. એમણે આ તુકકો ચલાવીને કેટલાંય ઘરોમાં આવી હોળીઓ સળગાવી હશે એની એમને જાણ કરવી જોઈએ ને એમની આ યોજનામાંથી પાછા વાળવા જોઈએ. એને મનોરભાઈ પર ગુસ્સો આવ્યો. પોતાના ઘરની વાત પતાવી શકાય તો પતાવીને એણે અવિનાશને ત્યાં ફોન કરવાનું ને એને બધી વાત કરવાનું નકકી કર્યું.

એણે પોતાના સસરાને કહ્યું : 'જુઓ વડીલ, તમને એ મનોરભાઈએ આભાલાડુ જે બતાવ્યા હોય એ, પણ જો તમે અમારું ઘર છોડી બીજે રહેવા જતા રહેશો ને તમારું તૂત જો બરાબર નહીં ચાલે તો પછી તમને એ મનોરભાઈ કે જે હોય એય કશી મદદ નહીં કરે. તમારી દશા પછી પેલા ધોબીના કૂતરા જેવી ના થાય એ જોજો. તમે નહીં ઘરના રહો કે નહીં ઘાટનાય રહો.'

'તમારા કરતાં મનોરભાઈને વધારે જાણકારી છે. એ આફ્રિકાથી અહીં આવ્યા છે ને પંદર વરસ રેલ્વેની નોકરી કરીને અત્યારે પેન્શન ખાય છે. ને અમારા જેવાં પંદર જણાંને સ્વમાનભેર જીવવાની સગવડ કરી આલવાની એમણે પ્રતિજ્ઞા લીધી છે. ને સરકારમાંય એમની બહુ મોટી લાગવગ છે.'

હવે કનક ખરેખરનો ગભરાયો. એણે ધાર્યું હતું કે મનોરભાઈ કોઈ કટકી ખાનાર ગઠિયો હશે એને બદલે આ તો ધૂની સામાજિક કાર્યકર લાગતો હતો. જો કટકીના લોભે આ તૂત ચલાવતો હોત તો એને લાંચ આપીનેય આ બધાને પાછા વાળી શકાત પણ હવે તો એ આશાય રહેતી ન હતી.

'તમારી વાત સાચી લાગે છે પણ તમારે તમારી દીકરીનો ને એનાં ભાણેજાંનોય વિચાર કરવો જોઈએ ને! તમારી ગણતરી રાખીને અમે આવડું મોટું ઘર લીધું હોય અને તમે આમ અધવચ્ચેથી જતાં રહો તો અમારી શી દશા થાય!'

'અમારી ગણતરીએ આ મકાન લીધું હોત તો ઉપર બે બેડરૂમ ખાલી છે તોય અમને વખાર જેવા ગંધાતા બેઝમેન્ટમાં પથારી કરી આપી ન હોત. શિયાળામાં અમે ટાઢથી ઠુંઠવાતાં હોઈએ તોય તમારા પેટનું પાણી કયે દા'ડે હાલ્યું છે!' એના સસરાએ એને રોકડી પરખાવી.

'એ તો તમારે આ પાછલી ઉંમરે દાદરા ચઢવા ઊતરવાના ન ફાવે એટલા માટે જ.'

'તે બેઝમેન્ટમાં દાદરો ઊતરવાનો નથી! ત્યાં શું લીફ્ટ મૂકેલી છે?'

કનકને ભાન થઈ ગયું કે પોતાના બચાવનું બેકફાયર થઈ ગયું હતું. એને આજ સુધી તો એમ જ હતું કે ગામડાના એકઢાળિયા મકાનમાંથી અહીં આવેલાં એવાં એમને આ મકાન સ્વર્ગ જેવું લાગતું હશે એટલે ઉપરના બેડરૂમ અને બેઈઝમેન્ટની વચ્ચેનો ભેદ એમને ધ્યાનમાં આવ્યો જ નહીં હોય. પણ એનો ભેદ ખૂલી ગયો હતો ને તે પણ એક એવી પળે કે જ્યારે એને એ બેઝમેન્ટવાળું મકાન છોડી પેલા ગંદા ગોબરા એપર્ટમેન્ટમાં રહેવા જવાની નોબત આવી લાગવાની હતી. એ ઘડીભર તો શૂન્યમનસ્ક થઈ ગયો.

એબેયે ભેગાં મળીને પેલાં બેને સમજાવવા ઘણું કર્યું પણ એમની કોઈ કારી ફાવી નહીં. રાતે કનકે અવિનાશને ફોન કર્યો ને બધી વાતની જડ એક મનોરભાઈ કરીને રીટાયર્ડ રેલ્વે કર્મચારી છે એવી વાત કરી. વળી એ પૈસાની લાલચે કે એમને બધાને હેરાન કરવા માટે આમ નથી કરતો પણ બધા ઘરડાને સ્વમાન પૂર્વક જીવવા શિખવાડવાના એક કાર્યક્રમ રૂપે આ સેવાનું કામ કરી રહ્યો છે એ પણ જણાવ્યું. અવિનાશના મનમાં પહેલાં તો એ વાત જ ન ઊતરી કે કોઈ માણસ મળતર વગરનું આવું કામ કરે જ શું કરવા! અને એની એ વિચારસરણી એની સમજણ પ્રમાણે બરાબર જ હતી. જ્યારે પોતે એમનાં સંતાનો હોવા છતાં પોતાનો સ્વાર્થ જ જોતાં હતાં ત્યાં આ પરકા પ્રદેશમાં કોઈ ફકત સેવા માટે આવો હોબાળો શું કામ મચાવતો હોય!

અનુક્રમ Þ

૪. પ્રિન્સિપાલ કરસનભાઈ

બીજા બે દિવસ વીત્યા. વધુને વધુ જુવાન જોડાં એકબીજાને ફરિયાદ કરતાં દેખાવા માંડ્યાં. ને જેમ વૃધ્ધોનું ટોળું થયું હતું એમ એમનુંય એક ટોળું થઈ ગયું. બધાં સમદુખિયાં એક દિવસ ભેગાં મળ્યાં ને મનોરભાઈને મળવા ઊપડ્યાં. મનોરભાઈ પેલી મોટેલ પર જ હતા. પેલા બે સુથાર ભાઈઓની સાથે બીજાય ચારપાંચ વૃધ્ધો કામે વળગેલા હતા. બધા આ ટોળાને આવતું જોઈ સ્હેજ છપાયા. એ ટોળામાં એમનાં દીકરા દીકરીઓય હતાં. મોટેલ જે રીતે તૈયાર થઈ ગઈ હતી એ જોઈ પેલા લોકોય મનમાં સમજી ગયા કે મનોરભાઈના કામમાં કશું કહેવાપણું ન હતું.

'અમારે મનોરભાઈને મળવું છે.' એક જણે કામ કરી રહેલા એક વૃધ્ધને મજૂર ધારીને પૂછ્યું. પેલાએ એમને બીજી એક રૂમ તરફ ઈશારો કરી દીધો.

પેલું ટોળું એ રૂમમાં ગયું. અંદર સોમાભાઈ અને મનોરભાઈ બેઠા હતા. 'આવો, તમારે કોનું કામ છે?' મનોરભાઈએ જ એમને પૂછ્યું.

'તમે જ મનોરભાઈ!'

‘હા. આટલા બધા મહેમાનો માટે તો હજુ બેસવાનીય અમે સગવડ કરી શકયા નથી. આપણે બધાએ ઊભા રહેવું પડશે. બોલો શું કામ છે આપને?’

‘અમારે એ જાણવું છે કે આ બધું શું છે?’

‘અમે અહીં એક વૃધ્ધાશ્રમ ખોલી રહ્યા છીએ. પંદર દિવસ પછી આવશો તો તમને એક મોટેલ અને એક વૃધ્ધાશ્રમ બેય જોવા મળશે.’

‘અમને તમારા એ વૃધ્ધાશ્રમમાં રસ નથી. અમારે એ જાણવું છે કે તમે આ બધાં ઘરડાં અને અહીંની રહેણી કરણીથી અજાણ્યાં માણસોને ભોળવીને આ શું ધતિંગ માંડ્યું છે?’

‘આ ધતિંગને જ અમે વૃધ્ધાશ્રમ કહીએ છીએ અને એમાં જોડાનાર વડીલો ગમાર નથી પણ જેમણે પેટે પાટા બાંધીને તમારા જેવાં દીકરા દીકરીઓને ડૉક્ટર અને એન્જિનીયર બનાવ્યાં છે એવા કર્મઠ માણસો છે.’

‘ને એમને ચઢાવીને તમે અમારાં ઘરમાં હોળી સળગાવવા માગો છો?’

‘ના હું તો ઊલટાનો હોળીને ઠંડી પાડવા માગું છું. દીકરી ને જમાઈ હોય કે દીકરો ને વહુ હોય પણ આ વૃધ્ધો એમની સાથે સુમેળથી રહી શકતાં નથી. એટલે તમારાં ઘરોમાં કંકાસ થાય છે. હું તો એ કંકાસમાંથી તમને ને તમારાં વડીલોને ઉગારવાની યોજના લઈને બેઠો છું. તમારે તો ઊલટાં ખુશ થવું જોઈએ.’

‘અમારાં ઘરમાં માથું મારવાની તમારે જરૂર નથી, અમે અમારું ફોડી લઈશું.’

‘એય મીસ્ટર, હું તમારાં ઘરમાં માથું મારતો નથી પણ તમે મારા ઘરમાં માથું મારવા આવ્યા છો. આપણી વાત પૂરી થઈ. હવે જો તમે સીધી રીતે મારી પ્રોપર્ટીમાંથી બહાર નહીં નીકળી જાવ તો મારે ના છૂટકે પોલીસને બોલાવવી પડશે. નાઉ ગેટ આઉટ.’ મનોરભાઈએ પેલાને દાટી આપી કે આવનાર ટોળામાં સોપો પડી ગયો.

‘અમે વડીલ, લઢવા આવ્યા નથી. અમે તો આપને સમજાવવા આવ્યા છીએ કે આપના આ સેવાના ધંધાને લીધે અમારી કુટુંબની એકતામાં ડખા ઊભા થવા શરૂ થઈ ગયા છે.’ એક જણે નરમાઈથી કહેવા માંડ્યું.

‘એ કેવી રીતે!’

‘આજ સુધી અમારાં વડીલો અમારી સાથે રહેતાં હતાં. હવે એ લોકો આ ઉંમરે અલગ રહેવા જાય તો નાતમાંય અમારું ખોટું દેખાય અને એમની સગવડ પણ ન સચવાય.’

‘એમની સગવડનો ખ્યાલ જો તમને હોત તો તમે અત્યાર સુધી એમને ડીપેન્ડન્ટ કલેઈમ કરવાને બદલે એસ.એસ.આઈ. લેવડાવી એમના પૈસા એમને આપી પગભર અને સ્વનિર્ભર કરી દીધા હોત. એમને ખિસાખર્ચીની ઉચક રકમ દરમહિને આપવી જોઈએ એ તો તમે આપી નથી અને બદલે તમે આટલુંય કર્યું હોત તો કાંઈક કર્યું ગણાત. તમારામાંના કેટલાએ એવું કર્યું છે?’

‘અમારામાંના કેટલાયે એવાં કાગળિયાં કરેલાં જ છે પણ સરકારમાંથી મંજૂર થઈને આવે ત્યારે ને.’

'એમ ખોટું બોલવાની જરૂર નથી. મેં આજથી સાત મહિના પહેલાં એ બધાનાં કાગળિયાં કર્યાં હતાં ને છ મહિનાથી બધાને એ મદદ મળે પણ છે. બધાનાં બૅંકમાં ખાતાંય છે ને બધાનાં ખાતામાં મદદની રકમ નિયમિત જમા પણ થાય છે. તમે કોઈ એમને ડીપેન્ડન્ટ બતાવતા હો તો આ વરસે એમ ન કરતા નહીં તો તમે ગુનેગાર ઠરશો.'

એમની આ વાત સાંભળી બધાની બોબડી બંધ થઈ ગઈ. એમાંના કોઈને ખબર ન હતી કે એમના વડીલને છ મહિનાથી સરકારી મદદ મળતી હતી અને એમના ખાતામાં જમા થયા કરતી હતી. જેણે ગપ્પુ માર્યું હતું કે એણે એપ્લાય કર્યું છે એ છોભિલો પડી ગયો. બધાને ખબર પડી ગઈ કે એ બધાં શેના જોર પર કૂદતાં હતાં. જો એમની પાસે છ મહિનાની બચત હોય અને આ ગાંડો માણસ કહે છે એમ એમને નજીવા ખર્ચે રહેવા ખાવાની એ સગવડ કરી આપતો હોય તો એમનાં વડીલો એમની પાસે ક્યારેય પાછાં આવે એ વાત ભૂલી જવા જેવી જ હતી.

આ મનોરભાઈ પહોંચેલી માયા લાગતો હતો. એની સામે થવા જેવી કાયદાકીય આવડત કોઈનામાં ન હતી. ને એની સામે લઢવા નીકળે તો કદાચ એવોએ વડીલોએ આજ સુધી એમના ઘરમાં જે કામ કર્યું એનો હિસાબ કરી પગારના પૈસા લેણા કાઢે તોય નવાઈ નહીં.

બધા જેમ આવ્યા હતા એમ પાછા ગયા. એ ટોળામાં અવિનાશ પણ હતો ને કનક પણ હતો. પાછા જતાં એમણે એક પાર્ક પાસે ગાડીઓ ઊભી રાખી ને હવે પછી શું કરવું એની વિચારણા કરી. બધાંનું કહેવું એમ હતું કે મનોરભાઈની સામે પડવાનો કશો અર્થ ન હતો. એને બદલે પોતાનાં વડીલોને કાલાવાલા કરી, પગે લાગીનેય મનાવી લેવાં જોઈએ. જરૂર પડે તો એમને પગાર બાંધી આપવો અને તોય ન માને તો છોકરાંના સમ દઈનેય એમને મનાવી લેવાં જોઈએ.

ને પેલી છોકરાંના સમવાળી વાત કામ કરી ગઈ. પણ સાથે સાથે એમને મહિને બસો ડોલર રોકડા ખિસાખર્ચીનાય આપવાના નકકી થયા એટલે એમાંનાં ત્રણ કુટુંબો દીકરા કે દીકરી સાથે રોકાઈ ગયાં. તો જે ડગુમગુ હતાં એવાં બે કુટુંબો નવાં પણ આવી ગયાં. મનોરભાઈ કહે : 'ચાલો ત્રણ વડીલોને તો બેવડી આવક શરૂ થઈ ગઈ. એવું થાય તોય ખોટું નહીં. પણ એમનાથી બૅંકમાં બે હજાર કરતાં વધારે ડોલર રાખી શકાશે નહીં એટલે એનું કાંઈક કરવું પડશે. આ શનિવારે એ મને મળે એમ ગોઠવજો.'

ને એ શનિવારે એમણે પોલાંની પાસે દેશમાં એન.આર.ઈ. ખાતું ખોલાવી એમાં પહેલી બચત બે હજાર ડોલરના લગભગ પચીસ હજાર રૂપિયા જમા કરાવવાની વ્યવસ્થા સ્ટેટ બૅંકમાં કરાવી આપી. બૅંકમાં એમના કેટલા ડોલર પડ્યા છે એની વાત ઘરનાં માણસોને ન કરવાની એમણે બધાંને સૂચના આપી દીધી હતી. જો કે નિયમ તો એવો હતો કે જેને બે હજાર કરતાં વધુ બચત હોય એને સરકારી મદદ મળે નહીં પણ હજુ કોઈના બીજી જગ્યાએ અથવા બીજા ઈન્સ્ટીટયૂટમાં પૈસા પડ્યા હોય એનું ચેકિંગ કોઈ કરતું ન હતું.

ને પછીના એક અઠવાડિયામાં તો નોંધાયેલાં બધાં જ વડીલો રહેવા આવી ગયાં. કેટલાકે એમના વડીલોનાં ગ્રીન કાર્ડ કે પાસપોર્ટ પોતાના કબજામાં રાખી મૂક્યાં હતાં. એમની ગણતરી કદાચ એવીય હોય કે એને કારણે પેલાંને કદાચ પાછાં બોલાવી શકાશે. મનોરભાઈએ આ જાણ્યું એટલે એવા લોકોને એક એક ફોન કરી દીધો કે કોઈનાં પાસપોર્ટ કે ગ્રીન કાર્ડ એમની મરજી વિરુધ્ધ કબજામાં રાખવાં એ ગુનો છે. જો એક અઠવાડિયામાં જે તે વડીલને એ હાથોહાથ પહોંચતાં કરવામાં આવ્યાં નહીં હોય તો એ માટે સરકારી કારવાઈ કરવામાં આવશે. ને મનોરભાઈની છાપ જ પેલા લોકોનાં મન પર એવી પડી ગઈ હતી કે ચાર જ દિવસમાં એમનાં ગ્રીન કાર્ડ ને પાસપોર્ટ બધા આવીને હાથોહાથ આપી ગયા ને એમનાં વડીલો કેવી રીતે ત્યાં રહેતાં હતાં એ જોઈ ગયા.

મોટેલ સારા વિસ્તારમાં હતી અને પેલા સુથાર ભાઈઓની આવડતે એનો ભપકો જ બદલી નાખ્યો હતો એટલે બહારના ગ્રાહકોય આવવા માંડ્યા. સોમાભાઈએ અને જશોદાબેને બધાને માટે સમયપત્રક બનાવી તેમને કામ વહેંચી આપ્યાં. આટલાં બધાં કામ કરનારાં હતાં અને ઠાઠો તો જે ગણો તે પેલી સાત જ રૂમોની કરવાની હતી એટલે બધાને તો જાણે એ કામ લેખામાં લેવા જેવું જ લાગતું ન હતું. બાકીના સમયમાં બધા બાગ પાછળ અને પેલા સુથાર ભાઈઓની મદદમાં લાગી જતા હતા.

શરૂમાં ખર્ચની વ્યવસ્થા માટે મનોરભાઈએ ને સોમાભાઈએ પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢ્યા હતા. મોટેલ બંધ પડેલી હતી એને ચાલુ કરવાની હતી એટલે પહેલા છ મહિના સુધી મોટેલના માલિકને ભાડું નહીં આપવાની શરત કરી હતી એટલે પહેલા છ મહિનામાં જ એમના ખર્ચેલા પૈસા મોટા ભાગના પાછા આવી ગયા.

પેલા લોકોએ જઈને આ વૃધ્ધાશ્રમ અને મોટેલની વાતો એમના ટોળામાં કરી અને પોતાનાં વડીલો એવી સ્વતંત્રતા છોડી પાછાં દીકરીઓ ને વહુઓનાં મહેણાં સાંભળવા આવે એ વાત ભૂલી જવા બધાને સમજાવી દીધા. બધાને ગમતું નહીં હોવા છતાં એ જગ્યા ફરીથી જોઈ આવવાનું મન થયું. મનોરભાઈને એમનું ત્યાં જવું ગમશે કે નહીં એવી બીક સાથે કેટલાક ત્યાં ગયા પણ ખરા.

મનોરભાઈએ એમને આદર પૂર્વક આવકાર્યા અને બધી ગોઠવણ સમજાવી. એ જોઈ પેલાઓને પણ લાગ્યું કે મનોરભાઈએ જે કર્યું હતું એ યોગ્ય જ કર્યું હતું.

ગઈકાલે સોમાભાઈને વાત મળી હતી કે કરસનભાઈ પ્રિન્સિપાલ નામના એક વૃધ્ધ માણસ એમની દીકરીને ત્યાં આવ્યા છે. ઉંમરને કારણે લથડી ગયેલા લાગે છે. એમને એમના દીકરાએ અહીં ન બોલાવ્યા અને દેશમાં એકલાથી આ ઉંમરે રહેવાય એવું હતું નહીં એટલે એમની દીકરી અહીં લઈ આવી છે. એનાં સાસરિવાળાંને એ ગમ્યું ન હતું એટલે એ શરૂમાં એને ટોકયા કરતાં હતાં પણ હવે તો એ દીકરીનેય એ માથે પડ્યા જેવું લાગે છે. બાપડા પાછલી ઉંમરે દુખી થઈ ગયા છે. સોમાભાઈએ મનોરભાઈને વાત કરી તો એ કહે : 'તમે બધાં એમની સેવા કરવાની જવાબદારી લેતાં હો તો એમને અહીં લઈ આવીએ.'

બધાં વતી દેવશીભાઈ કહે : 'એમાં બધાંની શી જરૂર છે. હજુ પાંચ સાત વરસ તો અમને કશું થાય એમ લાગતું નથી એટલે અમે એમને અમારા વડીલ ગણીને અમે જ પાલવીશું. પણ એવા ભણેલાગણેલા માણસ એમ દુખી થાય એવું તો અમે નહીં જ થવા દઈએ.'

બીજાં બધાં કહે : 'આપણીય કયારેક એ દશા થવાની જ છે ને! આપણે કોઈનું કામ કર્યું હશે તો કોઈ આપણને પાલવનારેય મળી રહેશે. આપણે જ જો કોઈનું કામ નહીં કર્યું હોય તો કોઈ આપણું કામેય કયાંથી કરશે? એમને લઈ આવો અમે એમને બાપ ગણીને એમની સેવા કરીશું.'

હવે વાત એવી બનેલી કે કરસનભાઈ પાંચ વરસ પહેલાં જ રીટાયર થયા હતા. એમનો દીકરો ભાવિન દાકતર થઈને અમેરિકા આવ્યો હતો પણ ઊંચી સોસાયટીમાં ભળી ગયેલા એ દાકતરને કે એની પત્ની રશ્મિને કરસનભાઈ જેવા વડીલ ઘરમાં ખપતા ન હતા. જ્યારે કરસનભાઈની તબિયત નરમ ગરમ રહેવા લાગી ને એમણે એને ફરિયાદ કરવા માંડી કે હવે એમનાથી ગામમાં એકલે પંડે રહેવાય એવું નથી ત્યારે એણે બહાનું કાઢ્યું કે એ અમેરિકામાં નવું ઘર બંધાવે છે એટલે એમને તાત્કાલિક તો પોતાની પાસે બોલાવી શકાય એવું નથી પણ જો મેઘાબેન એમને લઈ આવશે તો પોતાનું નવું મકાન તૈયાર થઈ ગયા પછી પોતે એમને પોતાને ઘેર લઈ જશે. એટલે મેઘા એમને અમેરિકામાં પોતાને ત્યાં તેડી લાવેલી.

ડૉક્ટરનું એ મકાન તૈયાર થયા કેડેય જ્યારે એને પૂછ્યું ત્યારે એણે જણાવ્યું કે એના ઘરમાં નીચે કોઈ બેડરૂમ નથી એટલે એમને પોતાને ત્યાં લઈ જવા શક્ય નથી. એના કરતાં બેનને ત્યાં જ રહે એ વધુ સારું છે. એ એમના ખર્ચના પૈસા બેનને આપી દેશે.

એક તો બેન પણ પિતાના કડક સ્વભાવથી કંટાળેલી હતી અને એનાં સાસરિયાંયેય કહેવા માંડ્યું કે એને ત્યાં પોતાનાં સાસરિયાં ન સમાયાં પણ બાપ વરસથી ધામા નાખીને પડ્યા છે તે કેવા સચવાય છે! એટલે હવે તો મેઘાય એમને હેંડતાં ચાલતાં વચકાં ભરતી હતી. કરસનભાઈ જેવા કડક પ્રિન્સિપાલ પણ ખૂણામાં પેસી આંસુ નિતારી લેતા હતા.

છેવટે દીકરા-વહુએ વચલો રસ્તો કાઢવા પ્રયત્ન કર્યો કે એમને દેશમાં પાછા મોકલી અમદાવાદમાં ઘરડાઘરમાં રાખવાની વ્યવસ્થા કરવી. પણ કરસનભાઈ ન માન્યા. એ કહે : ‘મને તમે ઘરડાઘરમાં મૂકી આવો તો દેશમાં કેવી ખરાબ વાતો થાય! લોકોની પછી છોકરાંને ભણાવવા પરથી શ્રધ્ધા જ ઊઠી જાય. બધા એમ જ કહેને કે એના કરતાં એમનાં અભણ છોકરાં જ સારાં કે માબપની છેવટ સુધી ચાકરી કરે. છોકરાંને વધારે ભણાવીનેય શો ફાયદો, કોક દા’ડો માસ્તરની પેઠે આપણેય પાંજરાપોળમાં જવાની વેળા આવે.’ ડૉક્ટર ભાવિન બાપની આવી વાતો સાંભળી અકળાઈ જતો. બેન ભાઈને છાશવારે ફોન કરી બાપને એને ત્યાંથી લઈ જવાની એકની એક વાત કરી તંગ કર્યા કરતી.

એવામાં દેવશીભાઈ અને મનોરભાઈ મેઘાને મળવા પહોંચી ગયા. મેઘાએ ભાઈને ફોન કર્યો. ફોન મળતાં જ ભાવિન આવી પહોંચ્યો. બેયને મનગમતી જ વાત હતી. ડૉક્ટર ભાવિન કહે : ‘એમને પાલવવાની જવાબદારી તો મારી છે પણ અમે બેય દાકતર છીએ એટલે અને અમારે ત્યાં નીચે બેડરૂમ નથી એટલે એમને અમારે ત્યાં લઈ જવા શક્ય નથી. તમે સારું સેવાનું કામ કરો છો એટલે જો મારા પિતા તમારે ત્યાં રહેવા આવવા તૈયાર થાય તો જાવ હું તમારા આશ્રમને મારાથી બનતી મદદ કરીશ.’

મનોરભાઈ કહે : ‘અમારે કોઈ આર્થિક મદદની જરૂર નથી પણ અમારે ત્યાં બધાં ઘરડાં જ રહે છે એટલે એમને વખત જતાં તબિયતની તકલીફો તો થવાની જ. જો તમે દર અઠવાડિયે કલાક બે કલાક માટે આશ્રમ પર આવી દાકતરી સેવા આપી શકો તો અમને એ ગમશે. પણ એ વાત સ્વીકારવી કે નહીં એ તમારા પર છોડીએ છીએ એમાં અમારું કોઈ બંધન નથી. અમારા આ દેવશીભાઈએ એમને પોતાના બાપ ગણીને એમની સેવા કરવાની તૈયારી બતાવી છે એટલે અમે પ્રિન્સિપાલ સાહેબને તો અમારે ત્યાં લઈ જ જઈશું.’

‘તો માનજો કે તમારા એ આશ્રમને હું મારું ઘર માનીને એનાં બધાં રહેવાસીઓની તંદુરસ્તીની કાળજી લઈશ જ. પછી ગમે તેટલો ખર્ચ થાય.’

‘એમાં ખર્ચનીય ચિંતા નથી. બધાની પાસે મેડિકેઈડ કાર્ડ છે, ફક્ત તમારા જેવા દેશવાસી દાકતર હોય તો એ લોકો પોતાની મૂંઝવણ તમને સમજાવી શકે એની જ જરૂર છે. તમે એક વખત આવશો તો તમનેય અમારી ગોઠવણ અને એમાં રહેતાં લોકોનો પરિચય થશે તો તમનેય એ ગમશે.’

‘હવે તો તમે ન કહો તોય મારે ત્યાં આવવું જ પડશે. અહીં પરદેશમાં રહીનેય તમે ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી રહ્યા છો ને અમારા જેવા પૈસાની પાછળ પડેલા માણસો પોતાનાં ખૂદનાં માબાપનીય કાળજી નથી લઈ શકતા એ અમારે માટે શરમાવા જેવી વાત છે.’

‘જ્યારે તમે અમારા આ કાર્યમાં મદદરૂપ થવાની ભાવના રાખો છો ત્યારે શરમાવાની જરૂર નથી. અમે એક વખત સાહેબને મળી લઈએ.’ મનોરભાઈએ કહ્યું.

એમના આશ્રમમાં રહેવા જવાનીય શરૂમાં તો કરસનભાઈએ ના જ ભણી પણ પછી જ્યારે મનોરભાઈએ એ આશ્રમની બધી વાતો કરી ત્યારે એ તૈયાર થયા. વધુ તો એમને એ વાતે રસ પડ્યો કે ત્યાંનાં બધાં રેવાસીઓ પાછલી ઉંમરનાં છતાં સ્વાશ્રયી હતાં. એ મનોરભાઈ સાથે જવા તૈયાર થઈ ગયા.

મોટેલ પર બધાં એમની વાટ જ જોતાં હતાં. કરસનભાઈ એ બધાને મળ્યા ને જાણે પરદેશમાંથી પોતાને ઘેર આવી ગયા હોય એવો ભાસ એમને થયો. એ જાણે ઘોડા જેવા તંદુરસ્ત થઈ ગયા. બે દિવસ પછી ડૉક્ટર અને એનાં પત્ની એમને મળવા આવ્યાં ત્યારે એ બાગમાં ફરતા હતા ને સોમાભાઈ અને બીજાં લોકો સાથે અલકમલકની વાતો કરતા હતા.

હવે એમને દીકરા પર ગુસ્સો રહ્યો ન હતો. એ એમને બેયને પ્રેમથી મળ્યા ને એમને જણાવ્યું કે એમને હવે પોતાનું ઘર જડી ગયું હતું ને પોતે ત્યાં ઘણા જ ખુશ હતા. એક એઠવાડિયા પછી એ ત્યાં નાનકડી સ્કૂલ શરૂ કરવાના હતા ને પોતાનાં સાથીદારોને અંગ્રેજી વાંચતાં લખતાં શિખવાડવાના હતા. એમની વાતથી બીજાં વડીલોય ખુશ થઈ ગયાં. કેટલાંકને અમેરિકા આવ્યા ત્યારથી પોતાના ભણતર બદલ અસંતોષ રહ્યા કરતો હતો એમને થયું કે સાહેબે બહુ સારી વાત કરી હતી. એમાંનાં જે બહેનો હતાં એમને તો ગુજરાતી વાંચતાંય તકલીફ પડતી હતી. એમને એ ખબર ન પડી કે એમનાથી અંગ્રેજી કેવી રીતે ભણી શકાશે. એમને તો એ વાતે જ આનંદ થઈ ગયો કે એમને ભણવાની તક મળતી હતી.

ને એક સામટા અવાજ ચારે બાજુથી આવવા માંડ્યા. કોઈ કહે મારા રૂમમાં રાખો હું પંડે એકલો છું એટલે ખાટલો ઊભો કરી દઈશું કે બધાંને માટે જ્ગ્યા થઈ જશે. તો વળી બીજો કહે એના કરતાં ઑફિસમાં જ રાખીએ તો ફાવશે. જ્ગ્યા મોટી છે એટલે બધાને છૂટથી બેસાશેય ખરું અને કાયમની નિશાળ હોય એવી ગોઠવણ પણ કરી શકાશે. તો પેલા બે સુથાર ભાઈઓ કહે અમને ભણ્યે વરસો થયાં એટલે યાદ નથી કે ચાક-પાટિયું કેવડું જોઈએ પણ અમને સહેબ માપ આપશે તો અમે બીજે દિવસે તૈયાર કરીને રંગીને આપી દઈશું.

દાકતર ભાવિન તો ઘરડાંના આ ઉત્સાહથી છક જ થઈ ગયો. એને ખબર પડી ગઈ કે બાપાનો ઉમંગ કયાંથી આવ્યો હતો. અહીંનું વાતાવરણ જ એવું હતું કે બધાંને જાણે કાંઈક કરવાની ને આગળ ધપવાની ભાવના જાગૃત થઈ જતી હતી. એણે મનથી કાંઈક નકકી કરી લીધું ને કહ્યું : ‘એ બધી વ્યવસ્થા તમે મારા પર છોડી દો. હું કાલે બોર્ડ મોકલી આપીશ.’

ને બીજે દિવસે સવારની જ વેળામાં એક લોરીમાં પંદર હેન્ડલ ડેસ્કવાળી ખુરસીઓ, એક ટેબલ બે સાદી ખુરસીઓ ને ગ્રીન બોર્ડ અને એનાં ચોક અને ડસ્ટર આવી ગયાં. સાથે અંગ્રેજી શીખવા માટે જરૂરી ચોપડીઓના પંદર સેટ અને થોડી ગુજરાતી ધાર્મિક ચોપડીઓ ને એ મૂકવા માટે એક કબાટ પણ હતાં. સાહેબની સૂચના પ્રમાણે સોમાભાઈએ ઑફિસમાં બધું આઘું પાછું કરી જ્ગ્યા કરી આપી. પેલા સુથાર ભાઈઓ કહે : ‘અમને પંદર દિવસનો સમય આપો એટલે ઑફિસનો ઓરડો થોડો મોટો કરીને એમાંથી નિશાળનો ઓરડો જુદો કાઢી આલીશું.’

અનુક્રમ Þ

## ૫. ધનજી મુખી

ચરોતરના એક સારા ગણાતા ગામના ધનજીભાઈ એમના ગામમાં એક વખત મુખી હતા. અત્યારે તો મુખીપણાં જતાં રહ્યાં છે પણ એ હજુ પોતાની જાતને મુખી કહેવડાવતા અને કોઈ એમને મુખી કહે તો મનોમન પોરસાતા હતા. એ એમના દીકરાની આંગળી પકડીને અમેરિકા આવી ગયા હતા. એમને ખબર ન હતી કે દેશમાંય એમના મુખીપણાની કશી વશાત રહી ન હતી છતાં એ અમેરિકામાંય પોતાની મુખી તરીકેની છાપ ઊભી કરવા પ્રયત્ન કરતા હતા.

એમનો દીકરો ડીપ્લોમા એન્જિનીયર થયો હતો ને એક અમેરિકાના જન્મવાળી છોકરી સાથે પરણીને અમેરિકા આવ્યો હતો. ધનજી મુખીના એ વેવાઈ કોઈ નાના ગામના હતા, પણ એમના ગામમાં એમની આબરૂ ઓછી ન હતી. વળી એ પોતે કમાયા હતા અને ધનજી મુખીના જેવું મોટું ઘર વહોરેલું એટલે એમણે લગ્નમાં ખર્ચપાણી પણ ઘણાં કરેલાં. પણ પેલી કહેવત છે ને કે ખાડો હોય તો પુરાય પણ કૂવો કયાંથી પુરાય! એટલે મુખીના એ વેવાઈ મુખીનું તરભાણું ભરી શકેલા નહીં.

જ્યારથી લગન લેવાયાં ત્યારથી જ મુખીએ એમના આ વેવાઈને પેટ પાણી પડવા દીધેલું નહીં. વિવાહની વાત આ રીતે શરૂ થયેલી ઃ

વેવાઈએ સામે ચાલીને મુખીને પૂછેલું ઃ ‘લગ્નમાં લેવડ દેવડ કેમની કરવાની છે!’

‘ભગવાનનું આલ્યું અમારી પાસે ઘણુંય છે. તમને ઠીક લાગે એ વહેવાર કરજો.’ એ વાત માંટલી મોકલાયા પછી બદલાઈ ગઈ હતી. ‘અમે તમને જે વહેવાર કરવો હોય એ કરવાની છૂટ આપી પણ તમેય કશી ચોખવટ ના કરી. કાલે સવારે કોઈ પિતરાઈ પૂછે તો મારે શો જવાબ આપવો! તમે ચોખવટ કરી હોય તો મારે પિતરાઈને કહેવા ચાલે કે વેવાઈ આટલો વહેવાર કરવાના છે. જો આપણે કશી વાત ન થઈ હોય ને હું કંઈક કહું ને તમે કંઈક વહેવાર કરો તો આપણે બનવા જેવું થાય.’

‘અમે અહીં ચાલે છે એવો બધો વહેવાર કરવાનું નકકી કરી રાખ્યું છે. ચાલીસ તોલા જણસો કરાવીશું, મંગળમાં તિજોરી, સોફા, પંખો અને એક સોનાની જણસ આપીશું. પરઠણમાં દશ હજાર રૂપિયા રોકડા આપીશું.’

‘બસ, તમે અમારી આટલી જ કિંમત કરી! આટલું તો રસ્તે જતોય આલે છે. ભલા માણસ તમારે મુખીના ઘરનો તો વિચાર કરવો હતો. મંગળમાંથી બેત્રણ હલકી આઈટેમ કાઢી નાખો ને એની જ્યાએ ટીવી, ફ્રીઝ અને ઘરઘંટી ઉમેરી દો તો કાંઈક અમારા બરનું ગણાય. બાકી તમે અમેરિકાથી કમાઈને આવ્યા છો એય કોણે જાણ્યું કે મુખીનું ઘર લીધું છે એય કોણે જાણ્યું!’

એમના વેવાઈ શરદભાઈ એમની વાત સમજી ગયા હતા ને એમની મરજી મુજબ બધો વહેવાર કર્યો હતો. પણ એ જ ઘડીથી એમનું મન ધનજી મુખી પરથી ઊઠી ગયું હતું. પણ એમણે મન મનાવ્યું હતું કે એમને જમાઈ સાથે જ કામ છે ને! વેવાઈ તો બે મહિના જ સહન કરી લેવાના છે ને! પછી તો છોકરી ને જમાઈ પોતાની નજર નીચે જ રહેવાનાં છે ને!

પણ એમની એ ગણતરી સફળ ન થઈ. જ્યાં છોકરી ને જમાઈ સ્હેજ રાગે પડ્યાં ત્યાં ધનજી મુખી ફરવાનું બહાનું કાઢીને સજોડે અમેરિકામાં આવી પહોંચ્યાં. ને વેવાઈ તથા એમની દીકરીને માથે જમ જેવા થઈ પડ્યા. એમણે એમના મુખીપણાનાં ને એમની જાહોજલાલીનાં ગાણાં ગાવા માંડ્યાં. તો સામે એમના વેવાઈ કોઈ જાતના વહેવારમાં જ નથી, એમની પાસે પૈસો કદાચ હશે પણ એય કોણે જોયો! હજુ એમનાં દીકરી કે ભાણેજાંનો તો હાથેય પવિત્તર નથી થયો. ભગવાન જાણે એમની પાસે પૈસો છે કે પછી ખાલી ટાઢા પો’રનાં ગપ્પાં જ છે.’

મુખીની વાદે એમનાં પત્ની જીવકોર પણ સાસુપણું કરવા માંડ્યાં. એમણેય વહુને પોતે એની સાસુ છે એ બતાવી આપવા જાણે કમર કસી. એમણે વહુને કપડાં પહેરવાથી માંડીને કોઈની હાજરીમાં કેમ બોલવું એ વિષય પર વારંવાર ટોકવા માંડી. એટલે બાપડી ધનીને તો એકને બદલે બે સાસુઓનાં ટોણાં સાંભળવાનાં માથે પડ્યાં. એક સાસુનાં ને બીજાં સાસુથીય સવાયા એવા સસરાનાં.

પણ એમને એ વાતની ખબર ન હતી કે આ અમેરિકા છે, ભારત નહીં. એમની એવી બાલિશ વાતો સાંભળવાની અહીં કોઈને નવરાશ ન હતી. આજ સુધી એમનો દીકરો સમીપ એમની વાતો સાંભળી લેતો હતો પણ હવે તો સમીપેય દૂર જવા માંડ્યો હતો. એવાંયે દેશની કે વહેવારની વાતો કાઢતાં કે તરત એ ઊઠીને બીજા રૂમમાં જતો રહેતો. મુખી અને એમનાં પત્ની પાછો બળાપો કાઢતાં : 'એય હવે તો એનાં સાસરીવાળાંનો થઈ ગયો છે.

હવે તો કદીક એમના વેવાઈ પણ પાંચ માણસોની વચમાં મળવાનું થાય તો એમના મુખીપણાની ઠેકડી ઉડાવવાની તક જતી કરતા ન હતા ને! હજુ બે દિવસ પહેલાંની જ વાત. એક જણને ત્યાં પાર્ટીમાં બેય ભેગા થઈ ગયા હતા.

'આ અમારી ધનુના સસરા. દેશમાં એ એક વખત મુખી હતા. અરે દેશમાં જ શું કરવા અહીંય એ મુખી જ છે ને! તે ધનજીભાઈ તમને મુખીપણામાં કેટલો પગાર મળતો હતો!'

'પગાર તો મારા ભાઈ કહેવા પૂરતો હોય પણ એની આબરૂ બહુ મોટી. આખા પંથકમાં એની છાપ બહુ ભારે. અહીં તમારી પાસે ઘણા પૈસા છે પણ તોય તમારે ઘર લેવું હોય કે કાર લેવી હોય તો બૅંકમાંથી લોન લેવી પડે છે. અમારે ત્યાં કોઈ મુખીએ આજ સુધીમાં લોન લઈને ઘર બનાવ્યાનું મારી જાણમાં નથી. એટલે આબરૂની વાત તમને નહીં સમજાય.' મુખીય એમ તો બોલવામાં પાછા પડે એવા ન હતા.

'તમે કેટલા બેડરૂમના મકાનની વાત કરી?'

'અમે મકાનને બેડરૂમથી માપતા ન હતા પણ તમારે જાણવું હોય તો મેં ગામવાળા ખેતરમાં જે ઘર બનાવ્યું છે એ ચાર વશામાં થયું છે. તમારા આ ચાર બેડરૂમવાળા મકાનથી ડબલ તો હશે જ. ને અસલ હાથી છાપનો સિમેન્ટ એવો તો છૂટથી વાપર્યો છે કે એમાં ખીલો મારવો હોય તો હથોડીય પાછી પડે. ને એમાં પૈસોય લોન લીધી નથી. તમારે જે રીતે હિસાબ ગણવો હોય એ રીતે ગણો.'

'જો કે એમાં મૂળ કિંમત તો જગ્યાની ગણાય. કયી જગ્યાએ ઘર આવેલું છે એના પર મકાનની કિંમત ગણાય.'

'અમારે તો પંદર ગામની પટલાઈ મૂકીને મુંબઈની ચોપાટી પર ઘર બાંધવાની જરૂર જ નહીં પડેલી એટલે એવો વિચાર કરેલો જ નહીં. એ ચોપાટી પર તો તમારા જેવા માણસોથી ભરાઈ ગયેલી છે, જેમને પોતાના ગામમાંય કોઈ ઓળખે નહીં એવા લોકો ત્યાં ફ્લેટ લે છે ને વટ મારવા પ્રયત્ન કરે છે. અમારા જેવા ત્યાં શું કરવા જાય! બાકી તમારા આ ન્યૂ યોર્કના કરતાંય મોંઘી જમીન ચોપાટી પર છે.'

મુખીની વાત અને એમાં રહેલા સ્વાભિમાને પેલા બેયની બોલતી બંધ કરી દીધી. પણ એમ ફડાકા માર્યે ચાલે એવું ન હતું. એમના વેવાઈને ભલે પાંચ પંદરના વહેવારમાં સમજણ ન પડતી હોય પણ સમીપ અને ધનીએ જ્યારે આ મકાન લીધું ત્યારે એ વેવાઈએ બૅંકમાં ભરવાના દશ હજાર ડોલર વગર માગ્યે જ મોકલી આપ્યા હતા. ધનજીભાઈને એ દેખાતું ન હતું પણ એમણે ભાણાને આજે બે વરસનો થવા આવ્યો તોય હાથ પવિત્તર કર્યો ન હતો એ દેખાયા કરતું હતું.

મુખીની આવી રોજની નાની મોટી ટકટકથી કંટાળીને એક દિવસ તો ધની સમીપને કહીને પિયર ચાલી ગઈ હતી. એણે કહેલું કે જો સમીપ એના બાપને પાછા દેશમાં નહીં મોકલી આપે તો એ પિયરથી પાછી નહીં આવે. પણ એનાં પિયરિયાં અને સમીપની સમજાવટથી બે મહિને એ પાછી ઘેર આવી ગયેલી. ને મુખીને કહેવાનું મળી ગયેલું : 'એ તો અમને પહેલેથી જ ખબર હતી કે જે માણસ ભાણેજનો હાથેય પવિત્તર ના કરે એ દીકરીને કેટલા દા'ડા પાલવવાનો! મોકલી આલી ને પાછી લીલે તોરણે.'

આવા માણસને શો જવાબ આપવો એ જ ધનીને સમજાતું ન હતું. એણે સમીપને કહી દીધું : 'જો તારા બાપા હવે પછી મને સંભળાવવા આવું કશું કહેશે તો હું ફરીથી પિયર ચાલી જઈશ ને આ વખતે તો નકકી માનજે કે વાત છૂટાછેડા સુધી પહોંચી જશે.'

સમીપે બાપને સમજાવવા પ્રયત્ન કરી જોયો. પણ એમણે સમજવાને બદલે સમીપને જ સમજાવવા માંડ્યો : 'એ એમ છૂટાછેડાની બીક બતાવતી હોય તો એને કહી દેજે કે એના કરતાં સારી છોકરી તને મળી રહેશે. હજુ ધનજી મુખીની શાખ એવી જ અકબંધ છે. એના બાપની જેમ એમણે આબરૂ ઊંચી મૂકી નથી.' હા, ભાણેજાંનો હાથ પવિત્ર કર્યો ન હતો એટલે એમના વેવાઈ શરદભાઈની આબરૂ તો ઊંચી મુકાઈ ગઈ જ હતી, અલબત્ત મુખીને હિસાબે જ તો.

હવે આવા વિચિત્ર માણસને સમીપેય કેમનો સમજાવી શકે? એણે મનથી જ નકકી કર્યું કે ગમે તેમ કરીનેય બાપાને દેશ ભેગા કરી જ દેવા પડશે. એણે મનોરભાઈના પેલા વૃધ્ધાશ્રમ વિશે સાંભળ્યું હતું. એણે એમને વચમાં રાખીને બાપને ખોટું ન લાગે એમ સમજાવીને દેશમાં મોકલવાનો વિચાર કર્યો.

આશ્રમમાંથી કેટલાક ધનજીભાઈને ઓળખતા હતા. એમણે મનોરભાઈને એમાં વચમાં ન પડવાની જ સલાહ આપી. 'એમાં તો કોલસાની દલાલીમાં હાથ કાળા કરવા જેવી વાત છે. એ એવો આડો માણસ છે કે એને આપણા આશ્રમમાં લાવશો તો એ અહીંય ડખો ઊભો કર્યા વગર રહેશે નહીં.'

'તમે બધા એમ જ સમજો છો કે આપણે ફકત તકલીફવાળાં ઘરડાં માણસો માટે જ આ સંસ્થા ચલાવીએ છીએ પણ મારા મનમાં જે વાત છે એ એવી નથી. આપણે આપણાં કુટુંબોની શાંતિ માટે આ પ્રવૃત્તિ ચલાવીએ છીએ. આજ સુધી આપણી પાસે જે વાતો આવી છે અને આપણા આશ્રમમાં જે લોકો આવ્યા છે એ છોકરાંના વર્તનથી થાકેલાં વડીલો જ છે. એટલે તમે બધાં એવું માનતાં થઈ ગયાં છો કે છોકરાં જ માબાપની જાળવણી કરતાં નથી ને એમને હેરાન કરે છે પણ આજે આપણી સામે એનાથી વિરુધ્ધનો કિસ્સો આવ્યો છે. આપણે એમાંય આપણાથી બનતું કરવું જોઈએ. ને એમનાં દીકરા વહુની મદદે પણ આપણે જવું જોઈએ.'

'પણ મને નથી લાગતું કે આપણે બધા ભેગા મળીને જઈએ તોય ધનજીભાઈ આપણા આશ્રમમાં રહેવા આવવા તૈયાર થાય.' દેવશીભાઈએ પોતાની જાણકારીની વાત કરી.

'તે આપણે એમને અહીં લઈ આવવા પણ નથી. પણ એમને સાચી પરિસ્થિતિની સમજ તો આપણે પાડી શકીએ ને! આપણે એમને એ સમજાવવું છે કે એક બાપ તરીકે એમણે એમના દીકરાનું ને ભેગું વહુનું હિત જોવું જોઈએ. જો કાલે સવારે વાત વધી પડે ને એ બેય છૂટાછેડા લઈ લે તો છેવટે સહન કરવાનું તો સમીપના દીકરાને જ છે ને!'

'તમે સમજાવી જુઓ. બાકી મને નથી લાગતું કે મુખીની સમજમાં તમારી વાત ઊતરે.' પણ એમણે એમને સમજાવવા જવાની જરૂર જ ન પડી. વાત એમ બની કે સમીપના ઘરની પાછળના યાર્ડમાં સમીપના દીકરા સંદીપને લઈને મુખી અને એમનાં પત્ની બેઠાં હતાં ત્યાં સંદીપે દાદાના તરફ બોલ ફેંકયો ને મુખીના બરાબર નાક ઉપર જ વાગ્યો. મુખીને કળ ચઢી ગઈ. એમણે અકળાઈને સંદીપને એક લપડાક લગાવી દીધી. ને બાજુમાંની એક ધોળી ડોસીએ આ જોયું. એણે પોલીસને ફોન કરી દીધો.

પોલીસ આવી પહોંચી ને પેલી બૈરીએ મુખી તરફ આંગળી ચીંધી દીધી. સમીપ કે ધની ઘેર હતાં નહીં નહીં તો વાત આટલી લાંબી ન થઈ હોત પણ પોલીસને મોટા ગામના મુખી ભેટી ગયા. પોલીસે એમની પૂછગાછ કરવા માંડી. તો મુખી કહે : 'એને મેં એક ડાબા હાથની લગાવી દીધી. છોકરાંને જો શિક્ષા ન કરીએ તો એમને સાન કેમની આવે!'

પોલીસ કહે : 'પણ તમારાથી નાના છોકરાને આમ મારી ન શકાય.'

'ના કેમ મરાય! ને મેં કોઈના છોકરાને નથી માર્યો, મારા દીકરાના છોકરાને માર્યો છે ને તમારે પેલી બૈરીના કહેવાથી વચમાં પડવાની જરૂર નથી. હું મારી જાતે મારું ફોડી લઈશ.'

પોલીસે બધી વાત નોંધી લીધી. પછી મુખીને કારની સામે ઊભા રાખી એ કાંઈ સમજે એ પહેલાં એમના બેય હાથ પાછળ લઈ હાથકડી પહેરાવી દીધી. પછી જ મુખીને ભાન પડ્યું કે આ દેશની પોલીસ ન હતી ને પોતે અહીં મુખી ન હતા. જો કે મુખી તો એ દેશમાંય કયાં હતા!

આ બધી વિધિ ચાલતી હતી ત્યાં જ નોકરી પરથી સમીપ આવી ગયો. એણે પોતાના ઘર સામે પોલીસની બેબે ગાડીઓ પડેલી જોઈ અને આજુબાજુવાળાંને પોતાના ઘરની પાછળ તાકી રહેલાં જોયાં એટલે ગભરાઇને એ પાછળ ગયો. એણે પિતાને હાથકડી પહેરેલા જોયા. પોલીસ પાસેથી બધી વાત જાણી એણે પોલીસને સમજાવવા પ્રયત્ન કર્યો : 'એ માણસ અહીંની રીત રસમથી અજાણ્યા છે એટલે એમનાથી એવી ભૂલ થઈ ગઈ હશે. હવે પછી એવી ભૂલ નહીં કરે એ બાબતે હું એમનો જામીન થવા તૈયાર છું.'

પોલીસ કહે : 'આજે તો અમે એમને બૂક કરી દીધા છે એટલે એમાં કશું થઈ શકશે નહીં. અમે એમને કાલે કૉર્ટ ખૂલતાં કૉર્ટમાં રજૂ કરીશું ત્યારે તમે જરૂરી વિધિ કરી એમને છોડાવી જજો.' ને એ લોકો મુખીના મુખીપણાનીય શરમ ભર્યા વગર એમને કારમાં ગોંધીને લઈ ગયા.

સમીપે એક દેશી વકીલને ફોન કરી બધી વાત કરી. એણે એને હૈયાધારણ આપી કે કાલે એ કૉર્ટમાં હાજર રહેશે અને એમને છોડાવી લાવશે. મુખીનાં પત્ની આખો વખત રડ્યા જ કરતાં હતાં. વચમાં રડવામાંથી સમય કાઢી એ બોલ્યાંઃ 'બળ્યું તારું અમેરિકા, અમે કોડ પૂરા કરી લીધા. એક વખત તારા બાપાને જેલમાંથી છોડાવી લાવ પછી અમને ટિકીટ કઢાવી આલ. હવે અમારે તારા અમેરિકામાં એક દા'ડોય રહેવું નથી. અહી આવ્યાં ત્યારે લાખનાં હતાં તે કાચી ઘડીમાં કોડીનાં થઈ ગયાં.'

સમીપને આ બધું થયું એનો રંજ હતો પણ બીજી એક વાતે આનંદ પણ થતો હતો કે આવું થયું એટલે બા દેશમાં જવા સામેથી તૈયાર થઈ ગયાં. પણ હજુ એને બાપાનો ભરોંસો પડતો ન હતો. બા તૈયાર થયાં પણ બાપા જો તૈયાર ના થાય તો બાનું કશું ચાલે એમ ન હતું.

પણ ભગવાન એને પક્ષે હતો. બીજે દિવસે એ બાપાનો પાસપોર્ટ લઈને કૉર્ટમાં ગયો. એમના વકીલે ગુનાનો સ્વીકાર કરી લેવાની સાથે આરોપી દેશના કાયદાથી અજાણ્યા હોવાનો અને એમનો પહેલો જ ગુનો હતો એટલે માફ કરી દેવાની વિનંતિ કરી.

કોર્ટે એમનો પચાસ ડોલરનો દંડ કરી કેસ ફાઈલ કરી દેવાની તૈયારીય બતાવી પણ સરકારી વકીલે એક બીજો જ મુદ્દો ઊભો કર્યો : 'બચાવ પક્ષના વકીલે જણાવ્યું એમ એ એમનો પહેલો જ ગુનો ન હતો પણ એ દેશમાં છ મહિનાના વીઝીટર્સ વીઝા લઈને આવેલા હતા અને લગભગ એક વરસ થયા છતાં ન તો એ પાછા ગયા છે કે વીઝાની મુદત વધારવા

માટે એમણે કોઈ અરજી કરી છે. એ એમનો પહેલો ગુનો ગણીએ તો આ બીજો ગુનો બને છે. એટલે એમને વહેલી તકે એમના દેશમાં પાછા મોકલી આપવા જોઈએ એમ મારી માગણી છે.'

એક તો પોતાના પૌત્રને ધનજીભાઈએ લાફો માર્યો હતો અને ઉપરથી એ ગેરકાયદેસર અમેરિકામાં વધારે રહ્યા હતા એટલે કૉર્ટે એમના ગુનાને ગંભીર ગણ્યો ને એમને ત્રણ જ દિવસમાં ડીપોર્ટ કરવાનો હુકમ કર્યો. આમ તો એમને એ ડીપોર્ટ થાય ત્યાં સુધી જેલમાં જ રાખી મૂકત પણ એમના વકીલે દલીલ કરીને અને કોર્ટ મંજૂર કરે એવી રોકડ જામીન આપવાની બાંહેધરી આપીને એમને બાકીના બે દિવસ ઘેર લઈ જવાની મંજૂરી મેળવી લીધી. ધનજી મુખીને તો એમ જ થઈ ગયું કે એમના વેવાઈએ પોતાની લાગવગ વાપરીને એમને જેલમાં પુરાવ્યા હતા. બાકી પોતાના દીકરાને આવી સામાન્ય શિક્ષા કરવામાં કાંઈ એવો મોટો ગુનો કોઈ કૉર્ટ ગણે નહીં.

ગમે તેમ તોય સમીપ અને ધનીને તો જાણે ભગવાન મળ્યા હોય એવો આનંદ થઈ ગયો. એમને તો એમ જ લાગ્યું કે ભગવાને એમની અરજ સાંભળીને મુખીને દેશમાં મોકલી આપવાની વ્યવસ્થા કરી આપી હતી. બાકી સમીપથી તો બાપને કાંઈ કહેવાયું જ ન હોત અને વાત વણસીને કદાચ છૂટાછેડા સુધી પહોંચી ગઈ હોત.

જે કોઈએ મુખીની આ વલે થયાની વાત જાણી એ બધા વારા ફરતી કરીને એમને મળવા ને દિલાસો આપવા આવી ગયા. કેટલાકે એમને એવી હૈયાધારણ પણ આપી કે આજે તો કોર્ટનો હુકમ છે એટલે એમણે દેશમાં જવું જ પડશે પણ એમનો વકીલ કહે છે કે એ આગળ લઢીને ચૂકાદો બદલાવશે અને મુખીને સરકારને ખર્ચે દેશમાંથી પાછા બોલાવવાની સરકારને ફરજ પાડશે.

'એને કેસ લઢવો હોય તો લઢે પણ મારે તો તમારા અમેરિકામાં ફરી જીવતે જીવ પગ જ મૂકવો નથી. મેં અમેરિકાય જોઈ લીધું અને બધાં સગાંનેય નાણી જોયાં. કોઈ આપણું નથી. સૌ સ્વાર્થનાં સગાં છે. કોઈને બાપનીય પડી નથી કે બાપની આબરૂનીય પડી નથી.

ને ત્રણ દિવસ પછી પોલીસની ગાડી આવીને ઊભી રહી ગઈ. મુખીને એમાં ઘાલીને એરપોર્ટ પર લઈ જઈ પોલીસે ઈંડિયાના પ્લેનમાં બેસાડી દીધા. ગમે તેમ તોય એ ભારતના એક ગામના એક વખતના મુખી હતા તો પછી પોલીસ એમને ન્યૂ યોર્કના અરપોર્ટ સુધી વળાવવા તો જાય જ ને!

અનુક્રમ Þ

૬. જશોદાબેનના મનની મનમાં જ રહી

સાહેબે એક વાતનો સહેજ મમરો જ મૂકયો હતો ત્યાં બધા એને એવા ઉત્સાહથી વળગી પડ્યા કે એક જ મહિનામાં ત્યાં નાનકડી નિશાળ જ શરૂ થઈ ગઈ. સાહેબના મનમાં એમ કે એ કોઈને પોતાની પાસે બેસાડીને એને અંગ્રેજી ભણાવશે પણ અહીં તો બધાંને જાણે ભણવાની ઉંમર થઈ ગઈ હતી. એટલે સાહેબ પણ ઉત્સાહમાં આવી ગયા.

પેલા સુથાર ભાઈઓમાંનો એક કહે : 'દાકતરે આટલું બધું મોકલ્યું પણ એમાં નેતરની સોટી મોકલવાની એ ભૂલી ગયા છે. પણ વાંધો નહીં અમે એક મજબૂત આંકણી ઘડી આપીશું. સાહેબ, આ પછલી ઉંમરે અંગ્રેજી જેવું અઘરું ભણવું છે તે કાંઈ માર ખાધા વગર તો કંઈથી ભણાય એટલે આપણી તો માર ખાઈ લેવાનીય તૈયારી છે. આ બહાર નીકળીએ છીએ ને કોઈ ધોળિયો ખબર પૂછે છે તોય આપણને તો પરસેવો થઈ જાય છે. એવોયે પૂછે : હાવ આર યૂ? તો મનમાં કહી દઈએ છીએ : ખાવ તુરિયું. જવબમાં શું કહેવું એ આવડતું હોય તો બોલીએ ને!'

‘તમારે માર ખાવાનીય જરૂર નહીં પડે ને પેલાને હવે તુરિયું ખવડાવવાનીય જરૂર નહીં પડે. છ મહિના મન મૂકીને ભણશો તો તમને ગોટપીટ કરતા કરી દઈશ.’ સાહેબે એને ચાનક ચઢાવી.

‘અમારે મોટેલમાં હવે વધારે કામ રહેતું નથી અને તમારા જેવા ગુરુ મલ્યા છે તે જેટલું ભણાય એટલું તો ભણવું જ છે. છોકરાંનેય બતાવી આલવું છે કે અમે આધાર વગરનાંય નથી ને આવડત વગરનાંય નથી.’

‘છોકરાંને બતાવી આપવાની વૃત્તિ મનમાંથી કાઢી નાખો. એમને એમની રીતે જીવવા દો. આપણને મનોરભાઈએ ને સોમાભાઈએ આબરૂભેર જીવવાની જે વ્યવસ્થા કરી આપી છે એને આપણે દીપાવવાની છે. છોકરાં જ્યારે એમની ભૂલ સમજશે ત્યારે પગે પડતાં આવશે ને કદાચ ન આવે તોય એ સુખી રહે એવું જ આપણે એમનાં માબાપ તરીકે ઈચ્છવું જોઈએ. છોરું કછોરું થાય પણ આપણે માવતર ઊઠીને કમાવતર થોડાં થવાય છે!’ કરસનભાઈએ કહ્યું. કેટલાકને એ વાત મનમાં ઊતરતાં વાર લાગી. અહીં જે લોકો ભેગાં થયાં હતાં એ બધાંના મનમાં એક વૃત્તિ તો સામાન્ય હતીઃ છોકરાંને બતાવી આપવાની. કોઈએ સાહેબની વાતનો વિરોધ ન કર્યો.

ને એક મહિનામાં તો બધાંએ એ,બી,સી,ડી પાકી કરીનાખી. કેટલાક તો નાના નાના સ્પેલિંગ પણ કરતા થઈ ગયા. પુરુષો કરતાં બહેનોમાં ભણવાની ધગશ વધારે જણાતી હતી. કેટલીકને તો હજુ ગુજરાતી લખવાનાય ફાંફા પડતા હતા તોય કોઈ નાસીપાસ થતી ન હતી. જો કે એમની એ ધગશ પાછળ દીકરી કે વહુને બતાવી આપવાની ભાવના જ વિશેષ રહેલી હતી.

ત્યાં એક દિવસ મથુર મહેતો મટેલની ઑફિસમાં આવીને ઊભો રહી ગયો. મથુર જાતનો બ્રાહ્મણ હતો એટલું જ. એને ન તો કોઈ બાંમણિયું આવડતું હતું કે ન તો એ ખાસ ભણ્યો હતો. એના બાપ નાનકડા એમના ગામમાં એમનું પેટિયું રળી ખાતા હતા. ને વધારાના સમયમાં ખેતી કરતા હતા. એમની જમીન બહુ કસવાળી નહીં તોય મારાભૈ ખવા જેટલું રળી લેતા હતા. બાપ અને નાનાભાઈએ પેટે પાટા બાંધીને મોટાને અમદાવાદની કૉલેજમાં ડીપ્લોમાનું ભણાવ્યો હતો. ને એ વળી એટલો નસીબદાર કે એને અમેરિકાથી આવેલી બ્રાહ્મણની એક છોકરીએ પસંદ કરી લીધો હતો. ને એ એની પાછળ અમેરિકા આવી ગયો હતો. એને તો પેલી અમેરિકાથી આવેલી છોકરીએ પસંદ કર્યો હતો પણ આ મૂરતિયાને હવે પોતાનો નાનો ભાઈ પસંદ પડતો ન હતો.

ગામની શરમે એણે ભાઈ માટે કાગળિયાં કરીને એને બે મહિના પહેલાં જ અમેરિકા બોલાવ્યો હતો ને ભાઈભાભી આવી પણ ગયાં હતાં. હવે આ મોટા ભાઈએ નાના ભાઈને નોટિસ આપી દીધી હતી કે એક જ અઠવાડિયામાં એ અને ભાભી પોતાની રહેવાની વ્યવસ્થા કરી લે. ને વ્યવસ્થા ન કરી શકે તો દેશમાં પાછાં ચાલ્યાં જાય. એક તો મથુર બે મહિનાથી જ અમેરિકામાં આવેલો, ઓછું ભણેલો અને હજુ તો નોકરીએય વળગેલો નહીં. એવા ઓછું ભણેલા અને અજાણ્યા માણસની શું દશા થાય?

કોઈએ એને વાત કરી કે એમની નાતના પરસોત્તમદાસ રાવળ કદાચ એમને મદદ કરી શકે. મથુર એમને મળવા આશ્રમમાં ગયો ને એ એને લઈને ઑફિસમાં આવ્યા. સોમાભાઈ કહેઃ ‘આપણે તો ઘરડાઓની સહાય માટે આ આશ્રમ ચલાવીએ છીએ. અમાં મથુરભાઈને કેવી રીતે મદદરૂપ થઈ શકાય એ વિચારવું પડે. હમણાં મનોરભાઈ આવે એટલે એમને વાત કરી જોઈએ.’

એમની વાતો સાંભળતાં સાહેબ મુસ્કુરાતા હતા. એ કહેઃ ‘તમે એના રહેવા ખાવાની વ્યવસ્થા કરો તો હું એને બે મહિનામાં કમાતો કરી દઈશ.’

મનોરભાઈએ આવીને એની કથની સાંભળી. એમણે ઘડીક વિચાર્યું પછી કહ્યું : 'એક તો ગમેતેમ તોય એ બ્રાહ્મણનો દીકરો છે એટલે આપણે એને મદદ તો કરવી જ જોઈએ. વળી આપણે જે નિયમો કર્યા છે એમાં વંધો ન આવે ને બીજા લોકો એનો ખોટો લાભ લેવા કોશિશ ન કરે એની સાવચેતીય રાખવી જોઈએ. જો આપણે વૃધ્ધો પાસેથી મહિનાના દોઢસો લેતા હોઈએ તો મથુર પાસેથી મહિને બસો લેવા જોઈએ. ને એને રહેવા ખાવાની સગવડ આપણે કરી આપવી જોઈએ.'

'પણ એની પાસે તો કોઈ નોકરી જ નથી પછી એ ક્યાંથી બસો ડોલર આપી શકવાનો હતો?'

'તો આપણે એને નોકરીય અપાવવી જોઈએ. હું એમને બેયને નોકરી અપાવી દઈશ, એમને મહિને વધારે નહીં તોય પાંચસો કમાતાં કરી દઈશું. પછી તો એ આપણને બસો ડોલર આપી શકશે ને!' મનોરભાઈએ કહ્યું.

મનોરભાઈએ મથુરને ને એની પત્ની સમરથને નાની મોટી નોકરીઓ અપાવી દીધી. આખા આશ્રમમાં નાનામાં નાનાં એ બે જણ હતાં એટલે એકે કહ્યું બીજાએ કહ્યું ને એમનાં નામ પડી ગયાં : નાનો ને નાની વહુ. બધાં વહુઓથી થાકીને અહીં આવ્યાં હતાં છતાંય એમના વહુના ઓરતા હજુ પૂરા થયા ન હતા. પણ એ નાનાને સાહેબ ખાનગીમાં કશુંક ભણાવતા હતા. હજુ સુધી એ બે જણ સિવાય બહાર કોઈનેય ખબર ન હતી કે સાહેબ એને શું ભણાવે છે.

એક દિવસ સાહેબ કહે : 'અલ્યા, આપણે આવો સારો આશ્રમ શરૂ કર્યો પણ મૂરતમાં કથાય કહેવડાવી નહીં એ બરાબર ના કહેવાય. ને હવે તો આપણી સાથે મથુર મહારાજ પણ છે. એમ કરો ચાર દિવસ પછી પૂનમ આવે છે. આપણે કથા કરાવો. પ્રસાદ મારા તરફથી ને જેટલાં જોડાં હોય એમણે પૂજામાં બેસવાનું.'

'પણ મથુર મહારાજને પૂછો તો ખરા કે એને કથા કરતાં આવડે છે ખરી!'

'ના કેમ આવડે! બ્રાહ્મણનો દીકરો છે. આ તો બાપડો શરમનો માર્યો કોઈને કહેતો ન હતો.'

ને પછી તો કથાની તૈયારીઓ શરૂ થઈ ગઈ. બધા વડીલોનાં કુટુંબનાં માણસોનેય કથામાં આવવાનાં નોતરાં મોકલાઈ ગયાં. એમ મથુર મહારાજના ભાઈનેય નોતરું મોકલાયું હતું. હજુ ન્યૂ યોર્કમાં કર્મકાન્ડી મહારાજ મળતા ન હતા, એટલે જન્મે બ્રાહ્મણ હોય અને કોઈ ઑફિસમાં કામ કરતા હોય એવા માણસો પોતાને આવડે એવી વિધિ કરાવીને કામ ચલાવી લેતા હતા. બધાંના મનમાં એમ કે આ કથા પણ એવા જ કોઈ બ્રાહ્મણ કરવાના હશે.

ઉનાળાનો દિવસ હતો, છોકરાંને રજાઓ હતી અને મોટેલમાં બેસવા ઊઠવાની સગવડ સારી હતી એટલે લગભગ બધાં કથામાં આવ્યાં હતાં. છોકરાંનેય બે એકરના પાર્ક જેવા રળિયામણા બાગમાં વગર રોકટોકે રમવાનું મળ્યું હતું એટલે એ બધાંય દોડાદોડ કરી રહ્યાં હતાં.

મથુર મહારાજે કથા શરૂ કરી ને એને જે થોડાં ઓળખતાં હતાં એમણે ઊઠવા કર્યું પણ બીજાંની શરમે ખચકાઈને પાછાં બેસી ગયાં. પણ જ્યાં પાંચ મિનિટ વધારે થઈ તો જે કેટલાંક આઘાંપાછાં હતાં એય આવીને કથામાં બેસી ગયાં. જાણે વરસોથી ક્રિયાકાંડ કરાવતો હોય એમ મથુર મહારાજે કથા કહેવા માંડી હતી તો શ્રોતાઓય જાણે મંત્રમુગ્ધ થઈ ગયાં હોય એમ એક ચિત્તથી કથા સાંભળી રહ્યાં હતાં.

આજે કથાને બહાને બધાંનું જમવાનુંય બનાવી દીધું હતું. બધાંએ પ્રસાદ લીધો અને પછી બધાં જમ્યાં પણ ખરાં. એમને ખાતરી થઈ કે વિદ્યાનગરમાં જેમણે રસોડું ચલાવ્યું હતું એ દેવશીભાઈની રસોઈ કેવી હતી. એમને લાગ્યા વગર ન રહ્યું કે એમનાં વડીલો એમને ઘેર હતાં એના કરતાં આશ્રમમાં વધારે સુખી અને સ્વતંત્ર હતાં.

કેટલાંકે જતાં પહેલાં તપાસ કરી લીધી કે ક્યારેક પચીસ પચાસ માણસની પાર્ટી રાખવી હોય તો એમની બેસવા ઊઠવાની ને જમવાની વ્યવસ્થા આશ્રમમાં થાય કે નહીં! દેવશીભાઈએ તૈયારી બતાવી પણ મનોરભાઈએ ચોખ્ખી ના કહી દીધી : ‘આ નિવૃત્ત માણસોના આરામ માટે કરેલી વ્યવસ્થા છે. અહીં એવી ભીડ કે શોરબકોર ચાલે નહીં કે એમને માથે કોઈ વધારાનું કામ પણ અમે લાદવા માગતા નથી. ને એમને જરૂરી કસરત મળી રહે એટલું કામ તો દરેકને માથે આવેલું જ છે. અમે બહારની કોઈ પ્રવૃત્તિ કે કોઈ વ્યવસાયમાં પડવા માગતા નથી.’

‘ને કથા કે બીજી વિધિ માટે મથુર મહારાજ!’

‘એમનેય એમની નોકરી છે એટલે એમને અનુકૂળ હોય એવો સમય પૂછીને રાખશો તો એ આવશે. એમને યોગ્ય દક્ષિણા આપવાની રહેશે.’ મથુર મહારાજ વતી સાહેબે જ એની દક્ષિણાની વાત પકી કરી લીધી એટલે પછી કોઈ મહારાજને પાછળથી શરમાવે નહીં.

આ કથા થઈ એનાથી ઘણી વાતો સ્પષ્ટ થઈ ગઈ. એક તો મથુર મહારાજને બધી વિધિ કરતાં આવડતી હતી અને એ જ્યારે બોલાવો ત્યારે આવવાની તૈયારી બતાવતા હતા. બીજી એ કે આશ્રમમાં ખાવાનું સારું બનતું હતું. ત્રીજું એ કે ત્યાં વડીલોને અંગ્રેજી ભણાવવામાં આવતું હતું. આશ્રમમાં રહેવા ગયેલાં બધાં સુખી હતાં. હા, એમનાં દીકરા દીકરીઓ કેટલાં સુખી હતાં એની ખબર નથી.

ને બધા જાણે વાટ જ જોઈને બેઠા હોય એમ મથુર મહારાજને કથા ને વાસ્તુની તારીખો નકકી થતી જ ગઈ. લોકો મૂહુર્ત કઢાવવા માટે આવવા લાગ્યા તો કેટલાક પૂજાપાઠ માટે બોલાવવા લાગ્યા. ને થોડા જ વખતમાં મથુર મહારાજની આ બામણિયાની આવક એમના પગાર કરતાંય વધી ગઈ. એમને માટે કનેક્ટીકટ અને ફીલાડેલ્ફિયા સુધી માગ ઊભી થઈ ગઈ. એમને ડ્રાયવિંગ આવડતું ન હતું કે એમની પાસે ગાડી ન હતી, એટલે એમને લઈ જવા ને મૂકી જવાની વ્યવસ્થા પણ લોકોએ કરી આપવા માંડી. મથુર મહારાજનાં તો પાંચેય આંગળાં ઘીમાં હતાં.

સાહેબે મથુર મહારાજ માટે ક્રિયાકાંડની કેટલિક ચોપડીઓ દેશમાંથી મંગાવી આપી હતી. જ્યારે કોઈ અજાણી વિધિનું નોતરું આવતું ત્યારે સાહેબ મથુરના ત્રણ ચાર દિવસના કલાસ લેતા હતા ને પેલી ચોપડીમાં લખેલી વિધિ કેમ કરાવવી એ એને સમજાવી દેતા હતા. ને મથુર મહારાજ ભલે શરૂમાં મૂર્ખો દેખાતો હોય પણ હવે એનામાં આત્મવિશ્વાસ આવી ગયો હતો. એ ઘણી વખત પોતાની જાતે જ જુદી જુદી વિધિની ચોપડીઓ વાંચ્યા કરતો હતો ને નવું નવું શિખ્યા કરતો હતો. ને બહાર તો એવી જ છાપ એની જામી ગઈ હતી કે મથુર મહારાજને કોઈ વિધિ ન આવડતી હોય એવું બને જ નહીં. કેટલાક તો કહેતા કે દેશમાંના મહારાજ કરતાંય એ બહુ શુધ્ધ અને સારી વિધિ કરાવતા હતા.

અલબત્ત એ દેશમાંના મહારાજ કરતાં દાપુય બારઘણું લેતા હતા ને. એમણે એક દિવસ સાહેબને વાત કરી : ‘બીજી વિધિમાં કડાકૂટ ઘણી હોય છે છતાં સત્યનારાયણની કથામાં જે પૈસા મળે છે એટલા એમાં મળતા નથી.’

‘કેમ!’

‘એમાં આરતીમાં જે લોકો આરતી લે છે એય ડોલરથી ઓછું મૂકતા નથી એટલે ઘણી વખત દક્ષિણા કરતાં આરતીમાં વધારે પૈસા થઈ જાય છે.’

‘એનો તો ઉપાય થઈ શકે એમ છે. તમારે બધી વિધિમાં આરતી ઉમેરી દેવાની. વળી ઘરનાં ઊઠ્યાં બધાં આરતી કરે એવી સૂચના આપ્યા કરવાની. ઉપરાંત જે મહેમાનો આવ્યાં હોય એય આરતી ઉતારવામાં સહભાગી થઈ શકે છે અને પુન્યમાં ભાગીદાર થઈ શકે છે એવી જાહેરાત કરવાની. જે કોઈ આરતી ઉતારશે એ બે ડોલરથી પાંચ ડોલર મૂકશે ને આરતી લેનાર તો મૂકે છે એ મૂકશે જ.’

‘પણ હું આમ નવી વિધિ ઉમેરું એ લોકોને વિચિત્ર નહીં લાગે!’

‘એની તમે ચિંતા ન કરતા. લોકોને એ નવી વિધિમાં વધારે મજા પડશે. બધાને એમ થશે કે મહારાજે એમને ત્યાં બીજાના કરતાં વધુ શાસ્ત્રીય વિધિ કરી છે. એ ફુલાશે ને પાંચ ડોલર દક્ષિણામાં વધારે આપશે.’

પછી તો મથુર મહારાજનો એ વ્યવસાય ધમધોકાર ચાલવા લાગ્યો. એમને થયું કે આ તો નોકરી કરતાંય આગળ નીકળી ગયો છે, પણ એમને ક્યાં ખબર હતી કે એ એટલો ચાલવાનો હતો કે ક્યારેક એમને નોકરી છોડી દઈને ફૂલ ટાઈમ એ વ્યવસાય પાછળ લાગી જવું પડવાનું હતું.

સાહેબે જે છોકરાંને બતાવી આપવાની ભાવનાની વાત ભૂલી જવાની વાત કરી હતી એ બધાંને ગળે ભલે ન ઊતરી હોય પણ એ ભાવના હવે કોઈ જાહેર કરતું ન હતું. અને આખી મોટેલમાં જવાબદાર હોય તો એ સોમાભાઈ હતા એટલે જશોદાબેનથી તો પોતાના મનની એ વાત કેમેય જાહેર કરી શકાય એમ જ ન હતી. પણ સામે પક્ષે એને ભૂલી જઈ શકાય એમ પણ ક્યાં હતી!

એ ભલે એ વાત જાહેર ન કરતાં હોય પણ ઊંઘતાં ને જાગતાં એમના મનમાં એક વાતની રઢ રહ્યા કરતી હતી કે એક દિવસ તો એ વહુને બતાવી જ આપશે કે પોતે સાસુ છે ને એ વહુ છે. એણે એમની સાથે જે વહેવાર રાખ્યો હતો એ એમનાથી કેમેય ભૂલાતો ન હતો. વળી હવે તો એમની પાસે પાંચ હજાર ડોલર જેવો જીવ પણ થયો હતો. હવે એમને દેશમાં જવાની અને પોતે પરદેશમાંય સ્વતંત્ર રીતે જીવે છે અને આપ કમાઈનું ખાય છે ને દીકરાને સહારે નથી જીવતાં એ બધાંને જણાવવાની તાલાવેલી જાગી હતી.

ખાસ તો એમને દીકરાઓ અને દીકરીઓય ત્યાં માબાપનાં સગાં થતાં નથી ને પોતાનો સ્વાર્થ કઢાવવા જ માબાપને ત્યાં બોલાવે છે એ દેશમાં બધાંને બતાવવું હતું. ને દેશમાં આપણે કામવાળીને રાખીએ છીએ એના કરતાંય ભૂંડી રીતે એ લોકો પોતાનાં માબાપને રાખે છે એ વાત છતી કરવી હતી.

સોમાભાઈ એમને બધું ભૂલી જવા સમજાવતા હતા પણ એ કહેતાં હતાં : ‘મારે એને ક્યાં કશું કહેવું છે! મારે તો અહીં એ બધીઓ જે નાટારંગ કરે છે એ જ ઉઘાડા પાડવા છે. એમને મરચાં લાગવાનાં હોય તો છો ને લાગતાં. બાકી તમને, મને ને આ બધાંયને ખબર છે કે મનોરભાઈએ આ રસ્તો ના બતાવ્યો હોત તો આપણામાંનાં અડધાં તો બાપડાં એ મૂંઝવણમાં જ ઉકલી ગયાં હોત. ને જે જીવતાં રહ્યાં હોત એય પાંચ વરહ વહેલાં જ ભગવાનને ત્યાં પહોંચી જવાનાં હોત.’

‘તારી એ બધી વાત સાચી પણ હવે એનું શું છે? એ બધી વાત પતી ગઈ. હવે આપણે બધાં સુખી છીએ. હવે એ વાત સંભાળવાથી શો ફાયદો!’

'આપણે તો એવાં પંદર વીશ માણસો છીએ, પણ આખા અમેરિકામાં આવાં તો હજારો હશે એમનું શું? જો આ વાત ઉઘાડી પડે તો કોક મનોરભાઈને રસ્તે જનારોય નીકળે. ને ન નીકળે તોય પેલાં માબાપને પજવનારને માથે થોડો દાબ તો રહે ને!'

સોમાભાઈની પાસે આનો કોઈ જવાબ ન હતો. એ કયારેક વિચારતા કે જેમ મોટેલની ફ્રેન્ચાઈઝ થાય છે એમ એમના આ આશ્રમનીય એક ફ્રેન્ચાઈઝ કાઢી હોય તો! એ મનોરભાઈને એમનો વિચાર જણાવતા. મનોરભાઈ હસીને કહેતા : 'તમારે એનો અખતરો કરી જોવો હોય તો ન્યૂ જર્સીમાં આપણે જગ્યા જોવા માંડીએ. ત્યાં પણ પહેલાં તો અહીંના જેવું એક સીનિયરોનું મંડળ ન હોય તો ઊભું કરવું જોઈએ. બિલકુલ અજાણ્યા માણસોમાં કશી વ્યવસ્થા ગોઠવવી હોય તો અઘરી પડે. એના કરતાં મંડળ હોય અને બધા એકબીજાથી પરિચિત હોય તો એમાં ઘણી સરળતા રહે. તમે એમ કરો, નવરાશ મેળવી એ તરફ આંટા મારતા રહો ને વાતાવરણ કરતા રહો.'

અનુક્રમ Þ

૭. છાપે ચઢ્યા

આ બાજુ બંધ પડેલી મોટેલ ચાલુ થઈ અને એની સજાવટ અને એના સદા તાજગીભર્યા બાગ વગેરેથી એમાં ઘરાકી વળી ગઈ એટલે આજુબાજુની બીજી મોટેલોવાળાને પેટમાં બળવા માંડ્યું. એમણે લાગતા વળગતા ખાતામાં અરજી કરી કે આ લોકો મોટેલ કહે છે પણ એમાં મોટેલ ને બદલે બીજી જ બધી બિનધંધાકીય પ્રવૃત્તિઓ એ લોકો ચલાવે છે. એટલે એમનું મોટેલનું લાયસન્સ રદ કરવું જોઈએ.

એટલે એક દિવસ સવારની વેળામાં જ બેત્રણ માણસો મોટેલ પર ચેકિંગમાં આવી પહોંચ્યા. મનોરભાઈ તો હજુ ઘેરથી આવ્યા ન હતા. સોમાભાઈએ મેનેજરની હેસિયતથી મોટેલ અને અન્ય પ્રવૃત્તિયો વિષે માહિતી આપી. પેલામાંનો મુખ્ય માણસ કહે : 'તમારી બધી પ્રવૃત્તિ સારી છે પણ તમે મોટેલ તરીકે લાયસન્સ મેળવેલું છે એટલે એ વ્યવસાયના નામ હેઠળ આ બધી પ્રવૃત્તિયો ચલાવી શકો નહીં. જો કે તમારા કોઈ ગ્રાહકે અમને કશી ફરિયાદ કરેલી નથી. પણ મને લાગે છે કે તમારે કોઈ બીજી ગોઠવણ કરવી જોઈએ.'

'જુઓ સાહેબ, મોટેલ એ અમારો મુખ્ય વ્યવસાય નથી પણ એ તો આ સેવાસંસ્થાને નિભાવવા માટેની પૂરક આવક ઊભી કરવાનું સાધન માત્ર છે. તમે અહીં જે કોઈ પ્રવૃત્તિયો જુઓ છો એ ફક્ત સેવા અને પરોપકાર માટે જ થતી હોય એવી છે. અમને ખબર છે કે બીજી મોટેલોમાં ડ્રગ અને બીયર પર્ટીઓ થતી હોય છે, અમારે ત્યાં એવી કોઈ બદી નથી.' હવે સોમાભાઈને બદલે સાહેબે વાતચીતનો હવાલો સંભાળ્યો.

પેલા માણસને સાહેબની વાતમાં રસ પડ્યો. એણે બાકીના બે જણને ઑફિસે મોકલી આપ્યા ને પોતે વધુ તપાસ કરવા રોકાયો. એણે સાહેબને મોટેલ અને એની અન્ય પ્રવૃત્તિયો અંગે વિગતવાર પૂછવા માંડ્યું.

'અહીં જે માણસો અહીં રહે છે એમને બીજો કોઈ આધાર નથી એમ તમે કહો છો પણ મને ખબર છે કે તમારા દેશમાં તો માણસો પાછલી ઉંમરે પોતાના દીકરાની સાથે રહેતાં હોય છે.'

'તમારી વાત સાચી છે ઓફિસર, પણ એવું અમારા દેશમાં શકય છે. અહીંની વ્યવસ્થા જ પૈસાના જોર પર ચાલે છે એમાં અમારી દેશી વ્યવસ્થા કામ લાગતી નથી. આ બધા લોકો પોતાનાં દીકરા કે દીકરીની સાથે રહેતાં હતાં ને એમનું અનેક પ્રકારે શોષણ થતું હતું. એ લોકોએ કંટાળીને એમનાથી અલગ રહી શકાય એવી આ વ્યવસ્થા ઊભી કરી છે.'

'તો પછી આ મોટેલ શા માટે ચલાવો છો?'

‘આપણી સરકાર જે આર્થિક મદદ એમને આપે છે એટલામાં તો એ સ્વતંત્ર રીતે રહી શકે જ નહીં એટલે એમને આ રીતે રાખવા માટે જે પૂરક આવક જોઈએ તે મેનેજમેન્ટ આ રીતે ઊભી કરી લે છે. મોટેલમાંથી એનું લીઝ અને યુટિલિટી જતાં જે આવક વધે એ આ ખોટ પૂરી કરવામાં વપરાય છે.’

‘પણ તમે તમારી આ સંસ્થાને બીન વ્યાવસાયિકમાં ફેરવી નાખો તો તમને બહારથીય દાન વગેરે મળી રહે પછી તમારે ધંધો ચલાવવાની જરૂર ન રહે.’

‘પણ આ બધાં સ્વમાની માણસો છે. એમને એવાં દાનની રકમ પર ગુજારો કરવાનું ગમે એમ નથી. એટલે તમે જ કોઈ રસ્તો કાઢો અને અમારી આ જે વ્યવસ્થા ગોઠવાયેલી છે એ કાયમ રહે એમ કરી આપો.’

‘મારા મગજમાં એનાથીય સારો રસ્તો આવે છે પણ મારે કેટલીક તપાસ કરવાની છે એ કર્યા પછી તમને વિગતે વાત કરીશ. ત્યાં સુધી તમે જે રીતે કામ કરો છો એ રીતે કરતા રહો. તમારું કામ ઘણું સારું છે, પણ એને વધારે સારું કેવી રીતે કરી શકાય એ હું તમને એકાદ મહિનામાં બતાવીશ.’ ને પેલો માણસ મોટેલ વિશે સારી છાપ લઈને વિદાય થયો.

મનોરભાઈ આવ્યા ત્યારે સાહેબે એમને બધી વાત કરી. એમનેય લાગ્યું કે પેલા માણસે આ પ્રવૃત્તિ વધુ સારી કરી શકાય એનો રસ્તો બતાવવાની વાત કરી હતી એટલે એને આ પ્રવૃત્તિ ગમી હતી એ વાત સ્પષ્ટ થતી હતી. છતાં એમણે અનુકૂળતાએ જે તે ખાતામાં તપાસ કરવાનું મનથી નકકી કર્યું. પણ એમને તપાસ કરવા જવાની જરૂર જ ન પડી.

હજુ તો પેલી વાતને એક અઠવાડિયુંય થયું ન હતું કે પેલો બીજા બે અજાણ્યા માણસને લઈને આવી પહોંચ્યો. આવીને એણે સાહેબને જ પકડ્યા. ‘તમે મને આ મોટેલમાં ચાલતી અન્ય પ્રવૃત્તિયો વિશે જે જણાવ્યું હતું એ આ લોકોને જણાવો. એ તમને પોતાનાથી શકય હોય એ મદદ કરવા માગે છે.’

ને સાહેબે એમને વિગતે બધી વાત નવેસરથી જણાવી. પેલાને જ્યાં સમજણ ન પડી ત્યાં, અથવા જ્યાં વધુ વિગતે જાણવું જરૂરી જણાયું ત્યાં એણે સામેથી સવાલ પૂછીને વધુ ચોખવટ કરી લીધી. એમની સાથે જે બીજો માણસ હતો એણે ફકત આ વાતચીત સાંભળ્યા જ કરી. છેવટે એણે કહ્યું : ‘મને લાગે છે કે આ બધી પ્રવૃત્તિના તમે જ સંચાલક છો.’

‘ના સાહેબ, હું તો આ બધાંના જેવો એક લાભાર્થી જ છું સંચાલક તો મનોરભાઈ કરીને એક રીટાયર્ડ રેલ્વે અધિકારી છે જે હવે આવવામાં જ છે. આ મારી બાજુમાં જે ભાઈ બેઠા છે એ પણ મારી જેમ લાભાર્થી જ છે પણ એ અહીંના મેનેજર તરીકેની માનદ ફરજ પણ બજાવે છે.’

બાજુમાં કલાસરૂમ જેવી વ્યવસ્થા કરાયેલી હતી એ જોઈ પેલાએ પૂછ્યું : ‘તમે અહીં કોઈ સ્કૂલ પણ ચલાવો છો કે શું? કેટલાં બાળકો આવે છે?’

‘સાહેબ, એ કોઈ બાળકો માટેની સ્કૂલની વ્યવસ્થા નથી. અહીં જે વૃધ્ધો રહે છે એમને અંગ્રેજી વાંચતાં લખતાં આવડતું નથી. હું એમને એ શિખવાડું છું. હું દેશમાં એક સ્કૂલમાં પ્રિન્સિપાલ હતો એટલે મને એ કામ ગમે છે ને એમને ઉપયોગી થવાય છે.’

‘ચાલો તો તો તમારું કામ વધુ સરળ થઈ ગયું.’

ત્યાં મનોરભાઈ આવી પહોંચ્યા. સાહેબે તેમની ઓળખ આપી તો પેલા ભાઈ કહે : 'તમે બહુ સારું કામ કરો છો ને વળી મિ. કારસન તો પાયાનું કામ કરે છે. તમારા કામમાં મદદરૂપ થવાની મને તક મળી છે. તમે જે કોઈ પ્રવૃત્તિયો કરો છો એની વિગતો લખીને વધારે સારી અને મોટી જ્ગ્યા માટે એક વખત અમારા ખાતામાં માગણી તો મૂકો. તમે તમારી આ પ્રવૃત્તિ માટે આ જ્ગ્યા ઘણી નાની પડે છે અને ભવિષ્યમાં તમારે આનાથી ચાર ઘણી જ્ગ્યાની જરૂર પડવાની છે એવી વાત એમાં જણાવો. પછી હું એમાં મારે જે ભલામણ કરવાની છે એ કરીશ.'

'પણ સાહેબ, અમારી આખી વ્યવસ્થાના મૂળમાં આ મોટેલની પૂરક આવક છે જો એ ના રહે તો આ સંસ્થા નભી શકે એમ નથી.'

'એને નભી શકે એવી કરવાનો રસ્તોય મારી પાસે છે. તમે એક વખત મોટી જ્ગ્યા માટે માગણી તો મૂકો.'

'ભલે સાહેબ તમને એમ લાગતું હોય તો માગણી કરવામાં અમને વાંધો નથી. તમે કહો છો એમ જો થઈ શકતું હોય તો અમારે તો બીજીય ઘણી પ્રવૃત્તિયો કરવાની નેમ છે.'

'તો તેનોય આ માગણીમાં ઉલ્લેખ કરજો.'

પેલાના મનમાં શી યોજના હતી એ વાતની ચોખવટ એણે કરી ન હતી પણ એની વાત પરથી લાગતું હતું કે એના મનમાં આ સંસ્થાની ઘણી સારી છાપ પડી હતી. લાગતું હતું કે એનાથી સંસ્થાને ફાયદો જ થવાનો હતો. કેવો, એનો અંદાજ તો કોઈને ન હતો. સાહેબની રાહબરી નીચે બધાએ સંસ્થાનો એક પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરીને પેલાએ કહેલી ઑફિસમાં મોકલી આપ્યો. એમને એમ હતું કે પેલો ઑફિસર કામની ધમાલમાં ભૂલી નહીં ગયો હોય તો એમની અરજીનો જવાબ મહિના સુધીમાં આવશે. પણ આ તો એમની અરજી ત્યાં પહોંચી કે પાંચમે જ દિવસે એમની માગણીના સંદર્ભમાં જે કોઈ આધાર હોય એ લઈને ઑફિસે આવી જવાનો પત્ર આવી પહોંચ્યો.

બધા ગૂંચવાઈ ગયા. સાહેબ કહે : 'આપણે જે કામ કરીએ છીએ એની વિગતો ને આંકડા તો આપણી પાસે તૈયાર છે જ. અને હવે પછી જે કામો કરવા માગીએ છીએ તેના અંદાજના આંકડા આપણે છૂટથી મૂકવા પડશે. કાલે સવારે એ લોકો એમ કહે કે અમે સરકારમાંથી આટલી મદદ આપીએ છીએ ને તમે એ કામ કરી બતાવો ત્યારે એ રકમ ઓછી ન પડવી જોઈએ.'

'મને ગળા સુધી ખાતરી છે કે એ ધોળિયાને આપણું કામ ગમ્યું છે. જો આપણી રજૂઆતમાં બીજા કોઈને ચૂક નહીં જણાય તો એવોયે આપણને મદદ અપાવીને જ રહેશે.' મનોરભાઈએ કહ્યું.

'ખાતરી તો અમનેય છે પણ જો આપણા આંકડા એમાંના બધાયના મનમાં નહીં ઊતરે તો કદાચ આપણું આ ગોઠવાયેલું છે એમાં તો કશો વાંધો નહીં ઊભો થાય ને!'

'જો એવું થવાનું હોત તો આજ પહેલાં જ થઈ ગયું હોત. પણ મને લાગે છે કે આપણે ભાવિન દાકતરને ને એમને ભેગા કર્યા હોત તો વધારે સારું થાત. એમની છાપ પણ પડત. જો કે આપણી વાત સાહેબે જે રીતે પેલાને સમજાવી છે એના કરતાં એ વધારે સારી રીતે સમજાવી શક્યા ન જ હોત. પણ એ દાકતર છે અને આપણા બધાની સારવાર મફત કરે છે એ વાતથી કદાચ વધારે સારી છાપ પડત.' સોમાભાઈની બીક બોલી ઊઠી.

‘તમે બધા ખોટી ચિંતા કરો છો. એમણે જે વાતો અંદરોઅંદર કરી એ ઉપરથી મને એટલું તો સમજાયું છે કે એ લોકો આપણને મોટું તૈયાર મકાન આપવા માગે છે. પણ એવું તૈયાર મકાન આપણને પોસાય એવા ભાડાથી મળશે કે કેમ એ વિચારવા જેવું છે. ને પેલો તો વળી આપણી મોટેલના જેવી બીજી આવક પણ ઊભી કરી આપવાની કહેતો હતો. જોઈએ હવે. જે હશે એ સોમવારે એની ઑફિસમાં જઈશું એટલે ખબર પડશે.’

‘ઑફિસમાં આપણે ત્રણ જણા જઈશું. હું, સહેબ અને તમે.’ મનોરભાઈએ સોમાભાઈને કહ્યું.

‘ના, સારા કામમાં જાવ છો એટલે ત્રણ જણા ન જવાય. સાથે બીજા બેનેય લેતા જવાનું રાખો.’

‘આને તમે બાંમણિયું શિખવાડ્યું એટલે એણે પોતાની જગ્યા આપણામાં કરી લીધી. એમ કરો ચોથા છગનભાઈ સુથાર અને પાંચમા મહારાજ, થઈ ગયા ને પાંચ. પણ જો કામ ન થયું તો ઘેર આવીને તારી વાત છે.’

‘ના કેમ થાય! આપણે ઓછા કોઈનું ભૂંડું કરવાની દાનત રાખીએ છીએ. આપણે તો બધાના ભલાની જ વાત સદાય મનમાં રાખીએ છીએ.’ મથુર મહારાજ બોલવામાં તો એવો ઘડાઈ ગયો હતો જાણે કાશીનો પંડિત.

ને પછી સોમવારને દિવસે એ પાંચેય જણ પેલી ઑફિસે ગયા. એમના પ્રોજેક્ટ રીપોર્ટની સામે જોવાનીય કોઈને જરૂર ન હતી. એમણે તો જાણે કાગળિયાં તૈયાર જ રાખ્યાં હતાં. એમાંના એકે એમને બધી વાત કરી : ‘જુઓ અમારી પાસે ચાલીસ રૂમનું એક સેનેટોરિયમ બંધ પડેલું છે. સાથે એનું રસોડું, ફીટનેસ સેન્ટર તથા બીજાં નાનાં મોટાં સાધનોય છે. આ બધી મિલકત પાંચ એકરમાં પથરાયેલી છે. તમને અમે સો વરસના ભાડા પટ્ટાથી આપીશું અને એનું ભાડું તમારે દર મહિને ભરવાનું રહેશે.’

ભાડાની વાત સાંભળી બધાના શ્વાસ ઊંચા ચઢી ગયા. આવડી મોટી મિલકત હોય તો એનું ભાડુંય એના પ્રમાણે જ હશે ને! ‘કેટલું ભાડું દર મહિને!’

‘જ્યારે સો વરસને પટ્ટે કોઈ મિલકત આપવામાં આવે ત્યારે માની લેવાનું કે એ કાયમ માટે જ આપી દેવાઈ છે. એટલે આમાં સો વરસ પૂરાં થયે એ મિલકત એટલા જ ભાડાથી બીજાં સો વરસ માટે આપવાની શરત પણ સામેલ છે. દર મહિને તમારે આખી મિલકતના ભાડાનો એક ડોલર ઑફિસમાં જમા કરાવવો પડશે.’

‘કેટલો, એક ડોલર! કહો તો સોએ વરસના ભેગા આલી દઈએ.’

‘ના એમ ના ચાલે. તમારે બાર મહિનાના ભેગા આપવા હોય તો ઑફિસમાં પૂછી જોશો.’

‘તમને વાંધો ન હોય તો મારે એક વખત એ બધાં મકાન જોવાં પડશે. એમાં કાંઈ કામ કરવા જેવું હોય તો એ પ્રમાણે માલસામાન લાવતાં ફાવે.’ સુથાર ભાઈએ પોતાની વાત કરી.

‘તમારે કાગળ પર સહી કરતાં પહેલાં જગ્યા જોવી હોય તો મને વાંધો નથી.’

‘અરે મારા સાહેબ, અમને તો તમે વાત કરી એ ઉપરથી જ ખબર પડી ગઈ છે કે એ મિલકત કેવી હશે. તમે જ્યારે આટલી મહેરબાની કરીને અમને જગ્યા અપાવી હોય ત્યારે અમારે એને ચકાસવાની જરૂર જ ન હોય. પછી ઘેર જતાં પહેલાં જગ્યા જોવા જઈશું એવું કહેવાનું હતું એનું. એને માથે બધી પ્રોપર્ટીની મરામતની જવાબદારી છે એટલે.’

પછી સહી શિક્કા કરીને બધા એ મિલકત જોવા ગયા. બે એક વરસથી બંધ હોવાને કારણે મકાન અવડ લાગતાં હતાં એટલું જ બાકી હતાં ટકોરાબંધ. સુથાર તો રઘવાયો થઈને બધા ઓરડામાં ફરી વળ્યો, પાછો આવીને કહે : 'ખાટલા, ગાદલાં ચાદર બધું અકબંધ છે. રસોડામાં રાંધવાનાં વાસણોય છે ને જમવા માટે કાચનાં વાસણોય છે. એક રૂમમાં કસરત કરવાનાંય સાધનો છે. આપણે સોમાભાઈ, એવાં સાધનો વસાવવા જેવાં છે. બધાને શિયાળામાં બહાર નીકળાતું નથી ત્યારે આવાં સાધનો હોય તો ઘરમાં રહીનેય કસરત કરી શકાય.'

'આમાં જે દેખાય છે એ બધુંય તમને આપી દેવાનું છે. પેલી બાગકામની ઓટડી છે એમાં લોન કાપવાનું મશીન ને ટ્રેકટર પડ્યાં છે એય તમારે માટે જ છે.'

'એક વાત કહું આમાં કયાંય રીપેર કરવા જેવું કશું નથી ફકત સાફસુફ કરીને રહેવા આવવાનું જ છે.' સુથારે પોતાની ખુશી સંતાડ્યા વગર કહી દીધું.

'એમ વાસ્તુ કર્યા વગર કંઈથી રહેવા આવી જવાશે! આવડી મોટી મિલકત છે તે આ વખતે તો પાંચ કૂંડી ગાયત્રી યજ્ઞ પણ કરવો પડશે.' મથુર મહારાજ વચમાં બોલી ઊઠ્યા. પેલા ધોળિયાને એમની આ વાતોમાં સમજણ પડતી ન હતી પણ આ બધા ઉત્સાહમાં આવી ગયા હતા એ એને સમજાતું હતું ને એ જોઈ એને પણ આનંદ થઈ રહ્યો હતો.

'અમને આનું પઝેશન કયારથી મળશે?' મનોરભાઈએ પૂછ્યું.

'આપણે અહીંથી પાછા જઈએ એટલે હું તમને ચાવીઓ અપાવી દઉં. પણ યાદ રાખજો જ્યારથી ચાવીઓ તમને મળશે ત્યારથી જ લાઈટ, પાણી, ગેસ અને બીજાં બિલ પણ તમારે માથે આવશે.'

'એનો વાંધો નહીં. અમે એમ ગભરાઈ જવાના નથી.'

પણ સાહેબ અને મનોરભાઈને તો આંગળીને વેઢે હિસાબ હતો. મહિને પંદરસો ડોલર તો આ મિલકતની જાળવણી ને વપરાશનાં બિલની ચૂકવણીના જ જોઈએ. પછી પેલા ખૂટતા પૈસાની વાત તો ઊભી જ હતી. 'એ બધું તો સમજ્યા પણ અમારી મોટેલની આવક બંધ થઈ જશે અને આવડી મોટી મિલકતને સાચવવાના ખર્ચા વધી જશે. એનો રસ્તો કાઢવાનું તમે કહેતા હતા એનું કશું થાય એમ છે કે નહીં!'

'તમારી એ વાત મને ગમી. શરમમાં રહ્યા વગર પહેલેથી જ વાત પાકી કરી લેવી. તમને મેં જે વાત કરેલી એ મારા ધ્યાનમાં જ છે. બેચાર દિવસમાં એ વાતેય પાકી કરાવી દઈશ. તમને અટવાતા નહીં મૂકી દઉં.'

'બધા ચવીઓ લઈને ઘેર ગયા ને આખા આશ્રમમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું. બધાં અત્યારે જ નવી જગ્યા જોવા આતુર થઈ ગયાં. પણ સાહેબે એમને વાર્યાં. 'ત્યાં લાઈટ, પાણી ને બેસવા ઊઠવાની વ્યવસ્થા અને સાફસફાઈ આજે બેચાર માણસો જઈને કરે પછી કાલે આપણે બધા બપોરે ત્યાં જઈ ઉજાણી કરીશું. બધાં બૈરાં કાલે ઉજાણીમાં ખાવા પીવાની વ્યવસ્થા કરવામાં લાગી જાવ અને ચારપાંચ જણા એ નવી જગ્યાની સાફસફાઈ કરવા ઊપડી જાવ. વધારે નહીં તોય બે મોટા ઓરડા, રસોડું અને બાથરૂમ સાફ હોય એટલું તો કરજો જ.'

હવે પેલા બે સુથાર ભાઈઓએ આગેવાની લઈ લીધી. એમણે રસોડામાં જઈ થોડાં જરૂરી વાસણો તથા પોતાને પાણી પીવા તથા ચ્હા બનાવવી પડે તો એ માટેની જરૂરી ચીજો સાથે લીધી. પછી સાફસુફી કરવા માટેનાં સાવરણા

સાવરણી તથા ગારબેજ બેગો વગેરે લઈ બધા ઊપડ્યા. ને જે કોઈ એમની સાથે ગયાં ન હતાં એ લોકો એ જ્ગ્યા કેવડી છે ને કેવી છે એ પૂછતાં સાહેબની આસપાસ ટોળે વળ્યાં. સાહેબની પાસે તો એક જ જવાબ હતો : ‘આપણે સ્વપ્નેય ન ધારી હોય એવી, સ્વર્ગ જેવી એ જ્ગ્યા છે.’

પણ બધાંને એવા ટૂંકા જવાબથી સ્વર્ગની કલ્પના આવતી ન હતી, એ લોકો પાછાં સોમાભાઈની પાછળ પડ્યાં એમને જવાબ આપીને થાકયા ત્યારે સોમાભાઈ એમને મનોરભાઈ પાસે મોકલી આપ્યાં.

મનોરભાઈ કહે : ‘એ જ્ગ્યા એટલી બધી સારી છે કે મારો વિચારેય ઘર છોડીને ત્યાં રહેવા આવવાનો થઈ ગયો છે. ને અત્યારે આપણે જેટલા છીએ એના કરતાં ચારઘણા થઈએ તોય એમાં બધાંની સગવડ સચવાય એવડી મોટી છે.’

આ બાજુ બધાં કલ્પનાઓ કર્યા કરતાં હતાં કે એ જ્ગ્યા કેવી હશે, કેવડી હશે ને એમાં કેવી સગવડ હશે. તો બીજી બાજુ જે લોકો એને સાફ કરવા ગયા હતા એ તો એના એક રૂમથી બીજા રૂમમાં દોડાદોડ જ કર્યા કરતા હતા. એમને સાફસફાઈનાં કામ બતાવીને એ બે સુથાર ભાઈઓ તો એમની ગણતરીમાં જ પડી ગયા હતા. એમને થતું હતું કે આવી મોઘી વ્યવસ્થા કર્યા પછીય એમાં શી ગૂંચ રહી હશે કે એ બે વરસથી બંધ પડી હશે! પણ એમને આ સરકારનો કયાં અનુભવ હતો. બીજી મોટી જ્ગ્યાએ આખી વ્યવસ્થા ફેરવ્યા પછી આ નાની જ્ગ્યાએ સેનેટોરિયમ ચાલુ રાખવું પોસાય નહીં એ અહીંની સરકારની વાત આ ગામડાના લોકોના મનમાં ઊતરે એમ ન હતી.

જ્ગ્યા બધાને એવી તો પસંદ પડી ગઈ કે એ બધાય જાણે જુવાનીના જોરમાં આવી ગયા હોય એમ એની સાફસુફી કરવા મંડી પડ્યા. એમણે ધાર્યા કરતાંય વધુ ઓરડા સાફ કરી લીધા. છેવટે એક જણે કહ્યું : ‘કાલે બધાં આવવાનાં છે ત્યારે પહેલાં હાથોહાથ બધી સફાઈ કરી નાખીશું ને પછી ઉજાણી કરીશું.’

‘એ તો કરીશું જ પણ કાલે આવીએ ત્યારે મોટેલ પરથી કઈ કઈ ચીજો લેતા આવવાની છે એની યાદી કરી લઈએ. નહીં તો કાલે બજારમાંથી નવી ખરીદવી પડશે.’

પણ છગન સુથાર કહે : ‘એની તમે ચિંતા ના કરતા. અમે એ યાદી તૈયાર કરી દીધી છે. અમારે ઠીકઠાક કરવાય કેટલીક ચીજો લાવવાની છે એનીય યાદી કરી લીધી છે. આ બાંમણ આડો નહીં પડે તો દશ દા’ડામાં તો બધાને અહીં રહેવા અવાય એવું કરી દઈશું.’

‘એ શાથી આડો પડે! એનેય આવવું જ હોય ને આવી રૂપાળી જ્ગ્યામાં.’

‘પણ એ કહે છે કે એનું બાંમણિયું કર્યા પહેલાં અહીં રહેવા આવવાનું નહીં.’

‘તે એનું બાંમણિયું કરતાં એને કોણ ખાળે છે! આપણે જે દા’ડો નકકી કરીએ એ દા’ડા પહેલાં એનું બાંમણિયું પતી જવું જોઈએ. તું સમજ્યોને અમારું કહેવું, મથુર મહારાજા!’

‘તે તમે મને દા’ડો આપો કે આ તારીખે તમારી ઠાઠો પતી ગઈ હશે એટલે હું મારુંય મૂરત કાઢી આપું.’

‘પણ અમારી એક વાત સમજી લેજે, જે તારીખે અમારી ઠાઠો પતે એને બીજે દા’ડે જ તારું મૂરત નીકળવું જોઈએ. પછી પેલાં બીજાં ઘરાકની જેમ અમનેય આલાંબાલાં બતાવીશ એ નહીં ચાલે.’

'એટલે તમે ચૌદશને દા'ડે કામ પૂરું કરો એટલે મારે અમાસને દિવસે હવન રાખવો એમ!'

'તો પછી તારું મૂરત પહેલું કાઢ, એટલે અમને કામ પૂરું કરતાં સમજણ પડે.'

'હવે વડીલ તમે બરાબર બોલ્યા. સારા કામમાં હંમેશાં બ્રાહ્મણ ને પૂછ્યા પછી જ આગળ વધવું જોઈએ.'

'ઓ શાસ્ત્રીના બેટા, અમે આ મોટેલ શરૂ કરી ત્યારે તું ન હતો ને તારા જેવા કોઈ બાંમણને અમે પૂછવાય ગયા ન હતા તોય બધા સુખી થયા ને તુંય એમાં આવીને સુખી થયો. નહીં તો હજુય તારા ભઈનાં ખાહડાંમાં આળોટતો હોત.'

'એ તો સૌ સૌનાં નસીબ પણ હવે તો હું આવી ગયો છું એટલે મારા મૂરતે જ અહીં રહેવા અવાશે એ નકકી.'

બીજે દિવસે સવારથી જ મોટેલ પર ઉત્સાહનું વાતાવરણ હતું. બધાંને નવી જગ્યા જોવાનું મન હતું અને જેમણે અગાઉથી એ જોઈ હતી એમને એ જગ્યા બધાંને વિગતે બતાવવાની હોંશ હતી. મોટેલ કોણ સંભાળશે એની કોઈને જાણે ચિંતા જ ન હતી. મથુર મહારાજને તો નોકરી પર જવાનું હતું. બાકીનાં બધાંને નવી જગ્યા જોવા જવાનું હતું, એક સોમાભાઈને જ કયાંય જવાનું ન હતું. એમને મોટેલની જવાબદારી હતી. એમણે હસીને ઘેર રહેવાનું સ્વીકાર્યું ને જશોદાબેનનેય બધાંની સાથે જવાની છૂટ આપી.

જતાં જતાંય છગન સુથારથી કહ્યા સિવાય ન રહેવાયું : 'મોટાભાઈ, બપોરે એકબે જણને પાછા મોકલી દઈશું મોટેલ સાચવવા એટલે તમે ત્યાં આવજો. ત્યાં તમારી જ અમારે ખરી જરૂર પડે, પણ આ બધાંને ત્યાં જવાની ને જોવાની એવી વેળ ઊપડી છે કે કોઈને ખળાય એવું નથી.'

'એનો કશો વાંધો નહીં. આપણે ત્યાં રોજ જવાનું જ છે ને! બધાંને નવી જગ્યા જોવાનું મન થાય એ સ્વાભાવિક જ છે. ને મેં તો એ જોઈ લીધી છે.'

બધાં ટ્રેનમાં ઊપડ્યાં. ગાડી બદલ્યા સિવાય નવી જગ્યાએ પહોંચી જવાય એવું હતું. આ નવી જગ્યા મોટેલથી ચાર માઈલ જ દૂર હતી. ને રેલ્વે સ્ટેશનથીય નજીકમાં જ હતી.

જેમ નવી જગ્યાનું ગોઠવાઈ ગયું હતું એમ મોટેલનુંય ગોઠવાઈ જાય એવા સંજોગો આવી મળ્યા હતા. દેવશીભાઈ ગયે વરસે જ સિટિઝન થઈ ગયા હતા ને એમનાં એક દીકરી ને જમાઈ એમનાં બે છોકરાં સાથે મહિના માસમાં અમેરિકામાં આવી જવાનાં હતાં. પહેલાં તો મનોરભાઈએ મથુર મહારાજને મોટેલ સંભાળવાની જવાબદારી સોંપવાનો વિચાર કરેલો, પણ એમ કરતાં એને નોકરી છોડવી પડે એમ હતું ને તોય જજમાનવૃત્તિ કરતાં મોટેલ પણ ન સચવાય. ત્યાં દેવશીભાઈનાં દીકરીજમાઈ આવવાનાં હતાં એ યાદ આવતાં એમણે એમને જ મોટેલ પર નોકરીમાં રાખી લેવાનો વિચાર કરી દીધો હતો.

જ્યાં સુધી એ લોકો ભોમિયાં ન થાય ત્યાં સુધી સોમાભાઈ મોટેલ પર રોજ જાય અને પેલાં બેય ભોમિયાં થઈ જાય પછી એમને કાયમ માટે એ સોંપી દેવાની એમની ગણતરી હતી. પણ દેવશીભાઈના મનમાં બીજી ગણતરી ચાલતી હતી. બધા ભલે એમની ભીડ જાણીને મદદ કરવા તૈયાર થઈ જાય પણ એમને લાગતું હતું કે મોટેલ અત્યારે જેમ ચાલતી હતી એમ ચલાવવામાં આવે તો વધારાની દશ રૂમો ખાલી થતાં મહિને હજારથી પંદરસો ડોલરની આવક થાય એમ હતી. વળી પોતાની દીકરી સારું ભણેલી હતી એટલે દાકતર એને કોઈની લેબોરેટરીમાં નોકરી અપાવી દે તો એને સારો પગાર મળી શકે એમ હતો ને જમાઈએય મથુર મહારાજ જેવી નોકરીમાં લાગી જાય તો એમને ખાતાં પીતાંય સારી એવી બચત થાય એમ હતી.

એમણે મનોરભાઈને આ વાત જણાવી. એમણે કહ્યું કે આપણામાંના એક કપલને મોટેલ ચલાવવા ત્યાં મૂકી દેવું અને રોજ બેથી ત્રણ જણ રૂમો કરવા જઈ એમને મદદ કરે એવું ગોઠવવું જોઈએ. મહિને હજાર પંદરસોની આવક કોઈને આપી દેવા જેવી ન હતી. કાલે સવારે પેલો કહેતો હતો એવી ગોઠવણ કદાચ ન થઈ શકે તોય આ મોટેલની આવક હોય તો આશ્રમ નભી રહે.

ને એ સવારે પેલા સેનેટોરિયમમાં હલચલ મચી ગઈ. જે કોઈ ત્યાં ગયાં હતાં એ એ જગ્યાની વ્યવસ્થા ને એની સુંદરતાથી જાણે મોહિત થઈ ગયાં હતાં. એમને માન્યામાં એ વાત જ ન હતી આવતી કે આવી સરસ જગ્યા સરકારે એમને મહિને એક ડોલરના ભાડામાં શા માટે આપી દીધી હશે.

સાહેબ એમને સમજાવતા હતા : 'ભાડું તો કહેવા પૂરતું હતું, ફકત એ જગ્યાની માલિકી સરકારની હતી એ દેખાડવા પૂરતું જ. બાકી ખરી રીતે તો આપણી વ્યવસ્થા અને આપણું ધ્યેય જોઈને આપણી આ સંસ્થા વિકસે અને આપણે વધુ લોકોને એનો લાભ આપી શકીએ એ માટે આપણને મફત દાખલ આપી દીધી છે. હવે આપણે એમણે આપણા પર જે વિશ્વાસ મૂકયો છે એને લાયક કામ કરી બતાવવાનું છે. આપણે એક જ વરસમાં આપણી સંખ્યા પંદરમાંથી પચાસ પર પહોંચાડી દેવાની છે. પણ આપણે માણસો પણ જોઈ પરખીને લેવાના છે. જેમ આપણે એક કુટુંબના સભ્યો હોઈએ એમ રહીએ છીએ એમ નવા આવનારા પણ આપણામાં ભળી જાય એવા હોય તો જ આપણે એમને લેવાના છે.'

ઉજાણી તો એક બાજુ રહી ને બધી બહેનો રસોડાની ને લોન્ડ્રી રૂમની સફાઈમાં લાગી ગઈ તો પુરુષો પોતાને લાયક કામ શોધી સાફસુફ કરવામાં પડી ગયા. છગનભાઈ અને છોટાભાઈ સુથાર જ્યાં ઢીલું કે બગડેલું લાગ્યું ત્યાં રીપેર કરવામાં લાગી ગયા હતા. કેટલાક વડીલો એમને મદદ કરવા એમની સાથે ઊભા રહેતા હતા ને એ જે માગે એ હથિયાર આપતા હતા. તો કેટલાક વડીલો આમતેમ ફરી કયાં કયી ચીજ રીપેર કરવા જેવી છે એની તપાસ કરી એમને બતાવતા રહેતા હતા. તો કેટલાક પંજેઠિયો લઈ બાગમાંથી પાન અને નાની ડાળખીઓ ખેંચી ઢગલીઓ કરી રહ્યા હતા.

બધાંનો ઉત્સાહ જાણે ઉભરાઈ રહ્યો હતો. થોડાક જ કલાકમાં મોટા ભાગનું મકાન સાફ થઈ ગયું. લગભગ પંદર રૂમોમાં વેકયુમ થઈ ગયું ને બધી બાથરૂમોમાં પોતું થઈ ગયું. બધાં સીંક સાફ થઈ ગયાં ને બધાં લૉક જાણે નવાં જ હોય એમ ચમકતાં થઈ ગયાં. ફરનિચર એવાં તો સરસ પોલીશ કરેલાં હતાં કે એને તો ફકત કોરા કપડાથી ખાલી ઝાપટવાની જ જરૂર હતી. આ દરમિયાન છગનભાઈ તથા છોટાભાઈ સુથારે બધાં લૉક તથા બધી લાઈટો ચેક કરી લીધાં હતાં. કયાંક નળ લીક થતા હતા તેય એમણે જે તાત્કાલિક રીપેર થઈ શકે તેમ હતા એ રીપેર કરી દીધા હતા ને જે થઈ શકે તેમ ન હતા તેમાં શું બદલવાનું હતું એની યાદી કરી લીધી હતી.

લગભગ બે વાગ્યે એમની ઉજાણી શરૂ થઈ. બધાં રસોડાની બાજુમાં આવેલા ડાયનિંગ એરિયામાં ગોઠવાયાં એમાં લગભગ પચાસ માણસ એકી સાથે જમવા બેસી શકે એવી ટેબલ ખુરસીની સગવડ હતી. આટલે વખતે પહેલી વખત એમને બધાંને સાથે બેસીને ખાવાની તક મળી હતી. બધાં એક બીજાને આગ્રહ કરીને જમાડવા માંડ્યાં. ત્યાં કોઈને યાદ આવ્યું કે સોમાભાઈ એકલા જ મોટેલ સાચવવા રહ્યા છે.

'કોઈ બે જણ મોટેલ પર જાવ અને સોમાભાઈને અહીં મોકલી આપો. આ બે મિસ્ત્રીઓએ જે યાદી કરી છે એ ચીજો બજારમાંથી મંગાવવાની છે. એમના વગર એ વ્યવસ્થા કોણ કરશે!' સાહેબે બધાનું ધ્યાન દોર્યું ને ખાઈને ઊભા થતાં જ બે જણા સોમાભાઈને મોકલવા મોટેલ પર ગયા. મનોરભાઈ પણ સીધા જ પોતાને ઘેર જવા નીકળ્યા.

કેટલાક એકધારા કામથી થાકીય ગયા હતા. એમણેય આજે કામ બંધ રાખવાની વાત મૂકી. પેલા સુથાર ભાઈઓ કહે : 'જે કોઈ થાકયા હો એ મોટેલમાં જઈ આરામ કરો. અમેય હવે કામ કરવાના નથી. સોમાભાઈ આવે અને જમી રહે પછી અમે બજારમાં ખરીદી કરવા જ નીકળીએ છીએ. સાંજે બધા મોટેલ પર મળીએ છીએ.'

ને બધાં ચીજ વસ્તુઓ સમેટવા માંડ્યાં. થોડી વારમાં સોમાભાઈ આવ્યા. એમણે થયેલી સાફસફાઈ જોઈ અને સંતોષ વ્યકત કર્યો. છગનભાઈ કહે : 'આવ્યા પછી કોઈ ઘડીય નવરું બેઠું નથી. બધાંએ તનતોડીને મહેનત કરી છે. જો આવી જ મહેનત બેત્રણ દિવસ કરવાની હોય તો રહેવા આવવા જેવું તૈયાર થઈ જાય.'

'આજે જે કામ થયું એ ઉત્સાહને લીધે થયું. રોજ આવું ન થાય, કદાચ થાય તોય આપણામાંના અડધા માંદા પડી જાય. આપણે બહારના કોઈની મદદ લેવી નથી પણ આમ અકરાંતિયા વેડા કરીને માંદા પણ પડવું નથી. બે દિવસ મોડાં રહેવા આવીશું. તમેય શાંતિથી કામ કરજો.'

'અમારે ટૂટી મરવું પડે એવું કશું કામ અહીં છે જ નહીં. જે કાંઈ છે એ નાનાં મોટાં રીપેરિંગ જેવું જ છે. મોટે ભાગે તો બાથરૂમના નળ લીક થતા હોય કે લાઈટના બલ્બ બદલવાના હોય કે કયાંક સ્વીચો બગડી ગઈ હોય એવાં નાનાં નાનાં કામ જ છે. જો તમે થાકયા ન હો તો આપણે બજારમાં આંટો મારતા આવીએ ને અમે કેટલીક ચીજોની યાદી કરી મૂકી છે એય લેતા આવીએ.'

'એ તો લેતા આવીએ. મનોરભાઈ જતાં કહેતા ગયા છે કે સાંજના એમને ઘેર મળવું એટલે આપણે જવાનું તો છે જ. સાહેબને આ ઉંમરે દોડાવવા નથી. અગત્યનું હશે તો એમને લઈને કાલે ફરીથી જઈ આવીશું.'

પણ બધાંના આનંદની અવધિતો ત્યારે આવી ગઈ કે બીજે દિવસે એમના આશ્રમનો અહેવાલ અને એનો ફોટો પેપરમાં ચમકયાં ત્યારે. જે માણસે એમની સાથે વિગતવાર વાત કરી હતી એ કોઈ છાપામાં કટાર લખતો હતો એટલે એણે આ આશ્રમ વિશે અને તેને સિટી કોર્પોરેશન મોટી જાગીર તેમની સંસ્થાના વિકાસ માટે વાપરવા આપે છે એના વિગતવાર સમાચાર એણે બીજા દિવસના ન્યૂ યોર્ક ન્યૂઝમાં આપ્યા હતા. કોઈકે સાહેબનું ધ્યાન દોર્યું ને સાહેબે એ સમાચારનું ભાષાંતર ગુજરાતીમાં કરીને એની નકલ મોટેલની ઑફિસના બારણા પર ચોટાડી દીધી. ને બધાં એ વાંચવા માટે કલાક સુધી ત્યાં ટોળે વળેલાં રહ્યાં.

અનુક્રમ Þ

## ૮. શુભમ્ ભવતુ

આશ્રમની આ નવી જગ્યા તો જેમ સાફ થતી ગઈ એમ વધુ ને વધુ ચમકતી ગઈ. આશ્રમવાસીઓનેય ચાનક ચઢી ગઈ કે જયારે હવન કરવામાં આવે ને પેલા અધિકારીઓને એમાં બોલાવવામાં આવે ત્યારે એમનેય આશ્ચર્ય થવું જોઈએ કે એમણે આપી હતી એના કરતાં આ જુદી જ જગ્યા બની રહી હતી. એમણે જયારે આ મકાન નવું જ બનાવરાવ્યું હશે ત્યારે જેવું દેખાતું હશે એના કરતાં આ આશ્રમના વહીવટ નીચે એની અલગ જ છાપ એમનાં મન પર પડવી જોઈએ.

વચમાં અમાસ આવતી હતી ને એક રવિવારે મૂરત સારું આવતું ન હતું એટલે હવન કરવાનો દિવસ લગભગ દશ દિવસ મોડો નકકી થયો હતો એટલે બધા મથુર મહારાજ ઉપર પહેલાં તો ગુસ્સે થયા હતા પણ એ દશ દિવસના ગાળામાં આશ્રમનાં રૂપરંગમાં જે ફેરફાર થયા હતા એ તો એ ગુસ્સો કરનારનેય ઊડીને આંખે વળગે એવા થયા હતા એટલે એય મથુર મહારાજ પર પછી તો ખુશ થઈ ગયા હતા.

આ સમયગાળામાં બે સુથાર ભાઈઓએ રૂમોની બહારની ગેલેરીમાં કડાં નાખી સાત આઠ હીંચકા તૈયાર કરી લટકાવી દીધા હતા. ને બાગમાંય વડીલોને માટે મોટા હીંચકા તથા આરામથી બેસવા માટે કેટલીક બહાર જ મૂકી રાખી શકાય એવી ખુરસીઓ ગોઠવી દીધી હતી.

વળી ડૉક્ટર ભાવિને તો બે જોડિયા રૂમ માગી લઈ ત્યાં જાણે એક નાનું દવાખાનું જ ઊભું કરી દીધું હતું. કેટલોક સામાન એમણે પોતાના દવાખાનામાંથી મોકલી આપ્યો હતો તો કેટલોક સામાન નવોય ખરીદીને મોકલી આપ્યો હતો તો કેટલોક જૂના સેનેટોરિયમનો અકબંધ પડી રહેલો હતો. એમનું જોઈ કેટલાક બીજા ડૉક્ટરોએ પણ સેવા આપવાની તૈયારી બતાવી હતી. મનોરભાઈએ એમને ભાવિનભાઈનો સંપર્ક સાધવાની ભલામણ કરી હતી. ડૉક્ટર ભાવિનને તો આ આશ્રમની પ્રગતિ જોઈને સેવા કરવાની ભાવના જાગૃત થઈ ગઈ હતી. છેલ્લા એક મહિનાથી, જ્યારથી આ જગ્યા આશ્રમને મળવાની વાત જાણી ત્યારથી ભાગ્યે જ કોઈ દિવસ એવો ગયો હશે કે એ આશ્રમમાં કે આ નવી જગ્યા પર આવ્યા ન હોય.

ને બધા જેની ઉત્કટતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા એ હવનનો દિવસ આવી પહોંચ્યો. આજે મથુર મહારાજ જ જાણે વરના બાપ હતા. એ અબોટિયું પહેરીને ને ગળામાં રૂદ્રાક્ષની માળા ધારણ કરીને આમથી તેમ બધી પૂજા હવનની વિધિની સામગ્રીની ચકાસણી કરી રહ્યા હતા. તો પૂજામાં બેસનાર બધાં યુગલો જાણે આજે પરણવા બેસવાનાં હોય એવા ઉમંગમાં તૈયાર થઈ રહ્યાં હતાં.

સોમાભાઈ કામના ભારણને કારણે પૂજામાં બેસવાના નથી એમ જાણતાં સાહેબે એમને બોલાવીને જાણે હુકમ જ કર્યો હતો : 'ભલા માણસ તમે કેવી વાત કરો છો! વર વગરની જાન તે કદી શોભતી હશે! તમારે સજોડે પૂજામાં બેસવાનું છે. કામ હશે તો અમે બધા મળીને સાત જણા તો છીએ જ. ને તમેય ક્યાં આઘા છો! તમને પૂછવા જેવું હશે તો પૂછી લઈશું ને જરૂર પડશે તો તમને છેવટે પૂજામાંથી ઉઠાડીને વળગાડી દઈશું કામમાં. જુઓ હું ને મનોરભાઈ મહેમાનોનું સ્વાગત કરીશું. ગોરાણી મહેમાન બહેનોની કાળજી લેશે અને બીજા બધાને એમને લાયક કામ સોંપી દઈશું. વળી છગન મિસ્ત્રી એકલો જ આખો અવસર સંભાળી શકે એટલો ઉત્સાહમાં છે. તમે તૈયાર થઈને જલ્દી આવો.'

સાહેબના આ હુકમ પછી સોમાભાઈને કશું બોલવા જેવું રહ્યું ન હતું એટલે એ તૈયાર થવા ગયા. પૂજામાં બેસવાની વાત આવતાં જશોદાબેનને તો શેર લોહી ચઢ્યું. એય હોંશભેર તૈયાર થવા ઉપડ્યાં. આજે બધાં અંતેવાસીઓનાં દીકરા દીકરીઓનેય નોતરાં મોકલાઈ ગયાં હતાં એમ એમનાં ભારત અને સ્વાતિનેય નોતરાં મોકલાઈ ગયાં હતાં. જશોદાબેનને એમના પૌત્રને જોવાની લ્હે લાગી હતી.

ડૉક્ટર ભાવિને આશ્રમમાં આટલો રસ લેવા માંડ્યો એટલે એની પત્ની રશ્મિનેય એની સાથે ખેંચાવું પડેલું. શરૂમાં તો એને એમ હતું કે એના સસરા કરસનભાઈ ભણેલા ગણેલા અને સ્વમાની જીવ હતા એટલે એમની પોતે ઉપેક્ષા કરી હતી એ એમનાથી ભૂલાશે નહીં ને પોતે જો એમની સામે જશે તો એ બધાંની વચમાં પોતાને ઉતારી પાડશે કે ખોટું લાગે એવાં વેણ કહ્યામાંથી નહીં જાય. પણ પોતે જ્યારે પહેલી વખત આશ્રમમાં ભાવિન સાથે ગઈ ત્યારે સાહેબે એમની સાથે જે સૌમ્ય વ્યવહાર કર્યો અને એમની ઓળખ જે રીતે બધાં આશ્રમવાસીઓને આપી એ જોઈ એને સસરાને માટે માન પેદા થયું હતું.

પછી તો એ ભાવિન કરતાંય આશ્રમની પ્રવૃત્તિયોમાં વધુ રસ લેવા લાગી હતી. આજે બીજા સાત આઠ ડૉક્ટરોએ પણ સેવા આપવાની જે તૈયારી બતાવી હતી એ આ બે જણની કરણીનો પરિપાક હતો. એમણે રોજના ચાર કલાકના વારા કાઢી દરેક ડૉક્ટરને દિવસો વહેંચી આપવાની ગોઠવણ મનમાં કરી રાખી હતી. દરેકને અઠવાડિયામાં એક જ દિવસ ચાર કલાક માટે આશ્રમનું દવાખાનું સંભાળવાનું ને દર અઢવાડિયે એક દિવસ આશ્રમના કોલ પર રહેવાનું એમણે એમને

સોંપવાનું વિચાર્યું હતું. જો કે હજુ એમણે બધાને આ વાત કરી ન હતી. એમની ગણતરી એવી હતી કે એક વખત આશ્રમનું વિધિવત્ ઉદ્‌ઘાટન થઈ જાય પછી એ બધી વ્યવસ્થા ગોઠવી કાઢવી.

સાહેબે મનોરભાઈ અને સોમાભાઈ સાથે મસલત કરી આશ્રમને મદદરૂપ થયેલા બધા સરકારી અમલદારોનેય સજોડે-સહકુટુંબ હાજર રહેવાનાં આમંત્રણ મોકલાવ્યાં હતાં તો બીજા કેટલાક વડીલો ને એમનાં દીકરા દીકરીઓનેય આમંત્રણો મોકલાવ્યાં હતાં. આશ્રમમાં રહેવા આવવાનું કહ્યા પછી દીકરા દીકરીઓની સમજાવટને કારણે એમની સાથે રહી ગયેલાં એવાં કેટલાંક વડીલો ને એમનાં દીકરા દીકરીઓનેય એમણે ખાસ આમંત્રણ મોકલાવ્યાં હતાં. બીજાં બધાંને સવારથી જ આવી જવાનો સમય આપ્યો હતો અને બપોરે લંચ આપવાની ગોઠવણ પણ કરી હતી પણ પેલા સરકારી અમલદારોને તો સાંજના નારિયેળ હોમવાને વખતે જ આવવાનો સમય આપ્યો હતો અને સાંજના સમૂહભોજનમાં સહભાગી થવા આમંત્રણ મોકલ્યાં હતાં.

તો કેટલાકે આ મહાપૂજાની વાત જાણી સામે ચાલીને આમંત્રણ માગી લીધાં હતાં. સાહેબે એમને વિના સંકોચે હાજર રહેવા જણાવી દીધું હતું. એમણે ગણતરી કરી હતી કે સવારની વેળામાં ચારસો અને સાંજના જમણમાં લગભગ પાંચસો માણસની હાજરી રહેશે. એમણે એ પ્રમાણેની જમવાની ને નાસ્તા વગેરેની વ્યવસ્થા કરવા દેવશીભાઈને દશ દિવસથી સૂચના આપી દીધી હતી. અને એમને માથે રસોડાની સઘળી જવાબદારી હતી એટલે એ પૂજામાં બેસવાના ન હતા પણ એમનેય સાહેબનો હુકમ થયો એટલે બીજા બધાને રસોડાનું બાકીનું કામ ભળાવી એય સજોડે પૂજામાં બેસવા તૈયાર થઈ બેઠા હતા. જો કે રસોડામાં જે તે ચીજ ગરમ કરવાની કે નાનાં વાસણમાં કાઢી ટેબલ પર મૂકવા સિવાય કશું કામ બાકી રહેલું ન હતું.

નાનકડો મંડપ બંધાઈ ગયો હતો ને લીલાં તાજાં પાનનાં તોરણો બંધાઈ ગયાં હતાં. ખુરસીઓ ગોઠવાઈ ગઈ હતી ને જાજમો પથરાઈ ગઈ હતી. મહારાજ માટે તથા પૂજામાં બેસનારાં યુગલોને બેસવાના પાટલા છગનભાઈ તથા છોટાભાઈએ નવા જ તૈયાર કરી આપ્યા હતા. હવન કુંડ માટેની કાચી ઈંટો પણ એમણે બનાવી આપેલાં બીબાંમાં ઢાળીને આશ્રમવાસીઓએ અઠવાડિયા પહેલાં જ તૈયાર કરી દીધી હતી.

આશ્રમના દવાખાનામાં ચાર્ટ તથા દવાખાનાના સમય તથા તેમાં અપાનારી સેવાની જાહેરાતનાં ને સૂચનાઓનાં બોર્ડ લાગી ગયાં હતાં અને મહેમાનોને એ અંગે જાણકારી આપવા માટે બે નર્સો પણ સવારથી જ હાજર થઈ ગઈ હતી. તો સાહેબની સ્કૂલ પણ આજે રોજના કરતાં જુદી જ રીતે શણગારાઈ ગઈ હતી. એમાં પુસ્તકોનાં બે નવાં કબાટ અને કેટલાંક પુસ્તકોનો ઉમેરો થઈ ગયો હતો. કેટલાં પુસ્તકો શહેરની મોટી લાયબ્રેરી તરફથી ભેટમાં આવી ગયાં હતાં. તો સ્કૂલ માટે વધારાની પાટલીઓ અને જરૂરી નકશા અને સાધનો પણ ભેટમાં આવી ગયાં હતાં. આ બધાં ખાતાંમાં કોણે લખાપટ્ટી કરી કે કોણે માગણી મૂકી એનીય કોઈને જાણ ન હતી પણ સમય પહેલાં જ બધી ચીજો આવી ગઈ હતી અને આશ્રમવાસીઓએ એમને યોગ્ય રીતે ગોઠવી પણ દીધી હતી.

સવારના દશ વાગ્યે પૂજાનું મૂરત મહારાજે કાઢ્યું હતું પણ કેટલાંક મહેમાનો તો નવ વાગ્યાથી જ આવી ગયાં હતાં. કેટલાંક પૂજા શરૂ થવાની તૈયારી વખતે આવી પહોંચ્યાં હતાં. ને નકકી કરેલે વખતે પૂજા શરૂ કરવામાં આવી. મથુર મહારાજે વિધિવત પૂજા અને હવન કરાવવા માંડ્યાં એ જોઈ આવેલાં મહેમાનોનેય મહારાજનો પરિચય થઈ ગયો. એમને લાગ્યું કે એક શાસ્ત્રોક્ત વિધિમાં એમને હાજર રહેવાનો યોગ સાંપડ્યો હતો.

બાર વાગ્યે પૂજામાં બે કલાકનો વિરામ નકકી થયો હતો. એ સમય દરમિયાન મહેમાનોને લંચ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂજામાંથી સીધાં જ દેવશીભાઈ, રેવતીબેન તથા અન્ય સ્ત્રીઓ એની વ્યવસ્થામાં લાગી ગયાં તો મહેમાનોમાંની કેટલીક સ્ત્રીઓય એમની મદદમાં જોડાઈ ગઈ. બધાંએ લંચ પછી સાફસુફીમાં થોડો સમય ગળ્યો ને

મહેમાન સ્ત્રીઓ આશ્રમની બધી સજાવટ અને સુવિધાઓ જોવામાં પડી ગઈ. એમને લાગ્યું કે એમનાં વડીલોને માટે સરકારે આદર્શ વ્યવસ્થા ગોઠવવામાં ઘણી મદદ કરી હતી. હવે કોઈ વડીલને એમ લાગે એમ ન હતું કે એમને આશ્રમમાં રહેવા જવું પડ્યું એ શરમાવા જેવું થયું હતું. ઊલટાં એમને તો આ વ્યવસ્થામાં રહેવા આવવા મન થાય એવું અહીંનું વાતાવરણ થઈ ગયું હતું.

અને હજુ તો આશ્રમમાં જૂના લોકો રહેવાય આવ્યા ન હતા ત્યાં કેટલાંય માણસોએ રહેવા આવવા અરજીઓ મોકલવા માંડી હતી. મનોરભાઈ, સાહેબ અને સોમાભાઈ એમની અરજીઓની ચકાસણી કરવામાં વ્યસ્ત થઈ ગયા હતા. ધસારો એટલો બધો હતો કે બધાને માટે આશ્રમમાં જગ્યા થઈ શકવી શક્ય ન હતી. આ સંજોગોમાં જે તે વડીલના સ્વભાવ અને એમના સંજોગોની પૂરતી તપાસ કર્યા પછી જ એમને આશ્રમમાં પ્રવેશ આપવો એવું ધોરણ એમણે નકકી કર્યું હતું.

કેટલાક પિતૃવત્સલ દીકરા દીકરીઓ સામે ચાલીને પોતાનાં માબાપને આશ્રમમાં લેવડાવવા ભલામણ કરવા માંડ્યાં હતાં તો કેટલાંક તો આશ્રમને મદદ કરીનેય પોતાનાં માબાપને માટે એમાં જગ્યા કરવાની વાતો લઈનેય આવવા માંડ્યાં હતાં. કેટલાકે તો રોકડના રૂપમાં મદદના ચેક મોકલી પણ આપ્યા હતા.

બપોરની પૂજા શરૂ થઈ પછી થોડી વારે પેલા વિદેશી મહેમાનોય આવવા માંડ્યા. સાહેબ તથા મનોરભાઈ તેમને સત્કારતાં આમથી તેમ ઘૂમવા માંડ્યા. પેલા લોકોની સાથે આજે કેટલાક અજાણ્યા માણસોય હતા એટલે જેમણે આશ્રમને આ જગ્યા અપાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો એવા અમલદારો એમને આ જગ્યા વિગતે બતાવતા હતા. એમણે દવાખાનાની ને સ્કૂલની વ્યવસ્થા જોઈ અને બહાર કોરીડોરમાં બાંધેલા હીંચકા જોયા ને બાગમાં બેસવાની બધી વ્યવસ્થા જોઈ એ બધા આશ્ચર્ય પામી ગયા. એમણે હીંચકા અને બાગમાંની ખુરસીઓ કયાં બની હશે એ જોવા એની ચારે બાજુ ફરી એના મેન્યુફેક્ચરરના નામની તકતી જોવા પ્રયત્ન કર્યા પણ એમને એમાં સફળતા ન મળી.

સાહેબ એમની આ મથામણ જોયા કરતા હતા. એમણે છેવટે છાગનભાઈ સુથાર તરફ આંગળી ચીંધી દીધી. એમણે કહ્યું : ‘એ ફરનિચર અમારા આ મિસ્ત્રીએ બનાવ્યું છે. એ જન્મથી જ સુથાર છે અને એમના એક પિતરાઈ ભાઈ પણ અમારી સાથે છે એટલે એમણે બે જણાએ જાતે જ ડીઝાઈન કરીને આ ફરનિચર બનાવ્યાં છે.’

‘એનાં ફીટિંગ અને ફીનિશિંગ એવાં ફાઈન છે કે એ હાથે બનાવ્યાં હોય એ માની શકાય એવું નથી. આ કાર્યક્રમ પતે પછી મારે એ બેયને ખાસ મળવું પડશે.’ પેલા અમલદારે કહ્યું.

‘અમારા આશ્રમની સાચવણી અને એની મરામતની બધી જવાબદારી એ બેને શિરે જ છે. એ લોકો પોતાની જાતે બધું ચેક કરે છે ને જરૂર હોય ત્યાં રીપેરિંગ પણ એ જ કરી લે છે. તમારે એમની કારીગરીનો સાચો નમૂનો જોવો હોય તો અવો તમને બતાવું.’ કહેતાં સાહેબે એમને ઉપર જવાના દાદરની રેલિંગ બતાવી. અમાં તમને અત્યારે તો કોઈ ફેર નજરમાં નહીં આવે પણ તમે સામે છેડે જે દાદાર છે એની રેલિંગ જોશો તો તમને સમજાઈ જશે. એમાં જ્યાં રેલિંગ ૧૮૦ અંશનો વળાંક લે છે ત્યાં આ રેલિંગમાં એમણે નવો વળાંકનો પીસ ફીટ કર્યો છે.’

બધાએ એ જોવા પ્રયત્ન કર્યો પણ એમને પાંચ વર્ષ જૂના મકાનના દાદારાની રેલિંગમાં બે દિવસ પહેલાં ફીટ કરાયેલો હોય એવો કોઈ ભાગ જુદો જણાયો નહીં. એ બધા સામેને છેડે આવેલા દાદાર પાસે ગયા ને ત્યાં જઈ રેલિંગ જોઈ ને તેમને ખબર પડી ગઈ કે કયાં નવી ડીઝાઈન કરવામાં આવી હતી. એમણે પાછા આવી ફરીથી રેલિંગ જોઈ અને કબૂલ કર્યું કે એ નવી ડીઝાઈન જ વધુ સારી લાગતી હતી, પણ એમાં ખૂબીની વાત તો એ હતી કે એ ભાગ નવો બનાવીને તાજો જ ફીટ કરેલો છે એમ કોઈ કહી શકે એવો કોઈ તફાવત એની આજુબાજુ જણાતો ન હતો.

'તે એક દાદારાની રેલિંગમાં ફેરફાર કર્યો ને બીજા દાદારાની રેલિંગમાં કેમ ન કર્યો?'

'અમારે આ ઉદ્‌ઘાટનની તૈયારી કરવાનું કામ મુખ્ય હતું એટલે કેટલાંક કામ જાણી જોઈને બાકી રહેવા દેવાં પડ્યાં છે. હવે સમારંભ પતશે પછી એ કામ હાથ પર લેવાની ગણતરી છે. હજુ આખા મકાનને રંગવાનું કામ પણ અમારા લક્ષ્યમાં છે. પણ અત્યારે તો જેમાં ખર્ચ ઓછો ને કામ વધારે હોય એવાં જ કામ પહેલાં હાથ પર લેવાની ગણતરી રાખેલી છે. બાગમાં પણ ઘણાં કામ બાકી છે પણ એ તો સીઝન પ્રમાણે કરવાનાં છે. બાગને તૈયાર થતાં હજુ બે વર્ષ જેટલો સમય લાગશે.'

'તમને લાગે છે કે દાન કે ગ્રાન્ટ સિવાય પણ તમે આ બધાં કામ કરી શકશો?'

'અમને બે માધ્યમો મારફત પૂરક આવક થવાની આશા છે. જો એ ગણતરી પાર ઊતરશે તો અમારી પાસે આ બધાં કામ કરતાંય થોડી બચત થયા કરશે. ને અમને ખાતરી છે કે ભગવાન અમને એમાં સફળ કરશે.'

'તમે યાદ કરવ્યું ત્યારે પૂછી લઉં કે તમે આજે જે પૂજા કરો છો એનો શો મતલબ છે?'

'સામે જે પૂજાની વિધિ ચાલી રહી છે એને અમે હવન કહીએ છીએ. એનાથી અમે આ ધરતીની પૂજા કરીએ છીએ. અમે એને વિનવીએ છીએ કે અમે અહીં રહેવા આવવાનાં છીએ, એનાથી તને થોડું કષ્ટ પડશે પણ તું અમારી માને સ્થાને રહી અમને સાચવી લેજે ને સુખી કરજે.'

'મને આ થોડું વિચિત્ર લાગે છે. ધરતીમાં ક્યાં કોઈ જીવ છે કે એને વિનવવાની હોય!'

'અમારી સંસ્કૃતિમાં વનસ્પતિ, ધરતી, પાણી, હવા અને પ્રકાશ એ પાંચેય તત્ત્વોને જીવંત ગણ્યાં છે. એમના થકી જ આપણું જીવન શક્ય છે એમ અમારાં શાસ્ત્રોએ સ્વીકારેલું છે. અને અમે એને માનીએ છીએ. વિજ્ઞાને એમનું મહત્ત્વ હજુ નજીકના ભૂતકાળમાં જ સ્વીકાર્યું છે. પણ એને એક સાધન તરીકે એમણે સ્વીકર્યું છે જ્યારે અમે એને એક જીવંત તત્ત્વ તરીકે સ્વીકાર્યું છે.' પેલાને આ બધી તત્ત્વજ્ઞાનની વાતોમાં બહુ સમજણ ન પડી પણ આ બધા સીનીયર સિટીઝન જે કામ કરી રહ્યા હતા એના પ્રત્યે એને આદર જરૂર થયો.

જો પોતે આ જગ્યા આશ્રમને અપાવવામાં અગ્રેસર હતો તો પણ એને આ થઈ ગયેલાં અને થઈ રહેલાં કામથી આશ્ચર્ય થયું હતું ને! એણે પૂછ્યું : 'તમારે માટે એક નાની સરખી આવક નિયમિત થાય એવા એક કામની હું વાત કરતો હતો એ કામનું પાકું થઈ ગયું છે. એક ચર્ચ થ્રીફ્ટ સ્ટોર માટે જગ્યા શોધતું હતું. એમને આપણી જગ્યા પસંદ પણ હતી પણ એ તમને આપવાની વાત ચાલતી હતી એટલે એમની સાથે ફાઈનલ વાત કરી ન હતી. આપણું પૂર્વ તરફને છેડે જે મકાન છે એમાં એ લોકોને સ્ટોર શરૂ કરવો છે. મેં એમને વાત કરી હતી છે કે આ જગ્યા અત્યારે આશ્રમના કબજામાં છે એટલે એમણે તમારી સાથે વાત કરી લેવી.'

'એમને કેવા પ્રકારનો સ્ટોર્સ શરૂ કરવો છે એ મને ન સમજાયું.'

'થ્રીફ્ટ સ્ટોર્સ, એટલે એમને જે કાંઈ વાપરેલી ચીજ વસ્તુઓ અથવા કપડાંલત્તાં ભેટમાં મળે એ એલોકો આમાં નજીવી કિંમતે વેચી દે અને જે પૈસા આવે એ પોતાની સેવાપ્રવૃત્તિમાં વાપરે. મેં એમને એવી વાત કરી છે કે આશ્રમ પણ એમના જેવી જ એક સેવા સંસ્થા છે અને એમને ફક્ત જગ્યા ભાડે આપવામાં જ રસ નથી પણ જો એમાં એમના સીનીયર સિટીઝનને કામ મળી રહેતું હોય તો મકાન ભાડે આપવાનું એ લોકો સ્વીકારે ખરા.'

'જો ખાસ મહેનતનું ન હોય અને અમારાથી થઈ શકે એમ હોય તો એમાં કામ કરવામાં અમને મજા પડશે. પણ એ લોકો ભાડું કેટલું આપવા માગે છે?'

'એ મકાનનાં લાઈટ, પાણી ને ગેસનાં કનેકશન જુદાં છે એટલે એનો તો જે ખર્ચ આવશે એ એ લોકો ભરશે ને મહિને આઠસો ડોલર ભાડું આપશે એવી વાત થયેલી છે, પણ એમાં વધારો ઘટાડો કરવો હોય તો એ તમારી સાથે વાત કરવા આવે ત્યારે કરી લેવાનો. તમારા માણસો રોજના આઠ કલાક કામ ન કરી શકે અને કદાચ આખું અઠવાડિયું સળંગ કામ પણ ન કરી શકે એમ ધારીને મેં એમની સાથે બીજી રીતની વાત કરી છે. આપણા સ્ટોર્સમાં જે વેચાણ થાય એના ૩૩% આપણને એ પેટે આપે.'

'એ કામ બહુ સારું. આપણને ભાડું મળે, વડીલોને થોડું કામ મળે ને સંસ્થાને થોડી આવક થાય. હવે તો આપણી પાસે જગ્યા મોટી છે એટલે એમાં ઘણા વધારે માણસો રહેવાના છે. એમને એમને કરવાં હોય એવાં નાનાં નાનાં કામ પણ ગોઠવાઈ જાય તો એમનો સમય જાય, એમને થોડી કસરત થાય અને સંસ્થાને લાભ થાય તો એમની પાસેથી જે રકમ લઈએ છીએ એ પણ ઘટાડી શકાય. મને લાગે છે કે અમે એમની સાથે સારી રીતે ગોઠવી શકીશું.' મનોરભાઈએ કહ્યું. સાહેબ કાંઈ બોલ્યા નહીં પણ એ મનમાં આંકડા માંડી રહ્યા હતા. એમને લાગતું હતું કે મોટેલની આવક મહિને બરસોથી પંદરસોની થાય, આ જગ્યાનું ભાડું મહિને આઠસો મળે અને ઉપરથી ૩૩%નો ચોખ્ખો ભાગ મળે તો આ આશ્રમ થોડાં વરસમાં તો ક્યાંથી ક્યાંય પહોંચી જાય.

બધી વિધિ પતી ને નારિયેળ હોમાયું પછી આરતી થઈ. બધા આરતી લેનારા આરતીમાં એકથી બે ડોલર મૂકતા હતા એમાં જો અને બીજા અમેરિકન મહેમાનોને બહુ સમજણ ન પડી પણ એમણેય બધાની જેમ એક કે બે ડોલર થાળીમાં મૂક્યા ને આરતી લીધી. પછી પ્રસાદ લીધો એટલે જોએ સાહેબને પૂછ્યું : 'આ ડીશ ફાયરમાં બધાએ પૈસા કેમ મૂક્યા?'

'જેમણે આ વિધિમાં હાજર રહેવાનો લાભ લીધો એ લોકો ભગવાનની આ આરતી માથે ચઢાવીને એના પૂન્યમાં પોતાને ભાગ આપવા માટે આ પૈસા ભગવાનને અર્પણ કરે છે. અને ભગવાન વતી આ પૂજા કરાવનાર મહારાજ એ પૈસા લે છે. આ મહારાજ અમારા આશ્રમનો લાભાર્થિ છે એટલે અમારી પાસેથી એને કશું દાપું મળવાનું નથી પણ આરતીમાં જે પૈસા થશે એનાથી એની આ કામગીરીનો થોડોઘણો બદલો તો એને મળી રહેશે.'

'આટલી બધી વિધિ કરાવ્યા પછી એને પચાસ કે સાઠ ડોલર મળે એ બહુ ઓછા ન કહેવાય!'

'બીજે આવી વિધિ કરાવવા જાય ત્યારે જેણે એમને બોલાવ્યા હોય એ એમને પચીસથી માંડીને સો ડોલર સુધીની દક્ષિણા આપે એ વધારામાં.'

પછી બધા મહેમાનો જમવા ઊઠ્યા. આ અમેરિકન મહેમાનો માટે એક રૂમમાં ખુરસી ટેબલ પર જમવાની વ્યવસ્થા કરી હતી. બીજાં બધાં માટે બુફેની વ્યવસ્થા હતી. પણ એમને માટેય મોટાં ટેબલ અને લગભગ પચાસ જેટલી ખુરસીઓની ગોઠવણ કરવામાં આવી હતી. સાહેબની નિશાળની બધી ડેસ્ક ચેર પણ આજે કલાક પહેલાં જ બહાર મૂકવી પડી હતી. અમેરિકન મહેમાનો સાથે કેટલાક ડૉક્ટરો ને બીજા પ્રતિષ્ઠિત માણસોને બેસાડવામાં આવ્યા હતા કે જેથી એમને વાતો કરતાં ફાવે. આશ્રમના બધા વ્યવસ્થામાં જ રોકાયેલા હતા.

જમતી વખતે ડૉક્ટર જોને કહે : 'આ આશ્રમમાં આપને ફક્ત હિન્દુ વેજિટેરિયન ખાવાનું જ મળશે. આ લોકો કોઈ પણ જાતનું માંસ ખાતા નથી. ફીશ, ચીકન કે એગ્ઝ પણ નહીં.'

‘પણ તો પછી એ લોકો ખાય છે શું?’

‘ગ્રેઈન્સ, વેજિટેબલ્સ, ફ્રૂટ્સ અને દૂધ અને એમાંથી બનતી વાનગીઓ. તમને આજે એવી ઘણી બધી વાનગીઓ ચાખવાની મળશે. મને લાગે છે કે તમને એ જરૂર ગમશે.’

‘પણ આ ઉંમરે એ લોકો જો મીટ ન ખાતા હોય તો પછી તેમની તબિયત કેમની સચવાય?’

‘તમે જુઓ છો કે એ લોકો મારા તમારા જેવા અલમસ્ત નથી લાગતા પણ હું એમની દવા કરું છું એટલે મને ખબર છે કે એમાંના કેટલાય મારા તમારા કરતાં વધારે તંદુરસ્ત છે અને મોટા ભાગના તો કોઈ પણ જાતની દવા નિયમિત લેતા પણ નથી.’ આજુબાજુ બેઠેલા બીજા અમેરિકનો આ બે જણની વાત રસથી સાંભળી રહ્યા હતા. એમનું કુતૂહલ વધતું જતું હતું. પણ ત્યાં તો પીરસવાનું શરૂ થયું ને એમની વાતો પીરસાતી જતી અવનવી વાનગીઓના આકાર અને રંગ જોવામાં અટવાઈ ગઈ.

ડૉક્ટર ભાવિન એમને કેટલીક વાનગીનાં નામ બતાવી શકયા તો કેટલીકનાં નામ માટે તો એમનેય દેવશીભાઈને પૂછવું પડ્યું. ને દેવશીભાઈએ આવીને બધાને બધી વાનગીઓ અને એના મુખ્ય ઈન્ગ્રેડિયન્ટ વિશે પેલા લોકોને જ્યારે જણાવ્યું ત્યારે પેલા લોકોને ખબર પડી ગઈ કે એમાં ઘી અને તેલનો કેટલો મોટો વપરાશ હતો. ડૉક્ટરે કહ્યું : ‘આમાંથી જો ઘી, તેલ અને મોરસનો વપરાશ અડધો કરી નાખવામાં આવે તો આ લોકોના અડધા રોગો તો આપમેળે જ મટી જાય એવા છે પણ એમને એ વાત સમજાવવી અઘરી છે. એ લોકો માને છે કે ઘી અને તેલ વગર તો એમનાં શરીર કામ જ ન કરે.’

‘ને તોય એ લોકો આપણા કરતાં વધારે તંદુરસ્ત છે ને ઓછી દવાઓ ખાય છે એ પણ વિચારવા જેવી વાત છે. ને સ્વાદની બાબતમાં તો મારે કહેવું પડશે કે ફક્ત મરી અને નિમકના જ સ્વાદથી ટેવાયેલા અમારા જેવાને તો દરેક ચીજ અલગ અલદા સ્વાદવાળી ચખતાં એક પ્રશ્ન જાગે છે કે આ બનાવનાર માણસ કેટલો કવોલિફાઈડ હશે! આ માણસોએ કોઈ ધંધાધારી કૂકને તો હાયર નહીં કર્યો હોય ને!’

‘એ પણ આ આશ્રમના જ એક રહેવાસી છે. હા, એ દેશમાં એક કૉલેજ કેમ્પસમાં સ્ટુડેન્ટ્સ માટે મેસ ચલાવતા હતા. એમને એની હથોટી સારી છે પણ એ ખાસ ભણેલા નથી. એમને અંગ્રેજી બોલતાં સમજતાં તો મારા ફાધરે હજુ હમણાં થોડું શિખવાડ્યું.’

અનુક્રમ Þ

## ૯. વિવાહમાં વહેલા ને વરસીમાં પહેલા

એક બાજુ આશ્રમની છાપ જામતી જતી હતી તો હજુય કેટલાય એની સાવ અવગણના પણ કરતા હતા. એમને પોતાનાં વડીલ પ્રત્યે શ્રધ્ધા હતી એમ નહીં પણ એ પોતાનાં વડીલને એટલાં મૂર્ખા સમજતા હતા કે એ આવા કોઈને રવાડે ચઢવાની હિંમત પણ ન કરી શકે એમ એમના મનમાં ઠસી ગયું હતું. અને એમની વાત કદાચ સાચી ન પણ હોય પણ કેટલાંય મૂર્ખાં નહીં એવાં વડીલોય બીકણ હોવાને કારણે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ હાંસલ કરવાનીય હિંમત કરી શકતાં ન હતાં.

આવા જ એક હતા વડોદરા પાસેના એક ગામના વરધભાઈ. આમ તો એ અમેરિકા આવ્યા ત્યારે બાવન કાળજાંના હતા પણ છેલ્લે એમને મળેલા એમના જ ગામના એક માણસના મતે તો એ સાવ આવી રહેલા અને કંટાળી ગયેલા લાગતા હતા. બસ, એ ભાઈને મળ્યા એ રાતે જ વરધભાઈએ ઊંઘવાની ગોળીઓનો ઓવરડોઝ લઈ જિંદગી ટૂંકાવી દીધી હતી.

પોલીસે આપઘાતનાં કાગળિયાં કર્યાં છતાં કેસની તપાસ ચાલુ કરી હતી. એમાં એમને વરધભાઈને તે જ દિવસે મળેલા પેલા માણસ વિશે માહિતી મળી.

એ માણસનું નામ વેલજી ઠકકર. એ પણ વરધભાઈના જ ગામમાં એક વખત નાનકડી હાટડી માંડીને પેટિયું રળી ખાતો હતો એટલે વરધભાઈને સારી રીતે જાણતો હતો અને એટલે જ એમના મરણને આગલે દિવસે જ એ એમને મળવા ને ખબર પૂછવા એમને ત્યાં ગયેલો.

એણે વરધભાઈ સાથે પોતાને જે વાત થયેલી એને વિશે પોલીસને જે વાત જણાવી એનો મતલબ કાંઈક આવો હતો : વરધભાઈ છેલ્લાં બે વરસથી દેશમાંથી પોતાના દીકરા રાહુલને ત્યાં અમેરિકામાં આવ્યા હતા. એ અને એમનાં પત્ની રાહુલનાં બે બાળકોને સ્કૂલના સમય પછી સાચવવાનું કામ કરતાં હતાં. અને એમનાં પત્ની તો બધાં માટે સાંજનું ખાવાનુંય બનાવતાં હતાં. રાહુલ કે એની પત્ની એમને જાણે ગુલામ સમજતાં હોય એવો વહેવાર કરતાં હતાં. કોઈ એમને મળવા આવે એ તે લોકોને પસંદ ન હતું. તે વરધભાઈને બહાર ફરવા જવા દેતાં ન હતાં કે એમની સાથેય ક્યાંય લઈ જતાં ન હતાં.

એ લોકો દેશમાં પાછાં ચાલ્યાં જાય તો પોતાનાં વગર પગારનાં વેઠિયાં જતાં ન રહે એ માટે એમણે બેયના પાસપોર્ટ પોતાની પાસે સંતાડી દીધા હતા. વેલજી હાજર હતો ને વરધભાઈથી કાર્પેટ પર ચ્હા ઢોળાઈ તો એને માટે રાહુલ અને તેની પત્નીએ એમને કેટલીય ગાળો ભાંડી હતી અને તૂંકારા પણ કર્યા હતા. વરધભાઈને વેલજીની હાજરીમાં આ સાંભળવું પડ્યું એટલે બહુ લાગી આવ્યું હતું ને એ વેલજીની સામે જ રડી પડ્યા હતા. એમનું જોઈ એમનાં પત્નીય રડી પડ્યાં હતાં.

પોલીસે રાહુલ અને એની પત્ની ઊર્વિ પર ત્રણ ચાર જાતના આરોપો મૂકી કેસ તૌયાર કર્યો જેમાં મુખ્ય હતો આડકતરું મેન્ટલ ટોર્ચરિંગ. ને એમણે એ બેયની ધરપકડ કરી. રાહુલના દોસ્તોએ વકીલ કરીને એમને જામીન પર તો છોડાવ્યાં. પણ રાહુલ બરાબરનો ગભરાયો હતો. એણે ઘેર આવી માને કાલાવાલા કરવા માંડ્યા : 'જે થવાનું હતું એ થઈ ગયું, પણ જો તમે અમારું ઘસાતું બોલવા જશો ને એમને આપણી ભાષામાં સમજણ નહીં પડે તો અમારે બદલે કદાચ તમને જ જેલમાં ધકેલી દેશે.'

રાહુલના દોસ્તોય એની સાથે હાએ હા કરવા લાગ્યા. પણ ત્યાં મનોરભાઈ અને સોમાભાઈ માજીને મળવા આવી પહોંચ્યા. એમને આવેલા જોઈ પેલા બધાનો ગભરાટ ભયમાં જ ફેરવાઈ ગયો. રાહુલના દોસ્તો તો કશું કહ્યા વગર જતા જ રહ્યા. એમણે આ લોકો વિશે ઘણું સાંભળ્યું હતું ને એમને એમનાં માબાપને એમનાથી દૂર રાખવાં હતાં. રાહુલે એમને માને મળતા પહેલાં જ આંતર્યા : 'અહીં તમારી જરૂર નથી. તમને કોઈએ અહીં બોલાવ્યા પણ નથી અને માજી તમને ઓળખતાંય નથી. તમે મહેરબાની કરીને મારા ઘરમાંથી બહાર નીકળી જાવ નહીં તો મારે પોલીસને બોલાવી તમને બહાર કાઢવા પડશે.'

'એ તો બહુ સારું. તમે નહીં બોલાવો તો અમારે બોલાવવી પડશે, એટલે તમે જ બોલાવો.' મનોરભાઈએ કહ્યું. હવે રાહુલ બરાબરનો ગભરાયો.

'તમે શા માટે મને હેરાન કરવા માગો છો એ જ મને નથી સમજાતું.'

'તમારી વાત અમનેય નથી સમજાતી. અમે તમને હેરાન કરવા નથી આવ્યા પણ તમારાં બાને સમજાવવા આવ્યા છીએ કે એમણે જે હોય તે સાચું જ કહેવું. જો માજી કબૂલ કરે તો અમે એમના દુભાષિયા તરીકે કૉર્ટમાં હાજર રહેવા પણ તૈયાર છીએ. હવે તમે જો પોલીસને ન બોલાવવાના હો તો અમે બોલાવીએ એટલે તમને અમારું આવવું કાયદેસરનું લાગે.'

‘એટલે તમે અમને હેરાન કરવાનુ નકકી કરીને જ આવ્યા લાગો છો.’ ઊર્વિ વચમાં પુરાઈ.

‘ના અમે તો બીજા કોઈ દેશવાસી વડીલનું આવું મૃત્યુ ન થાય એ માટેની એક વ્યવસ્થા ગોઠવવા માગીએ છીએ. તોય તમને એમ લગતું હોય તો એમ પણ અમે તો તમારાં માજીને મળવા આવ્યા છીએ પણ તમે વચમાં અંતરાય બનીને ઊભા રહી ગયા છો. અમારે તમારી સાથે વાત કરવાનીય જરૂર નથી.’

‘જો તમારે અમારી સાથે વાત કરવાની જ જરૂર ન હોય તો પછી આ માથાકૂટ શા માટે કરો છો? મારા ઘરમાંથી બહાર નીકળો.’

‘સોમાભાઈ તમે નજીકના સ્ટોર પર જઈ પોલીસને બોલાવો ત્યાં સુધી હું આ ઘરના ઝાંપા પાસે ઊભો છું કે માજીને કોઈ બીજે લઈ ન જાય.’

‘એટલે તમે અમને શું કોઈ ક્રિમિનલ સમજો છો!’

‘તમે કેવા છો એ નકકી કરવાની અમારી લાયકાત નથી. એ તો કૉર્ટ નકકી કરશે કે તમે તમારા બાપના મરણમાં કેટલે અંશે જવાબદાર છો. અમારે તો તમારાં માજી સાથે વાત કરવી છે. તમારી સાથે વાત કરવાની અમને જરૂર પણ નથી.’ મનોરભાઈએ કહ્યું અને બેય બહાર નીકળ્યા. એ બેની અકડાઈ જોઈને પેલાં બે એવાં તો ડરી ગયાં કે પોલીસને લઈને એ લોકો આવે તે પહેલાં માજીને સમજાવી લેવા બેય મુખ્ય બારણું બંધ કરી ઘરમાં દોડ્યાં.

અંદર જઈ બેય માજીને પગે પડ્યાં : ‘તમને અત્યારે નહીં સમજાય પણ અમારો વિશ્વાસ રાખજો કયારેક તો તમારે અમારી જ જરૂર પડવાની છે. પેલા આશ્રમવાળા તમને ભરમાવવા આવવાના છે. તમે એમની વાતોમાં ન આવી જતાં. એવાયે આપણાં ઘરોમાં હોળી સળગાવવાવાળા છે.’

‘મને તો લાગે છે કે એમને મારા ભગવાને જ મોકલ્યા છે. ને ઘરમાં હોળી તો મૂઆં તમે સળગાવી છે. એમાં તો તારા બાપાને હોમી દીધા, હવે મનેય તમારે એમાં હોમવી છે!’

‘એટલે જ અમે કહીએ છીએ ને કે તમને અમારી વાત અત્યારે નહીં સમજાય, અત્યારે તમે અકળાયેલાં છો. અત્યારે તમે પેલાની વાતોમાં ના આવી જશો. પછી અમે તમને બધું વિગતે સમજાવીશું.’

‘તે દીકરા, તારે મને કશું સમજાવવાની જરૂર નથી. હું બધું સમજી જ ગઈ છું. તારા બાપાએ ઉતાવળ કરી નાખી નહીં તો અમે બેય તમને ખબર પાડી દેત. પણ વાંધો નહીં હું એકલીય તમને બેયને પહોંચી વળીશ. હવે તો મદદ કરવાવાળા આવી પહોંચ્યા છે.’

ત્યાં બારણાનો બેલ વાગ્યો ને પેલાં બેય સમજી ગયાં કે મુશ્કેલી આવી ગઈ હતી. ઊર્વિએ જઈને બારણું ખોલ્યું. પોલીસને સાથે લઈને પેલા બેય જણા આવી પહોંચ્યા હતા. ત્યાં માજી પણ અંદરથી બહાર આવી ગયાં. એમણે મનોરભાઈને જાણે વરસોથી ઓળખતાં હોય એમ કહ્યું : ‘તમે મને અહીંથી લઈ જાવ નહીં તો એ મનેય મારી નાખશે.’

‘હવે તમારે કશું કહેવાનું છે! તમે કહેતા હતા કે માજી અમારી સાથે વાતેય કરવા માગતાં નથી. અમે એમને અમારી સાથે લઈ જવા માગીએ છીએ. માજી તમારો પાસપોર્ટ અને તમારું ગ્રીન કાર્ડ લઈ લો અને તમારાં કપડાં અને અંગત ચીજો લઈ લો એટલે આપણે નીકળીએ.’

મારો પાસપોર્ટ તો આણે મૂવાએ લઈ લીધો છે. ને ગ્રીન કાર્ડ પણ એની જ પાસે છે. અમારા ઘૈડપણના પૈસા બે વરસથી આવે છે એય બધા એની પાસે છે.’

‘એની કશાની હવે તમે ચિંતા ન કરશો. જે તમારું હશે એ સરકાર તમને અપાવશે. તો તમે માજીની ચીજો અત્યારે આપી દો છો કે પછી કૉર્ટના હુકમની તમારે રાહ જોવી છે! અમારી તો બેય વાતે તૈયારી છે. અમે આવા તો કંઈ કેસ જોઈ નાખ્યા છે, એટલે અમને આમાં કશી નવાઈ લાગતી નથી.’ મનોરભાઈએ દમ માર્યો કે પેલાં બેયની હવા નીકળી ગઈ. રાહુલે અંદર જઈને બે પાસપોર્ટ અને બે ગ્રીન કાર્ડ લાવી માના હાથમાં મૂકી દીધાં. ‘એમની જે રોકડ હોય એ-!’ સોમાભાઈએ મમરો મૂક્યો.

‘એમની જે બચત હશે એ એમના ખાતામાં બૅંકમાં પડી હશે. બેયના નામનું બૅંકમાં ખાતું છે.’ કહેતાં એણે બૅંકનું સ્ટેટમેન્ટ એમના હાથમાં પકડાવી દીધું.

‘તે બૅંકમાં કંઈથી પૈસા હોય! ચપટી ભેગા થાય એટલે એ એના બાપાની સહી કરાવી લેતો હતો એટલે. પણ અમારા બેયના થઈને બે વરસથી મહિને અઢીસો ઉપર આવતા હતા.’ માજીને આજે દીકરાવહુ પર ગુસ્સો કાઢવાની તક મળી હતી, મનોરભાઈ અને સોમાભાઈ જેવા ટેકા મળ્યા હતા ને!

‘એની માજી તમે ચિંતા ન કરશો તમને એ પૈસા સરકાર વ્યાજ સાથે અપાવશે. તમે અમારી સાથે ચાલો.’

એ માજીની ઉંમર કાંઈ સરકારી મદદને લાયક થાય એનાથી બહુ વધારે ન હતી. એમના દીકરાએ એમને બેય પાંસઠ વરસનાં થયા પહેલાં થોડા જ દિવસે દેશમાંથી બોલાવી લીધાં હતાં ને આવતાંની સાથે એમને ગ્રીન કાર્ડ અપાવી દઈ એમની સરકારી મદદ પણ ચાલુ કરાવી દીધી હતી. રાહુલ અને ઊર્વિને તો આ વ્યવસ્થા શીરાની જેમ ગળે ઊતરી ગઈ હતી. એક તો બેયની પાછળ મહિને પચાસ ડોલરનોય ખર્ચો નહીં ને મહિને અઢીસો ડોલરની એમની આવક પોતાને વાપરવા મળતી હતી અને વળી બેયના આવ્યાથી બાળકોના ડે-કેરના મહિને ચારસો બચતા હતા. ને સાંજે ગરમ ગરમ ખાવાનું તૈયાર મળતું હતું એ નફામાં.

એમણે બેય જણાંએ આ મહિને અઢીસોની આવક સરખે ભાગે વહેંચી લેવાની નકકી કરી હતી. ઊર્વિ એના મોજશોખમાં એ પૈસા ખર્ચતી હતી તો રાહુલ એ પીવામાં ખર્ચી નાખતો હતો. જે દિવસે એ બાપા પાસે ચેકમાં સહી કરાવી લેતો એ જ દિવસે બેય જણ પૈસા વહેંચીને પોતાનાં ખિસ્સાંમાં મૂકી દેતાં. પેલાં લોકોને તો એનાં દર્શન પણ થતાં ન હતાં.

માજી એટલાં નસીબદાર કે અત્યારે એમના ખાતામાં ચારસો જેટલા પડ્યા હતા. લાગતું હતું કે પેલાં બેને હજુ ભીડ પડી ન હતી. પણ એક મનોરભાઈને જ ખબર હતી કે એમને કલ્પનાય ન હોય એવી ભીડ એમને હવે પછી પડવાની હતી.

બે અઠવાડિયાં પછી કેસ નીકળ્યો ત્યાં સુધીમાં તો માજી આશ્રમનાં બધાં સાથે ભળી ગયાં હતાં. મનોરભાઈએ સરકારી વકીલનું ધ્યાન કેટલીક બાબતોમાં દોર્યું હતું એટલે માજી અને મરનારે જે બે વરસ છોકરાં સાચવ્યાં ને ખાવાનું

બનાવ્યું કે ઘરનાં નાનાંમોટાં કામ કર્યાં તેનું વળતર તથા એમને બે વરસ દરમિયાન જે સરકારી મદદ મળી તેમાંનો એક પૈસોય એમને વાપરવા મળ્યો નથી વગેરે દલીલો કરી જ્યુરીને માજી તરફ વાળી લીધી હતી.

રાહુલ અને ઊર્વિના વકીલે એમના રહેવા ખાવાના ખર્ચા અને દેશમાંથી બોલાવવાના ટિકીટ ભાડાના ખર્ચાનો હિસાબ ગણાવવા ઘણા પ્રયત્ન કર્યા. વળી મરનારના ફ્યૂનરલનો ખર્ચ પણ એમને ઘણો થયો હતો એ વાત પણ એણે આગળ કરી. છેવટે કૉર્ટે જે ચૂકાદો આપ્યો એ નોંધપાત્ર હતો. એણે ચૂકાદામાં સ્પષ્ટ જણાવ્યું હતું : મરહુમ વરધના મોત માટે સીધી રીતે એ બે જણાં કસૂરવાર સાબિત થતાં નથી પણ એ પોતાનાં વડીલોનું શોષણ કરતાં હતાં અને એમને કેદ જેવા વાતાવરણમાં જીવવા ફરજ પાડતાં હતાં એ વાત તો સ્પષ્ટ થાય જ છે.

એની સામેનું વળતર બચાવ પક્ષના વકીલે જે ખર્ચ બતાવ્યા છે એના કરતાં ઘણું વધારે ગણાય એમ કૉર્ટ માને છે એટલે એમની એ ગણતરી બાદ કર્યા પછીય આરોપી રાહુલ અને ઊર્વિએ મરનારનાં પત્નીને એમની સરકાર મદદનાં બધાં અને એમણે બે વરસ જે કામ કર્યું એનાં એટલાં જ બીજાં મળીને તેર હજાર બસો પચાસ ડોલર કૉર્ટ મારફત એક માસમાં ચૂકવી આપવા. જો આમાં ચૂક થાય તો સરકારી રાહે વગર નોટિસે એક મહિના પછી એ રકમ આરોપીઓની મિલકત પર ટાંચ લાવી વસૂલ કરવાની જે તે ખાતાને તાકીદ કરે છે.

હવે રાહુલ કેમ સમજાવે કે એ બધા પૈસા તો પીવામાં વપરાઈ ગયા હતા ને પેલા પગારના પૈસા તો એમણે કદી સ્વપ્નેય અંદાજ્યા ન હતા. અત્યારે તો ટાંચ આવે તો વધારે સારું એમ જ એને થઈ ગયું. એક ઘા ને બે કટકા. બાકી બધા મિત્રો પાસેથી નાની મોટી લોન લઈને જો આ તેર હજાર ચૂકવશે તો પાંચ વરસ સુધી એમનાં દેવાં સીડવાનું ચાલુ રહેશે. પણ જે થોડી આબરૂ બચી હતી એ જો બચાવવી હોય તો એણે દોસ્તો પાસેથી લઈને જ પૈસા ચૂકવવા પડશે.

બેબી સીટરનો ખર્ચો હજુ તો બે વરસ સુધી કરવો જ પડવાનો હતો. એમને લાગ્યું કે ડોસા મરતા ગયા ને મારતા ગયા. પણ એમને હજુ એમ લાગતું ન હતું કે એમણે જ ડોસાને મારી નાંખ્યા હતા. અરે, એકલા ડોસાને જ શા માટે એમણે તો આ ઉંમરે માજીને પણ એકલાં કરીને મારી જ નાખ્યાં હતાં ને! ગામમાં તો બધાને એવી જ ખબર હશે કે બે વરસથી એ બેય જણાં અમેરિકામાં લહેર કરતાં હશે. ને વરધભાઈના મોતને પણ એ લોકો તો ઊંમરનું જ કારણ માનવાના ને, કોઈ એમને સાચી વાત ન કરે ત્યાં સુધી.

હા, વરધભાઈના મોતને કારણે એમને માટે સરકારમાં એટલી બધી સહાનુભૂતિ પેદા થઈ કે એમની દીકરી જમાઈ અને બે ભાણેજાંને સરકારે અમેરિકાના વીઝા આપી દીધા. આમાં મનોરભાઈ અને સાહેબે ઘણી દોડાદોડ કરી હતી, પણ બધાં આશ્રમવાસીઓનાં મનમાં તો એમ જ થઈ ગયું કે એ એક માનવતાનો કેસ જીતી ગયાં હતાં. પછી તો એમનામાં એવી જાગૃતિ આવી ગઈ કે એ લોકો એવા કોઈ કેસની જાણે શોધમાં જ ઘૂમતાં હતાં. કયાંકથી કશી વાત આવી નથી કે કોઈ ત્યાં પહોંચ્યું જ નથી!

આ અનુભવ પછી એમણે આશ્રમમાં દાખલ કરવાના નિયમો થોડા વધુ કડક બનાવી દીધા. એમણે નકકી કર્યું કે આવા કિસ્સાની ગંભીરતા જોઈ ચકાસીને જો પ્રવેશ આપવામાં નહીં આવે તો કયારેક આવો ગંભીર કિસ્સો આવશે ત્યારે એને આશ્રમમાં સમાવવા જગ્યા નહીં હોય.

છગન સુથાર પાસે આનો પણ જવાબ હતો કે એમને મકાન બાંધકામનું જો લાઈસન્સ અપાવી દેવામાં આવે તો એ લોકો બહારના કોઈની મદદ લીધા સિવાય જ એક વરસમાં બીજા ચાલીસ રૂમનું મકાન બાંધી આપશે અને તે પણ બહારના કોન્ટ્રાકટરના ભાવ કરતાં લગભગ ચોથા ભાગની કિંમતે જ પડશે. સાહેબ, મનોરભાઈ અને સોમાભાઈને તો વિચારવાનું આ

નવું ક્ષેત્ર ખૂલ્યું હતું. એમણે છગનભાઈને તો કશું ન કહ્યું પણ ખાનગીમાં એની ચર્ચા વિચારણા તો એમણે ચાલુ કરી જ દીધી.

એમણે એક દિવસ પેલા જોને જ પકડ્યો. એ આ સુથારભાઈઓની કામગીરીથી પરિચિત જ હતો. એણે એમને લાયસન્સ અપાવવાનું માથે લીધું. સાહેબની નિશાળને કારણે એમને જરૂર પૂરતું અંગ્રેજી વાંચતાં લખતાં તો આવડી ગયું હતું જ. એમને નકશા વાંચતાં ને સિટીના મકાન બાંધકામ અંગેના જે નિયમી હોય એ એમણે સમજવાની જરૂર હતી. જોએ એમને એક લાયક માણસની સાથે ઓળખ કરાવી આપી એટલે એની પાસે બેસીને ને કદીક એની સાથે એના ચાલતા કામ પર જઈને એ લોકો મહિનામાં પૂરતા જાણકાર થઈ ગયા એટલે જોએ એમને લાયસન્સ માટેનો ટેસ્ટ અપાવી દીધો ને બેય મિસ્ત્રીઓ લાયસન્સવાળા થઈ ગયા.

ને બીજે જ મહિને એમનું કામ શરૂ થઈ ગયું. જે જૂના મકાનનો પ્લાન હતો એ પ્રમાણે જ નવું મકાન તેની સામે બાગની બીજી બાજુએ બાંધવાનું એમણે નક્કી કર્યું. આ માટેની જરૂરી પરમીટો ને પરવાનગીઓ એક મહિનામાં મળી ગઈ એટલે સાહેબે પ્લાન મૂકયો કે આશ્રમમાં રહેતા બધા માણસો પોતાની શકિત અનુસાર વગર વ્યાજની બે વરસની લોન જો આશ્રમને આપે તો એમણે બૅંકનું વધારે દેવું કરવું ન પડે. ને બધાએ પોતાના ખાતામાં પડેલા લગભગ બધા પૈસા એમાં આપવાની તૈયારી બતાવી. માજીને તો એમના દીકરાએ તેર હજાર કરતાંય વધુ ડોલર આપ્યા હતા ને બીજા ચારસો ખાતામાં પડેલા જ હતા. મનોરભાઈએ એમાંથી ફકત બે હજાર ડોલર જ આશ્રમના આ ફંડ માટે રાખ્યા અને બાકીના લગભગ બધા જ દેશમાં ફિકસ કરાવી દીધા.

એમને દર મહિને બીજા અઢીસો તો આવવાના હતા જ ને! એટલે બધાંના મળીને પચાસ હજાર ડોલર જેટલા એકઠા થયા. બાકીના પૈસાની જરૂર તો લગભગ છ મહિના પછી પડવાની હતી. ત્યાં સુધીમાં તો એમની બધાની પાસે વધારે નહીં તો દરેકની પાસે પાંચસોની બચત તો બીજી થઈ ગઈ હશે. મહારાજે એમાં પોતાના તરફથી પાંચ હજારનો ફાળો આપ્યો હતો. સોમાભાઈએ પણ પાંચ હજારનો ફાળો આપ્યો હતો. મનોરભાઈએ પણ એટલા જ આપ્યા હતા. બાકીનાંએ દરેકે બેથી ત્રણ હજારનો ફાળો આપ્યો હતો. આ યોજના હેઠળ ધાર્યા કરતાં વધુ રકમ ભેગી થઈ ગઈ હતી એટલે ડૉકટર પાસે હાલ તુરત તો કોઈ રકમ માગવી પડવાની ન હતી કે બૅંકમાંથીય કોઈ લોન લેવી પડવાની ન હતી.

કામના મૂરતમાં સૌ પહેલી એક પીક અપ ટ્રક લેવાની જરૂર હતી. એકલા મનોરભાઈને કાર ચલાવતાં આવડતી હતી. પણ એમાંથી બીજા કોઈને હજુ કાર ચલાવતાં આવડતી ન હતી. પણ મનોરભાઈને કાંઈ ટ્રક લઈને માલ સામાન લેવા મોકલાય નહીં એટલે શરૂમાં બે સુથાર ભાઈઓ તથા મહારાજે ડ્રઈવિંગ શીખી લેવું એવું નકકી થયું. ને બીજા જ દિવસથી એમનું ડ્રાઈવિંગ શીખવાનું ચાલુ થઈ ગયું.

ને એક દિવસ મહારાજે ભૂમિપૂજનનું મૂરત કાઢ્યું ને વિધિપૂર્વક નવા મકાનનું કામકાજ શરૂ થઈ ગયું. શરૂમાં તો પાયાનું ખોદકામ કરવાનું હતું એમાં તો બધા શિખાઉ માણસોય ચાલી જાય એમ હતા. એટલે આશ્રમનાં બધાં ભાઈબેનોએ કામ કરવા લાગ્યું એટલે કામનો પાર ધાર્યા કરતાંય વહેલો આવ્યો. પછીનું કામ કારીગરીનું જ હતું એટલે બાકીના માણસો મદદમાં રહ્યા અને છગનભાઈ તથા છોટાભાઈએ કામ શરૂ કર્યું. બધાની મદદ હતી એ તો ખરું જ પણ કેટલાંક કામ એવાં હતાં કે એમાં એક જ જાતનું કામ દિવસો સુધી કર્યા કરવાનું હોય. આવાં કામ એટલે કે ખીલીઓ કે સ્ક્રુ મારવાના હોય તો પહેલા બે કલાક હાથ બેસતાં લાગે. પણ પછી ટેવાઈ જતાં કામ યંત્રવત્ થયા કરે.

જો કે અહીં એ વાત સાચી પડે તેમ ન હતી. અહીં તો એવા કામમાં બે કલાકનું કામ અને ચાર કલાકનો આરામ એવો સિધ્ધાંત રાખવો પડે તેમ હતો. અહીં જે માણસો કામ કરતા હતા એ લગભગ બધા જ મોટી ઉંમરના હતા એટલે એ લોકો એકધારું કામ બે કલાકથી વધારે સમય સુધી કરી શકે તેમ ન હતા. એટલે બધાને માટે આવાં કામનું એક સમયપત્રક

બનાવી કાઢવામાં આવ્યું. જેને કામ કરવું ન હોય એમને કોઈ બંધન ન હતું પણ બધાંનો ઉત્સાહ એવો હતો કે કોઈ કામ કરવાની ના તો પાડતા ન હતા પણ એમની કાર્યશકિતની મર્યાદા પણ એ લોકો સમજતા હતા.

જયારે કોઈ કામની ઉતાવળ હોય ત્યારે બધાંને એ કામ પાછળ લગાડી દેવામાં આવતા અને દિવસના લગભગ બાર કલાક એ જાતનું કામ થયા કરતું એટલે કામની લાઈન ચાલુ રહેતી. કદીક બીજાં માણસો ન પહોંચી વળે તો બેય સુથાર ભાઈઓ એ કામ કરી લેતા. છતાં એ લોકો ધાર્યા કરતાં કામમાં એક મહિનો આગળ હતા. અને હજુ તો કામ શરૂ કર્યે ત્રણ જ મહિના થયા હતા. જો આ પ્રમાણે જ કામ ચાલતું રહે તો કામ એક વરસને બદલે આઠથી દસ મહિનામાં પૂરું થઈ જશે એવી બધાની ગણતરી હતી. પણ જેમ કામ ઊંચાઈ પર પહોચશે તેમતેમ એટલી ઊંચાઈએ કામ કરનારાઓની સંખ્યા ઘટતી જવાની હતી એની બધાને જાણ હતી.

ને કદાચ કોઈ એવી હિંમત કરે તોય મનોરભાઈ કે સોમાભાઈ એમને એ માટે મંજૂરી આપે તેમ ન હતા. કામ પહેલા માળ પર પહોંચે પછી આશ્રમના લોકોમાંથી ફકત બે સુથાર ભાઈઓ ઉપરાંત મહારાજ અને દેવશીભાઈના જમાઈ જ કામ લાગે એવા હતા. દેવશી ભાઈના એ જમાઈને અને દીકરીને મનોરભાઈએ હમણાં કામચલાઉ નોકરીઓ અપાવી દીધી હતી અને સાહેબ તેમને અંગ્રેજી પાકું કરાવતા હતા. બાકીના સમયમાં જમાઈ આ બાંધકામમાં અને દીકરી રસોડામાં મદદ કરતાં હતાં. બાકીનાં બધાં અલબત્ત ઉપરને માળે અંદરનાં કામમાં તો મદદ કરી શકે તેમ હતાં જ.

એટલે કામ ઝડપથી ચાલતું હતું અને ચાલતું રહેવાનું હતું એવી બધાંને શ્રધ્ધા હતી. હા, કેટલાંક બહારની બાજુએ અને ઊંચાઈ ઉપર કરવાનાં કામોમાં બહારના માણસો ને બહારનાં મશીનોની મદદ લેવી પડવાની હતી એની બધાને ખબર હતી જ. અને એ માટે બધાની તૈયારી પણ હતી. ખરી વાત તો એ હતી કે આ આખા કામમાં કયાંય આશ્રમનાં અન્ય માણસોની મદદની ગણતરી રાખવામાં આવી જ ન હતી. એ લોકો જે કામ કરતાં હતાં એ તો વધારાનું હતું. એને કારણે કામ વધુ સસ્તું થવાનું હતું એ હકીકત હતી.

ને એમના પ્લાનમાં હતું એ કરતાંય વહેલું એટલે કે શિયાળો શરૂ થવાની દોઢ મહિનો વાર હતી ને મકાનનું ખોખું તૈયાર થઈ ગયું હતું એટલું જ નહીં પણ નવરાં પડેલાં આશ્રમવાસીઓએ બીજા માળ પર અંદર કેટલુંક ફિનિશિંગ કામ કરી દીધું હતું. નીચેનો માળ તો લગભગ તૈયાર જ હતો. પણ કામની ચાલ માટે થઈને પહેલાં બીજો માળ તૈયાર કરવાનો હતો એટલે એની પાછળ બધા માણસો વળગી પડ્યા. ને શિયાળાની ઠંડી શરૂ થાય તે પહેલાં આખું મકાન તૈયાર થઈ જવાની ગણતરી હતી પણ એમાં શિયાળામાં રંગકામ ન થઈ શકે એટલે બીજા વરસના ઉનાળાની શરૂઆતમાં એ કરવાનો મૂળ પ્લાન હતો પણ બધાંના ઉત્સાહને કારણે ઉપરનો માળ પણ અત્યારે જ રંગાઈ ગયો હતો ને રહેવા લાયક તૈયાર થઈ ગયો હતો.

પછી આખા શિયાળામાં ફકત નીચેના માળની ઠાઠો કરવાની હતી એટલે એ કામ રાહતથી કરવાની બધાની ગણતરી હતી પણ ત્યાં કામચલાઉ હીટરની વ્યવસ્થા કરવામાં આવી એટલે કામ ધાર્યા કરતાં અડધા સમયમાં જ પૂરું થઈ ગયું. ને બહારનું કામ અને નીચેના માળના રંગનું કામ બાકી હતાં તોય બે મહિનાની રજા પાડવી પડી.

અનુક્રમ Þ

## ૧૦. પલ્લવીની ઉપાધિ

દેવશીભાઈ અને રેવતીબેન ઘર છોડી ગયાં એટલે પલ્લવીને ને અવિનાશને તો જાણે ભૂત આભડી ગયું હોય એવું થઈ ગયું હતું. શરૂમાં તો એમને શું કરવું એની જ સમજણ પડી ન હતી. પછી બેય જણે બેસીને હવે શું કરવું એના વિચાર કરવા માંડ્યા તો એમને તો રડતાંય ન આવડે એવી દશા થઈ ગઈ હતી. જયાં સુધી કોઈ બેબી સીટરની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પલ્લવીએ રજા મૂકીને ઘેર રહેવું અને અવિનાશે નોકરીએ જવાનું ચાલુ રાખવું એ વાત બરાબર હતી કારણ કે

અવિનાશનો પગાર વધારે હતો ને એની નોકરી અગત્યની હતી. પણ હમણાં એની ફેક્ટરીમાંથી કેટલાયને છૂટા કર્યા હતા તેમાં જો એ ગેરહાજર રહી અનિયમિતતા બતાવે તો એની નોકરી જવાની શકયતા હતી જ.

સામે પક્ષે પલ્લવી જો એકી સાથે ચારપાંચ રજાઓ લઈ કાઢે તો એની નોકરી તો જાય જ એ નિર્વિવાદ હતું. એક બાજુ ખાઈ હતી તો બીજી બાજુ કૂવો હતો. શેમાં પડવું એ જ વિચારવાનું હતું. કદાચ પલ્લવીની નોકરી જાય તો ચલાવી શકાય તેમ હતું. એને જે પગાર મળતો હતો એટલામાં તો કોઈ સારી બેબીસીટર પણ ન મળે. એટલે જો એની નોકરી જાય તોય બેબી સીટરના પગાર સામે એને અવેજી શકાય એમ હતી.

વળી પલ્લવીની નોકરી જાય તો એની કાર હજુ નવા જેવી જ હતી એ વધારાની પડે ને એ કાઢી નાખવામાં આવે તો એના ઈન્સ્યોરન્સના, ગેસના ને કારના હપ્તાના મળીનેય વરસે ત્રણ હજાર ડોલર બચે તેમ હતા. અલબત્ત આ વાત અવિનાશના મનમાં હતી. હજુ એણે પલ્લવીને એ વાત કરી ન હતી. એને બીક હતી કે એ અત્યારે આ વાત પલ્લવીને કરશે તો એક મહાભારત ઊભું થઈ જશે. જો કે જ્યારે પણ એ વાત થશે તો મહાભારત ઊભું થવાનું છે એની અવિનાશને ખાતરી હતી જ. પણ એને એ વાતનીય ખાતરી હતી કે કયારેક તો એ વાત એણે પલ્લવીને કરવી જ પડવાની હતી.

પલ્લવીને ઘરના બજેટ કે હિસાબમાં કોઈ દિલચસ્પી ન હતી. એને તો ફકત ચેક લખવાની જ આવડત હતી. બેલેન્સ મેળવવાની જવાબદારી અવિનાશની હતી. એને પોતાની નોકરી જતી રહેવાની વાતથીય કોઈ રંજ થાય એવું ન હતું. એને એક જ વાતની ચિંતા હતી કે એને જ્યાં સુધી કોઈ બેબી સીટર નહીં મળે ત્યાં સુધી એનાથી છૂટથી બહાર શોપિંગમાં કે પાર્ટીઓમાં જઈ શકાશે નહીં. એને દીકરો છ વરસનો ને દીકરી બે વરસનાં હતાં. એનાં સાસુ હતાં ત્યાં સુધી તો એને કશી ચિંતા જ ન હતી. દીકરાને ગયે વરસે જ ખાનગી સ્કૂલમાં ભણવા મૂકયો હતો. એનો ખરચો જ વરસે બે હજાર કરતાં વધારે આવતો હતો. હવે એને જો બપોર પછી ડે-કેરમાંય મૂકવો પડે તો બીજો હજારનો ખર્ચો વધી જાય તેમ હતો. એ બધા વિચારને અંતે એને મનમાં લાગતું હતું કે એણે નોકરી છોડી દેવી એ જ ઉત્તમ માર્ગ હતો.

પણ જેમ અવિનાશને ખબર હતી એમ પલ્લવીનેય ખબર હતી કે એ નોકરી છોડશે કે તરત પોતાની નવી જ ટોયોટા કાર વધારે પડવાની હતી. અવિનાશ એ વેચી દેવાની વાત કર્યા વગર રહેવાનો ન હતો ને પલ્લવીને પોતાનેય ખબર હતી કે એવી એક વધારાની કારનો ખર્ચો હવે એમને પોસાઈ શકવાનો ન હતો. પણ એ કાર વેચાય એટલે એની બેનપણીઓને તો ખબર પડી જ જાય કે એનાં સાસુ સસરા ગયાં કે કાર વેચવાની નોબત આવી. પણ એને કયાં ખબર હતી કે એકલી કાર જ નહીં પણ આ મોઘું મકાન પણ વેચીને કોઈ એપાર્ટમેન્ટમાં ભાડે રહેવા જવાની નોબત આવે એવીય શકયતા હતી.

ને બધી રીતે ગણતરી કરીને એમણે ઘરને ખૂણે બેસીને કડવો નિર્ણય લીધો. કાર વેચી દેવી, દીકરાને પ્રાઈવેટ સ્કૂલને બદલે પબ્લિક સ્કૂલમાં દાખલ કરી દેવો અને બેબી સીટર શોધવાની પડતી મૂકી પલ્લવીએ નોકરી છોડી બેબી સીટિંગ કરવું. ઘર વેચવા કાઢે તો અત્યારે જે મંદી ચાલતી હતી એમાં તો બૅંકનું દેવું ભરાતાં કશું હાથમાં આવે તેમ લાગતું ન હતું. હવે જરૂર વગરની કોઈ ચીજ ખરીદવાની પણ બંધી આવી ગઈ. ને એ તો પલ્લવી પાસે કાર જ રહેતી ન હતી એટલે એ શોપિંગને બહાને બેનપણીઓ પર વટ પાડવા આમેય જઈ શકવાની જ ન હતી એટલે આપોઆપ જ ગોઠવાઈ જવાનું હતું.

દેવશીભાઈએ આ જાણ્યું ને એમને એમના દીકરા પર દયા આવી ગઈ. એમણે એને કયી રીતે મદદ કરવી એના વિચાર કરવા માંડ્યા. પણ રેવતીબેન મકકમ હતાં. એમણે તો પતિને સ્પષ્ટ કહી દીધું : 'એમનાં કર્યાં જ એમને નડે છે, આપણે એમાં માથું મારવાની જરૂર નથી. વળી આપણી પાસે આખા આશ્રમના રસોડાની જવાબદારી છે એ છોડીને

આપણાથી એમનું ઘર સંભાળવા જવાવાનુંય નથી. ને કદાચ જવાવાનું હોય તોય મારી તો એમનાં લૂંડાપણાં કરવા જવાની જરાય મરજી નથી.'

'એમની સાથે રહેવા જવાની તો મારીય મરજી નથી, પણ આ છોકરાને સરકારી નિશાળમાં મૂકવો પડ્યો એ મને સ્હેજ કઠે છે.'

'સાહેબ કહે છે કે અહીંની સરકારી નિશાળોમાં ને ખાનગી નિશાળોમાં કશો ફરક નથી, પણ આ તો દેખાદેખીમાં બધાં પોતાને ઊંચી સોસાયટીમાં ખપાવવા માટે છોકરાંને ખાનગી નિશાળોમાં મૂકતાં હોય છે. બાકી સરકારી નિશાળમાં ભણેલાં છોકરાં જ મોટે ભાગે આગળ ઉપર નામ કાઢતાં હોય છે. મૂળમાં ઘરની કેળવણી જોઈએ.'

પલ્લવીની કાર વેચાઈ ગઈ ને નોકરી છોડી એ ઘેર બેસી ગઈ એટલે એની ઊંચી સોસાયટીની બેનપણીઓય એને મળવા આવતી ને એને વારતહેવારે પાર્ટીમાં બોલાવતી બંધ થઈ ગઈ. પણ એની વાત જાણી આખા વર્તૂળમાં બધાંને સમજણ પડી ગઈ કે પલ્લવીનાં સાસુ સસરાને કારણે એમના ઘરમાં કેવી રોનક હતી. બીજાં લોકોય એ વાત સાંભળી પોતાનાં વડીલોને કોઈ જાતનું મન દુખ ન થાય એની કાળજી રાખતાં થઈ ગયાં.

તો વળી કેટલાંક વડીલોએ પોતાનાં દીકરા વહુને કે દીકરી જમાઈને આ દાખલો આપી પોતાની ઉપયોગિતા બતાવવા માંડી. ને એનો ફાયદોય ઉઠાવવા માંડ્યો. મનોરભાઈના આ આશ્રમની વાત હવે તો ઘેરઘેર ચર્ચાવા લાગી. કેટલાકને તો પોતાનાં વડીલો શનિ કે રવિવારે બહાર ફરવા જાય તો ચિંતા થવા લાગી. એમના મનમાં બીક પેસી ગઈ હતી કે જો એમનાં વડીલોને કોઈ આશ્રમવાળો ભેટી ગયો તો એ વડીલ ગુમાવી બેસશે.

એક તો અત્યારે મંદી ચાલતી હતી અને નોકરીઓને માથે લટકતી તલવાર હતી તેમાંય જો આ વડીલસંકટ આવી જાય તો એમાંના કેટલાયને ઘર વેચી એપાર્ટમેન્ટમાં રહેવા જવા સિવાય બીજો કોઈ રસ્તો જ રહે એવો ન હતો.

એક દિવસ પલ્લવી અને અવિનાશ એમનાં બેય છોકરાંને લઈને સાંજના આશ્રમમાં આવ્યાં. અવિનાશને રજા હતી ને કાર નવરી હતી એટલે એ લોકો બાળકોને લઈ બા દાદાની ખબર કાઢવા આવ્યાં હતાં. એમણે આશ્રમને સરકારે બધી સગવડવાળી વિશાળ જ્ગ્યા આપી હતી એ વાત જાણી હતી પણ કામની ધમાલમાં એમનાથી અવાયું ન હતું. સાચું પૂછો તો એમનાથી શરમનાં માર્યાં અવાયું ન હતું. એમણે જ્ગ્યા જોઈ અને એ આશ્ચર્યથી મૂઢ થઈ ગયાં. એમણે સ્વપ્નેય ધાર્યું ન હતું કે નાના અમથા કુટુંબ કલેશથી કંટાળેલા કેટલાક વૃધ્ધ માણસોના એક મંડળને સરકાર આવી મોટી મિલકત આપી દેશે.

એ લોકો આવ્યાં ત્યારે સાહેબ અડધાં લોકોને અંગ્રેજી ભણાવતા હતા. એમણે બે બેચ પાડી દીધી હતી. એક બેચને સવારે ભણાવતા તો બીજી બેચને સાંજના ભણાવતા. આ રીતે આશ્રમના કામમાં પણ કશો વિક્ષેપ આવતો ન હતો ને બધાંનું ભણવાનુંય ચાલતું રહેતું હતું. પલ્લવી ને અવિનાશે જોયું કે એમાં મોટા ભાગની તો સ્ત્રીઓ હતી. ને સાહેબ એમને જે શિખવાડતા હતા એ તો ત્રીજા ચોથા ધોરણના અંગ્રેજીના અભ્યાસક્રમ જેવું હતું. એ બેય છક થઈ ગયાં. એમને એ જ ન સમજાયું કે ગામડાની લગભગ અભણ જેવી આ સ્ત્રીઓને આટલા થોડા સમયમાં સાહેબે આટલું બધું ભણાવ્યું કેવી રીતે હશે! એ લોકો આવ્યાં એટલે સાહેબની નિશાળ પાંચદશ મિનિટ વહેલી બંધ થઈ ગઈ.

રેવતીબેને પલ્લવી અને છોકરાંને બધાં સાથે મેળવ્યાં પછી પોતાના રૂમમાં એમને લઈ ગયાં. દેવશીભાઈ પણ બહાર બાગમાં હીંચકા પર બેઠેલા હતા એય રૂમ પર આવી પહોંચ્યા. રેવતીબેન રસોડામાં ગયાં ને ઉદ્ઘાટન વખતે કરેલી

મીઠાઈ લાવીને બેય છોકરાંને ખવડાવવા માંડી. એમણે પલ્લવીને કહ્યું : 'તુંય ખા. તે દિવસે મને એમ કે તમે લોકો આવશો પણ દેખાયાં જ નહીં. પાંચસો જેટલાં માણસો આવ્યાં હતાં, તમેય આવ્યાં હોત તો મજા પડત.'

'અમારેય આવવું તો હતું પણ અવિનાશને એક કામ નીકળી આવ્યું એટલે એ કાર લઈને જતો રહ્યો. આપણે મારાવાળી કાર વેચી દીધી છે એટલે મરાથી એકલીથીય પછી કેમનું નીકળાય!'

'તો પછી તારે નોકરી પર જવાનું?'

'નોકરી તો તમારા ગયા પછી છોડી દીધી. અવિનાશ કહે : છોકરાંને બાની કેળવણી હતી એવી તો કોઈ બેબીસીટરથી નહીં આપી શકાય. એના કરતાં તું જ નોકરી છોડીને છોકરાં રાખ ને જરૂર પડશે તો હું અઠવાડિયે પાંચસાત કલાકનો ઓવર ટાઈમ કરી લઈશ.' અવિનાશ એની સમજણભરી વાતો સાંભળી રહ્યો હતો. એ વિચારતો હતો કે એને ઓવરટાઈમ મળવાની વાત તો એક બાજુ રહી પણ કદાચ દર અઠવાડિયે એક વધારાની ફરજિયાત રજા પાડવાની કંપની ફરજ ન પાડે તોય નસીબદાર.

'તમારે અગવડ તો પડતી હશે પણ અમારાથી હવે અહીંથી નીકળાય એમ નથી. તારે ભીડ હોય તો મારી પાસે ત્રણ ચાર હજાર ડોલર પડ્યા હશે. કહેતો હોય તો કાલે મંગાવી આપું.' પેલું બાપનું હૈયું બોલ્યા સિવાય ન રહ્યું. પલ્લવી એ સાંભળીને શરમાઈ રહી. એને થયું કે પોતાનાથી કંટાળીને જેમને ઘર છોડવું પડ્યું હતું એવાં સાસુ સસરાના દિલમાં હજુય કેવી મમતા રહી છે!

એમને ભીડ તો હતી જ. એમને પહેલી વખત લાગ્યું કે સસરાની મમતા જોઈ એને પોતાના વર્તન બદલ પસ્તાવો થયો. એ આંખને ખૂણે આવી ગયેલાં આંસુને છુપાવવા નીચું જોઈ ગઈ. એમને ભીડ તો હતી જ. એમને પહેલી વખત લાગ્યું કે આ બે નિવૃત્ત માણસો પાસે જેટલી બચત હતી એટલી તો પાંચ વરસથી નોકરી કરતાં હોવા છતાં એમની પાસે આજે ન હતી. જો એવાંયે બે જણાં એમની સાથે રહ્યાં હોત તો કદાચ દશ પંદર હજારની બચત થઈ ગઈ હોત ખરી.

અવિનાશે કહ્યું : 'ના એવી કોઈ ભીડ નથી. બધું ગોઠવાઈ ગયું છે. તમારી બચતમાં ભાગ પડાવવા જેવાં અમે હવે ભાગ્યશાળી રહ્યાં નથી. તમે અમને જ નહીં પણ આપણા જેવાં ઘણાં કુટુંબોને જીવવાનો સાચો માર્ગ બતાવ્યો છે. તમારા જેવાં વડીલ ઘેરથી ગયા પછી અમારા જેવાં ઘણાંને ઘણી તકલીફો પડી હશે પણ તમે બધાં એમને તકલીફમાં મૂકવા માટે આ આશ્રમમાં રહેવા આવ્યાં નથી. તમે વધુ આરામથી અને સ્વતંત્રતાપૂર્વક રહી શકો માટે તમે એમ કર્યું છે એ બધાંને સમજાઈ ગયું છે.'

રેવતીબેને એમને થોડાં મીઠાઈ અને ફાફડા બાંધી આપ્યાં. પલ્લવી જતી વખતે બેયને પગે લાગી ત્યારે રેવતીબેનની આંખોય ભીની થઈ. ને પલ્લવી તો દોડીને કારમાં બેસી ગઈ ને છૂટે મોંએ રડી પડી. માને રડતી જોઈ પેલાં બે બાળકોય રડી પડ્યાં એમને ખબર ન હતી કે મમ્મી કેમ રડે છે. મોટાએ તો કહ્યુંય ખરું : 'મમ્મી, ચાલ ને બાને આપણે ઘેર લઈ જઈએ.'

'એ આપણે ઘેર હવે આવે નહીં.' પલ્લવીને બદલે અવિનાશે કહ્યું.

'એમનું ઘર આવું મોટું ને સરસ છે એટલે આપણે ઘેર નથી આવતા ને!' બાળકે એની સમજ અનુસાર તારણ કાઢ્યું. પેલાં બેની પાસે એના આ તારણનો કશો જવાબ ન હતો એટલે એ મૌન જ રહ્યાં. પણ બાનું ઘર મોટુંય હતું અને

સારુંય હતું એ તો હકીકત જ હતી ને! ને એથીય મોટી વાત તો એ હતી કે અહીં એ બેયનું સ્વમાન સચવાતું હતું ને સ્વતંત્રતા મણાતી હતી. એ બેય આવું સુખ છોડીને આવે એવી ખોટી આશામાં આ બેમાંથી કોઈ ન હતાં.

પણ બીજે દિવસે જ્યારે દેવશીભાઈએ બૅંકમાંથી ઉપાડીને ત્રણ હજાર ડોલર મથુર મહારાજ સાથે એમને મોકલી આપ્યા ત્યારે તો અવિનાશની આંખોય ચૂઈ પડી. એણે બાપને ખોટું ન લાગે એટલે એ પૈસા લઈ તો લીધા પણ પલ્લવીને કહી દીધું : 'આપણે એમની સાથે સારો વ્યવહાર ભલે ન કર્યો પણ એમના દિલમાં આપણે માટે જે મમતા છે એ મમતાના આ પૈસા છે. બૅંકમાં એક વરસની બાંધી મુદતની થાપણમાં એ મૂકી દઈશું. દર વરસે એને રીન્યૂ કર્યા કરીશું પણ બે દિવસ ખાધા સિવાય કાઢવા પડે તોય એમાંથી એક પૈસોય આપણે ખર્ચવાનો નથી. અને જો મને લાગે છે એ સાચું હોય તો એમણે આ પૈસા મોકલ્યા છે એ આપણી દયા ખાઈને મોકલ્યા નથી. એમણે આપણાં બળકોની દયા ખાઈને એ મોકલ્યા છે, એટલે એના પર આપણો હક પણ નથી ઊલટું એનાથી આપણે આપણાં બાળકોને જરાય દુખી ન થવા દઈએ એની એમાં ચીમકી છે એમ જ આપણે માનવું જોઈએ.'

પલ્લવીથીય કોઈ જવાબ અપાય એમ ન હતો, એ મુંગી જ રહી. એમની એકલાંની આ સ્થિતિ હતી એમ નહીં પણ એમના જેવાં કેટલાંય જુવાનિયાંની એવી જ દશા થઈ હતી. એમણે એમનાં માબાપ એમની સાથે જ રહેવાનાં છે ને બેયની નોકરી ચાલુ જ રહેવાની છે એ ગણતરીએ મોટાં મકાનો લઈ લીધાં હોય કે પૈસા બચાવવાની કશી પરવા ન કરી હોય એવાં એમાં ઘણાં હતાં. પણ એમાં તો એમની જ ભૂલ હતી. વળી એમણે એમનાં માબાપ સાથે જે વર્તન રાખ્યું હતું એને અંગે પણ એ વિચારતાં થયાં હતાં.

પેલી કહેવત છે કે દૂઝણી ભેંસની લાતેય ખાઈ લેવી જોઈએ પણ આ તો ઊલટાંની દૂઝણી ભેંસને ડફણાં મારવા જેવો ઘાટ એમણે કર્યો હતો. પછી હવે એ પોતાનાં માબાપનો વાંક કયે મોઢે કાઢી શકે! કેટલાક ભાવિન ડૉક્ટર જેવા હતા કે પોતાની ભૂલ સમજતાંની સાથે જ જેમણે એ સ્વીકારી લીધી હતી અને એનું પ્રાયશ્ચિત્ત કરવામાં શરમાયા વગર આગળ પડ્યા હતા. બાકી તો હજુય કેટલાય એવા હતા કે એ એમનાં માબાપની જ એમાં ભૂલ જોતા હતા. હજુ આટલું થયા છતાંય એમને પોતાની તકલીફો માટે પોતે જ જવાબદાર હોવાનો સ્વીકાર કરવા જેટલી સદ્‌બુધ્ધિ આવી ન હતી.

પેલાં કનક અને રિવાનો દાખલો એવો જ હતો. એમને તો મકાન ખોટ ખાઈને વેચી દેવું પડ્યું હતું ને જમાઈકા સ્ટ્રીટ જેવા એક અજાણ્યા વિસ્તારમાં એપાર્ટમેન્ટમાં રહેવા જતાં રહેવું પડ્યું હતું પણ હજુ રિવાને એનાં માબાપનો જ વાંક દેખાતો હતો. એ તો કહેતી હતી : 'બીજાં માબાપ હોય તો છોડીને કાંઈક આપીને ખુશ થાય પણ મારાં માબાપે તો અમને ઘરબાર વગરનાં કરી મૂક્યાં ને દૂર બેસીને તમાસો જોઈ રહ્યાં છે.'

પણ અવિનાશ સમજી ગયો હતો ને પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર થઈ ગયો હતો. એનાં બેન બનેવી આવવાનાં હતાં એની તારીખ જાણી એણે આશ્રમમાં જઈ દેવશીભાઈને પગે પડીનેય વિનવી લીધા હતા કે બેન, બનેવી ને ભાણેજાં પોતાની સાથે જ રહેશે. ને પોતે કે પલ્લવી એમને કોઈ વાતે ઓછું નહીં આવવા દે.

'એ લોકો તારે ત્યાં રહેશે તો તને ભીડ પડશે ને અહીં રહેશે તો ભાવિન ડૉક્ટરને કહીને તારી બેન સીમાને કોઈ લેબોરેટરીમાં નોકરીમાં પણ ગોઠવી શકાશે.'

'તે એ મારે ત્યાં રહેતાં હોય તોય તમે ભવિનભાઈને કહીને એમની ભલામણ કરાવજો ને! ને શંકરલાલને તો હુંય નાની મોટી નોકરી અપાવી શકીશ. ને મનોરકાકાને કહેશો તો એય એમને કયાંક ગોઠવી આપશે.'

'મારો વિચાર જમાઈને અહીં રાખી સાહેબની પાસે બે આંકડા અંગ્રેજીના પાકા કરાવવાનો હતો.'

'તમને તો ખબર છે કે આપણે ત્યાંથી ગાડી બદલ્યા સિવાય સીધા આશ્રમ પર આવી શકાય છે. બે ચાર દિવસની જાણકારી થશે પછી એમની જાતે જ એ રોજ એમના અનુકૂળ સમયે અહીં ભણવા અવ્યા કરશે. ને મહારાજ સિવાય ઓછી ઉંમરનું કોઈ આખા આશ્રમમાં નથી એટલે એ લોકો અહીં રહે તો કોઈને તમારી વાત કરવાનું બહાનું મળે એટલે આપણે એવું શું કરવા થવા દેવું! મારું માનો હવે તો પલ્લવીય સમજી ગઈ છે એટલે એમને કશું ઓછું નહીં આવવા દે.'

એટલે અવિનાશ પલ્લવી ને છોકરાંને લઈને આશ્રમ પર આવે અને એમને આશ્રમ પર મૂકીને પેલાં ચારેયને એરપોર્ટ પરથી લઈ સીધો આશ્રમ પર જ આવે એવી ગોઠવણ કરવામાં આવી. ને નકકી કરેલી તારીખે એ લોકો આવ્યાં ત્યારે અવિનાશ એમને લઈને સીધો બાપા પાસે આશ્રમમાં આવ્યો. બધાં ત્યાં જમ્યાં પછી દેવશીભાઈએ વાત ઉપાડી : 'એક જવાબદારી મનોરભાઈ તમને સોંપવાની છે, જમાઈ શંકરલાલ પૂરું મેટ્રિક સુધીય ભણ્યા નથી એટલે એમને લાયક કોઈ નાનું કામ શોધી તમારે એમને કામે લગાડી આપવાના છે ને બે ચાર મહિના સાહેબની પાસે બેસી એમણે થોડું અંગ્રેજી પાકું કરી લેવાનું છે.'

'એમને એકાદ અઠવાડિયું ફરવા ને ભોમિયા થવા દો પછી એમને વળગાડી દઈશું કયાંક. પહેલાં તો સાહેબની નિશાળમાં એ ચારેયને દાખલ કરી દો. બધાંને અંગ્રેજીનું જરૂરી શિક્ષણ મેળવવા દો. એમ કરો એ અવિનાશને ત્યાં ભલે રહે પણ ચારેય જણ સવારથી જ અહીં આવી જાય અને બપોરે અહી રસોડે જ જમે ને પોતાનો અભ્યાસ કરતાં રહે. ને રેલ્વેનો ટોકન ખર્ચવાનીય જરૂર નથી. અવિનાશ સવારે નોકરી પર જતાં એમને અહીં ઉતારતો જાય અને સાંજે નોકરીએથી પાછા ફરતાં એમને લેતો જાય.' મનોરભાઈએ તોડ કાઢ્યો.

'મને એમાં વાંધો નથી પણ એ બધાં એટલાં વહેલાં ઊઠીને પરવારી  શકશે ખરાં!'

'કોઈક દા'ડો ન પરવાર્યાં હોય તો અહીં આવીને નહાશે ધોશે. એમનાં થોડાં કપડાં અહીંય રાખવાં. કદીક એય ન સચવાય તો રેલ્વે તો છે જ.' મનોરભાઈએ તોડ કાઢ્યો.

મહારાજની સાથે ફરતાં ગોરાણીય ન્યૂ યોર્કનાં સારાં એવાં ભોમિયાં થઈ ગયાં હતાં એટલે એ બધાંને ન્યૂ યોર્કથી પરિચિત કરવાનું એમને માથે આવ્યું. વળી મહારાજનું સારું ચાલવા લાગ્યું પછી આશ્રમમાં બધાંને મદદરૂપ થઈ શકાય અને મહારાજની સાથે જજમાનવૃત્તિમાંય જઈ શકાય એમ ગણી એમણે નોકરી છોડી દીધી હતી. ને મહારાજની સાથે જવામાં તેમને કશું નુકશાન ન હતું. બધાં એમને ગોરાણી કહીને માન આપતાં હતાં ને દક્ષિણાય આપતાં હતાં. ને કદીક કોઈ એમને સાડી કે વાસણ જેવી બીજી ચીજોય ભેટ આપતાં હતાં. અત્યારે તો એમની પાસે એટલી બધી સાડીઓ થઈ ગઈ હતી કે હવે તો જે સાડીઓ મળે એ આશ્રમની બધી સ્ત્રીઓને વારા ફરતી બારોબાર જ આપી દેતાં હતાં.

એમને કામ મળી ગયું એટલે એમણે તો પેલાં ચારેયને લઈને જાણે ન્યૂ યોર્ક જ માથે લીધું હતું. એક અઠવાડિયામાં તો એ એમને વર્લ્ડ ટ્રેડ સેન્ટર, સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી, સિટી લાયબ્રેરી અને ઝૂ વગેરે સ્થળે ફેરવી આવ્યાં પણ હતાં, તો સારા સારા ગણાતા મોટા સ્ટોરમાંય લઈ ગયાં હતાં. દિવસને અંતે તો છેવટે એમને આશ્રમ પર જ આવવાનું થતું એટલે પેલાં લોકોને આશ્રમમાં એકલાં આવવું હોય તોય હવે આવી શકે એટલાં એ ભોમિયાં થઈ ગયાં હતાં.

મનોરભાઈએ જમાઈને તો ૭૪મી શેરી પરની એક દેશીની દુકાનમાં નોકરી અપાવી દીધી હતી. દેવશીભાઈની એ દીકરીની નોકરી માટે એમણે ડૉક્ટર ભાવિનને વાત કરી હતી અને ડૉક્ટરે એને એક સરનામું આપ્યું હતું એ પર એણે સોમવારને દિવસે જવાનું હતું. ગોરાણી કહે : 'એમાં ગભરાવાની જરૂર નથી. હુંય તારી સાથે આવીશ.'

બધાંને એમ હતું કે સીમા પાસે લાયકાત છે અને ઉપર ડૉક્ટરની ભલામણ છે એટલે એને નોકરી તો મળી જશે. સવારમાં આશ્રમ પરથી સીમા ગોળ ખાઈને નોકરી માટે નીકળી ત્યારે એના મનમાં ગભરાટ જરૂર હતો પણ એને એ ચિંતા ન હતી કે એને નોકરી નહીં મળે તો કયાં રહેશે કે કાલે શું ખાશે! એને પલ્લવી એવી રીતે રાખતી હતી કે જાણે એ એની નણંદ નહીં પણ એની બેન ન હોય!

જયાં ડૉક્ટરે સીમાને નોકરીની ભલામણ સાથે મોકલી હતી એ એક મોટી લેબોરેટરી હતી. ઘણી બધી નાની નાની હૉસ્પિટલો સાથે એ સંકાળાયેલી હતી. એટલે પરદેશના એકલા કવોલિફિકેશન પરથી તો એ એને નોકરીએ ન જ રાખે એ દેખિતું હતું. એમણે સીમાને ત્રણ મહિના માનદ સેવા આપવાની શરત સાથે કામ પર લેવાની તૈયારી બતાવી. આ સમય દરમિયાન એને મહિને પાંચસો ડોલરનું માનદ વેતન આપવાનું એમણે સ્વીકાર્યું હતું. ગોરાણીને આ પાંચસો ડોલરની વાત બહુ ગમી નહીં, પણ દેશમાંથી આવેલી અને જિંદગીમાં કયારેય જેણે પગારનું પડીકું જોયું ન હોય એવી સીમાને મન તો આ પાંચસોનું માન વેતન એક વરદાન જેવું હતું. એણે એ નોકરી સ્વીકારી લીધી. ને બીજા દિવસથી પોતે કામ પર હાજર થઈ જશે એમ પણ જણાવી દીધું.

આશ્રમ પર પણ બધાંને એની આવા ઓછા પગારવાળી નોકરી ગમી તો નહીં પણ સાહેબે એમને સમજાવ્યું : 'અત્યારે એ લોકોએ એને ભલે ઓછો પગાર આપવાની વાત કરી હોય પણ ત્રણ મહિના પૂરા થયા પછી તમે જોશો કે એ બે માણસોના પગાર કરતાંય વધારે કમાતી હશે. આપણા દેશમાં આવા વિષયોમાં જે ભણાવવામાં આવે છે એ અહીંના કરતાં વધુ ઊંડાણમાં હોય છે છતાં આ લોકો પોતાનું મહત્ત્વ બતાવવા આપણા લોકોને લાયસન્સની પરીક્ષા અપાવે છે અને મફત દાખલ બેચાર મહિના કામ કરાવી લેતા હોય છે.'

હજુ શિયાળો મહિના જેટલો બાકી હતો એટલે બધા ઉત્સાહી કાર્યકરો આરામ ફરમાવી રહ્યા હતા. ચાર માણસો મોટેલમાં મદદ માટે વારા ફરતી બેબેની ટુકડીમાં જતા હતા. મોટેલ સંભાળવા માટે એક કાબેલ યુગલને મૂકી દીધું હતું. એમણે તો ત્યાંનું રસોડું પાછું ચાલુ કરી દીધું હતું. દેવશીભાઈએ તો એમને વારંવાર કહ્યા કર્યું હતું કે એ રોજ આવતા પેલા માણસો સાથે ખાવાનું મોકલી આપશે પણ પેલાં બે કહે : 'તમે ખાવાનું મોકલો તોય અહા માટે તો અમારે રસોડું ચાલુ રાખવું જ પડે ને! તો પછી મૂઠી ચોખા બાફી નાખતાં અમને શી તકલીફ પડવાની હતી! અમારે તો અમારે પણ કોઈક દિવસ કામ વધારે હોય ને પાછા ફરતાં પેલા લોકોને મોડું થઈ જાય તો એમનેય મોટેલ પર ગરમ ખાવાનું મળી રહે ને!'

મનોરભાઈ કહે : 'એમની પાસેથી હવે પૈસા લેવાના બંધ કરજો. ખરી રીતે તો એમને કાંઈક ભથ્થુંય આપવું જોઈએ.'

તો પેલાં કહે : 'અમારે એવું કશું ભથ્થું જોઈતું નથી. અમને એક જ વાતનું દુખ છે કે તમે બધાં નવા મકાનમાં રહેવા ગયાં ને અમને આવા જૂનામાં ધકેલી મૂકયાં.'

'તો કયારના બોલતા શું નથી! આપણા બધાય કારીગરો નવરા બેઠા છે ને માલ સામાન તો ઢગલા મોઢે પડ્યો છે. કાલે જ પાંચ સાત માણસોને તમારે ત્યાં મોકલી આપીએ. તમારે જેવું જોઈએ એવું રહેવાનું બનાવરાવી દઈએ, પછી છે કાંઈ!'

ને નવરાં લોકોને જાણે કાંઈક કરી બતાવવાની ચાનક ચઢે એવું કામ મળી ગયું. એક બે જણાએ તો ત્યાં સુધી કહ્યું : 'આખી મોટેલનો ભપકો જ બદલી નાખીએ.'

પણ પેલા સુથાર ભાઈઓને ખબર હતી જ કે એ જૂના મકાન પાછળ બહુ ખર્ચ કરવા જેવો ન હતો. એના કરતાં તો એને આખું તોડી પાડી એની જગ્યાએ નવી જ મોટેલ બનાવવા જેવી હતી. પણ એની માલિકી પોતાની કયાં હતી! જો એ માગી કિંમતે મળી જતી હોય તો ત્યાં ચાલીસ પચાસ રૂમની ફ્રેન્ચાઈઝ મોટેલ બનાવી શકાય. પણ હજુ પાંચ વરસનું લીઝ બાકી હતું. છતાં એમણે મનોરભાઈને વાત કરી.

મનોરભાઈને એમનો આ વિચાર ગમ્યો. એમણે કહ્યું : 'જો તમે આ મકાન વનાવીને થાકયા ન હો અને તમારી આ મોટેલ ખરીદી લેવાની ઈચ્છા હોય તો આપણે એમ કરીશું. પહેલાં આ નવા મકાનનું કામ પૂરું થઈ જાય અને એનું ઉદ્ઘાટન થઈ જાય પછી વિચારીએ.'

ને મકાન તો લગભગ પૂરું થયેલું જ હતું ને! જે કાંઈ બાકી હતું એ શિયાળાને કારણે જ બાકી હતું એટલે મે મહિનાની આખરે એ કામ પૂરું થઈ જ જશે એની ખાતરી બેય સુથાર ભાઈઓએ આપી દીધી હતી. ને બધા મે મહિનાની પહેલી તારીખની જ જાણે વાટ જોતા હતા. જેટલી ઉતાવળ કામ પૂરું કરવાની તેમને હતી એના કરતાંય વધારે ઉતાવળ જોને હતી. એણે જે રીતે કામ થતું હતું એ નજરે જોયું હતું અને બાકી હતું તે પેલા બીજા માળના ઊંચાઈ પર કામ કરવા માટે જે કેટલાક બહારના કારીગરોને બોલાવ્યા હતા એમણે એને કહ્યું હતું. બધાનો અભિપ્રાય એવો થયો હતો કે સિટીના કોડ કરતાંય વધારે ચોકસાઈ અને વધારે કાળજીથી આ કામ થયું હતું.

ને જોએ એના દોસ્તોમાંય વાતો કરવા માંડી કે બધા રીટાયર્ડ માણસો શું કરી શકે છે એ જોવું હોય તો આ આશ્રમનું કામ જોઈ જવું. ને કામ શરૂ થતાંની સાથે જ એને જોવા આવનારાંએ પણ ધસારો શરૂ કરી દીધો. એમને સમજણ પાડવાની જવાબદારી આપોઆપ જ સાહેબ પર આવી ગઈ. કામ પૂરું થયું એ એક મહિનામાં લગભગ એક હજાર કરતાંય વધુ માણસોએ આ કામ જોવા માટે જ આશ્રમની મુલાકાત લીધી હતી. એમાં કેટલાક ભારતીયો હતા પણ મોટા ભાગના તો બીજા અનેક દેશોના હતા.

પાછું મથુર મહારાજે મૂરત કાઢી આપ્યું ને પાછો પાંચ કુંડી યજ્ઞ કરવાની જવાબદારી એમને માથે આવી ગઈ. આવી શું ગઈ, એમણે જાતે જ એ જવાબદારી ઊભી કરી હતી ને! એક બે જણાએ તો મનોરભાઈને હસતાં કહ્યુંય ખરું : 'આ મહારાજને આશ્રમમાંથી કાઢો. એને તો છાશવારે આવા યજ્ઞ કરવાની ચાનક ચઢે છે.'

'એના કરતાં આપણે એની જજમાનવૃત્તિ પર પચાસ ટકાનો લાગો નાખો ને! સાહેબે એને બાંમણિયું કરતો કર્યો છે ને આશ્રમે એને પાલવ્યો છે.'

'સાહેબ કે મનોરભાઈ અને કશું નહીં કહે અને બધાં બૈરાંય ગોરાણીની દક્ષિણામાં ભાગ મળે છે એટલે એને કશું નહીં કહે પણ આજે સાંજે આપણે બધાએ થઈને એને કહેવું પડશે.' એક જણાએ મમરો મૂકયો ને બધા તાલ જોવા અધીરા થઈ ઊઠ્યા.

'પણ આપણાથી એના પેટ પર લાત ન મરાય.' કોક ન સમજેલા વડીલ બોલી ઊઠ્યા.

'તે આપણે લાત મારવીય કયાં છે! આ તો બે ઘડી ગમ્મત. અને તમે જોજો કે એ મહારાજ આપણી વાતનો કોઈ વિરોધ કરે એના કરતાં આપણાં બૈરાં જ વિરોધ કરતાં દોડી આવશે.

અનુક્રમ Þ

## ૧૧. બાંમણિયું નંબર ત્રણ

મકાન જેણે જોયું એ બધાએ કબૂલ કર્યું કે નવું મકાન જૂના કરતાં ઘણી બધી રીતે સારું બન્યું હતું. બહારથી જોનારને એક ફેર નજરે પડયા સિવાય રહે એમ ન હતો કે આમાં ફાયર-એસ્કેપ માટે સાદી લોખંડની નિસરણીઓની જગ્યાએ ત્રણ જગ્યાએ લપસણીઓ બનાવવામાં આવી હતી. અને આ તો બહાર જ હતી એટલે બધાંની નજરે એ ફેરફાર તો પડ્યો જ. પણ અંદર દાદરને બદલે બેઈઝમેન્ટ, પહેલા માળ અને બીજા માળને જોડતી લીફ્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને આખા મકાનમાં ઓટોમેટિક ફાયર સ્પ્રીંકલરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આશ્રમવાસીઓએ જે જાત મહેનત કરી હતી એને તો મૂળ અંદાજમાં ગણવામાં આવી જ ન હતી. એટલે બધા મળીને પચીસેક હજાર ડોલરનો એમાં ફાયદો થયો હતો એટલે કામ શરૂ થયા પછી, બધાંનો કામ કરવાનો ઉત્સાહ જોયા પછી આર્કિટેકટને મળીને આ બધા ફેરફાર સામેલ કરાવવામાં આવ્યા હતા. આ બધા ફેરફાર વૃધ્ધ માણસોને ખ્યાલમાં રાખીને કરાવવામાં આવ્યા હતા એટલે બધા આશ્રમના આયોજકોની વિચારશકિતની પ્રશંસા કરી રહ્યા. આ બધાની પાછળ જો સીધી કે આડકતરી રીતે સંકળાયેલો છે એવી વાત પણ લોકો કરવા માંડ્યા. ને એ વાત કંઈક અંશે સાચી છે એમ આશ્રમવાસીઓય સ્વીકારતાં હતાં એટલે તો જોને આશ્રમને માટે કામ કરવાની વધારે ધગશ જાગતી હતી. એમની ઑફિસમાંય લોકો જોને પૂછતા હતા ને : 'તમારો હવે પછીનો પ્લાન શો છે!'

ને જો એમને સંતોષથી મુસ્કુરાતાં જવાબ આપતો હતો : 'તમે આ નવા મકાનના ઉદ્‌ઘાટનમાં આવશો ત્યારે ખબર પડશે.'

આ તરફ નકકી થયા પ્રમાણે બેચાર વૃધ્ધોએ મથુર મહારાજને પકડ્યો. જેમાં હોય એમાં તારું બાંમણિયું આગળ કર છ તે હવે આશ્રમમાં તારા દા'ડા ભરાઈ ગયા છે. મારું માનું તો અત્યારથી જ ભાડાનું મકાન જોવા માંડજે.'

મહારાજ તો ગભરાઈ જ ગયો. પણ આ વખતે તો મેં કશી વાત કરી જ નથી. મને તો મનોરકાકા ને સોમાકાકાએ સામે ચાલીને આવી વ્યવસ્થા કરવાનું મને કહ્યું છે.'

'મને લાગે છે કે તું આશ્રમમાં રહીને તારું બાંમણિયું ચલાવ છ અને તને બધા કરતાં વધારે પૈસા મળે છે એટલે કોઈકે એમને ભંભેર્યા હશે. કદાચ એમનો તારી આવકમાંથી આશ્રમને માટે ટડધો ભાગ કઢાવવાનોય વિચાર હોય.'

'અરે, અડધો તો શું આખોય ભાગ આપી દઉં, મારે કયાં કોઈ પાછળ ખાનાર છે!'

'હા, એ વાત સાચી. પણ મહારાજ સાચું કહેજે તારે ત્યાં વસ્તી કેમ નથી! તેં ગોરાણી પાસે રાખડી તો નથી બંધાવી દીધી ને ભૂલમાં!' એક વડીલે એમની ઉંમરે ન છાજે એવું ટીખળ કર્યું.

પણ મહારાજ એમને કશો જવાબ આપે એ પહેલાં રેવતીબેન રસોડામાંથી આવતાં બધાને ટોળ કરતા જોઈ ઊભાં રહી ગયાં : 'શાની વાત ચાલે છે મહારાજ સાથે?' એમણે સહજ ભાવે પૂછ્યું.

'આ તો અમે ઊડતી વાત સાંભળી છે કે મથુર મહારાજ આશ્રમમાં રહીને જજમાનવૃત્તિ કરે છે તે એમાં આશ્રમને અડધો ભાગ આપવો જોઈએ એમ આશ્રમ વિચારે છે.'

'કોણ એવું વિચારે છે!' રેવતીબેન મહારાજની વાત આવતાં સજાગ થઈ ગયાં.

'બીજું તો કોણ વિચારવાનું હતું! જે બે ત્રણ જણા આશ્રમનો વહીવટ કરે છે એ જ વિચારતા હોય ને!'

'આટલા બધા પૈસા આવે છે તોય મૂવા ધરાતા નથી તે એક બાંમણના પેટ પર લાત મારવા તૈયાર થયા છે! મહારાજ તમે બીશો નહીં અમે હમણાં જ એમની ખબર લઈએ છીએ.' કહેતાં એ જશોદાબેનની રૂમમાં પેઠાં. બધાને થયું કે હમણાં જોયા જેવી થશે.

'પણ રેવતીબેન આવ્યાં એટલે આપણી વાત અધ્ધર રહી, તેં મને જવાબ ન આપ્યો.'

'તમારી વાત સાંભળીને મારા મનમાં તો ધાક પડી ગઈ છે. હું હમણાં જ જઈને સોમાકાકાને કહી આવું છું કે મને જે દક્ષિણા મળે એ બધી આશ્રમને આપી દઈશ પણ મને આશ્રમમાંથી જાકારો ના દેશો.' કહેતાં એની આંખને ખૂણે આંસુ તગી રહ્યાં. પેલા મશ્કરી કરનારાઓને પણ લાગ્યું કે એમણે મહારાજને વધારે પડતો ગભરાવી મૂકયો હતો. પણ વાત આટલી આગળ વધી હતી તો હવે એનો ખુલાસો કાર્યકરો ને મહિલાઓ જ કરે એ જોવાની મજા આવશે.

ગભરાતો મહારાજ ગયો એટલે પેલા વડીલો પણ ઑફિસની નજીકના બાગના બાંકડા પર જઈને ગોઠવાઈ ગયા. અંધારું જામતું જતું હતું એટલે કોઈ દૂરથી એમને ઓળખી શકે એમ ન હતું એ વાતે એમને સંતોષ હતો. એ ગોઠવાયા હશે કે આશ્રમનાં બધાં જ મહિલાઓનો સંયુકત મોરચો ધડાધડ કરતો ઑફિસમાં જઈ પહોંચ્યો. મહારાજ હજુ તો પોતે કેવી રીતે વાત કરવી એની દ્વિધામાં હતો ત્યાં બધાં વતી જશોદાબેને સોમાભાઈ ઉપર જ રોષ ઠાલવવા માંડ્યો : 'આટલા પૈસા આવે છે તોય તમારી ભૂખ નથી ભાગતી કે તમે આ બાંમ્ણના પેટ પર લાત મારવા તૈયાર થયા છો!'

'શાની ભૂખ અને શાની વાત. આપણે તો એનો હાથ પકડીને ઊભો કર્યો છે પછી લાત મારવાની વાત જ શી!' કાંઈ સમજણ ન પડતાં સોમાભાઈએ કહ્યું. સાહેબ અને મનોરભાઈ પણ એમના આ આક્રમણને ન સમજી શકતાં તાકી રહ્યા.

'તે હાથ પકડીને ઊભો કર્યો એટલે એની દક્ષિણામાંથી તમને અડધો ભાગ આપી દે એમ ને! તમને આવી દલાલી માગતાં લગારેય શરમ નથી આવતી?'

'જશોદાબા, મેં તો નકકી કરી દીધું છે કે અડધી નહીં પણ બધી જ દક્ષિણા મારે આશ્રમને ચરણે ધરી દેવી. મારે પાછળ કોઈ ખાનાર તો છે નહીં. મારે જરૂર પડશે તો પાછી નોકરી ચાલુ કરી દઈશ. આજે હું જે કાંઈ છું એ આશ્રમને કારણે તો છું.'

'તે તમારે પાછળ ખાનાર નથી તો આશ્રમની પાછળેય કોણ ખાનાર છે! તમારે દક્ષિણામાંથી એક પૈસોય આપવાનો નથી. અમેય જોઈએ છીએ કે તમને કોણ આશ્રમમાંથી બહાર કાઢે છે. કાલે હવારે તમારે ત્યાં વસતી થશે ત્યારે આ બધા તમારું પૂરું કરવા આવવાના છે!'

'પણ આવી પાયા વગરની વાત તમને કરી કોણે! મહારાજ તો આપણા આશ્રમનું રતન છે. એને કારણે તો છેક કનેકટીકટ અને ફિલાડેલ્ફિયાથી લોકો આપણા આશ્રમમાં એને ખોળતા આવે છે ને પોતાના ગામમાં આશ્રમનાં વખાણ કરે છે. એની પાસે કોણે એક પૈસોય માગ્યો છે! ઊલટું આ વખતે વિધિ કરાવ્યાના દાપામાં એમને ચાંદીનો કળશ આપવાની અમે તો વાતો કરતા હતા.'

‘હવે તો તમે કળશેય આપશો ને શાલેય ઓઢાડશો. ત્યારે પહેલેથી આવો હલકો વિચાર ના કર્યો હોય તો કેવું સારું!’

‘પણ તમને આ વાત કરી કોણે એ તો કહો. આપણે એમને બોલાવીને ચોખવટ કરી લઈએ.’

‘બહારના કોઈએ નથી કરી. મોહનભાઈ અને શંકરભાઈએ જ કરી છે.’

ને હસી પડતાં સોમાભાઈ કહે : ‘ને એમની વાતો સાચી માનીને બધાં મોરચો કાઢીને આવ્યાં ને મને તો મને પણ ભેગા સાહેબનેય ભીડાવી દીધા. એ શંકરભાઈ કાલે જ કહેતા હતા કે ડ્રાયવોલના સાંધા પર કાચ પેપર મારતાં જે સફેદ પાવડર પડે છે એ જો એક ડબ્બામાં ભરી રસોડામાં મેંદાની જગ્યાએ ગોઠવી દીધો હોય તો રેવતીબેનની વલે જોવાની મજા પડે. એટલે હવે મેંદો વાપરતા પહેલાં ચાખી જોવાની ટેવ રાખજો નહીં તો કોઈક દિવસ એ તમારી ફજેતી કરાવશે.’

હવે વાત એમ બની કે એ મહિલાઓના ટોળામાં પેલા બેય જણાનાં પત્નીઓ પણ હતાં. શંકરભાઈનાં પત્ની કહે : ‘આજે એમને એ પાવડરના દૂધની ચ્હા ન પીવડાવું તો મને કહેજો. એમને આખો જન્મારો ગયો તોય આવાં ટીખળ કરવામાંથી જ ઊંચા નથી આવતા. આવાં બધાં ટીખળ જવાનીમાં શોભે, આ ઉંમરે એ આવું કરે ને બહાર ગામમાં કોઈ જાણે તો આશ્રમનું જ ખોટું દેખાય ને!’

‘હોય એ તો એમને ક્યારેક આવી ગમ્મત કરવાનું મન થઈ જાય છે. ને આખા આશ્રમમાં મહારાજ જ નાનો છે એટલે આજે એ હાથમાં આવી ગયો. જા, ભાઈ મથુર મહારાજ, તને કોઈ આશ્રમની બહારેય કાઢવાનું નથી કે કોઈ તારી પાસે દક્ષિણામાં ભાગેય માગવાનું નથી. પણ એક વાત ગોરાણીને કહી દેજે કે હવેથી કોઈને એકેય સાડી ન આપે, નહીં તો આ બધાં બૈરાં ભેગાં થઈને તારું ઉપરાળું લઈને અમને બધાને આશ્રમમાંથી બહાર કાઢી મૂકશે.’

તોય મહારાજ તો બાપડો રડવા જેવો થઈને બેઠો જ રહ્યો. પેલાં કહે : ‘ઊઠો મહારાજ, એમ કાંઈ ગભરાઈ જવાતું હશે! આપણે બધાંએ ભેગાં થઈને હવે તો એ બે જણાને એવો પાઠ ભણાવીશું કે એવાયે જીવશે ત્યાં સુધી યાદ કરશે.’

ગયા વખતની જેમ આ વખતેય બધાં આશ્રમવાસીઓનાં સંતાનોને નોતર્યાં હતાં તો સામે પક્ષે સરકારી અમલદારોમાંય કેટલાક નવા અમલદારોને જોના કહેવાથી નોતર્યા હતા. એમાંના કેટલાકને તો જોએ આ નવું મકાન બતાવવાના ખાસ આશયથી જ નોતરાં મોકલાવ્યાં હતાં.

કોણ જાણે કેમ પણ આજે સવારથી મહારાજ પણ કોઈ અનોખા ઉત્સાહમાં હોય એમ દોડાદોડ કરતો હતો. હજુ કોઈને વાત કરી ન હતી પણ કાલે ગોરાણી દવાખાને જઈ આવ્યાં હતાં ને એમને સારા દા’ડા છે એવા સારા ખબર લઈ આવ્યાં હતાં પણ અવસર પત્યા પહેલાં બધાં કામની એટલી ધમાલમાં હતાં કે વાત કરવાની મજા નહીં આવે એમ માની એમણે એ વાત કોઈને કરી ન હતી. વળી થોડી શરમ પણ ખરી.

પૂજામાં આ વખતે દેવશીભાઈને બદલે એમનાં દીકરી-જમાઈ બેસવાનાં હતાં. જ્યારથી એ લોકો આવ્યાં ત્યારથી આશ્રમે જ જાણે એમનો હાથ પકડ્યો હતો અને એમને બધાંને રાગે પાડ્યાં હતાં. એ લોકો ભલે કહેવા પૂરતું અવિનાશને ત્યાં રહેતાં હોય પણ એમનો બધો સંપર્ક તો આશ્રમ સાથે જ રહ્યો હતો. દિવસનો નવરાશનો મોટો ભાગ તો એ લોકો આશ્રમમાં જ ગળતાં હતાં. સાહેબ તો એમને કદીક કહેતાય ખરા : ‘અલ્યા તમે બધાં રોજ ઘેરથી અહીંનાં ભાડાં ખર્ચ્યા કરો છો એને બદલે અહીં જ રહી જાવ ને! અમારેય પાછલી ઉંમરે નાનાં છોકરાંનો કલબલાટ તો રહે ને!’

પણ હવે પલ્લવી સમજી ગઈ હતી. એ એની નણંદને જરાય ઓછું આવવા દેતી ન હતી. તો સામે પક્ષે સીમાય આશ્રમવાસીઓ સાથે વાતચીતમાંથી જે સમજી ગઈ હતી એથી એ પણ પોતાની ભાભીને મદદરૂપ થવાના અનેક ઉપાયો કરી એનેય ખુશ રાખ્યા કરતી હતી. વળી સીમાનાં બેય બાળકો બાર વરસથી વધુ ઉંમરનાં હતાં એટલે એ પલ્લવીનાં બાળકોને સાચવી શકે તેમ હતા. એટલે જ્યારે સીમાનાં છોકરાં ને અને પલ્લવીનાં છોકરાંને નિશાળમાં દાખલ કરવામાં આવ્યાં ત્યારે એમને બેબી સીટરની જરૂરિયાત જ ન રહી ઊલટું પલ્લવીને પણ નોકરી કરવી હોય તો એને માટે માર્ગ ખૂલ્લો થઈ ગયો.

ને એણે પોતાને મળી એવી એક નોકરી લઈ લીધી. કડવા અનુભવે હવે પલ્લવી ઘડાઈ હતી એટલે એણે બીજી કાર ખરીદવાને બદલે ટ્રેનમાં નોકરી પર જવા આવવાનું રાખ્યું. એક તો ઘરમાં એક પગાર વધારાનો આવતો થયો હતો અને સીમા અને શંકરલાલ નોકરી પરથી આવતી વખતે બજારમાંથી ઘરમાં જરૂરી એવું કાંઈક ને કાંઈક લેતાં આવતાં હતાં. પલ્લવીને એ ગમતું પણ એ કહેતી : 'તમારે એવા ખર્ચા કરવાની જરૂર નથી. અઠવાડિયે એક દિવસ જ્યારે કાર નવરી હોય ત્યારે બજારમાં જઈશું ને બધી ચીજો લેતાં આવીશું.'

'જુઓ તમારે એવું ગણવું નહીં. હવે તો અમે કમાઈએ છીએ. કદાચ બે પૈસા ઘર માટે ખરચીએ તોય શું! આમારી પાછળ આટલા બધા ખરચા તમે જ કરો છો ને! થોડાક તો અમારા ખર્ચાવા દો.'

ગમે તેમ તોય પલ્લવીના સ્વભાવમાં આભ જમીનનું પરિવર્તન આવી ગયું હતું. એ હવે ઘરરખ્ખુ બની રહી હતી અને તેમાંય એને સીમા જેવી નણંદ મળી હતી. ને મૂળ વાત તો એ હતી કે એને ને સીમાને સગી બેનો જેવું બનતું હતું. પલ્લવીની જૂની બેનપણીઓ પાછી આવવી ચાલુ થઈ ગઈ હતી. એમાં કેટલીકને આશ્રમને કારણે ખર્ચામાં કાપ મૂકી લાઈનમાં આવી જવું પડ્યું હતું તો કેટલીકને આર્થિક મંદીએ નીચાં નમવા ફરજ પાડી હતી. કદીક આવી કોઈ બેનપણી આવી હોય ને સીમા હાજર હોય તો પલ્લવી હસતાં કહેતી ; 'બહાર પર્ટીઓમાં મારાથી હમણાંનું અવાતું નથી. શું કરીએ આ નણંદ માથે પડ્યાં છે તે.'

'મારેય તમારા જેવું જ થયું છે, તમને નણંદ માથે પડી છે ને મને ભાભી માથે પડી છે. આપણે બેય સમદુખિયાં છીએ.' સીમા કહેતી ને પેલી આવનારીનેય મોં ઠાવકું રાખી એમને હસવા લાગવું પડતું.

આ વખતનો સમારંભ રવિવારને દિવસે રાખવામાં આવ્યો હતો એટલે શનિવારે સવારથી જ આશ્રમવાસીઓનાં સંતાનો કામકાજમાં મદદ કરવા હાજર થઈ ગયાં હતાં. તો પોતાનાં પૌત્ર પૌત્રીઓને આવેલાં જોઈ કેટલીય સ્ત્રીઓના હરખમાં ઉમેરો થઈ ગયો હતો. બે વરસ પહેલાં જ્યારે યજ્ઞ રાખવામાં આવ્યો હતો ત્યારે પાંચસો માણસો ભેગાં થવાનો અંદાજ હતો પણ આ વખતે તો કદાચ સાતસો કરતાંય વધારે માણસો ભેગાં થશે એવો અંદાજ હતો. ગયે વખતે અવસર ચૂકી ગયેલી પલ્લવી આ વખતે આગલે દિવસથી જ સીમાની સાથે હાજર થઈ ગઈ હતી ને રસોઈના કામમાં રેવતીબેનને મદદ કરવામાં લાગી ગઈ હતી.

તો જો પણ બેચાર દોસ્તો સાથે આગલે દિવસે થતી તૈયારીઓ જોવા આવી ગયો હતો. એણે એકેએક રૂમમાં ફરીને પોતાના દોસ્તોને આખું મકાન બતાવ્યું હતું. પેલા દોસ્તોએ એ બનાવનાર કારીગરોને મળવાની ઈચ્છા બતાવતાં એણે છગનભાઈ તથા છોટાભાઈની સાથે તેમનો મેળાપ કરાવી આપ્યો હતો. પેલા તો આ ઉંમરે પહોંચેલા સીધા સદા માણસોને જોઈ વિચારમાં જ પડી ગયા હતા. આ માણસ મુખ્ય કોન્ટ્રાકટર છે એ સમજાતાં એમને ઘણી વાર લાગી હતી.

બીજે દિવસે મથુર મહારાજે નવ વાગ્યાથી જ વિધિ શરૂ કરી દીધી હતી. આ વખતે દેવશીભાઈને બદલે એમનાં દીકરી-જમાઈ પૂજામાં બેસવાનાં હતાં પણ છેલ્લી મિનિટે સાહેબે અવિનાશ અને પલ્લવીનેય તૈયાર કરી દીધાં. પલ્લવીને તો

ઘેર કપડાં બદલવા દોડવું પડ્યું. દેવશીભાઈ ઘણુંય ના ના કહેતા રહ્યા કે એક ઘરનાં બે બે જોડાં બેસે તો કોઈને વાત કરવાનું બહાનું મળશે પણ એમનું કોઈ માને તો ને! બધાંને આનંદ હતો કે રસ્તો ભૂલેલાં એમનાં છોકરાં ધીમે ધીમે નજીક આવતાં જતાં હતાં.

મથુર મહારાજે આ વખતે પૂજામાં એક વધારાની વિધિ ઉમેરી દીધી હતી. પૂજાની શરૂઆતમાં એમણે બધાંને હાથમાં પાણી આપી હસ્ત પ્રક્ષાલય કરાવ્યું ત્યાર પછી શંકરભાઈ અને મોહનભાઈને ફરીથી હાથમાં પાણી આપ્યું. વિધિનો જ એક ભાગ સમજીને બેયે હાથમાં પાણી લીધું. તો મહારાજ કહે : ‘તો જજમાન પાણી મૂકો કે હવેથી કોઈની મશ્કરી નહીં કરીએ, ને બ્રાહ્મણની તો નહીં જ.’

‘જે સાચો બ્રાહ્મણ હશે ને પરદેશ જઈને વટલી નહીં ગયો હોય એવા બ્રાહ્મણની મશ્કરી નહીં કરીએ.’ કહેતાં એમણે પાણી મૂક્યું ને બાજુમાં બેઠેલી એમની બૈરીઓએ એમને કોણીનો ગોદો મારી લેતાં મનમાં કહ્યુંય ખરું : ઘરડા થયા તોય ગત ના ગઈ. આજુબાજુ બેઠેલાં બીજાં જોડાંએય હસીને એમને ટેકો આપ્યો.

જોને એની ઑફિસમાં બધા પૂછતા હતા કે આશ્રમનો હવે પછી કયો પ્રોજેક્ટ છે એના જવાબ માટે એણે એમને સાહેબના ભેગા કરી દીધા. એ કહે : ‘તમને બધાને ખબર હશે કે આશ્રમ એક મોટેલ પણ ચલાવે છે. હવે એ જગ્યા વિકસતી જાય છે એટલે એ મોટેલને તોડીને એક મોટી સારી મોટેલ બનાવી દીધી હોય તો સારો ધંધો કરી શકાય તેમ છે. અમારે એ જગ્યા વેચાતી લેવા બાબતમાં એના માલિક સાથે વાત થઈ ગઈ છે. આ વરસે જ એને તોડી નાખી ત્યાં એક સો રૂમની ફ્રેન્ચાઈઝ મોટેલ બાંધવાનું કામ શરૂ થઈ જશે અને આવતે વરસે આ જ સમયે એનું વિધિવત્ ઉદ્‌ઘાટન પણ થઈ ગયું હશે એવો અમારો પ્લાન છે.’

‘એ તો ઘણો મોટો પ્રોજેક્ટ થાય. કેટલો ખર્ચ થાય એમ લાગે છે?’

‘અમે એ મોટેલ તૈયાર કરીને તરત જ વેચી દેવા માગીએ છીએ એટલે એના ખર્ચના આંકડા બહાર પાડી શકાય નહીં. પણ આશ્રમના આ લોકો જે મહેનત કરશે એનું મળતર ગણીએ તો એ મોટેલ અમે સાત સોથી આઠ સો હજારમાં વેચી શકીશું. આજે બજારમાં જે ભાવ ચાલે છે એના કરતાં તો તોય એ દશથી પંદર ટકા સસ્તી પડશે જે લેશે એને. ને કામ પણ તમે જુઓ છો એવું સિટીના કોડ કરતાંય વધુ સારું થશે એની અમારી ખાતરી.’

‘તમે એ મોટેલ તૈયાર કરીને વેચી દેવા કેમ માગો છો? એના કરતાં તો એને મેનેજ કરો તો?’

‘જે જાણકાર માણસો છે એમની ઉંમર થઈ ગઈ છે રીટાયર થવાની. અને અમારી આ પ્રવૃત્તિનો મુખ્ય આશય એ લોકોને પાછલી ઉંમરે આરામ આપવાનો છે. એમને ઉત્સાહ છે તો આટલું સાહસ કરી લઈશું. પછી અમારી પાસે જે થોડી મૂડી વધશે એના રોકાણમાંથી આ પ્રવૃત્તિ નિભાવ્યા કરીશું. વળી અમે જે થ્રિફ્ટ શોપ ચલાવીએ છીએ એમાંથી પણ થોડી આવક થાય છે.’

‘એટલામાં તમારી આ બધી પ્રવૃત્તિયો અને આટલાં બધાં માણસોને રહેવા ખાવાનો ખર્ચ કેવી રીતે નીકળે!’

‘આ બધા માણસો તમે જુઓ છો એમની જીવનની જરૂરિયાતો બહુ ઓછી છે. વળી લગભગ બધાંને મેડિકેડ કાર્ડ પણ છે. અને અમારી પાસે એક સ્પેશિયલ હેલ્થ કાર્ડ છે એનું નામ છે ડૉક્ટર ભાવિન કાર્ડ, એટલે એમને દવાનો કશો ખર્ચ નથી. અમારે ત્યાં માથાદીઠ મહિને એકસો પચાસથી માંડીને એકસો સિત્તેર ડોલર ખર્ચ આવે છે. એમાં જગ્યાના મેન્ટેનન્સનો ખર્ચ પણ આવી ગયો.’ મનોરભાઈની વાતથી ભાવિન દાકતર હસી રહ્યા.

પેલાને તો આ આંકડામાં કશી સમજણ જ ના પડી. એ ગૂંચવાઈને જોની સામે તાકી રહ્યો. એને હિસાબે તો એક માણસને પીવાનો ખર્ચોય એથી વધારે આવે એમ લાગતું હતું. જો કહે : 'આ માણસોમાંથી કોઈ શરાબ પીતું નથી કે કોઈ પણ જાતનું નોન વેજિટેરિયન ફૂડ ખાતું નથી. એ લોકો ફક્ત શાકભાજી, અનાજ, ફળ અને દૂધ અને તેની બનાવટો જ ખાય છે અને બારેય મહિના ઘરનું બનાવેલું જ ખાય છે જે આપણનેય આજે ખાવા મળવાનું છે.'

પેલા લેકોને આ સદાઈ સમજાઈ કે નહીં પણ એમને કદીક એકાદ અઠવાડિયું અહીં આ બધાની વચ્ચે આવીને રહી જવાની ઈચ્છા જરૂર થઈ. એક જણાએ તો પૂછયુંય ખરું : 'અમારે એક અઠવાડિયા માટે તમારા મહેમાન તરીકે રહેવું હોય તો કશી વ્યવસ્થા થાય ખરી!'

'જરૂર થાય પણ તમારાથી અહીંની રીતે રહેવાય તો. તમારે કારણે અમે અમારી રહેણીકરણી ન બદલી શકીએ. તમને અમારું ખાવાનું ભાવે અને અહીં રહો એટલા દિવસ તમે દારૂ વગર ચલાવી શકો તો કશો વાંધો નહીં. ગમે ત્યારે આવો તમે અમારા મહેમાન છો.' સાહેબે એમને કહ્યું.

એક બાજુ આવી વાતો ચાલતી હતી અને બીજી બાજુ મથુર મહારાજની વિધિ પણ ચાલતી જ હતી. નારિયેળ હોમાયું અને આરતી થઈ. બધાએ આરતી લીધી અને પ્રસાદ પણ લીધો. ને ગયા વખતની જેમ જમવાની જે વ્યવસ્થા રાખી હતી તેમ આ વખતે પણ બધી વ્યવસ્થા હતી એટલે બધાં જમવા ઊપડ્યાં. બહારના મહેમાનોમાં કેટલાક આશ્રમની રસોઈથી જાણીતા હતા તો કેટલાક અજાણ્યા પણ હતા. છતાં બધા પ્રેમથી જમ્યા.

કેટલાક દેશીઓ પણ આશ્રમની વ્યવસ્થાથી અજાણ્યા હતા એમણે આ વિશાળ જગ્યા અને એમાં દેશી વ્યવસ્થા જોઈને આનંદ અનુભવ્યો. લગભગ દોઢસો માણસોને રહેવા ખાવાની વ્યવસ્થા અને છતાં જાણે એક જ કુટુંબના સભ્યો હોય એવી સંબંધોમાં મીઠાશ. હજુ તો ફક્ત પચાસ જ માણસો આશ્રમમાં રહેતાં હતાં. થોડે થોડે એમની સંખ્યા વધતી જતી હતી. માગણીઓ તો એટલી બધી આવતી હતી કે આવા પાંચ આશ્રમ હોય તોય ન પહોંચી વળાય. પણ ગાળી ગાળીને માણસોની ભરતી કરવાની સંચાલકોએ જે નીતિ રાખી હતી એને કારણે તાતી જરૂરિયાતવાળાંને કયારેય વાટ જોવી પડતી ન હતી.

એક બાજુ અવસર પત્યો કે કોણ જાણે કયાંથી વાત આવી કે ગોરાણીને સારા દા'ડા છે. દાકતરે એને જાન્યુઆરીની વીસમીની તારીખ આપી છે. આશ્રમની બધી સ્ત્રીઓ તો એવી ખુશ થઈ ગઈ જાણે પોતે જ દાદી બનવાની હોય. ને ગોરાણી તો વહેંચ્યેય ભાગ ન આવે. જે હોય એ એને જાતજાતના સવાલ પૂછ્યા કરે એ બાપડી એક તો શરમાતી હોય અને બધી અનુભવી સ્ત્રીઓ એને પૂછે અને સલાહ આપે તે પેલી એમાં હાયે કેમ કહે કે નાયે કેમ કહી શકે.

અનુક્રમ Þ

## ૧૨. દેશની દુનિયામાં ડોકિયું

દેશથી અમેરિકા ભલે હજારો માઈલ દૂર પડ્યો પણ જેમ જેમ દિવસો પસાર થતા જાય છે તેમ તેમ એ અંતર ઘટતું જાય છે. દર વરસે હજારો દેશીઓ ત્યાંથી દેશમાં આવતાં હોય છે. કેટલાંકને પોતાનાં છોકરાં પરણાવવાં હોય છે તો કોઈકને બાપની મિલકતમાં પોતાનો ભાગ જતો ન રહે એની ચિંતા હોય છે. કોઈકને માબાપની ચિંતા હોય છે તો કોઈકને દેશમાં આવી પોતાનો વટ પાડવો હોય છે. એ બધા જ્યારે અમેરિકાની વાત કરે ત્યારે : અમારે ત્યાં આવું અને અમારે ત્યાં તેવું કહીને અમેરિકાને પોતાનો અને દેશને પારકો ગણાવવાની ટેવ જણાયા વગર રહેતી નથી.

કેટલાક પોતાની સારી વાતોય કરતા હોય છે તો કેટલાક બીજાની બૂરી વાતોય કરતા હોય છે. એમાં આ આશ્રમની વાતોય ઘણી વખત આવી જાય. જેનાં મા કે બાપ એ આશ્રમમાં રહેતાં હોય એવાને તો દેશમાં જતાં અગાઉ જ લોકોનાં મ્હેણાં સાંભળવાની ને એમના સવાલોના જવાબ આપવાની તૈયારી કરીને જ જવું પડતું હોય છે.

આ બધામાં ધનજી મુખી તો વળી ઘરના દાઝેલા અને અમેરિકાનો ઝાઝો અનુભવ કરી આવેલા. એ તો જે કહે એ બધાંને ગળે તરત ઊતરી જાય જ ને! એમણે આશ્રમ વિશે અને એમાં રહેવા ગયેલાં લોકો વિશે દેશમાં પોતાની રીતે મચડીને ઘણો પ્રચાર કર્યો છે.

એ કહે છે : 'એક મનોરભાઈ કરીને માણસ છે એમણે આપણાં ઘૈડિયાંને રાખવાની એક પાંજરાપોળ ઊભી કરી છે. એવાયે એને આશ્રમ કહે છે પણ એવું નથી. એમાં બધાં ઘરથી દાઝેલાં માણસોને પાલવવામાં આવે છે. બધાં એમના ગજા પ્રમાણે કામ કરે ને એવાયે એમને રહેવા અને ખાવાની વ્યવસ્થા કરી આપે છે. મફત તો કોઈ કંઈથી ખવડાવે! આપણાં છોકરાંય ત્યાં માબાપને મફત ખવડાવતાં નથી. કેટલાક એમની માઓને પહેલી બોલાવે છે અને પછી વરસે બે વરસે બાપને તેડાવે છે. કારણ કે બાપને તો એની વહુએ રાંધીને ખવડાવવું પડે જ્યારે મા હોય તો એ છોકરાંને રાખે અને સાંજે બધાંને માટે રાંધીને તૈયાર રાખે. બધાં સ્વાર્થનાં સગાં છે ત્યાં.'

'તે મોટા, અહીંય ડોશીઓ એવું કામ તો કરે જ છે ને!'

'એમાં ને ત્યાંના કામમાં બહુ મોટો ફેર. અહીં એમનું માન સચવાય ત્યાં તો વહુનોય પગાર આવતો હોય એટલે એની તો બોચિયે આંખો હોય. સાસુને તો એ ગણે જ નહીં. એ લોકો ત્યાં માને રાખે છે એના કરતાં તો આપણે અહીં કામવાળીને સારી રીતે રાખીએ છીએ. મારું કહેવું ના માનતા હો તો ત્યાંથી કોઈક આપણી ઉંમરના લહેર કરીને આવ્યા હોય એમને પૂછજો કે ત્યાં કેવી લહેર કરી આવ્યા એટલે તમને સાચી વાતની ખબર પડી જશે.'

ને આપણા ધનજી મુખીનો પ્રચાર એટલે એમાં કશું કહેવાનું હોય! એમણે જોયું હોય, ન જોયું હોય એવુંય કહે ને ન જાણ્યું હોય એવુંય એવું ગોઠવીને કહે કે બધાંને એમનું કહેવું સાચું જ લાગે. એટલે કોઈ અમેરિકાથી આવે અને પોતાની વડાઈની વાત શરૂ કરે એ પહેલાં જ બધા એના પર આશ્રમની વાતો લઈ ટૂટી પડે. પેલાનેય ગૂંચવણ થઈ જાય કે આવી બધી વાતો દેશનાં આ ગામડાં સુધી કેવી રીતે પહોંચતી હશે!

એમાં બાકી હતું તે દેવશીભાઈ અને રેવતીબેન બે મહિના પછી દેશમાં આવતાં હતાં. એવાંયે તો વળી આશ્રમનાં કાર્તા કારવતામાંનાં હતાં એટલે એમની પાસેથી બધી વાતો જાણવા મળશે માની દેશનું વાતાવરણ ઉત્તેજિત થઈ ગયું હતું. ને ધનજી મુખી એમાં પોતાનો ટેકો પુરાવતા હતા : 'એય ઘેરથી દાઝીને આશ્રમમાં ગયા છે એટલે એ તમને સાચી વાત કહેશે.'

પછી તો જે દેવશીભાઈને નહોતા ઓળખતા એવા લોકોય એમની કાગને ડોળે રાહ જોવા લાગ્યા. તો કેટલાક વિદ્યાનગરને કારણે થોડાઘણા ઓળખતા હતા એવાય એમની રાહ જોવા લાગ્યા. જેમનાં છોકરાંએ માબાપના પાસપોર્ટ બનાવરાવી દીધા હતા એવાં માબાપ પણ જતા પહેલાં દેવશીભાઈને મળી લેવાનું વિચારવા લાગ્યા.

ત્યાં વળી કોઈક વાત લાવ્યું કે વરધભાઈ નામના એક ડોસાએ તો છોકરા ને વહુથી કંટાળીને આપઘાત પણ કર્યો, તો બધાંના મન પરથી જાણે અમેરિકાનો મોહ જ ઊતરી ગયો. એક બે જણાએ તો પાસપોર્ટ બનાવડાવવા બધી તૈયારીઓ કરી રાખી હતી એમણે અમેરિકાના નામનું માંડીવાળી પાસપોર્ટ બનાવડાવવાનું જ માંડી વાળ્યું. તો એક જણે તો દીકરાને

લખી દીધું કે એનાં સાસુસસરાને એમને બદલે બોલાવી લે તો એમને વાંધો નથી, બાકી એમને આ ઉંમરે અમેરિકા આવવાનો મોહ નથી.

ને એક દિવસ દેવશીભાઈ અને રેવતીબેન વિદ્યાનગર આવ્યાં ને જાણે એ દીકરો પરણાવવા આવ્યા હોય ને એમને ત્યાં જે ધસારો થાય એવો ધસારો થઈ રહ્યો. દેવશીભાઈ એમને જવાબ આપતાં થાકતા હતા પણ રેવતીબેને તો મનથી નક્કી કરી જ મૂક્યું હતું એટલે એ થાકે એમ ન હતાં. એ પલ્લવીની વાત સ્પષ્ટ તો કરતાં ન હતાં પણ ત્યાંની વહુઓ સાસુ સાથે કેવો વહેવાર કરતી હતી એ તો કહેતાં જ. પણ એમણે બધાંએ આશ્રમ શરૂ કર્યો પછી કોઈ આઘીપાછી થતી ન હતી એટલે હવે કોઈને અમેરિકા આવવું હોય તો વાંધો ન હતો. અલબત્ત એમણે આવીને બીજે જ દિવસે આશ્રમની વાત કરવી ને પોતાના બેચાર દોસ્તો એમાં રહે છે એવી મોઘમ વાત પોતાનાં દીકરા દીકરીઓને જણાવવી. આવી પાયાની સલાહ આપવાનું એ ચૂકતાં ન હતાં.

થોડા દિવસ પછી આણંદ વિદ્યાનગરમાં રહેતા આવા અમેરિકા સાથે આટકતરો સંબંધ ધરાવતા વૃધ્ધોએ ભેગા થઈ દેવશીભાઈને સત્કારવાનો એક સમારંભ રાખ્યો. દેવશીભાઈ કહે : 'તમે બધાએ આ સમારંભ રાખ્યો એની ના નહીં ને એમાં હું આવ્યો એય ખરું પણ હું એ આશ્રમના જે મુખ્ય કર્તાહર્તા છે એમાંનો એક નથી. હું તો એમાં રહું છું અને ત્યાંનું રસોડું સંભાળું છું. એના મુખ્ય માણસ તો મનોરભાઈ કરીને આફ્રિકાથી અમેરિકામાં આવેલા માણસ છે. બીજા એક સોમાભાઈ કરીને એક માણસ છે ને એક કરસનભાઈ કરીને રીટાયર્ડ પ્રિન્સિપાલ છે.

'તમે બધા જે વાત કરો છો એવું ત્યાં અત્યારે કશું નથી. આશ્રમ શરૂ થયા પછી ત્યાંનાં છોકરા છોકરીઓ હવે માબાપનો ખ્યાલ રાખતાં થઈ ગયાં છે. અને ભાઈ આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ પોતાના દીકરાનાં છોકરાં ઉછેરવામાં આપણી સ્ત્રીઓએ કદી મન પાછું કર્યું નથી. એમણે તો એમાં ગૌરવ અનુભવ્યું છે. હા, ત્યાં કેટલાંક અણસમજુ જુવાનિયાં માબાપને પજવતાં હતાં તેય હવે આશ્રમ થયા પછી માબાપનું માન સાચવતાં થઈ ગયાં છે. એટલું જ નહીં પણ માબાપને વર્ષે વાપરવા કે બચાવવા બે બે હજાર રૂપિયા જેટલા ડોલર આપતાં પણ થઈ ગયાં છે.

'હવે કોઈએ ખોટો ડર રાખીને અમેરિકા આવવાનું બંધ રાખવાની જરૂર નથી. તમે ત્યાં આવશો તો તમને માન પૂર્વક રહેવાનું મળશે ને તમે તમારાં બાકી રહેલાં છોકરાંનેય અમેરિકા બોલાવી શકશો. તમને કશી અગવડ પડે તો અમે તો ત્યાં બેઠા જ છીએ.'

'પણ ધનજીભાઈ મુખી તો કહે છે કે ત્યાં જવા જેવું જ નથી.'

'એ તો વાત એમ બનેલી કે એમણે અહીંની આપણી બધાંની ટેવ મુજબ એમના દીકરાના દીકરાને એક લાફો મારી દીધેલો અને એમની પાડોશમાં રહેતી એક ધોળી બૈરી એ જોઈ ગઈ. પછી મુખીને પોલીસનું લફરું થયું એટલે દેશમાં આવવું પડ્યું પણ જો એવું ન થયું હોત તો અમે એમને અમારી સાથે રહેવા આવવા માટે એમને બોલાવવાનું નક્કી કરીને જ બેઠા હતા. એ અમારી સાથે હોત તો અમારા આશ્રમને એ ઘણા મદદરૂપ થઈ પડ્યા હોત.'

'તે એમણે એમના છોકરાને માર્યો એમાં પેલીને શું કે પોલીસનેય શું?'

'ત્યાંના કાયદા પ્રમાણે તમારાથી છોકરાંને મરાય જ નહીં, પછી એ તમારાં હોય કે પારકાં હોય. જો તમે એમ કરતાં ફરીથી પકડાવ તો પોલીસ છોકરાને લઈ જાય અને સરકારી બોર્ડિંગમાં રાખીને ભણાવે અને એનો ખર્ચો તમારી પાસેથી વસૂલ કરે. ને તમારો દંડ કરે એ વધારામાં.'

'ભાઈ, આપણાથી તો છોકરાં તોફાન કરતાં હોય તો એમને લગાવ્યા વગર ના રહેવાય.'

'બધાયને શરૂમાં એવું લાગે પણ ત્યાં રહો એટલે ટેવાઈ જાવ.'

દેવશીભાઈએ એમની વાત પૂરી કરી પણ એની ચર્ચા દિવસો સુધી ચાલતી રહી. ધનજી મુખીને તો દેવશીભાઈના સન્માન પછી કહેવાનું મળી ગયું : 'મેં તો મનથી જ અમેરિકાના નામનું નાહી નાખ્યું છે નહીં તો આશ્રમવાળા મારી વાટ જ જોઈને બેઠા છે. આપણા જેવા તડ ને ફડ કહેનારા એમનામાંય કોઈક તો જોઈએ ને!'

પણ એક દેવશીભાઈને જ ખબર હતી કે એમના જેવા તડ ને ફડ કહેનારાને આશ્રમમાં લેવા કે નહીં એની બંધ બારણે ચર્ચા કર્યા પછી બધાંનો મત એવો થયો હતો કે એમને સમજાવવા પ્રયત્ન કરવો પણ એમને આશ્રમમાં રહેવા આવવા માટે ન જ લઈ આવવા. પણ હવે એ ઘોડે ચઢી જ ગયા હતા તો એમને ધક્કો મારવાની જરૂર ન હતી. અને મુખ્ય વાત તો એ હતી કે એ હવે અમેરિકા આવવા માગે તોય એમના પાસપોર્ટમાં જે ડીપોટિશનનો શિક્કો વાગ્યો હતો એ નડ્યા વગર રહેવાનો ન હતો. એટલે એમનું અમેરિકા આવવાનું બને તેમ ન હતું.

ગમેતેમ પણ દેવશીભાઈના સન્માનથી આશ્રમની ઘણી વાતો પ્રકાશમાં આવી હતી. અમેરિકા વિષેના કેટલાકના ખ્યાલમાંય એના પછી ઘણું પરિવર્તન આવી ગયું હતું.

જેમ દેવશીભાઈની મુલાકાતે દેશની હવામાં પરિવર્તન આવ્યું હતું એમ અમેરિકાના દેશી સમાજમાંય એની વાતો કયાંક ઉત્સાહભેર તો કયાંક હતાશાથી થવા માંડી હતી. સાહેબની સલાહથી મૂંગાં રહેલાં કેટલાંક તો દેશમાં સાચી પરિસ્થિતિના થઈ રહેલા પર્દાફાશથી ગેલમાં આવી ગયાં હતાં. એમને એ વાતની ખબર પડી હતી કે દેવશીભાઈએ કોઈને અનુલક્ષીને કશું સ્પષ્ટ કહ્યું ન હતું પણ કેટલીક વાતો મુખીએ કરી હતી અને એમાં દેવશીભાઈની આ વાતો ઉમેરાઈ એટલે દેશના લોકોને બે ને બે ચાર કરી લેતાં તો આવડતું જ હતું. અરે, કેટલાકે તો બે ને બે પાંચ પણ કરી લીધું હતું ને!

આશ્રમના એક અંતેવાસીએ સાહેબનું એ પ્રત્યે ધ્યાન દોરતાં પોતાના મનની વાત છતી કરવા પ્રયત્ન કર્યો : 'દેશમાં દેવશીભાઈએ આશ્રમનો સારો પ્રચાર કરવા માંડ્યો છે.'

'કોણ જાણે, પણ એ જે કરતા હશે એ સમજણપૂર્વક જ કરતા હશે. જે હશે તે એ આવશે એટલે ખબર પડશે.' સાહેબે બાંધ્યેભારે કહ્યું, પણ એમના મનમાં જે ગડભાંજ ચાલતી હતી એ સ્પષ્ટ વર્તાઈ આવતી હતી. એમને થતું હતું કે દેવશીભાઈ જેવો સમજુ માણસ આમ કોઠી ધોઈને કાદવ કાઢવા જેવું શા માટે કરતો હશે! પણ એમને ખબર ન હતી કે પેલા ધનજી મુખીએ કોઠી ધોઈને જે કાદવ કરી મૂકયો હતો એને ઊલેચવાનું જ દેવશીભાઈ કરી રહ્યા હતા. હા, દેશના લોકો તો બેયનું સાંભળતા હતા ને મનમાં જે ઠીક લાગે એ સ્વીકારી લેતા હતા.

આ બધાની એક બીજી અસર પણ પડી કે પરદેશથી જે કોઈ છોકરો કે છોકરી પરણવા આવતાં હતાં એના માર્કેટમાં પણ મંદી વર્તાવા માંડી. કોઈ છોકરો કે છોકરી આવતાં જ એની પાછળ લાઈનો લગાવી દેવાને બદલે હવે લોકો એમને વિશે નળિયાથી તળિયા સુધીની તપાસ કર્યા પછી જ આગળ વધતા હતા અને કેટલાય પરઠણિયા વર લીલે તોરણે અમેરિકા પાછા ગયાના સમાચાર આવવાના શરૂ થઈ ગયા હતા.

સારી વાત આ બધાથી એ બની હતી કે જે લોકો પોતાને પરદેશથી આવ્યા હોવાને કારણે સમાજથી વેંત ઊંચા ગણતા હતા એવા માણસોનેય પોતાની લાયકાત સાબિત કરવી પડે એવી પરિસ્થિતિનું નિર્માણ આપોઆપ થઈ ગયું હતું.

એમનેય હવે સામે ચાલીને કહેવું પડતું હતું કે આશ્રમવાળા સોમાભાઈને કે મનોરભાઈને પૂછો એટલે પોતાનો વહેવાર અને સ્વભાવ કેવો છે એની ખબર પડશે.

દેવશીભાઈને માથે આશ્રમની જવાબદારી હતી ને ધનજી મુખી જેવાએ વાતાવરણને જે રીતે ડહોળી નાખ્યું હતું એ જોયા પછી એમને દેશમાં બહુ ગમ્યું પણ ન હતું. જો કે રેવતીબેનને તો હજુ બીજા બે મહિના દેશમાં વધારે રહેવું હતું  તોય બે મહિના પૂરા થતાં જ દેવશીભાઈએ અમેરિકા પાછાં જવાનું બૂકિંગ કરાવી દીધું. એટલે રેવતીબેનને જે વાતો કરવાની મળી એનાથી જ સંતોષ માનવો પડ્યો.

એ અમેરિકા પાછાં આવ્યાં ત્યારે આશ્રમે એમની જૂની મોટેલ લઈ લીધી હતી ને એ તોડી પણ નાખી હતી. બધા શિયાળો પૂરો થાય એની જ રાહ જોઈ રહ્યા હતા. આ વખતે આશ્રમમાં જનસંખ્યા વધી હતી અને તેમાં કેટલાક વધારે ભણેલા અને કેટલાક કામ કરી શકે એવા માણસો જૂના ટોળામાં ઉમેરાયા હતા. જો કે મોટેલ બનાવીને વેચી દેવાની વાત એમાંના મોટા ભાગના માણસોને પસંદ ન હતી. એમને લાગતું હતું કે એમનામાંના કેટલાય એવી મોટેલ ચલાવી શકે એવા ચાલાક અને પ્રતિભાવાળા થઈ ગયા હતા.

જો કે એમની એ વાતમાં સાહેબ કે મનોરભાઈને શંકા ન હતી પણ એ ઈચ્છતા હતા કે હવે બધાની પાસે મહેનત કરાવી પૈસા પેદા કરવાની લાલચ પડતી મૂકવી જોઈએ ને સાચા અર્થમાં વૃધ્ધાશ્રમ ચલાવવો જોઈએ. પણ બાકીનાંનું કહેવું એવું હતું કે કસરત જેટલું જ કામ દરેક જણ કરે તોય મોટેલ ચલાવી શકાય તેમ હતી.

વહીવટકર્તાઓ ગમે તે વિચારતા હોય પણ આશ્રમવાસીઓનો ઉત્સાહ એવો હતો કે એ લોકો એમને એ મોટેલ કોઈ પણ સંજોગોમાં વેચવા દેવાના હતા નહીં. જો કે એનાથી આશ્રમને તો ફાયદો જ થવાનો હતો. પણ કયારેક કોઈને એમ વિચારવાનું મન થાય કે એ લોકો સેવાના નામ નીચે ધંધો કરે છે. જો કે એનોય કશો વાંધો ન હતો. કારણ કે એ લોકો કોઈ પ્રકારનું દાન લઈને આશ્રમ ચલાવતા ન હતા.

દેવશીભાઈએ આવીને બધાંને દેશના હાલ કહ્યા. ધનજી મુખીએ ત્યાં જે ડહોળ્યું હતું એની એમણે વિગતે વાત કરી. સાહેબને એનાથી દુખ થયું પણ બીજાં જેણે આ વાત જાણી તેમણે મનમાં તો મુખીએ જે કર્યું એ સારું જ કર્યું હતું એમ જ માન્યું. એમને થયું કે દેવશીભાઈને બદલે જો પોતે દેશમાં ગયા હોત ને આવી વાત થઈ હોત તો પોતે એમાં જરૂર થોડો ઉમેરો જ કર્યો હોત. દેવશીભાઈ એ વાતે થોડા ઢીલા પડે અને બીજુંય કારણ હતું કે એમનાં દીકરો ને વહુ સમજીને રાગે આવી ગયાં હતાં ને એમણે સંબંધ સુધારી લીધો હતો.

પણ સાંજે મહિલાઓની જે સભા બંધ બારણે ભરાઈ તેમાં તો રેવતીબેનનાં વખાણ જ થયાં. એ બધાંને ભૂલવું હોય તોય ભૂલાય એમ ન હતું કે એમની વહુ કે દીકરીએ એમને કેવાં પજવ્યાં હતાં ને એમની પાસેથી કેવી રીતે કામ લીધું હતું. ને આટલું કરતાંય જો એમને આબરૂભેર રહેવા દીધાં હોત તો એય કદાચ બધું ભૂલી ગયાં હોત પણ એ તોછડાઈ અને અપમાનો એમનાથી ભૂલાય એમ ન હતાં.

આ બાજુ દેવશીભાઈ અને રેવતીબેન આવ્યાં કે ગોરાણીએ એક દીકરાને જનમ આપ્યો. મકર સક્રાંતિને દિવસે આવ્યો હતો એટલે એનું નામ મકર રાખવું એવું કોઈએ સૂચવ્યું પણ ખરું પણ માજી કહે આપણી મોટેલમાં એ પહેલું સંતાન છે એટલે એનું નામ પરથમ રાખવું જોઈએ. ને બધાંનો મત થયો કે બાંમણની નાતમાં શોભે એવું નામ છે એટલે એ પ્રથમ બરાબર છે. નામ પાડ્યાના દાપામાં ગોરાણીએ આશ્રમની બધી સ્ત્રીઓને એક એક સાડી દાપામાં આપી તો બધી સ્ત્રીઓએ પ્રથમને આગિયાર, અગિયાર ડોલર આપી ગોદ લીધો. ને હરખના પેંડા બનાવરાવી એમણે આશ્રમ અને મહારાજનાં જાણીતાં એવાં બધાં ઘરોમાં મોકલી આપ્યા.

'આપણે સ્વતંત્રતાથી અને શાંતિથી રહી શકાય એવી એક નાની યોજના બનાવી આ આશ્રમ શરૂ કર્યો હતો અને આજે જ્યારે એનો આટલો બધો વિકાસ થયેલો જોઈએ છીએ ત્યારે આપણને જ આશ્ચર્ય થાય છે કે આ બધું કેવી રીતે થઈ ગયું?' એક દિવસ સાંજના સાહેબ, મનોરભાઈ અને સોમાભાઈ બેઠા હતા ત્યારે સોમાભાઈએ કહ્યું.

'આપણા એકલા જ કામમાં એવું થયું છે એવું નથી. ઘણાં બધાં કામમાં એવું થયા કરતું હોય છે. આપણા કામમાં સાહેબ જેવા ગુણગ્રાહી ગુરુ મળ્યા, તમારા જેવા અડગ કાર્યકર મળ્યા, પેલા બે ઉત્સાહી સુથાર ભાઈઓ મળ્યા અને-'

'અને તમારા જેવા વગવાળા સ્થાપક મળ્યા. જો તમે તમારું પેન્શન ખાઈને આરામ ફરમાવતા બેસી જ રહ્યા હોત તો આ કામની શરૂઆત જ ન થઈ હોત.'

'મનેય આ કામ શરૂ કરવાનો કશો ખ્યાલ ન હતો, પણ જશોદાબેન પાછળ પડી ગયેલાં એમણે બેત્રણ વાર મને પૂછેલું કે આપણા ઘરડાઘરનું કામ કેટલે આવ્યું? મારે એમને જવાબ આપવા માટેય કોઈને વાત તો કરવી જ પડે ને! ને મેં એક દિવસ મારા દોસ્તને વાત કરી તો એ કહે : મારી મોટેલ બંધ પડેલી છે તે ચાલુ કરવી હોય તો હું તમને નોમિનલ ભાડેથી આપીશ. હું તો એ મકાનની હાલત જોઈને જ ઢીલો પડી ગયેલો પણ છગન મિસ્ત્રી કહે : અમને ચારસો પાંચસો ડોલરનો સામાન લાવી આપો તો એને તત્કાલિક રહેવા લાયક તો કરી જ દઈએ.'

'એમની વાત સાંભળીને મનેય ઉત્સાહ આવ્યો. બાકી એ મકાનની હાલત જોતાં તો મને એમ જ લાગતું હતું કે એને ઊભું કરતાં તો નાકે દમ આવે એમ હતું. મેં કહ્યું : એમ સામાન્ય નહીં પણ કોઈને ભાડે આપી શકાય એવી રીતસરની મોટેલ તૈયાર કરવી હોય તો એ તમારાથી થઈ શકે ખરી? તો પેલા કહે : જો તમારી પાંચ હજાર ખર્ચવાની તૈયારી હોય તો એક મહિનામાં એવી કરી દઈએ કે એનો માલિક આવે તોય ના ઓળખી શકે કે આ એની મોટેલ છે.'

'આ વાત મૂળ થઈ. સાચી વાત તો એ કે આપણને જે કોઈ સાથીદારો મળ્યા એ પણ ચોખ્ખા દિલના અને બીજાને મદદરૂપ થવાની ભાવનાવાળા મળ્યા. પણ છતાં આ બધામાં જો કોઈને પહેલો નંબર આપવો હોય તો એ છગનભાઈ તથા છોટાભાઈને જ આપવો જોઈએ. એમણે આપણને હિંમત ન બંધાવી હોત તો આપણે પેલી મોટેલ જ ન લઈ શક્યા હોત. પછી બીજી કોઈ પ્રવૃત્તિની તો વાત જ ક્યાંથી થવાની હતી!'

'એ લોકો બધામાં અગ્રેસર રહેવા છતાં ક્યારેય ઑફિસમાં આવીને નથી બેસતા કે નથી વહીવટમાં માથું મારતા. એ જાણે સોલ્જરો હોય એમ હુકમને માથે ચઢાવવામાં જ માને છે. મને લાગે છે કે આપણે હવે પછીના એક સમારંભમાં એમને બન્નેને સન્માનવા જોઈએ.' સાહેબે કહ્યું ને પેલા બેયને લાઈટ થઈ કે એ નવા મકાનના ઉદ્‌ઘાટન વખતે એ અવસર ચૂકી ગયા હતા.

'વાત ખાનગી રાખજો, આવાત આપણા ત્રણ જણ વચ્ચે જ છે. આપણી નવી મોટેલના ઉદ્‌ઘાટન વખતે આપણે એમને ભારે ભભકાથી સન્માવા છે. તમે વિચારી રાખજો કે એ કેવી રીતે કરવું છે!' મનોરભાઈએ કહ્યું.

'આપણી પાસે હજુ તો છ મહિના જેટલો સમય છે. આપણે બધા એ અંગે વિચારી રાખીએ, ચર્ચા કરીએ અને એક આશ્ચર્ય તરીકે જ આ સન્માન કરીએ તો બીજાં બધાંનેય મજા પડશે.'

ને સ્હેજ ઠંડી ઓછી થઈ કે પેલા વાટ જોઈને કંટાળેલા લડવૈયા તૂટી પડ્યા પેલા મોટેલના કામ પાછળ. હવે તો સાથે કામ કરનારા વડીલોનેય આવા કામનો અનુભવ થઈ ગયેલો હતો એટલે એમણે આવતા શિયાળાને ધ્યાનમાં રાખીને જ

પોતાનાં કામની ગોઠવણી કરવા માંડી હતી. શિયાળો શરૂ થાય એ પહેલાં મોટેલ ભાડે આપવા લાયક તૈયાર થઈ જ જવી જોઈએ એવી બધાની ગણતરી હતી. એક રીતે જોવા જઈએ તો આ બધા માણસો ઉંમરે પહોંચેલા હતા અને એમને કામની ઉકલત પણ ન હતી એટલે એમનું કામ પ્રમાણમાં ઘણું ધીમું હતું. પણ સામે પક્ષે જોવા જઈએ તો એવાયે એકની જગ્યાએ ચાર જણ કામે વળગતા હતા એટલે એમનું કામ પેલા ધંધાધારી માણસો કરતાં તો ઝડપી જ થતું હતું.

એમની ગણતરી હતી કે નવા મકાનના ઉદ્‌ઘાટન પછી મોટેલનું ડીલ પતાવીને તરત જ એ લોકો નવું કામ શરૂ કરી દેશે પણ એક તો એ ડીલ પતતાં એક મહિનો વધારે ગયો પછી સિટીની બધી પરમીટો મેળવવામાંય બે મહિના જેવો સમય થઈ ગયો. પછી મોટેલને તોડી પાડીને બધું સરખું કર્યું ત્યાં તો શિયાળો બેસી ગયો હતો. હવે બાકીનું કામ એમણે જે હોય તે ઉનાળાના આ છ મહિનામાં જ પૂરું કરવાનું હતું નહીં તો બીજા છ મહિના બેસી રહેવું પડવાનું હતું.

બે મહિનામાં તો એમણે બેય માળનું ફ્રેમવર્ક પતાવી દીધું અને પછી બે ભાગ પાડી બહારની બે ટુકડીઓને કામે વળગાડી દીધી. છોટાભાઈની રાહબરી નીચે છાપરાનું ને છગનભાઈની રાહબરી નીચે બહારી બ્રીક વર્કનું કામ શરૂ કરી દેવામાં આવ્યાં. હજુ તો અંદરની બધી બાથરૂમોનાં કામ બાકી હતાં. પણ બહારનું કામ જો પતી ગયું હોય તો અંદરનાં કામ તો શિયાળામાંય કરી શકાય એવી એમની ગણતરી હતી. પણ એ તો બધાને કહેવા પૂરતી જ હતી. બાકી કોઈ એમના મનમાં ડોકિયું કરે તો ખબર પડે કે એ લોકો તો શિયાળો શરૂ થાય એ પહેલાં મોટેલનું ઉદ્‌ઘાટન કરવાની વેતરણમાં હતા.

બહારનાં કામ પૂરાં થયાં ત્યારે હજુ બે મહિના શિયાળો દૂર હતો. એમણે થોડી બહારની મદદ લીધી અને થોડી પોતાના શિખાઉ નિષ્ણાતોની મદદ લીધી ને બાથરૂમોનું કામ ઝડપથી ઉપાડ્યું. બીજી બાજુ મનોરભાઈને કહી દીધું કે દોઢ મહિના પછીનું જે મૂરત આવતું હોય એ કઢાવો. મોટેલ સંપૂર્ણ તૈયાર હશે. એટલે મનોરભાઈએ ફ્રેન્ચાઈઝવાળાને તાકીદ કરીને એમની સાઈન તથા અન્ય જરૂરિયાતો બનતી ઉતાવળે પૂરી કરવા જણાવી દીધું. એમને એમના આ કારીગરો પર પૂરતો ભરોંસો હતો કે એ નકકી કરેલી તારીખે કામ પૂરું કરી જ દેશે.

અનુક્રમ Þ

૧૩. સન્માન કર્યું

રસ્તે જતા આવતા લોકો તો જોતા જ હતા ને જેમણે આ આશ્રમ વિશે કશું સાંભળ્યું ન હતું એવા લોકોય આ બની રહેલી મોટેલને જોઈ રહ્યા હતા. જેમને આશ્રમ સાથે થોડો ઘણોય પરિચય હતો એ લોકો તો જાણે પોતે જ એ કામના ભાગીદાર હોય એવા રસથી આ કામની થઈ રહેલી પ્રગતિને જોઈ રહ્યા હતા. જો અને તેને કારણે આશ્રમના પરિચયમાં આવેલા અમેરિકનોનેય આ કામમાં રસ પડ્યો હતો. કેટલાકે તો કહેવડાવ્યું પણ હતું કે એમને લાયક કોઈ કામ હોય તો તેમને બતાવવું.

આશ્રમવાસીઓને જાણ ન હતી એવાં વર્તુળોમાંય આશ્રમની છાપ એવી પડી ગઈ હતી કે આશ્રમના નામથી જ એમને સારો એવો પ્રતિભાવ સામેથી મળવા લાગ્યો હતો. બજારમાંથીય એમને સારા ભાવથી જરૂરી માલસામાન મળતો હતો. એ લોકો સમયસર પેમેન્ટ કરતા હતા અને માલની ગુણવત્તા અંગે ખોટી ફરિયાદો કરી પેમેન્ટ કરવામાં વાંધા ઊભા કરતા ન હતા એટલે એક આબરૂદાર સંસ્થા તરીકેની છાપ લોકોનાં દિલમાં એમણે ઊભી કરી હતી.

કામ સારું થઈ રહ્યું હતું અને ઝડપથી થઈ રહ્યું હતું. જેમ જેમ કામ આગળ વધતું જતું હતું એમ એમ બધાંને ખાતરી થતી જતી હતી કે કામ ધાર્યા કરતાં વહેલું પૂરું થઈ જવાનું હતું. કામ પૂર્ણતાને આરે હતું ને આશ્રમવાસીઓની દ્વિધા વધતી જતી હતી. એમને કોઈને આ મોટેલ વેચાઈ જાય એ ગમતું ન હતું.

એક દિવસ બધા ભેગા થઈને મનોરભાઈને મળ્યા ને એમને એમની ઈચ્છા જણાવી. મનોરભાઈ કહે : 'મોટેલ વેચી દઈને એમાંથી સામટો નફો કરી લેવાની મારી ગણતરી ન હતી પણ બધા વડીલો પાછલી જિંદગી આરામથી પસાર કરે એવી જ મારી ઈચ્છા હતી એટલે એમને માથે આ મોટેલ ચલાવવાની જવાબદારી હું નાખવા માગતો ન હતો. બાકી એક કુશળ મેનેજર રાખીનેય મોટેલ તો ચલાવી શકાય પણ તોય એની દેખરેખ રાખવાની જવાબદારી તો એમને માથે જ રહે ને! એના કરતાં એ વેચી દઈને એના પૈસાનું યોગ્ય રોકાણ કર્યું હોય તો એની આવકથીય આશ્રમની ખોટ તો પુરાય.'

'પણ પછી નવરા પડેલા માણસોને માટે કામ તો શોધવું જ પડે ને! એમને કસરત જોગું કામ ન હોય તો એમની તબિયત નહીં સચવાય.'

'તમારી એવી જ ઈચ્છા હોય તો મોટેલ નહીં વેચીએ. આપણે એક લાયક જુવાનિયાને મેનેજર તરીકે રાખી લઈશું.'

'સોમાભાઈ હજુ થાકયા નથી. એમનીય ઈચ્છા મોટેલ વેચાવા દેવાની નથી પણ એ તમારી ઈચ્છાની આડે નહીં આવવાની ગણતરીએ કાંઈ કહેતા નથી. એમને મોટેલની જવાબદારી સોંપી દેશો તો અમે બધા તમને એ મોટેલ ચલાવી બતાવીશું.'

'તો સોમાભાઈ પણ તમારામાં ભળ્યા છે એમ ને! ચાલો બે વરસ તમે થાકો ત્યાં સુધી તમે બધા મોટેલ ચલાવી જુઓ. પછી આપણે મેનેજર રાખવો કે એને વેચી જ દેવી એ અંગે વિચારીશું.' મનોરભાઈએ છેવટનું કહ્યું. આવેલા બધાને આનંદ થઈ ગયો.

મોટેલનું કામ લગભગ પૂરું થઈ ગયું હતું અને 'નાઈટ સ્ટે' ફ્રેન્ચાઈઝવાળા પણ બધી વ્યવસ્થા કરી આપી ગયા હતા. મથુર મહારાજેય મોટેલના ઉદ્‌ઘાટનનું મૂહુર્ત કાઢી આપ્યું હતું. આ વખતે તો ભારે દબદબા પૂર્વક ઉદ્‌ઘાટનનો જલસો કરવાનું બધાએ નકકી કર્યું હતું. ને બધાને જેની ખબર ન હતી એવી, છગનભાઈ તથા છોટાભાઈને સન્માનવાની તૈયારીઓય બંધ બારણે શરૂ થઈ ગઈ હતી.

આ વખતનાં આમંત્રણો બધે છૂટથી વહેંચવામાં આવ્યાં હતાં. જે કોઈ આશ્રમની પ્રવૃત્તિયોથી પરિચિત હતા એમને આ આમંત્રણ મોભારૂપ લાગતાં હતાં તો જે કોઈ એનાથી સીધા પરિચયમાં ન હતા એમને આ આમંત્રણ આશ્રમ જોવાના લહાવા સમાન લાગ્યાં હતાં. દેશીઓમાં ભાગ્યે જ કોઈ એવા હતા કે જેમને આશ્રમની પ્રવૃત્તિયોનો ખ્યાલ ન હોય. એ બધા ઉદ્‌ઘાટનની રાહ જોઈ રહ્યા હતા.

છાગનભાઈ સુથાર અને એમના સાથી કાર્યકરો મોટેલને આખરી ઓપ આપવાની કામગરીમાં પડ્યા હતા. આ કામ શરૂ કર્યું ત્યારથી એ લોકો કેટલીય આવી મોટી મોટેલો બહાનાં કાઢીને જોઈ આવ્યા હતા. એમણે બીજી આવી મોટેલો કરતાં પોતાની મોટેલમાં વધારાની કે વધારે આધુનિક ગણાય એવી સુવિધાઓ કેમ કરવી એ ધ્યેય નકકી કરીને ઘણી બધી સગવડો પોતાની મોટેલમાં ઊભી કરી હતી. જ્યાં સમજણ ન પડે ત્યાં એ જોને પૂછતા અને જો એમને એના જાણકાર એવા કોઈ ને કોઈ માણસ સાથે ભેટો કરાવી આપતો.

અને ઉદ્‌ઘાટનનો નકકી કરેલો દિવસ આવી પહોંચ્યો. આ વખતે તો આશ્રમની છાપ એવી જામી હતી કે દૈનિક પેપરથી માંડીને ટીવી ચેનલવાળા પણ આ પ્રસંગની ઉજવણીને પ્રસિધ્ધિ આપવા દોડી આવ્યા હતા. બાકી હતું તે જોની સલાહથી આશ્રમના વ્યવસ્થાપકોએ ન્યૂ યોર્કના મેયરને ઉદ્‌ઘાટન કરવા નિમંત્ર્યા હતા ને એમણે પ્રેમપૂર્વક આમંત્રણ

સ્વીકારી લીધું હતું. ને એમને પગલે સરકારી અને અર્ધ સરકારી વર્તૂળોમાં પણ જાણે આ પ્રસંગમાં હાજર રહેવાનાં આમંત્રણો મેળવવા પડાપડી થઈ રહી હતી.

મોટેલના પર્કિંગલૉટમાં વિશાળ ટેંટ ઊભો કરવામાં આવ્યો હતો. નજીકના પાર્કમાં મહેમાનોની ગાડીઓ પાર્ક કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહેમાનો માટે જમવાનું આશ્રમમાંથી તૈયાર કરીને લાવવાની ગોઠવણ કરવામાં આવી હતી. કેટલીક ચીજો જે ગરમ જ પીરસવાની હતી એને મોટેલ પર ગરમ કરી લેવાની વ્યવસ્થા પણ થઈ ગઈ હતી.

જેણે મથુર મહારાજને આઘા પાછા થતા જોયા હોય એને તો એમ જ લાગે કે આજના સમારંભના કોઈ મુખ્ય આયોજક હોય તો એ મથુર મહારાજ જ હશે. એમનો ભભકો જ કોઈ ઓર હતો. આજે તો એમનો નાનો ભાઈ પણ એમની સાથે અબોટિયું પહેરીને જનોઈ ફરકાવતો હાજર થઈ ગયો હતો. એણે ભાઈની આ પ્રગતિ જોઈ હતી અને પોતાની ભૂલ સ્વીકારીને છેલ્લા એક વરસથી એ ભાઈનો આદર કરતો થઈ ગયો હતો. ને તાલોતાલ મથુર મહારાજે એમના પિતા નરભેશંકરને ને માને પણ દેશમાંથી ફરવાના વીઝા પર અમેરિકા બોલાવી લીધા હતા. પૂજા કરાવનારની ઉણપ ન હતી એટલે આજે પાંચ કૂંડીને બદલે નવ કૂંડી યજ્ઞ રાખવામાં આવ્યો હતો.

આજની પૂજામાં બેસવા માટે બહારના લોકોનીય માગણીઓ ઘણી આવી હતી એટલે આશ્રમ વતી એકલા સોમાભાઈ અને જશોદાબેન જ પૂજામાં બેસે અને બાકીનાં દશ જોડાં બહારનાં બેસે એવું નકકી કરવામાં આવ્યું હતું. જે કોઈ જોડાં આમાં રહી જાય એમને આરતી કરવામાં સામેલ કરવાની ગણતરી રાખવામાં આવી હતી. અને તોય જો કોઈ રહી જાય તો મથુર મહારાજ વિધિમાં બીજી કોઈ આરતી પ્રયોજીને કે નારિયેળ હોમતી વખતે એમને વિધિમાં સામેલ કરીને એમને પૂજાનો લાભ આપવા તૈયાર જ હતા. અલબત્ત દક્ષિણાની અપેક્ષા સાથે જ. અને એ તો સૌ કોઈ સમજતાં હતાં એટલે એમાં તો કશો વાંધો આવે તેમ ન હતો.

એટલે ભારે દબદબા પૂર્વક પૂજન વિધિ પતી ગઈ. આરતી અને પ્રસાદ પતી ગયા પછી મેયરને હાથે વિધિવત ઉદ્‌ઘાટન રાખવામાં આાવ્યું હતું. આશ્રમની પ્રગતિ જોઈને પ્રભાવિત થયેલા મેયરે ઉદ્‌ઘાટન કર્યા પછી પોતાના વકતવ્યમાં જણાવ્યું : ‘આ આશ્રમની વ્યવસ્થા અને તેની પાછળની ભાવના પ્રશંસાપાત્ર છે. મને લાગે છે કે આ લોકો સ્વાશ્રયી સેવાસંસ્થા ચલાવે છે. વાસ્તવમાં જે અમારે કરવું જોઈએ એવું પાયાનું કામ એ લોકો કશી બહારની મદદની અપેક્ષા રાખ્યા વગર પોતાની ઉકલતથી કરી લે છે. એમણે આખા સ્ટેટમાં સાચી સેવાસંસ્થાનો દાખલો પૂરો પાડ્યો છે. જો એમને એમની આ પ્રવૃત્તિ વિકસાવવા માટે વધારે જગ્યાની જરૂર હોય તો એમને ન્યૂ યોર્કની ચારે બાજુ આવા આશ્રમ શરૂ કરવા માટે જગ્યા ફાળવી આપતાં મને આનંદ થશે.’

ચાલતી વિધિ દરમિયાન મનોરભાઈએ મેયરને છગનભાઈ તથા છોટાભાઈને સન્માનવાની વાત કરી દીધી હતી. એટલે મેયરે એ બેય જણને મંચ પર બોલાવ્યા ને સાહેબે એમની ઓળખ આપી : ‘આજે આ પ્રસંગની સાથે સાથે આ બે અદના કાર્યકરોની ઓળખ બધાને આપવી જોઈએ એમ મને લાગે છે. આ લોકો કોઈ કૉલેજમાં જઈને ઈજનેરી વિજ્ઞાનની ડીગ્રી લઈ આવેલા નથી, પણ પોતાની હૈયા ઉકલતથી એમણે મકાન બાંધકામની આ કળા હસ્તગત કરી છે. એમની આ કળાનો એક નમૂનો એમણે આશ્રમનું બીજું મકાન બાંધીને આપ્યો હતો. આજે એવો જ એક નમૂનો એમણે આ મોટેલનું બાંધકામ કરીને પૂરો પાડ્યો છે. તમે કાળજીથી જોશો તો તમને જણાશે કે નાની નાની કેટલીય નવી વિગતો એમણે આ મોટેલના બાંધકામમાં ઉમેરી છે, જે બીજી આવી ઈમારતોના બાંધકામમાં હજુ ઉપયોગમાં લેવાનું શરૂ થયું નથી.

‘જ્યાં સુધી અમારી આ આશ્રમની પ્રવૃત્તિને લાગે વળગે છે ત્યાં સુધી તો મારે કહેવું જોઈએ કે આ બે કારીગરોના ઉત્સાહ અને પરિશ્રમથી જ આશ્રમનો આ વિકાસ કરી શકાયો છે. આજે લગભગ સીત્તેર વર્ષની ઉંમરેય એ લોકો જુવાનિયાની જેમ પરિશ્રમ કરે છે અને એમનું જોઈને બીજા આશ્રમવાસીઓ પણ ઉત્સાહમાં આવી જઈ એમના કામમાં સાથ

પુરાવે છે. મારે કહેવું જોઈએ કે આ બે કારીગરોનો સાથ ન હોત તો આ આશ્રમ શરૂ તો થઈ શકયો હોત પણ એનો આનાથી દશમા ભાગનોય વિકાસ કરી શકાયો ન હોત.

'એટલે આજે આપ સહુની ઉપસ્થિતિમાં હું મેયર સાહેબને અમારા આશ્રમ વતી એ બેય કારીગરોનું સન્માન કરવાની વિનંતિ કરું છું.' આમ કહી એમણે મેયરની પાસે બેયને શાલ ઓઢાડાવી અને એમને માટે દેશમાંથી મંગાવેલાં ચાંદીનાં કાસ્કેટ અર્પણ કરાવ્યાં.

પેલા બે સુથારોએ ગદગદિત થઈ જતાં એ સ્વીકાર્યાં. છગનભાઈએ કહ્યું : 'આશ્રમે અમારી કદર કરી એનો અમને આનંદ થયો પણ આશ્રમે અમારે માટે જે કર્યું છે એના હજારમા ભાગનું ઋણેય અમે વાળી શકીએ એમ નથી. આશ્રમે તો અમને બધાંને પાછલી ઉંમરે સ્વમાનપૂર્વક શાંતિથી જીવવાની એક નવી કેડી કંડારી આપી છે અને અમને આનંદ છે કે અમને એમાં સહભાગી થવાનો મોકો મળ્યો છે. કાલે અત્યારે અમારામાંનું કોઈ નહીં હોય તોય આ પ્રવૃત્તિ ચાલતી અને ફાલતી જ રહેશે એવી અમને શ્રધ્ધા છે.'

પછી સાહેબે આશ્રમવતી મેયરનો આભાર માન્યો અને આશ્રમને એમણે વધારે જગ્યા જોઈએ તો ફાળવી આપવાની જે તૈયારી બતાવી હતી એને ટાંકતાં એમણે જણાવ્યું કે એનાથી આશ્રમવાસીઓના ઉત્સાહમાં ઘણો વધારો થયો હતો. અને આશ્રમને શરૂથી જ શહેરના કોર્પોરેશને પોતાનો ગણીને જરૂરી સહાય આપી છે તો જ એની બધી પ્રવૃત્તિયો આટલી વિકસી શકી છે એમ કહી એમનો આભાર માનવાની તક લઈ લીધી. સાથે આવેલા બધા મહેમાનો અને જો તથા અન્ય અમેરિકી સહાયકોનો પણ એમણે આભાર માન્યો. મથુર મહારાજના પિતાશ્રી દેશમાંથી આ પ્રસંગમાં વિધિ વખતે હાજર રહ્યા છે અને એમની જાણકારીનો લાભ આખા અવસરને સાંપડ્યો છે એનો સ્વીકાર કરતાં એમને પણ મેયરને હાથે શાલ ઓઢાડાવી અને દક્ષિણાનો ચેક અર્પણ કરાવ્યો.

બધાએ મોટેલના કામને વખાણ્યું, કેટલાકે જમવાનું વખાણ્યું, કેટલાકે પેલા લોકોનું સન્માન કરવાની ભાવનાની પ્રશંસા કરી તો કેટલાકે આ આશ્રમના પાયામાં જે કોઈ હોય એમની દૃષ્ટિને વખાણી. મેયરે સોમાભાઈ સાથે જે વાત કરી એ મુજબ મોટેલમાં સિટી તરફથી કાયમ માટે દશ રૂમો રાખવાની હતી. સિટીના જે કોઈ મહેમાનો આવે એમને ઉતારવા માટે એ રૂમો હતી. એનું ભાડું મહિને કેટલું રાખવું એ એમણે સોમાભાઈને પૂછ્યું હતું. સોમાભાઈ તો એમની આ વાતથી આશ્ચર્ય પામી ગયા હતા. એમને જવાબ આપતા પહેલાં એમણે મનોરભાઈ અને સાહેબને કાને વાત નાખવાનું ઉચિત ગણ્યું.

સાહેબ કહે : 'કાયમની વાત હોય તો ૬૦% ભાડું લેવું જોઈએ પણ સિટીનો આપણી પર ઘણો અહેસાન છે એટલે એમને પૂછીને એના કરતાં ઓછા આપે તોય લઈ લેવા જોઈએ.'

મેયર કહે : 'એટલા બધા ઓછા લેવાની જરૂર નથી પચીસ ટકા ઓછે ભાડે રૂમો રાખજો, તમને દર મહિને ભાડાનો સામટો ચેક મળી જશે.'

એમની વાત સાંભળી રહેલા એક ટ્રક કંપનીવાળા કહે : 'અમારા ડ્રાયવરો માટેય અમારે કાયમની સાત રૂમો જોઈએ છીએ. અમેય એટલું ભાડું આપીશું.'

હવે સોમાભાઈની સમજમાં એ વાત આવી ગઈ. થોડું ઓછું ભાડું લઈને આવી રીતે જો અડધી રૂમો આપી દીધી હોય તો બધો ખર્ચો નીકળી રહેતાંય થોડી બચત રહે. વળી બાકીની રૂમો જાય તેના તો પૂરે પૂરા પૈસા બચે. એમને થયું કે આવી રીતે બીજાં થોડાં મોટાં કન્સર્નને પકડ્યાં હોય તો કાયમની નિરાંત થઈ જાય. વળી આશ્રમની છાપ એવી જામી હતી

કે આવાં એકમો એને મદદ કરવા માટેય બીજી મોટેલોમાં રૂમો રાખવાને બદલે આશ્રમની મોટેલમાં રૂમો રાખવાનું વધુ પસંદ કરે. એમણે બીજા દિવસથી આવાં એકમોને હાથ પર લેવા વિચાર્યું. એમને થયું કે આમાં જો ઘણો મદદરૂપ થઈ પડશે.

ને જો મદદરૂપ થઈ પડ્યો પણ ખરો. એનેય ખબર ન હતી કે આવી રીતે મોટેલ સાથે કાયમી કોન્ટ્રાકટ કરી મોટાં એકમો મહેમાનો માટે રૂમો રાખી મૂકતાં હોય છે. એણે તો સોમાભાઈને સાથે રાખીને આવાં એકમોમાં ફોન કરાવવા માંડ્યા. ને એમણે ધાર્યા કરતાંય આશ્રમના નામને કારણે એમને ઘણા સારા પ્રતિભાવો મળવા માંડ્યા. એક જ મહિનામાં એમના લક્ષ્ય પ્રમાણે આવી પચાસ રૂમો કાયમને માટે બૂક થઈ ગઈ. કેટલાંક એકમોને ઘણી વખત એમણે રાખેલી રૂમો ઓછી પડતાં ચાલુ ભાડેય રૂમો લેવી પડતી હતી એટલે મોટેલને વધારાની ઘરાકી પણ આ એકમો પાસેથી મળતી રહેતી હતી. અને વર્ષે મિલિયનને હિસાબે નફો કરતાં એકમોને એવા નાના ખર્ચનો તો જાણે હિસાબ જ ન હતો.

વળી આના જેવી આધુનિક સગવડવાળી મોટેલ શહેરના આ વિસ્તારમાં બીજી એકેય હતી નહી એટલે બીજાં કેટલાંય એકમો વધારે ભાડું આપીનેય રૂમો મળતી હોય તો કાયમી ધોરણે રૂમો બૂક કરાવવા આંટા મારવા માંડ્યાં હતાં. હવે આયોજકોને લાગવા માંડ્યું હતું કે સો રૂમોની આ મોટેલ બનતાંની સાથે જ નાની પડવા લાગી હતી. એટલું સારું હતું કે હજુ કોઈએ છગનભાઈ કે છોટાભાઈને આ વાત કરી ન હતી નહીં તો એમણે તો બીજી મોટેલ બાંધવાની જેહાદ શરૂ કરી દીધી હોત એમની સાથે આશ્રમના બીજો લોકોય જોડાઈ ગયા હોત.

મનોરભાઈ અને સાહેબે સોમાભાઈને ખાસ તાકીદ કરી હતી કે આ વાતની સહેજ પણ ગંધ એમાંના કોઈને જવી ન જોઈએ. પણ આશ્રમનાં માણસો સાહેબની નિશાળમાં ભણીને એવાં ચાલાક તઈ ગયાં હતાં કે એમને બે ને બે ચાર કરી લેતાં વાર ન લાગી. એક દિવસ છગનભાઈ ઑફિસમાં આવ્યા ને સોમાભાઈને પૂછવા લાગ્યા કે મોટેલ કેમ ચાલે છે!

સોમાભાઈ કહે : ‘હજુ નવી છે એટલે અત્યારે તો આપણે ધારી હતી એવી રીતે ચાલે છે પણ કાયમ આવી જ ચાલશે એ કહેવાય નહીં.’

‘મેં તો સાંભળ્યું છે કે છેલ્લા એક મહિનાથી રોજનાં આઠથી દશ ઘરાકો પાછાં જાય છે.’

‘કોક દિવસ એવું થયું હોય. રોજનાં આઠ દશ ઘરાકો પાછાં જાય એવું તે બનતું હશે!’

‘તમને એમ હશે કે અમને કશી ખબર નથી પણ અમને રોજે રોજની માહિતી મળતી રહે છે. અમારે ધંધામાં માથું મારવું નથી પણ જો રોજના આઠથી દશ ઘરાકો પાછા જતા હોય તો તમારે કશું વિચારવું જોઈએ.’

‘એવું કદાચ થાય તોય આપણે વિચારવા સિવાય બીજું શું કરી શકીએ!’

‘તમે વિચારો કે ન વિચારો પણ અમે તો વિચારી જ મૂકેલું છે. જ્યારે મોટેલનો પ્લાન ફાયનલ કર્યો ત્યારે મેં આર્કિટેકટ સાથે મસલત કરીને પાયાથી માંડીને છાપરા સુધીની ડીઝાઈન એવી કરાવી છે કે મોટેલની ઉપર ત્રીજો માળ કરવો હોય તો કશી મુશ્કેલી ન પડે.’

‘એટલે તમે આ બધું પહેલેથી જ વિચારી મૂકેલું છે એમ ને! પણ મને નથી લાગતું કે આ વખતે મનોરભાઈ તમારી વાત માને.’

'તો એમને એ વાત મનાવવાની જવાબદારી તમારી. જો મોટેલ સારી ચાલતી હોય અને નાની પડતી હોય તો એને મોટી કરવામાં વાંધો શાથી હોય! ને કામ કરનારા જો તૈયાર હોય તો અમને તો લાગે છે કે આપણે મોટેલ ઉપર એક માળ વધારે બાંધી દેવો જોઈએ. બે વર્ષ પછી જ્યારે અમારી કામ કરવાની શકિત ઓછી થાય ત્યારે કદાચ બાંધવો હોય તોય ક્યાંથી બાંધી શકવાના હતા!'

'તમારે જે વાત કરવી હોય એ સાહેબ અને મનોરભાઈ સાથે કરવી. મને એમાં વચમાં ન લાવતા કે મારું નામેય વચમાં ન લેતા.' સોમાભાઈ છૂટી પડ્યા.

સોમાભાઈ છૂટી પડે એટલે પેલા બધા કાંઈ લીધી વાત પડતી મૂકે એ તો બને જ કેમ! હા, એ બધાએ મનોરભાઈની કૉર્ટમાં કેસ લઈ જતા પહેલાં પંદર દિવસનું હોમ વર્ક કરીને બધા આંકડા ભેગા કર્યા અને એમની સામે આવનારી દલીલોના જવાબો પણ અગાઉથી જ વિચારી લીધા. એમણે જોને પણ મનોરભાઈથી ખાનગી રીતે મળી લીધું. હવે એ લોકો મનોરભાઈને મળવા તૈયાર હતા.

સોમાભાઈએ મનોરભાઈને અગાઉથી બધી વાતથી સજાગ કરી દીધા હતા. તેમણે અને સાહેબે મળીને એ બધાને આશ્ચર્ય થાય એવો પ્રતિભાવ આપવાની તૈયારી કરી દીધી હતી. એટલે જેમ પેલા લોકો તૈયારી કરીને આવવાના હતા એમ મનોરભાઈ અને સાહેબ પણ એમને માટે તૈયારી કરીને જ બેઠા હતા.

ને એક દિવસ પેલામાંના પાંચેક જણ ઑફિસમાં આવી પહોંચ્યા. એ લોકો કોઈ વાત કરે એ પહેલાં જ મનોરભાઈએ વાત શરૂ કરી : 'સારું થયું કે તમે બધા આવી ગયા, નહીં તો અમે તમને બોલાવવાના જ હતા. તમારે લાયક કામ ઊભું થયું છે, જો તમે બધા થાકયા ન હો તો.'

પેલા લોકો એમની સામે તાકી જ રહ્યા. 'શું કામ છે, અમે થાકયા નથી.'

'વાત એમ છે કે આપણી મોટેલ તમે બાંધી પણ કશી ગણતરી વગર બાંધી એટલે એમાં થોડી મુશ્કેલી ઊભી થઈ છે. એનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારથી જ એ નાની પડવા લાગી છે. અમે આર્કિટેકટને પૂછી જોયું છે ને તેમણે એના વધારાનો પ્લાન બનાવી આપવાનું માથે લીધું છે. એમની ગણતરી એવી છે કે જો મોટેલની ઉપર એક માળ વધારાનો બાંધવો હોય તો કશા વધારાના ખોટા ખર્ચ વગર બાંધી શકાય એવી ગણતરી પહેલેથી જ કરી રાખેલી છે. એટલે જો તમે થાકયા ન હો તો તમે અથવા બહારના કોઈ કોન્ટ્રાકટરને કામ આપીને ત્રીજો માળ બાંધવાની અમારી ગણતરી છે. પણ તમે બધા શા કામે આવ્યા છો એ તો તમે અમને જણાવ્યું જ નહી!'

ને પેલા લોકો શું જણાવે! એમને કશું બોલવા જેવું રહ્યું જ કયાં હતું! છતાં છગનભાઈએ કહ્યુ : 'અમે થાકયા નથી. અમે પણ તમને એ જ વાત કરવા આવ્યા હતા. અત્યારે અમારામાંના ઘણા કામ કરી શકે એમ છે ત્યારે જ ઉપર એક માળ વધારે બાંધી નાખવો જોઈએ એમ કહેવા જ અમે આવ્યા હતા.'

'ચાલો ત્યારે અમે અને તમે બધા એક જ વાતની રજૂઆત કરવા ભેગા થયા એ પણ એક શુભ નિશાની કહેવાય. પણ અમારી એક વાતનો વિચાર કરીને અમને બે ચાર દિવસમાં જવાબ આપજો. કામ ધીમું થાય તો એનો વાંધો નહીં પણ મોટેલની ઘરાકી પર અસર ન થાય એ રીતે આપણાથી થઈ શકે એમ હોય તો જ આપણે કામ હાથ પર લેવાનું છે. બોલો એ રીતે આપણાથી કામ થઈ શકશે! નહીં તો બહારના ધંધાધારી માણસોને કામ સોંપી દઈએ.'

'અમે એનો વિચાર કરી જ લીધો છે. એકી સાથે પાંચ જ રૂમનું છાપરું ઉકેલવાનું અને એ રૂમો ભાડે આપવા લાયક થાય ત્યારે જ બીજી રૂમોનું કામ હાથમાં લેવું એવો ચોકકસ પ્લાન અમે કરી જ મૂકેલો છે. આમેય બહારના કામ માટે અમારે બહારના માણસોની મદદ લેવાની તો છે જ. તો આ વખતે એમની મદદ વધારે પ્રમાણમાં લઈશું. ને છાપરું એવી રીતે ઉકેલતા જઈશું કે નીચેના રૂમોમાં ખાસ નુકશાન નહીં થાય અને એની સજાવટ તો આપણા માણસો કરી જ શકશે.'

'એ તમારે જોવાનું છે, પણ અમારું માનો તો તમે બે ભાઈઓ દેખરેખ રાખો ને બધું કામ બહાર આપી દઈએ તોય ખોટું નથી. આપણા વડીલોય આ ઉંમરે થાકે જ ને!' મનોરભાઈએ મમરો મૂકયો.

'એમાંના કોઈ થાકતા નથી. અમે એમને બધાને પૂછીને જ આવ્યા છીએ. અને કોઈની ઉપર કશું દબાણ તો છે નહીં. જે થાકશે એ બેસી જશે ને આપણે બહારના માણસોને કામ પર લીધેલા હશે જ એટલે એમને વધારાનું કામ સોંપી દઈશું. થોડા પૈસા વધારે થશે.'

બધા રાજી થઈ ગયા. એમના કહ્યા વગર જ મનોરભાઈ અને સાહેબે એમને મનગમતી વાત કરી હતી. પણ એમને એ ખબર ન હતી કે એમની માગણી આવવા પૂર્વે એને સ્વીકારવાની યોજના એ લોકોએ ઘડી રાખી હતી એનું જ આ પરિણામ હતું. મનોરભાઈએ ઘોડામાંથી પ્લાનની કાચી કૉપી કાઢીને એમને બતાવી : 'આર્કિટેકટે આ કાચો પ્લાન કામચલાઉ આપ્યો છે. તમે એને જોઈ લેજો ને કોઈ ફેરફાર કરવા જેવો લાગે તો એમની સાથે સીધા જ વાત કરી લેજો. અને જો ફેરફાર કરવાનો ન હોય તો તમે એમને મંજૂરી મેળવવાની વિધિ માટે જણાવી દેજો. એમણે તો કહ્યું છે કે જો કશા ફેરફાર કરવાના ન હોય તો એ બે જ દિવસમાં મંજૂરી મેળવી લાવશે ને તમે તાત્કાલિક કામ શરૂ કરી શકશો.'

અનુક્રમ Þ

## ૧૪. ધનજી મુખી પાછા ઝળકયા

આપણામાં પેલી કહેવત છે ને કે ખોટો રૂપિયો ખોવાય નહીં. આપણા ધનજી મુખી એવા જ ખોટા રૂપિયા જેવા હતા. અમેરિકામાંથી એમને ભૂંડે હાલ દેશનિકાલ થવું પડ્યું હતું છતાં એ પાછા અમેરિકા આવતા હતા. અને અમેરિકી સરકાર પણ કેવી વિચિત્ર છે! એમણે મુખીને આબરૂ વગરના કરીને એક વખત અમેરિકામાંથી તગેડી મૂકયા હતા તોય એમને પાછા આવવા માટે ફરવાના નહીં પણ ઈમિગ્રન્ટ વીઝા આપતી હતી.

વાત એમ બનેલી કે એમને સરકાર વીઝા નહીં જ આપે એવી મનમાં ખાતરી હોવાથી એમના દીકરાએ સિટિઝન થયા પછી એમને માટે બે બોલા એપ્લાય કર્યું હતું. એને એમ કે બાપાને વીઝા મળવાના નથી અને એમાં જો કોઈનું ખોટું દેખાવાનું હોય તો તે પોતાનું તો ન જ હતું, કદાચ દેખાય તોય અમેરિકી સરકારનું જ દેખાવાનું હતું. પણ મુખીને પોતાનો વાંક કાઢવાનો તો ન રહે! પણ એની બધી ગણતરી ખોટી પડી. ને આ પથરો તો પડ્યો એ દીકરાના પગ ઉપર જ, અરે પગ પર જ શા માટે કહો કે માથા પર જ પડ્યો. એની બૈરીએ તો સસરાને વીઝા મળ્યા કે તરત પિયરના પ્લેનના બૂકિંગ માટે તપાસ કરવા માંડી હતી ને!

પાછું કોઈ આશ્રમમાં વાત લાવ્યું કે મુખીને અમેરિકા આવવાના વીઝા મળી ગયા છે ને એને પગલે એમના દીકરા સમીપની વહુ ધનીએ પિયર જતાં રહેવાની નોટિસ પણ સમીપને ફટકારી દીધી છે. બધા ગભરાટ અને આશંકામાં અટવાઈ ગયા. દેવશીભાઈને સૌથી વધારે ગભરાટ થયો.

એમણે દેશમાં ગયા ત્યારે મુખીનું ખોટું ન દેખાય એ માટે જે વાતો કરી હતી એનું બેક ફાયર થવાનાં એમને એંધાણ વર્તાઈ રહ્યાં. એમણે એમ કહ્યું હતું કે જો મુખીને અમેરિકામાંથી સરકારી લફરાને કારણે દેશમાં આવતા રહેવાનું ન થયું હોત તો એમને આશ્રમમાં રહેવા બોલાવવા માટે આશ્રમવાળા મળવા જવાના જ હતા. વળી એમણે વાંદરાને નિસરણી

આપવા જેવું પણ કર્યું હતું. એમણે એમ પણ કહ્યું હતું કે એમના જેવા તડ ને ફડ કહેવાવાળા માણસની આશ્રમમાં જરૂર હતી. હવે આ તડ ને ફડવાળા મુખી આવીને એમના આશ્રમના શાંત જળમાં પથરો બનીને પટકાય તો કેવાં વમળો સર્જાય એની કલ્પના જ એમને ડરાવી રહી હતી.

બીજી બાજુ મુખી પણ એવા જ ખ્યાલમાં રાચતા હતા. એ પોતાના દીકરા વહુને લાત મારી સીધા જ આશ્રમમાં રહેવા જવાના ને આશ્રમના મેનેજમેન્ટમાં પોતાના તડ ને ફડનો ફડાકો બોલાવવાના વિચારને જ મનમાં ઘૂંટ્યા કરતા હતા. એટલું સારું હતું કે દેવશીભાઈએ આ વીંછીને છાણે ચઢાવ્યો હતો એ એમના સિવાય આશ્રમમાં કોઈ જાણતું ન હતું કે આશ્રમવાળા કોઈનેય ધનજી મુખીના આવા પ્લાનનો કશો ખ્યાલ ન હતો.

હા, સાહેબ અને મનોરભાઈ સમીપની પત્ની ધનીને મળવા જવા ઊપડ્યા એ વાત તો સાચી જ. એમણે મુખીને આશ્રમમાં ન લાવવા પડે ને સમીપનું લગ્નજીવન પણ સચવાઈ રહે એવો રસ્તો કાઢવા ઘણું વિચારી જોયું હતું પણ એમને એવો કોઈ ઉપાય જડ્યો ન હતો. ને કોઈ રસ્તો ન રહે તો મુખી એમને માથે પડવાના જ હતા. તોય એ લોકો સમીપ અને ધનીને મળવા ચાલ્યા હતા.

'આવો, તમે આવ્યા એટલે મારા મન પરથી જાણે મોટો બોજો ઊતરી ગયો.' એમને જોઈ સમીપે કહ્યું.

'અમે અમારાથી બનતું બધું જ કરીશું. જરૂર પડશે તો અમે એમને આશ્રમમાં લઈ જઈશું પણ તમને દુખી નહીં થવા દઈએ. એમને અમે અમારા કામમાં એવા પરોવી દઈશું કે એ તમને હેરાન નહીં કરે.'

એમની વાત સાંભળીને સમીપને હૈયે ઠંડક થઈ, ધનીને તો જાણે આ લોકોને ભગવાને જ મોકલ્યા હોય એમ લાગ્યું. એણે કહ્યું : 'જ્યાં સુધી એમને સરકારી મદદ મળતી નહીં થાય ત્યાં સુધી અમે એમના ખર્ચના પૈસા તમને આપ્યા કરીશું. પણ તમારા આશ્રમમાંય એ ડખો ઊભો ન કરે એ જોજો.'

'અમે તમને ખોટું નહીં કહીએ, અમારામાંના કેટલાયને એવી બીક છે પણ ખરી. એમને આશ્રમમાં લેવાની એમની ઈચ્છા નથી પણ અમે એટલા માટે લઈએ છીએ કે આશ્રમમાં ફકત વડીલોને છોકરાંથી બચાવવા માટે જ નહીં પણ વડીલોથી છોકરાંને બચાવવાનું ધ્યેય પણ રાખેલું છે. અમે એમને આ સાહેબની સાથે એવા ગોઠવી દઈશું કે એમના સ્વભાવમાં ધડમૂળથી ફેરફાર થઈ જશે.'

'એમનો સ્વભાવ પહેલેથી જ એવો પડ્યો છે ને પછી લોકોએ મુખી મુખી કરીને એમને ખોટા ચઢાવી માર્યા છે. એમણે કયારેય મુખીપણું કર્યું નથી છતાં એમને જાણે એ ગુજરાતના મુખ્ય પ્રધાન હોય એમ વર્તવાની ટેવ પડી ગઈ છે.'

'તમે કોઈ વાતે ચિંતા ન કરશો, અમે અમારાથી બનતું કરીશું. એ આવે એટલે અમને જણાવશો, એટલે અમે એમને મળવા આવીશું.' કહી પેલા બે વિદાય થયા.

'જેમણે આ આશ્રમ શરૂ કર્યો હોય એમને ધન્યવાદ ઘટે છે. આજ સુધી મને એમ હતું કે એ લોકો ઘરડાંને ચઢાવી મારે છે ને એમનાં છોકરાંને હેરાન પરેશાન કરી મૂકે છે.' એ લોકો ગયા એટલે ધનીએ પોતાના મનની વાત બહાર કાઢી.

'કેટલાકનાં દીકરા દીકરીઓ એમનાં વડીલોને પજવતાં હતાં એમને એ ત્રાસથી છોડાવવા માટે જ આ આશ્રમની શરૂઆત કરવામાં આવી હતી પણ એમને જ્યારે લાગ્યું કે ઘણી વખત માબાપ પણ છોકરાંને પજવતાં હોય છે ત્યારે એમણે

એવા કિસ્સામાંય રસ લેવા માંડ્યા. એમનું ધ્યેય છે કુટુંબોમાં શાંતિ જળવાઈ રહે એવા પ્રયત્નો કરવાનું. બાપાને ગયે વખતે એ લોકો મળવા આવવાના જ હતા અને સરકારે એમના ડીપોટેશનનો હુકમ કર્યો એટલે એમને આવવાનું જ ના રહ્યું.'

આ બાજુ સાહેબ અને સોમાભાઈ આશ્રમમાં ગયા ત્યારે બધાના મનમાં એક જ વાત ઘોળાતી હતી ઃ મુખી ક્યારે અમેરિકા આવે છે! કેટલાકે તો એમને કેવી રીતે આશ્રમના રંગે રંગી નાખવા એનીય યોજનાઓ કરવા માંડી હતી. એમને એમ હતું કે મુખી આવી સારી પ્રવૃત્તિ જોશે એટલે એમની જાતે જ થોડા નરમ પડશે અને બાકીનું કામ બધાંના પ્રયત્નથી થઈ જશે.

પણ દેશમા આવવાની તૈયારી કરી રહેલા મુખી મનમાં કાંઈક બીજું જ વિચારતા હતા. એમને તો એમ જ હતું કે પોતાના જેવા કાબેલ માણસની સેવા મળશે એટલે આશ્રમની સૂરત જ પલટાઈ જશે. એમણે અમેરિકા જઈને તરત આશ્રમમાં જઈ સત્તાનાં સૂત્રો સંભાળી લેવાની તૈયારીઓય મનમાં કરવા માંડી હતી ને! પેલે દિવસે સોમાભાઈએ એમને જે વખાણનો નશો કરાવ્યો હતો એનો અમલ હવે અમેરિકા જવાની તક ઊભી થતાં બમણા જોરથી ચઢવા માંડ્યો હતો.

એમણે જેમ બને એમ વહેલી તકે અમેરિકા પહોંચી જવા કમર કસી હતી. એજન્ટની સાથેય એમના મુખીપણાની આબરૂને કારણે બૂકિંગ વહેલું કેમ ન મળે એ બાબતે એમણે એમના સ્વભાવ મુજબ ઘણી દલીલબાજી કરી હતી. ને પેલા એજન્ટે એમને થોડું વહેલું બૂકિંગ કરી આપ્યું એટલે પોતાના મુખીપણાની શેહ પડતી માની એ ખુશ થઈ ઊઠ્યા હતા. એટલું સારું હતું કે એમના દીકરા કે વહુએ એમની પાસે કશી ચીજ વસ્તુઓ દેશમાંથી મંગાવી ન હતી નહીં તો વધારે વજન બાબતમાં એમણે એર લાઈન સાથેય ઝઘડો કર્યો હોત.

એમને તો એમ હતું કે એ અમેરિકા ઊતરશે ત્યારે એમને સત્કારવા આશ્રમવાળા સામે આવ્યા હશે પણ કોઈ આવ્યું ન હતું એટલે એમને થોડી નિરાશા થઈ પણ પોતે આશ્રમવાળાને અગાઉથી જાણ કરી ન હતી એટલે એમ થયું હશે માની એમણે મન મનાવ્યું. છતાં એમણે ઘેર પહોંચીને તરત જ આશ્રમમાં ફોન તો કર્યો જ. મનોરભાઈએ ફોનનો હવાલો સાહેબને સોંપી દીધો. સાહેબે એમનું સ્વાગત કરતા હોય એમ વાત કરી ને નવરાશ મેળવી આશ્રમમાં મળવા આવી જવા એમને આમંત્રણ પણ આપ્યું.

'આમેય મેં આશ્રમમાં આવીને સમાજસેવા કરવાનું જ નકકી કરી જ મૂકયું છે. દેશમાં દેવશીભાઈ આવ્યા ત્યારેય મેં એમને કહ્યું જ હતું કે હવે કદાચ અમેરિકા આવવાનું થશે તોય દીકરા કે વહુની સાથે રહેવાને બદલે આશ્રમમાં આવીને જ રહીશ.'

'જરૂર આવો. અમે લગભગ પચાસ માણસો આશ્રમની વ્યવસ્થામાં ગૂંથાયેલા છીએ તેમાં તમે પણ ભળી જઈ શકશો. અહીં બધા એક જ કુટુંબના સભ્યો હોય એમ સંપીને રહે છે ને પોતાનાથી બનતું કામ કરી લે છે. તમારે લયક પણ કામ શોધી કાઢીશું.'

મુખીને એમની વાતમાં કશી સમજણ ન પડી. એમને તો એમ હતું કે એમની આશ્રમમાં આવી જવાની વાતને આશ્રમવાળા વધાવી લેશે, પણ એમને સાહેબની વાતથી થોડી નિરાશા થઈ. જો પોતાને પેલા પચાસ માણસોમાંના એક ગણવાના હોય તો ત્યાં જવાનો શો અર્થ? પોતાના મોભાને શોભે એવી રીતે જવાતું હોય તો જ એમને આશ્રમમાં જવાનું મન હતું, પણ દીકરા કે વહુની સાથેય હવે તો રહેવાય એવું ન હતું. એમણે આવતાંની સાથે જ દીકરાને કહી દીધું હતું કે એ એમની સાથે રહેવાના ન હતા. એટલે હવે નીચી મૂંડીએ એમની સાથે રહેવું એ એમના મુખીપણાની શાનની વિરુધ્ધ હતું. એમણે આશ્રમમાં રહેવા જવાનો મકકમ નિર્ધાર કરી લીધો. ને એક વખત આશ્રમમાં ગયા પછી એમાં પોતાને લાયક જગ્યા મેળવી લેતાં એમને કયાં આવડતું ન હતું!

છતાં એમના મનમાં થોડી મૂંઝવણ તો થઈ જ. એમણે જેમ બને તેમ વહેલી તકે આશ્રમમાં જઈ પરિસ્થિતિનો માયનો કાઢી લેવાનું નક્કી કરી લીધું. એમણે સમીપને નવરાશ મેળવીને એમને આશ્રમમાં લઈ જવાની વાત કરી. સમીપ અને ધની બેયની આંખોમાં એમની એ વાત સાંભળીને ચમક આવી ગઈ. સમીપ કહે : 'આજે મારે ઑફિસમાં બહુ કામ પેન્ડિંગ નથી એટલે હું ચાર વાગ્યાનો આવી જઈશ. ધની કહે મરાથીય કદી આશ્રમમાં જવાયું નથી. મારેય આશ્રમ જોવો છે એટલે હુંય બનશે તો ચાર વાગ્યા પહેલાં ઘેર આવી જઈશ.'

સારું થયું કે મુખીને એમની વાતમાં ઝાઝી સમજણ પડી નહીં બાકી એ બોલ્યા સિવાય રહ્યા ન હોત. મુખીની વાદે જીવકોરબેન પણ વહુની પાછળ પડી ગયાં હતાં ને એને અણમાનીતાં થઈ ગયાં હતાં ને વળી મુખીએ આશ્રમની વાતો કરીને એમને આશ્રમની લગની લગાડી દીધી હતી. એમનેય મનમાં એમ જ હતું કે મુખી આશ્રમનો વહીવટ સંભાળી લેશે એટલે એમનું પણ આશ્રમમાં માન રહેશે ને વટથી રહી શકાશે. એટલે એય સવારથી જ સાંજના ચાર વાગ્યાની રાહ જોવા માંડ્યાં હતાં ને!

એમના કરતાંય વધારે ઉતાવળ પેલાં બેને હતી એટલે બેય જણાં સાંજના ચાર વાગ્યા પહેલાં આવી ગયાં હતાં ને! એ બે જણે આવીને નાસ્તા જોગું સ્હેજ ખાઈ લીધું ને બધાં આશ્રમમાં જવા નીકળ્યાં. સમીપે આશ્રમમાં ફોન કરી દીધો હતો એટલે બધાં આશ્રમવાસીઓ એમની કાગને ડોળે રાહ જોતાં હતાં. એમાંના બેત્રણ જણાએ જ મુખીને જોયા હતા. બાકીનાંને તો મુખીની વાતો જ ખબર હતી. પણ એટલું તો કહેવું જ પડશે કે આશ્રમમાં સાહેબ આવવાના હતા ત્યારે જેવી ઉત્કંઠા બધાંનાં હૈયાંમાં હતી એના કરતાંય વધારે ઉત્કંઠા મુખીને માટે હતી. અલબત્ત એ બેય લાગણી વચ્ચે આભજમીનનું આંતર હતું.

સાહેબે આવીને પોતાને લાયક કામ શોધી કાઢ્યું હતું ને બધાંનાં હૈયાંમાં સ્થાન મેળવી લીધું હતું. એમને પ્રતાપે પૂરું ગુજરાતીય ન જાણતાં આશ્રમવાસીઓ ધીસ ઘેટ કરતાં થઈ ગયાં હતાં. ને સાહેબને વગર માગ્યે આશ્રમના વડીલ તરીકેનું માન એમને બધાં આપતાં હતાં. બધા મહત્ત્વના નિર્ણયોમાં પહેલો ને છેલ્લો સાહેબનો અભિપ્રાય લેવામાં આવતો હતો ને બધાં એને વગર ખચકાટે માથે ચઢાવતાં હતાં.

સાહેબ, સોમાભાઈ અને મનોરભાઈ પણ એમની જ વાટ જોતા હતા. એ લોકો આવ્યા એટલે સાહેબે જ બધા વતી એમને આવકાર્યા. એમણે કહ્યું : 'તમારા આવવાની વાત મળી કે તરત અમે બેય જણા સમીપને મળવા ગયા હતા. એમને કહ્યું પણ હતું કે તમે આવો કે તરત અમને ફોન કરે. તમે ન આવ્યા હોત તો અમે તમને મળવા આવવાના જ હતા.'

પણ મુખી તો આશ્રમની વ્યવસ્થા અને એની વિશાળતા જોવામાં એવા તો અટવાઈ ગયા હતા કે એમને ઘડીભર તો જવાબ આપવાની જ સૂજ ન પડી. સ્હેજ વાર પછી એ બોલ્યા : 'તમે બધાએ ખરું જમાવી દીધું છે! મને આટલા મોટા પથારાની કલ્પનાય ન હતી.'

'સામેને ખૂણે પેલું મોટું મકાન દેખાય છે એમાં આપણે એક થ્રીફ્ટી સ્ટોર પણ ચલાવીએ છીએ અને એક દોઢ સો રૂમની મોટેલ પણ આપણે નવી જ બાંધી છે ને એ પણ આપણે જ ચલાવીએ છીએ.' સોમાભાઈએ કહ્યું.

'દોઢસો રૂમની મોટેલ! એટલી બધી રૂમો ભરાય છે ખરી?' મુખી એમની વાત સાંભળી જાણે ગૂંચવાઈ ગયા હોય એમ બોલ્યા.

'એ તો આપણા આશ્રમની આવકનું પાયાનું સાધન છે. પહેલાં સો રૂમની મટેલ બાંધી હતી. એ તો ઉદ્‌ઘાટન કરતાંની સાથે જ નાની પડવા લાગી એટલે એમાં બીજી પચાસ રૂમો ઉમેરી છે. હજુય નાની પડે છે પણ હવે એને વધારવાની જગ્યા નથી. તમે ફરીથી આવો ત્યારે જોવા જઈશું.' સોમાભાઈએ કહ્યું.

'અત્યારે જવું હોય તોય સમય છે. હજુ જમવાને બે કલાકની વાર છે ત્યાં સુધીમાં જઈ આવો. આવતાં છાગનભાઈનેય લેતા આવજો. એ સવારથી જ ત્યાં ગયા છે.' સાહેબે કહ્યું.

'ચાલો અત્યારે જ જઈ આવીએ. મેંય હજુ મોટેલ જોઈ નથી. તમારે આવવું હોય તોય વાનમાં જગ્યા છે.' સમીપે કહ્યું. ને સાહેબ અને મનોરભાઈ પણ મુખીની સાથે તૈયાર થયા. ધની અને એનો દીકરો સંદીપ અંદર સ્ત્રીઓના ટોળામાં બેઠાં હતાં. સાંજનું ખાવાનું તૈયાર થઈ ગયું હતું એટલે દેવશીભાઈ અને રેવતીબેન તથા એમનાં રસોડાનાં મદદગાર બહેનો પણ એ ટોળામાં બેસી ગયાં હતાં.

સંદીપે એ બધા મોટેલ જોવા જતા હતા એમ ધનીને જણાવ્યું અને બધા ઊપડ્યા. એનેય આશ્રમની વિશાળતા, સ્વચ્છતા અને વ્યવસ્થા જોઈને આશ્ચર્ય થયું હતું. એને બીક પણ લાગવા માંડી હતી કે મુખી એમાં પેસીને ડખો કર્યા વગર રહેશે નહીં. એમણે મોટેલ જોઈ અને ત્યાં છગનભાઈ સુથારને મળ્યા. સાહેબે જ્યારે કહ્યું કે એમણે જ મોટેલ બાંધી હતી ને એ આશ્રમમાં જ રહેતા હતા ત્યારે તો એમના આશ્ચર્યની અવધિ જ ન રહી. મુખી તો આ બધામાં પોતે ક્યાં ગોઠવાશે એની જ ફિકરમાં પડી ગયા.

મોટેલની ઑફિસમાં અમેરિકન કસ્ટમર સાથે અંગ્રેજીમાં વાત કરતા આશ્રમવાસીઓને જોયા ત્યારે મુખીને સમજાઈ ગયું કે સાહેબ વાત કરતા હતા એ પચાસ માણસોના ટોળામાં પોતાનો નંબર છેલ્લાથી બહુ ઉપર આવે એમ લાગતું નથી. પણ બધી સોઈ અને બધાંના સ્વભાવ જોયા પછી એમને એ ટોળામાં એક સામાન્ય માણસ તરીકે સેવા કરવાની હોય તોય ખોટું નથી.

'મોટેલની જે આવક થાય એમાંથી આશ્રમની ખોટ પૂરાઈ રહે છે!' સમીપે પૂછ્યું.

'મોટેલમાં કેટલી આવક થાય છે તમને ખબર છે! વરસે નહીં નહીં તોય દોઢેક લાખ તો નફો થાય. આશ્રમમાં ખોટ જાય છે એ તો પેલા સ્ટોરની આવકમાંથી જ ભરપાઈ થઈ જાય છે. હવે તો આપણા દેશવાસીઓની જે રીતે થઈ શકે એ રીતે સેવા કરવાની નવી નવી યોજનાઓ જ વિચારવાની છે.'

એમની વાત સાંભળી મુખી વિચારમાં પડી ગયા. એમને જે કેટલીક સંસ્થાઓનો પરિચય હતો એ તો બહારથી દાન કેમ મેળવવાં એની જ પરોજણમાંથી ઊંચી આવતી ન હતી. અને મોટે ભાગે તો પૈસાની ખેંચમાં જ રહેતી હતી. આ જ એક એવી સંસ્થા હતી કે જેને પૈસાની ચિંતા ન હતી, પણ સારાં કામની એને શોધ હતી. જો કે એમને એમ લાગતું હતું કે આશ્રમ જે માર્ગે જઈ રહ્યો હતો એ માર્ગે તો એમને કાયમ પૈસાની છૂટ જ રહેવાની હતી ને કરવા લાયક કામની ખેંચ જ રહેવાની હતી. હા, આશ્રમની શખાઓ દરેક મોટાં શહેરોમાં ખોલવામાં આવે ને જે પ્રવૃત્તિ અહીં થાય છે એવી જ પ્રવૃત્તિઓ બધે શરૂ કરવામાં આવે તો કાંઈક યોગ્ય કામ ગણાય ખરું.

સમીપ તો આશ્રમના સંચાલકોની આ વાતો સાંભળીને વિચારમાં જ પડી ગયો હતો. એને લાગતું હતું કે આ લોકો જે પ્રકારની સેવા કરે છે એવી સેવા બધે આપવી શરૂ કરવામાં આવે તોય આશ્રમ પાસે પૈસાની કદી ખેંચ પડે એમ ન હતી, જો બધે જ આવા સેવાભાવી કાર્યકરો મળી રહે તો. અહીં તો ભગવાનની દયાથી એવા કાર્યકરો મળી રહ્યા હતા પણ બધે એવા સેવાભાવી અને જાણકાર કાર્યકરો મળવા સંભવ ન હતા.

સાહેબ તથા મનોરભાઈ પણ કાંઈક આવું જ વિચારતા હતા. ન્યૂ યોર્કના મેયરે એક વખત એમને ન્યૂ યોર્કને ચારે ખૂણે આશ્રમ માટે જમીન ફાળવી આપવાની વાત કરી હતી એનો લાભ લેવામાં આવે ને બધા આવા પ્લોટમાં એક આશ્રમ, એક મોટેલ અને એક થ્રીફટી સ્ટોર શરૂ કરવામાં આવે તો પ્રવૃત્તિનો ઘણો ફેલાવો થઈ શકે. વખત છે ને કોઈ સંકુલ સફળ ન થાય તોય બીજાં સંકુલની વધમાંથી એની ખોટ ભરાઈ રહે. એમણે એ માટે જરૂરી તપાસ કરી લીધી હતી અને જો મારફતે એ પણ જાણી લીધું હતું કે મ્યુનિસિપાલિટીની જમીન એ વિસ્તારમાં પ્રાપ્ય હતી.

આશ્રમમાં આવી એમણે બધાંએ સાથે ભોજન લીધું અને મુખીને આખો આશ્રમ ફરીને બતાવ્યો. મુખી આ બધું જોઈને આશ્ચર્ય પામી ગયા. એમને થયું કે આવી ખમતીધર સંસ્થામાં એક અદના સેવક તરીકે કામ કરવાનો મોકો મળે તોય પૂન્યનું કામ કર્યું ગણાય. એમણે કહ્યું : 'તમે મારે લાયક કોઈપણ કામ હોય તો શોધી રાખજો. તમારી પાસે એવું કામ ન હોય તોય હું રહેવા તો અહીં જ આવવાનો છું એ વાત તો નકકી જ છે.'

'એટલા માટે તો તમને આ બધી પ્રવૃત્તિયો વિગતે બતાવી છે. અમારે તમને અમારામાં સમાવી લેવા છે. અત્યારે જ્યારે આપણી પાસે સારા અને ઉત્સાહી કાર્યકરો છે ત્યારે આપણે સંસ્થાનો શકય એટલો વિકાસ કરી દેવો છે. એક તરફ એનો વિકાસ કરવો છે અને બીજી તરફ એની વ્યવસ્થા પણ એવી જડબેસલાક ગોઠવી દેવી છે કે કાલે સવારે એમાં કોઈ ડખો ઊભો કરીને સંસ્થાને નુકશાન ન કરી શકે.' સાહેબે કહ્યું.

'તમે બધાએ આ સંસ્થા ઊભી કરી છે અને એનો આટલો વિકાસ કર્યો છે એટલે તમે એ બધાનો વિચાર કર્યો હશે છતાં એમાં મારી જ્યાં જરૂર જણાય ત્યાં સેવા આપવાની મારી તૈયારી છે. મારે શું કામ કરવાનું છે એ તમે મને બતાવશો એટલે એને કેમ કરીને પાર પાડવું એ મારી જવાબદારી હશે. હું કોઈ પણ ભોગે એ કામ પૂરું કરવાનો પ્રયત્ન કરીશ.' મુખીએ કહ્યું.

છેક રાતના દશ વાગ્યા સુધી મુખી બધાંની સાથે વાત કરતા રહ્યા. પછી એ લોકો પોતાને ત્યાં જવા નીકળ્યા. એ પછીય મુખીની તત્પરતાનું મૂલ્યાંકન કરતા પેલા ત્રણ જણા કયાંય સુધી વાતો કરતા બેઠા. એમનો બધાનો અભિપ્રાય એવો હતો કે મુખી કહે છે એ જો ખરા હૃદયથી કહેતા હોય તો એ સંસ્થાને મદદરૂપ થઈ શકે એવા હતા. પણ એમણે મુખીને વિશે જે વાતો સાંભળી હતી એ એમને ગૂંચવતી હતી. સાહેબ તો એમની કાયમની રીત મુજબ કહેતા હતા કે જ્યાં સુધી એમની વાત અસત્ય પૂરવાર ન થાય ત્યાં સુધી એમની વાત સાચી માનીને જ ચાલવું જોઈએ.

અનુક્રમ Þ

## ૧૫. મુખીય સૌને રંગે રંગાયા

પછીના એક જ અઠવાડિયામાં મુખી સજોડે આશ્રમમાં રહેવા આવી ગયા. હજુ એમને ગ્રીન કાર્ડ મળ્યું ન હતું કે એમને માટે સરકારી મદદ મેળવવાની વિધિ કરી શકાઈ ન હતી એટલે એમના દીકરા સમીપે એમના વતી પૈસા ભર્યા હતા. જ્યાં સુધી એમને પૈસા મળતા ન થાય ત્યાં સુધી પોતે એમના પૈસા ભરશે એવી વાત એણે સંચાલકોને કરી હતી. મુખીને એવી વાત કરતાં કદાચ એ ડરતો હોય એટલે એણે એમને એ વાત કરી ન હતી.

બધાએ નકકી કરી લીધું હતું કે મુખીને કામ ભલે બતાવવું પણ એમને કશું મહત્ત્વ આપવું નહીં કે એમને કોઈ અગત્યનું કામ બતાવવું નહીં. દશ પંદર દિવસમાં એમની કામ કરવાની ધગશ અને એમના સ્વભાવનો પરિચય થાય પછી તેમને અગત્યનું કામ બતાવતા જવું પણ એમને તો તોય અગત્ય આપવી નહીં. ધીમે ધીમે એમની જાતે જ એમને પોતાની અગત્ય ઊભી કરવા દેવી. જો એ આશ્રમના અન્ય કાર્યકરોને રંગે રંગાઈ જાય તો કશો વાંધો નહીં, નહીં તો એમને આશ્રમમાંથી તો નહીં કાઢી મૂકીએ પણ એક અપંગ લાભાર્થિની જેમ એમને પાલવી લઈશું.

પણ મુખીય મનથી સમજી ગયા હતા કે પેલા લોકોના જેવું મહત્ત્વ પ્રાપ્ત કરવા માટે એમને ઘણો ભોગ આપવો પડે તેમ હતો અને ઘણો અનુભવ લેવો પડે તેમ હતો. પોતે ધારતા હતા એટલું સહેલું કામ આશ્રમના ઊંચા હોદ્દા પર બેસી જવાનું ન હતું. પણ જ્યારે એ બધા આટલો બધો ભોગ આપીને કામ કરી રહ્યા હતા ત્યારે એમની મદદમાં રહીને પોતેય શા માટે થોડું પૂન્ય ન કમાઈ લેવું! એમણે મન લગાવીને કામમાં જોતરાઈ જવાનું નકકી કર્યું હતું.

આશ્રમના આગેવાનોએ એમને જે કામ સોંપવા માંડ્યાં એ એમણે કરવા માંડ્યાં. પહેલાં તો એમને બાગકામમાં જે સાફસૂફી અને નવેસરથી ગોઠવણી કરવાની હતી એનું કામ સોંપવામાં આવ્યું ને એમાં પોતાની મદદમાં યોગ્ય સાથીદારો આશ્રમવાસીઓમાંથી તૈયાર કરી લેવાનું સૂચવવામાં આવ્યું. આશ્રમના લગભગ બધા જ લોકોને મુખીના સ્વભાવનો આડકતરો પરિચય તો હતો જ. છતાં કેટલાક એમને ખોટું ન લાગે એટલે એમની સાથે જોડાવા તૈયાર થયા. પણ મુખીએ દેશમાં પોતાની વિશાળ જમીનને રળિયામણી બનાવવાનો જે કીમિયો કરેલો એનો અમલ અહીં પણ કરવા માંડ્યો. ને બાગમાં નાના મોટા વિભાગ પાડી એને ફરતી ઈંટો અને નાનકડી લાકડાની વાડો કરીને એને એક પાર્ક જેવી નયનરમ્યતા અર્પી એ જોઈને તો એમની સાથે કમને કામમાં જોડાએલા લોકોય ખુશ થઈ ઊઠ્યા. પછી તો બીજા લોકોય એમની સાથે વગર કહ્યેય કામમાં વળગી પડ્યા.

આશ્રમના સંચાલકોએય મુખીની આ સૂઝને બિરદાવી ને મુખીને તો કામ કરવાની ચાનક ચઢી ગઈ. એમણે બાગમાં મૂકેલાં હિંચકા અને ખુરશીઓને પણ બીજી રીતે ગોઠવવા માંડ્યાં. વળી પાછી એમના કામની વાહ વાહ થઈ. થોડા વધુ સાથીદારો એમની સાથે આવી ગયા. જે લોકો છગનભાઈ કે છોટાભાઈ સાથે જોડાઈ શકયા ન હતા એ બધા મુખીની સાથે જોડાઈ ગયા. આશ્રમ જાણે બે વિભાગમાં વહેંચાઈ ગયો, એક ગૃહનિર્માણ વિભાગ અને બીજો બાગકામ વિભાગ. ને બે જ મહિનામાં તો બાગકામની સાથે આશ્રમની મિલકતોની ગૃહ સજાવટ પણ મુખીની પાંખમાં જાણે આવી ગઈ. કેટલીક બહેનો એમાં જીવકોરની સાથે જોડાઈ હતી એમણે બારી બારણાંના પડદાથી માંડીને ટેબલકલોથ અને ભીંત પર લટકાવવાના ચાક સુધીની સજાવટ એમની નજર નીચે કરવા માંડી.

થોડા જ દિવસમાં આશ્રમના સમગ્ર દેખાવ પર ભારતીય ઓપ ચઢી ગયો. બહારથી આવતા કેટલાક મહેમાનોએ આ શણગારની ગ્રામ્ય શૈલીની પ્રશંસા કરી અને એમાં બાકી હોય એમ એક પેપરવાળાએ એમાંની કેટલીક સજાવટના ફોટા સાથે લેખ છાપી માર્યો. પછી તો પૂછવું જ શું! પરદેશી મહેમાનો એ જોવા અને એના કલાકારોને મળવા આવવા લાગ્યા. એમણે બાગમાં થઈ રહેલા ફેરફારને પણ વખાણ્યા. એમણે એ કબૂલ કર્યું કે હવે આશ્રમ સંપૂર્ણ ભારતીય લાગતો હતો.

ગમે તેમ તોય આ સમય દરમિયાન મુખીએ ફકત કામ જ કરવાની અને આશ્રમના અન્ય કામમાં માથું ન મારવાની જે રસમ રાખી હતી એણે મુખીને આપોઆપ જ મહત્ત્વ અપાવી દીધું. કેટલીય બાબતોમાં આશ્રમના સંચાલકો એમને પોતાની સાથે રાખવા માંડ્યા તો કેટલીક બાબતોમાં એમનો અભિપ્રાય પણ પૂછવા લાગ્યા. મુખીએ એમાં પોતાના મહત્ત્વની કે પોતાના હઠાગ્રહની વાત ન કરી પણ જે બધાને મંજૂર હોય એ જ બરાબર છે એમ સ્વીકારવા માંડ્યું. ને પોતાને એમાંથી કયું કામ કરવાનું છે એની જ પૃછા કરવામાંડી. બધાએ સ્વીકારવું પડ્યું કે એમણે મુખીને માટે જે પૂર્વગ્રહ રાખ્યો હતો એ બરાબર ન હતો.

બહેનોમાંય મોટાભાગનાં બહેનો જીવકોરની સાથે જોડાઈ ગયાં ને અન્ય કામોમાં ભળી ગયાં એટલે દેવશીભાઈના રસોઈકામમાં બહેનોની તૂટ પડવા લાગી. એમણે ઑફિસમાં આ અંગે ફરિયાદ કરી. મનોરભાઈએ બહેનોની એક મીટિંગ બોલાવીને એમને કહેવું પડ્યું કે રસોડામાં જેમને કામ સોંપવામાં આવ્યાં છે એ કામમાં કોઈ પણ સંજોગોમાં તૂટ પડવી ન

જોઈએ. જો કોઈને તબિયતને કારણે એ કામ અનુકૂળ ન હોય તો એમને જણાવવું એટલે એ કોઈ બીજાં બહેનને તેમને બદલે મૂકવા ગોઠવણ કરી શકે.

'અમે બધાંએ આશ્રમને શણગારવાનું કામ ઉપાડ્યું છે એટલે અમારાથી રસોડામાં જવામાં ક્યારેક ઢીલ થઈ જાય છે.' એક બહેને કહ્યું.

'તમે બધાં એ કામ કરો છો એ ઘણું સારું છે પણ એને કારણે રસોડાની જે વ્યવસ્થા આજે વરસોથી ગોઠવાયેલી છે એમાં વાંધો ન આવવો જોઈએ. જો તમને મારી વાત બરાબર ન લાગતી હોય તો તમે જ મને સૂચવો કે અમારે શું કરવું જોઈએ!'

'રસોડાનું કામ તો પહેલું જ છે. વળી આશ્રમની મોટાભાગની સજાવટ પૂરી થઈ ગયેલી છે એટલે હવે રસોડાની વ્યવસ્થામાં કશો વાંધો અમે નહીં આવવા દઈએ. સજાવટનું કામ નવરાશના સમયમાં ચલાવ્યા કરીશું.' બધાં વતી જશોદાબેને ખુલાસો કર્યો.

બધા મુખીની છાપથી ડરતા હતા એને બદલે અહીં તો એકને બદલે બે કાર્યકરો ભેગાં થઈ ગયાં હતાં. મુખીએ આશ્રમના સંચાલકોમાં પોતાની જગ્યા મુકરર કરી લીધી હતી ને એવી જ રીતે જીવકોરબેને પણ બહેનોમાં જ નહીં પણ સંચાલકોમાં જ જગ્યા કાયમ કરી લીધી હતી. હવે એવો વખત આવી ગયો હતો કે આશ્રમના સંચાલકોએ જશોદાબેન અને રેવતીબેનની સાથે જીવકોરબેનનોય અભિપ્રાય પૂછવો પડે.

સમીપ અને ધની મુખીને મળવા આવ્યા ત્યારે એમને આ બધી વાતો જાણી આનંદની સાથે મુખીને માટે અહોભાવ પણ પેદા થયો. એમને થયું કે દરેક માણસમાં સારા અને નરસા ગુણો રહેલા છે એને છૂટા પડી એમાંથી સત્ત્વને જ બહાર લાવવાનું મહાન કાર્ય આશ્રમના સંચાલકો કરી રહ્યા છે. આશ્રમનું વાતાવરણ જ એવું છે ને એમાં એના સંચાલકોની નિષ્ઠા ભળે છે એટલે માણસનો અહંકાર ગળી જાય છે ને એનામાં કર્તવ્ય કરી છૂટવાની ધગશ પેદા થાય છે.

મુખી અને જીવકોરબેન સમીપ, ધની અને એમના દીકરા સંદીપને મળ્યાં ત્યારે એમનું બધાં માટેનું હેત જણાયા સિવાય રહ્યું નહીં. આશ્રમનાં બીજાં સ્ત્રી-પુરુષો પણ એ મિલનને આનંદથી તાકી રહ્યાં. એમને લાગ્યું કે જેમ એમણે મુખી પ્રત્યે ખોટો પૂર્વગ્રહ રાખ્યો હતો એમ એમનાં દીકરા અને વહુએ પણ રાખ્યો જણાતો હતો. આજે એમનેય બધાંની જેમ પોતાની ભૂલનો પસ્તાવો થતો હશે.

એક દિવસ મનોરભાઈએ સોમાભાઈ અને સાહેબની સાથે મુખીનેય મીટિંગમાં બોલાવ્યા : 'આપણી મોટેલના ઉદ્ઘાટનમાં મેયર આવ્યા હતા ને એમણે આપણે જરૂર હોય તો ન્યૂ યોર્કને ચારે ખૂણે આશ્રમને માટે જમીન ફાળવી આપવાની તૈયારી બતાવી હતી. હવે મને લાગે છે કે વધારે નહીં તો આપણે એક દશેક એકરના પ્લોટ માટે એમની પાસે માગણી મૂકવી જોઈએ. કઈ તરફ આપણે જમીન માગીએ તો આપણા વિકાસમાં એ ઉપયોગી થઈ શકે એ આપણે વિચારવાનું છે.'

લોંગ આઈલેન્ડ અત્યારે વિકસી રહ્યો છે ને સુખી લોકો એ તરફ વસવા પડાપડી કરી રહ્યા છે એટલે એ તરફ જગ્યા મળી શકે એમ હોય તો આપણે માગણી મૂકવી જોઈએ.' સોમાભાઈએ કહ્યું.

સાહેબ કહે : 'મુખી, તમારો શો મત છે?'

'મને તો આ આશ્રમની બહારની ભૂગોળની જ જ્યાં સમજણ નથી ત્યાં મારો મત ક્યાંથી હોય! પણ જો મારી દેશી સમજ તમને ઠીક લાગે તો કંઈક કહું. જો મેય આપવા જ બેઠા હોય તો એમની એમની પાસે જમીનનો ક્યાં તોટો છે! બેત્રણ દિશામાં જમીનો માગી લેવી જોઈએ. પછી તો તમને જેમ ઠીક લાગે એમ.'

'આપણને આશ્રમમાં મોટો ફાયદો એ થયો કે સિટીએ આપણને પહેલી જાગીર આપી એ તો બિલકુલ તૈયાર અને ટીપટોપ હતી. આપણે એમાં બાંધકામમાં કશું ખર્ચ કરવું પડ્યું ન હતું. જો કે આપણે પછી આપણી જરૂરિયાત વધી એટલે બીજું મકાન બાંધી લીધું એમાં આપણને ખર્ચ થયો. પણ એય આમ તો અડધા કરતાંય ઓછા ખર્ચે તૈયાર થયું. પણ આજે આપણે બીજી જમીન લઈશું તો એમાં તૈયાર બાંધકામ કશું નહીં હોય અને પેલા બે સુથાર ભાઈઓની પણ હવે ઉંમર થઈ એટલે એમને નવાં મકાન બાંધવાની જવાબદારી માથે મારવી એ બરાબર નથી.' મનોરભાઈએ કહ્યું.

'એ પછીની વાત છે પણ મુખીની વાત પણ વિચારવા જેવી છે. તમે જોની મારફતે એ તપાસ કરાવી લો કે આપણે ત્રણ કે ચાર જગ્યાએ પ્લોટ માગી લઈએ અને ત્યાં તાત્કાલિક બાંધકામ ન કરીએ તો સિટીને કશો વાંધો ખરો! વળી એવી જમીન ખાલી પડી રહે તોય એનો કેટલો ટેકસ આપણે ભરવો પડે!' સાહેબે કહ્યું.

'પછી આપણા સુથાર ભાઈઓની જાણબહાર એની પણ તપાસ કરી લઈએ કે આપણા આશ્રમનાં જે મકાનો છે એવાં જ મકાનો એ નવી જગ્યા પર બાંધવાં હોય તો કેટલો અંદાજી ખર્ચ આવે! મારો વિચાર તો એવો છે કે ત્યાં આશ્રમ, થ્રીફ્ટી સ્ટોર અને મોટેલ બધું બાંધવું જોઈએ.' મનોરભાઈએ કહ્યું.

'બજાર કિંમતે બાંધવાનાં હોય તો એ આપણા ગજાની બહાર નીકળી જાય, પણ જો આપણા સુથાર ભાઈઓ ફકત દેખરેખ રાખે ને બહારના મજૂરો પાસે કામ લે તો નાખી દેતાંય પચીસ ટકા સસ્તું પડે.' સોમાભાઈએ પોતાનો સૂઝાવ આપ્યો.

'એની તો અમનેય ખબર છે પણ એવી રીતે એ કામ કરવા તૈયાર નહીં થાય. એ લોકો તો જાતે કામ કરવાની જ વાત આગળ કરશે ને તમારા ટોળાના માણસો પણ એમાં ભળશે.'

'મારા ટોળાના એટલે!'

'અમને ખબર છે જ કે તમે એમના જ ટોળાના છો. મોટેલની ઉપર બીજો માળ બાંધવાની વાત શરૂ થઈ ત્યારથી જ અમે એ જાણી ગયા છીએ કે તમે એ ટોળાના જ છો, પણ બહુ સ્વાર્થ સારો નહીં. એમણે ઘણું કામ કર્યું છે. એમને એવી વેઠ કરાવવી ન જોઈએ એમ અમે માનીએ છીએ.'

'આપણામાંના કેટલાક રસોડું ચલાવે છે, કેટલાક મોટેલ ચલાવે છે તો કેટલાક બાગકામ કરે છે. આ સુથાર ભાઈઓ એમને લાયક કામ કરે છે ને એમના કામમાં પોતાની શકિત પ્રમાણે બીજા લોકો એમાં સાથ આપે છે. આપણે આ વખતે બધાં બહારી કામો માટે બહારના માણસોને બોલાવીએ અને ફકત અંદરનું ફિનિશિંગનું કામ જ આપણા માણસો કરે એવું ગોઠવીએ તો એમના ઉત્સાહને વાંધો નહીં આવે અને આપણા ખિસ્સાને પણ પરવડશે.' સોમાભાઈ બોલ્યા.

'એટલે જ મેં કહ્યું ને કે તમે એમના ટોળામાંના જ છો. ભલા માણસ, આપણે એમને એમનાં છોકરાંની વેઠમાંથી એમને બચાવવા આશ્રમ ખોલ્યો અને આપણે જ એમની પાસે વેઠ કરાવીએ છીએ એ તમને કેમ સમજાતું નથી!'

‘મને જે સમજાય છે એ તમને કેમ સમજાતું નથી! આ કામ એ લોકો પોતાના મનથી કરવાનું સ્વીકારે છે માટે કરે છે. એમને એ કામ કરવા માટે કોઈ દબાણ કરતું નથી. વળી આ પૂન્યનું કામ છે અને પાછલી ઉંમરે આપણને સહુને પૂન્યનું કામ કરી છૂટવાની તમન્ના આપોઆપ જ જાગે છે.’

‘તમે એમને કશી આશા ન આપશો. આપણે જમીન મેળવવા પ્રયત્ન કરીએ છીએ, એ મળશે પછી એ અંગે વિચારીશું.’ મનોરભાઈએ એમની સામે મલકાતાં કહ્યું.

‘તમે ગમે તેમ કહો પણ આપણે જમીન લઈએ તો નવા મકાનમાં કયાં કયાં ફેરફાર કરવા જોઈએ અને રસોડું પવનની સામાન્ય દિશાને ધ્યાનમાં રાખીને મકાનને કયે ખૂણે રાખવું જોઈએ એની ગણતરી તો એ લોકો આજે ચાર મહિનાથી કરવા માંડ્યા છે.’

ને એમણે જમીન માટે માગણી મૂકી. એક મહિનામાં તો એમને બે જગ્યાએ જમીન બતાવવામાં આવી ને આશ્રમે એ લઈ લેવાની તૈયારીય બતાવી. પાછી પેલી નવ્વણું વર્ષનો પટો ને મહિને એક ડોલરના ભાડાની લખાપટ્ટી. બધી વિધિ પતી એટલે છગનભાઈ અને છોટાભાઈને મનોરભાઈએ ઑફિસમાં બોલાવ્યા : ‘આપણને બે જગ્યાએ જમીનો મળી ગઈ છે. પહેલાં આપણે એમાંથી એક જગ્યા પર આશ્રમ, સ્ટોર અને મોટેલ બાંધવાનો વિચાર કરીએ છીએ. આ વખતે આશ્રમ વતી તમારે એ આખું સંકુલ બાંધવાનો કોન્ટ્રાકટ લેવાનો છે પણ તમારે કે આશ્રમના કોઈએ એમાં કશું પ્રત્યક્ષ કામ કરવાનું નથી. તમને સમજાય છે મારી વાત!’

‘આપણે જે ઝડપથી કામ કરીએ છીએ એ બહારના માણસોથી કરવા જઈશું તો ઘણું મોઘું પડશે. વળી આપણાં માણસો એને પોતાનું માનીને એ કામ કરે છે એવું પોતાનું માનીને બહારનાં માણસો કામ નહીં કરે. અને આપણાં માણસોને હવે તો કામની હથોટી આવી ગઈ છે એટલે કામમાં વાંધો આવે એમ પણ નથી. ને તમે હા કહો કે ના કહો પણ અમે બે જણ તો અમારાથી થાય એટલું જાત મહેનતનું કામ તો કરવાના જ છીએ.’

‘તમને સોમાભાઈએ શું કહ્યું!’ મનોરભાઈએ આડકતરી રીતે સોમાભાઈની સંડોવણી જાણવા પ્રયત્ન કર્યો.

‘અમારે હજુ વાત થઈ નથી પણ એય અમારા જેવું જ કહેશે. પણ આપણે જો શિયાળો પૂરો થાય કે તરત કામ શરૂ કરી દેવું હોય તો કાલે જગ્યા જોઈ આવીએ અને આર્કિટેકટને પ્લાન કરવા આપી દઈએ. બીજી બાજુ તમે પૈસાની જોગવાઈ પણ કરવા માંડો.’

‘તમને જગ્યા જોવા તો સાથે લઈ જઈશું પણ તમારી રીતે કામ કરવું કે નહીં એ આપણે બધા ભેગા મળીને પછી નક્કી કરીશું. આવતી કાલે સવારની વેળામાં આપણે છ જણ જગ્યા જોવા જઈશું.’ મનોરભાઈએ કહ્યું.

‘તમે ગમે તે કહો પણ આપણે બહાર કોન્ટ્રાકટ આપીએ એના કરતાં અમે કોન્ટ્રાકટ લઈએ ને બહારનાં માણસોને કામ કરવા બોલાવી લઈએ તોય સસ્તું પડે. ને નવરા બેસી રહેવાનું હોય તો અમે બીજા કયા કામમાં આવી શકવાના હતા! ને પછી અમે કોન્ટ્રાકટરનું લાયસન્સ લીધું એનો શો અર્થ!’

‘આપણને એ રીતે કામ સસ્તું પડતું હતું એટલે તો આશ્રમનું નવું મકાન થઈ શકયું ને નવી મોટેલ પણ બાંધી શકાઈ. પણ તમે કામ શરૂ કરો છો એટલે આશ્રમના બીજા લોકોય તમારે પડખે આવીને કામમાં વળગી જાય છે. અને અમને લાગે છે કે આપણા સ્વાર્થમાં એમની પાસે વેઠ કરાવવી ન જોઈએ. અમે તો માનીએ છીએ કે તમારેય એવી વેઠ આ ઉંમરે કરવી ન જોઈએ.’

'તમને એ વેઠ લાગતી હોય તો ભલે પણ જે લોકો કામ કરવા આવે છે એમને એમાં વેઠ લાગવાને બદલે પોતાના આશ્રમ માટે કાંઈક કરી છૂટવાની ભાવના અને પૂન્યનું કામ લાગે છે એનું શું!'

'આપણે જ્યારે પૈસેપૈસાનો હિસાબ કરવો પડે એમ હતો ત્યારે આપણે બધાની સેવા લેતા હતા પણ જ્યારે આપણે ચારે બાજુની આવક શરૂ થઈ ગઈ છે ત્યારે એમની પાસે આવું મજૂરીનું કામ કરાવવું ન જોઈએ એમ અમારું બધાનું માનવું છે. મોટેલ ચલાવવા જેવું અથવા સામાન્ય મેનેજમેન્ટ કરવા જેવું કામ હોય તો એમાં વાંધો નહીં.'

'એના કરતાં એમ જ કરો ને કે એ લોકો દર મહિને પોતાની જીવાઈના પૈસા આશ્રમમાં આપે છે એમાં થોડો થોડો કાપ કરતા જાવ ને! એમ કરવાથી એમને પૂન્ય કર્યાનો સંતોષ પણ મળશે અને એમને પાછલી ઉંમરે થોડી બચત પણ થશે. તમે જોશો કે એનાથી એમને બેવડો સંતોષ મળશે.'

સાહેબ અને મનોરભાઈ એમની વાત સાંભળી રહ્યા. એમનેય થયું કે છગનભાઈ સુથારની વાતમાં તથ્ય હતું. ને આશ્રમની શરૂઆતમાં એમણે એવું જ ધ્યેય રાખેલું જ હતું ને. આશ્રમની આવક પૂરતી થાય તો એના પ્રમાણમાં એમની જીવાઈની રકમમાં શકય એટલો ઘટાડો કરતાં જવો. પણ જ્યારે આવક વધી ત્યારે સંચાલકોને ભવિષ્યનાં વિકાસનાં કામો માટે પૈસા બચાવવાની લાલચ થઈ આવી. એટલે પેલી જીવાઈ ઘટાડવાની વાત હવામાં જ રહી ગઈ હતી.

■

બીજે દિવસે બધા નવી જગ્યા જોવા ગયા ત્યારે છગનભાઈ, છોટાભાઈ તથા મુખીને સાથે લઈ ગયા. છગનભાઈ તથા છોટાભાઈએ જમીન એમની રીતે જોઈ તો બીજા બધાએ એની ધંધાના મોકાની રીતે મૂલવણી કરવાનો પ્રયત્ન કર્યો. આજુબાજુનો જે ઝડપથી વિકાસ થઈ રહ્યો હતો એ જોઈ બધાને ખાતરી થઈ કે બેચાર વરસ પછી ત્યાં મોટેલ અને થ્રીફ્ટી સ્ટોર સારી રીતે ચાલી શકે એમ હતાં.

ઘેર આવીને મનોરભાઈએ બધાં આશ્રમવાસીઓની એક મીટિંગ બોલાવી. એમણે બધાને જણાવ્યું કે આશ્રમમાં બધાં લાભાર્થિઓ ઘણું કામ કરતાં હતાં ને હવે આશ્રમની આવક સારી એવી થતી હતી એટલે બધાંનું જે જીવાઈ ભથ્થું લેવામાં આવતું હતું એ અડધું કરી નાખવાનું સંચાલકોએ નકકી કર્યું હતું. વળી નવી જગ્યા પર મકાનો બાંધવાનાં હતાં એમાં ખર્ચવાના પણ લગભગ પૂરતા પૈસા આશ્રમ પાસે હતા. કદાચ થોડા પૈસા બૅંકમાંથી લેવા પડે તોય વાંધો આવે એમ ન હતો.

'બૅંકમાંથી પૈસા લેવાને બદલે ગયે વખતે કર્યું હતું એમ બધાં પાસે વગર વ્યાજની લોન લેવામાં આવે તો બૅંકમાંથી પૈસા લેવાની કદાચ જરૂર જ નહીં પડે. ને હવે તો બધાં પાસે સારી એવી બચત પણ થઈ છે. બે ત્રણ વરસમાં પૈસા પાછા આપી દેવાના રાખીએ. જેમની ઉંમર વધારે થઈ હોય એમને વહેલા પરત કરવાના ને જે હજુ ઉંમરે પહોંચતા હોય એમને રાહતે પૈસા પરત કરવાના. આશ્રમનો સામાન્યમાં સામાન્ય માણસ પણ આમાં બે હજાર જેવી રકમ તો આપી શકે એમ છે. ને આપણા જેવા પાંચ હજાર પણ આપવા તૈયાર છે.'

મનોરભાઈને એમ લાગ્યું કે જાણે બધા સંતલસ કરીને જ આવ્યા હતા. એમને નમતું જોખવું પડ્યું. બધાએ સૂચવ્યું એ પ્રમાણે નવાં મકાનો બાંધવાનું નકકી કરીને આર્કિટેક્ટને પ્લાન બનાવવા આપી દીધા.

અનુક્રમ Þ

## ૧૬. રેવામાની જીવત્ચર્યા

એક બાજુ આશ્રમની નવી જગ્યા પર બાંધવાનાં મકાનોના પ્લાન બનાવવા માટે આર્કિટેક્ટને મોકલી આપ્યા હતા. એ પ્લાન તૈયાર થઈને આવે એટલે એની ચર્ચા કરી એમાં જે સુધારા વધારા કરવા જેવા લાગે એ કરાવીને એને સિટીમાં મંજૂરી માટે મોકલવાના હતા અને એ મંજૂર થઈને આવે ત્યાં સુધી બધાંને નવરાશ હતી. જો કે અત્યારે શિયાળો ચાલતો હતો એટલે બધી વાતે નવરાશ હતી. મથુર મહારાજનું બાંમણિયું પણ હમણાં તો ઠંડું હતું. પણ આશ્રમવાસીઓને તો એ નવરાશ મરવા જેવી લાગતી હતી.

આજ સુધી તો દર શિયાળામાં બાંધકામના અંદરના ભાગમાં ફિનિશિંગ કરવાનાં કામ એમને માટે વાટ જોતાં હતાં પણ અત્યારે તો એવાં કોઈ કામ પણ બાકી પડ્યાં ન હતાં. એટલે નવરા પડેલા આશ્રમવાસીઓ હાથ જોડીને બેઠા હતા. પણ જેને કોઈ અવસરની જ ભૂખ હોય એને તો કોઈનું કોઈ બહાનું એને માટે મળી જ રહે ને!

રેવામાને કોણ જાણે કયાંથી વિચાર આવ્યો કે એમને જીવતે જીવ જીવત્ચર્યા કરી નાખવી છે. એમણે મથુર મહારાજને પોતાના રૂમમાં બોલાવ્યા ને બધી વાત કરી. પછી મથુર મહારાજ કંઈ ઝાલ્યા રહે! એમણે લાંબી પણ ભભકાદાર વિધિ બતાવી અને એ માટેના ખર્ચના આંકડાય ગણી બતાવ્યા. ને પૈસાની બાબતમાં તો રેવામાને કયાં વાંધો હતો. એમને એમના દીકરા પાસેથી લગભગ તેર હજાર ડોલર મળ્યા હતા એય પડ્યા પડ્યા વધતા હતા ને દર મહિને સરકાર તરફથી એમને જીવાઈ ભથ્થું મળતું જ હતું તેમાંથી પણ વધ પડતી હતી. એમણે મહારાજને લીલી ઝંડી આપી દીધી ને બહાર વાત કરતા પહેલાં આશ્રમના મહિલામંડળને પણ પોતાને ત્યાં બોલાવી એમને બધી વાત કરી.

ને કાચી ઘડીમાં આખો પ્લાન તૈયાર થઈ ગયો. જશોદાબેને બધા મહેમાનોને નોતરાં આપવાથી એમના બેસવા ઊઠવા વગેરેની વ્યવસ્થા કરવાની જવાબદારી સ્વીકારી લીધી. રેવતી બેને તો આ વખતે બધાંને કઈ કઈ વાનગીઓ જમાડવી એની યાદીય તૈયાર કરી દીધી. જીવકોરબેને આખા અવસરની તથા બધાં મહેમાનો આવે ત્યારે આશ્રમની સજાવટ કરવાની જવાબદારી લઈ લીધી. તો રેવામાએ બધાંને વિશ્વાસમાં લઈ આ અવસર વખતે બધાંને કઈ કઈ લ્હાણી આપવી એ પણ નકકી કરી લીધું. સ્ત્રીઓને સાડી અને સ્વેટર અને પુરુષોને જેકેટ આપવાનું નકકી થયું.

કોઈક કહે : 'પુરુષો લ્હાણી લેશે નહીં.'

રેવામા કહે : 'મારે તો જે ગણો એ આશ્રમવાસીઓ જ મારો પરિવાર છે. નહીં કેમ લે! ને કાલે સવારે બધાંની જીવત્ચર્યા થવાની જ છે ને! હવે આપણે કોઈ ઉંમરમાં નાનાં ઓછાં થવાનાં છીએ! ભગવાનને ત્યાંથી બધાંને વહેલું કે મોડું તેડું આવવાનું જ છે ને! તમે બધાંય જીવત્ચર્યા કરવાનું વિચારી જ લેજો. હાથે એટલું સાથે.'

બધાંને ગળે આ વાત ઊતરી ગઈ. કોઈકે તો એમ પણ સૂચવ્યું કે બધાંની ભેગી જ રાખી લીધી હોય તો વધારે મહેમાનોનેય બોલાવી શકાય અને ભભકોય જેવો કરવો હોય એવો કરી શકાય. બધાંની પાસે માના જેવી પૈસાની છૂટ ન જ હોય ને! પણ એ તો થાય ત્યારે પણ અત્યારે તો રેવામાની જીવત્ચર્યા હવામાં ગજવા માંડી હતી.

આશ્રમના મોવડીઓએ વાત જાણી ને રેવામા પાસે દોડી આવ્યા. રેવામા કહે : 'મારા તો મનમાં જ ઊગી ગયું છે કે મારે જીવત્ચર્યા કરી નાખવી. મેં તો બધાંને કહ્યુંય છે કે હવે આપણી સૌની ઉંમર થતી આવે છે એટલે બધાંએ વારા ફરતી જીવત્ચર્યા કરી નાખવી જોઈએ. બીજાં બધાંને તો મહારાજનોય વાંધો નડે ને આપણે તો ઘરમાં જ મહારાજ છે પછી વાર શી! એ તો બાપડો કહેતો હતો કે મારે તો આ ઘરના કામમાં દક્ષિણાય લેવાની નથી પણ આપણે જ્યારે જિંદગીની લેણદેણમાંથી છૂટવા આ બધી વિધિ કરાવતાં હોઈએ ત્યારે બાંમણનું દેવું તે રખાતું હશે!'

સાહેબ મલકાઈ રહ્યા. એમને લાગ્યું કે એમનો શિષ્ય મથુર મહારાજ હવે બધી નિશાળો ભણીને એના કામમાં પારંગત થઈ ગયો હતો. જજમાનોને પૂન્ય મળી રહે અને પોતાને પૂરતી દક્ષિણા મળી રહે એ બેય વાતો એ જજમાનના મનમાં સરળતાથી ઠસાવી શકતો હતો.

આ વખતે બહુ મહેમાનોને નોતરવાના ન હતા પણ તોય પચાસ જેટલાં આશ્રમનાં માણસો અને સો જેટલાં એમનાં કુટુંબીઓ તો ખરાં જ ને! આમ તો જો બધાંનાં કુટુંબીઓ આવે તો બસોથી અઢીસો માણસો તો એ જ થઈ જાય પણ બધાં હજુ માબાપ સાથે સંબંધ પાછો સ્થાપી શક્યાં ન હતાં. કેટલાંકને એ દિવસે બીજે જવાનું હોય અથવા નોકરીનો સમય અનુકૂળ ન હોય એવા લોકો આવી શકતા ન હતા એટલે સામાન્ય રીતે એમની હાજરી સોથી સવાસોની જ રહેતી હતી.

જો કે આશ્રમે બીજી બે જગ્યાઓ લીધી હતી અને ત્યાં આશ્રમની બીજી બે શાખાઓ શરૂ કરવાની હતી એવી વાત તો બહાર પહોંચી પણ ગઈ હતી એટલે કદાચ થોડા વધુ લોકો કુતૂહલના માર્યા આવે તોય નવાઈ નહીં. જ્યારે એમાંની એક જગ્યાએ ખાત મૂહુર્ત કરવાનું થશે ત્યારે તો મહેમાનોની સંખ્યા બધી મળીને હજારને આંબી જશે એમ લાગતું હતું. મથુર મહારાજને કારણે કનેકટીકટથી માંડીને ફીલાડેલ્ફિયા સુધી આશ્રમની હવા ફેલાયેલી હતી જ એટલે ત્યાંથી પણ ઘણા લોકો આવા અવસરોમાં હાજર રહેતા હતા.

પણ આ વખતે નવો અને અમેરિકામાં અજાણ્યો એવો અવસર હતો એટલે મથુર મહારાજેય માજીને મસ્કો મારીને કેટલાંય એવાં કુટુંબોમાંય આમંત્રણ મોકલી આપ્યાં હતાં કે જેમનાં માબાપ ઉંમરે પહોંચ્યાં હતાં ને દીકરો સારું કમાતો હતો. એમને આ વિધિ બતાવવાની હતી ને એમના દીકરાને પોતાનાં માબાપનીય આવી જીવત્ચર્યા કરાવવા તૈયાર કરવાના હતા.

માજીનાં દીકરો ને વહુ હજુ માથી વંકાતાં જ રહેતાં હતાં. એમને તેર હજારના ખાડામાં ઊતરી જવું પડ્યું એ એમને માથાવાઢ જેવું લાગતું હતું પણ એમણે પોતાનાં માબાપ પ્રત્યે જે વહેવાર કર્યો હતો એમાં એમને કશું ખોટું જણાતું ન હતું એમ બધાં માનતાં હતાં પણ સાવ એવું ન હતું. એમને પોતાની ભૂલ સમજાઈ હતી અને એ સંબંધ સુધારી લેવાય માગતાં હતાં પણ એમનો પગ ઊપડતો ન હતો. એમને એમ લાગતું હતું કે એ લોકો માજીને મળવા જશે તો બધાં આશ્રમવાસીઓ એમને ફરી વળશે અને બાપના હત્યારા તરીકે ગણીને મેંણાં મારશે. પણ આ વખતે જ્યારે માજીની જીવત્ચર્યાનું આમંત્રણ મળ્યું ત્યારે તો એ બેયે નકકી કરી જ લીધું કે ગમે તેમ થાય પણ આ વખતે તો અવસરમાં જવું જ છે.

મથુર મહારાજ કાયમ રજાના દિવસનું જ મૂરત કાઢતા હતા એટલે ગમે તેવો નાનો અવસર હોય તોય દોઢ ટંકનું જમવાનું તો કરવાનું જ રહેતું. કેટલાંક સવારથી જ આવી જતાં તો કેટલાંક લંચ વખતે આવી જતાં તો કેટલાંક લંચ પછી આવતાં પણ સાંજના તો બધાં જમવાનાં જ હોતાં. આજે પણ સવારથી જ માણસો આવવામાંડ્યાં હતાં. દેવશીભાઈ, રેવતીબેન અને એમનાં રસોડાનાં સાથીદારો આજે વાત કરવાય નવરાં ન હતાં.

મથુર મહારાજે ફોન કરીને માજીની સાથે મહાપૂજામાં બેસનાર દશ બહેનોને તૈયાર કર્યાં હતાં તો આરતી ઉતારવાનો લાભ લેવા માટે બીજાં અગિયાર બહેનોનેય તૈયાર કર્યાં હતાં. એમના કામમાં કશું કાચું ન હતું. જજમાનોને પૂન્યનો લાભ અપાવવામાં મહારાજ પાછા પડે એમ ન હતા.

નવી જગ્યા પર સૌથી પહેલાં મોટેલ બાંધવાની હતી અને એ ચાલુ થઈ જાય પછી બીજે વરસે આશ્રમનું મકાન બાંધવાનું હતું. થ્રીફટી સ્ટોરનું બાંધકામ એ પછી કરવાનું હતું. બધાંની ગણતરી એવી હતી કે જેમાંથી આવક થવાની હોય એવાં બાંધકામ પહેલાં કરવાં. પણ થ્રીફટી સ્ટોર ચલાવવા માટે માણસો ત્યાં જ રહેતાં હોય એ જરૂરી હતું ને એ માટે આશ્રમનું મકાન પહેલું બનાવવું પડે તેમ હતું. વળી આશ્રમ માટે જ જગ્યા મફત મળી હતી તેમાં આશ્રમને બદલે બીજી

પ્રવૃત્તિયો માટેનાં મકાનો આશ્રમ કરતાં પહેલાં બાંધવામાં આવે તો લોકોનાં મનમાં એમ જ થાય કે આ લોકો આશ્રમના નામ નીચે ધંધો કરે છે એવુંય ખરું.

આશ્રમની બધી વિધિ જાણે જાહેર વિધિ હોય એમ બધાં બહારનાં માણસોનેય વિધિમાં બેસાડવાની પ્રથા પાડી હતી એટલે લોકો અને ખાસ કરીને બહેનોમાં આશ્રમ પ્રત્યે મમત્ત્વભર્યો આદર પેદા થયો હતો. કોઈ અવસરની વાત આવે તો બહેનો સામેથી એની વિધિમાં બેસવા પડાપડી કરતી હતી. અને આવી જાણીતી અને નવી ઉમેરાતી વિધિનો લાભ બધાંને મળી રહે એ વાતની કાળજી મથુર મહારાજ લેતા જ હતા. આજે પણ જે લોકો માજીની સાથે વિધિમાં બેસવાનાં હતાં એ વેળાસર તૈયાર થઈને આવી ગયાં હતાં.

મથુર મહારાજની વધતી જતી માગને પહોંચી વળવા એમણે એમના પિતાને દેશમાંથી પાછા બોલાવી લીધા હતા. મોટેલના મકાનના વાસ્તુ વખતે એ ફરવા આવેલા ત્યારે જ બધાંએ એમને રોકાઈ જવા ઘણું કહેલું પણ દેશમાંની એમની ખેતીવાડી અને સેવા પૂજાનો હવાલો કોઈને સોંપ્યા વગર એ અમેરિકા આવેલા એટલે ત્યારે તો એ પાછા દેશમાં ગયેલા. દેશમાં ગયા પછીય એમને પોતાના સાવ અભણ જેવા મથુરમાં થયેલા ફેરફારના જ વિચારો આવ્યા કરતા હતા. એમને લાગ્યું હતું કે એ જે રીતે વિધિ કરાવતો હતો એ રીતે તો દેશમાંના જૂના અને જાણીતા કર્મકાંડી બ્રાહ્મણેય વિધિ કરાવતા ન હતા. એમણે જાતે જ એ ફેરફાર ન જોયો હોત તો એ માની પણ ન શકત કે મથુર આટલો બધો જાણકાર થઈ શકે કે ઘડાઈ શકે. પણ એમણે સાહેબને જોયા હતા એટલે એમને સમજાઈ ગયું હતું કે એ ફેરફાર કેમનો થયો હતો.

ને એટલે દેશમાંનો એમનો નાનો સરખો પથારો સમેટીને એમણે મથુરને લખી નાખ્યું હતું કે એમને પાછા અમેરિકા કાયમ માટે બોલાવી લેવાની ગોઠવણ કરે. જો કે મથુર હજુ સિટીઝન થયો ન હતો એટલે એમને ઈમિગ્રન્ટ વીઝા અપાવીને બોલાવી શકે તેમ ન હતો પણ એણે મા અને બાપા બેયને માટે ફરવાના વીઝા મેળવવા વિધિ કરી હતી અને બેય જણાં પાછાં અમેરિકા આવી ગયાં હતાં. ને આવતાંની સાથે જ નરભેશંકરે ખાનગીમાં સાહેબનું ટ્યૂશન રાખી લીધું હતું. બાકીનું પોતાના દીકરા મથુરની સાથે જજમાનવૃત્તિ કરતાં શીખી લેવાની એમની ગણતરી હતી. એમને એ વાતે આનંદ થઈ રહ્યો હતો કે જેને અમેરિકા બોલાવવા પણ એનો ભાઈ તૈયાર ન હતો એવો મથુર અત્યારે અહીં રાજગોર જેટલાં આદર પામતો થઈ ગયો હતો.

વહેલાં આવેલાં લોકોએ નાસ્તો વગેરે પતાવ્યાં એટલે જીવત્ચર્યાની વિધિ શરૂ થઈ. તાલોતાલ મોટેલની નવી સાઈટનું કશું કામ હશે એટલે જો પણ બીજા બેચાર દોસ્તોને લઈને આવી પહોંચ્યો હતો. એના દોસ્તો શીકાગોથી આવ્યા હતા અને એમને આશ્રમ જોવાની ઈચ્છા હતી અને જોને તો વળી એમના કરતાંય એમને આશ્રમ બતાવવાની ઈચ્છા વધારે હતી એટલે તો એ વગર ફોન કર્યે જ આવી પહોંચ્યો હતો ને!

એ લોકોને સાહેબે ચાલી રહેલી વિધિ વિશે વિગતે સમજણ પાડી. જો કે પેલા આવેલા મહેમાનોને એમાં બહુ સમજણ પડી હોય એમ લાગ્યું નહીં. પણ જ્યારે એમને આશ્રમ ફરી ફરીને બતાવ્યો અને એની વિવિધ પ્રવૃત્તિયો વિશે વાત કરી ત્યારે તો એ બધા આ સીનિયર સિટીઝનોની ખુદ્દારી પર વારી જ ગયા. એમણે જ્યારે જાણ્યું કે આશ્રમનું નવું મકાન આ લોકોએ જાતે જ બાંધી લીધું હતું ત્યારે તો એ બધા આશ્ચર્યમાં જ પડી ગયા.

સાહેબે એમને જમવા રોકાઈ જવાનો આગ્રહ કર્યો ને આશ્રમની બધી પ્રવૃત્તિયોથી અંજાયેલા એ લોકો રોકાઈ ગયા. એમણે તો પોતાના જમવા માટેનો ગેસ્ટચાર્જ આપી દેવાની તૈયારી બતાવી પણ જ્યારે એમણે જાણ્યું કે કોઈ પણ પ્રકારનો ગેસ્ટચાર્જ લેવાનું આશ્રમના નિયમોમાં જ આવતું ન હતું. જે કોઈ જમવાને વખતે હાજર હોય એ બધા આશ્રમના મહેમાનો હતા અને એમને જમાડવા એ આશ્રમની ફરજ હતી.

પેલા લોકોને વધારે આશ્ચર્ય એ વાતે થયો કે એક તો આ લોકો બહારની મદદ વગર આટલી સારી રીતે બધાંને રાખે છે અને આવી મહેમાનગતિ પણ વગર બદલાની અપેક્ષાએ કરે છે. એક મોટેલ અને એક થ્રીફટી સ્ટોરની એવી તો કેટલી આવક થતી હોય કે એ લોકો આ બધું ચલાવી શકે! પણ જ્યારે જમવા બેઠા અને જોએ એમને ખાવાની બધી વાનગીઓનો પરિચય કરાવ્યો ત્યારે એમને એ વાતની સમજણ પડી ગઈ કે આખી પ્રવૃત્તિમાં કોઈ માણસ પગારદાર ન હતો. વળી ખાવામાં સાત્વિક અને સાદું શાકાહારી ભોજન અને પીવામાં ચોખ્ખું પાણી જ માત્ર. અને છતાંય આ લોકો શરીરે નરવા હતા.

એ લોકો ધરાઈને ખાઈને ગયા. એમણે એટલી બધી જુદા જુદા સ્વાદવાળી વાનગીઓ ચાખી હતી કે એમને એમ જ લાગ્યું કે એમણે બધી શાકાહારી વાનગીઓ એક જ વખતે ચાખી લીધી હતી. એમને એ વાતની ખબર ત્યારે જ પડી, જ્યારે પાછા જતાં જોએ એમને જણાવ્યું કે આવી તો બસો કરતાં વધારે વાનગીઓ આ લોકો અવાર નવાર બનાવતા હોય છે. એમને થયું કે ક્યારેક એક બે વીક માટે અહીં રહી આ લોકોની જેમ રહેવાનો અનુભવ કરવા જેવો હતો.

આ તરફ બધાં મહેમાનોની હાજરીમાં મથુર મહારાજે વિધિવત્ રેવામાની જીવત્ચર્યા ઊજવી. આખા પ્રસંગમાં રોહીત અને ઊર્વિ એમના દીકરા સાથે હાજર રહ્યાં હતાં એ વાતે તો જાણે અવસરની સૂરત જ પલટાઈ ગઈ હોય એમ લાગતું હતું. એમને આવેલાં જોયાં કે તરત રેવામાએ દેવશીભાઈની દીકરીને જમાઈને બજારમાં મોકલી ઊર્વિ માટે પાંચ તોલાની એક જણશ મંગાવી લીધી હતી.

રેવામાએ એમને પૂજામાં આગ્રહ કરીને બેસાડ્યાં અને પોતેય એમના પૌત્રને ખોળામાં લઈને વિધિમાં બેઠાં એ જોઈને ઊર્વિની આંખોય ભીની થઈ. બધાંની હરોળમાં રોહીત અને ઊર્વિને સ્વેટર, સાડી અને જેકેટ આપ્યાં પણ જ્યારે ઊર્વિને એમણે સોનાનો સેટ લ્હાણીમાં આપ્યો ત્યારે ઊર્વિ તો ઊર્વિ પણ રોહીતેય આંસુ ન રોકી શકયો. બધાં આશ્રમવાસીઓએ એમને બેયને સાંત્વન આપ્યું ને હવે બધું ભૂલી જઈ આશ્રમમાં અવાર નવાર આવવા અને માની ખબર કાઢવાની એમને શિખામણ આપી.

જે લોકો આ વિધિમાં હાજર હતા એમાંના કેટલાકે આવી વિધિમાં કેટલો ખર્ચ થાય છે એની વિગતો જાણવા પ્રયત્નો કર્યા તો કેટલાકે તો નજીકના ભવિષ્યમાં પોતાનાં વડીલની જીવત્ચર્યા કરવા માટે મથુર મહારાજની સાથે વાત પાકી પણ કરી લીધી. હવે તો એકી સાથે બે જ્યાએ વિધિ કરાવવાની હોય તોય વાંધો આવે તેમ ન હતો, કારણ કે મહારાજના પિતા નરભેશંકર પણ હાજર હતા. એટલે મથુર મહારાજે બધાને ઉપરા ઉપરી તારીખો આપવા માંડી.

જ્યાં સુધી સિટીમાંથી નવી જ્યાએ મોટેલ બાંધવાની બધી પરમીટો ન આવી જાય અને જ્યાં સુધી શિયાળો પૂરો ન થાય ત્યાં સુધી મથુર મહારાજની પાસે પૂરતો સમય હતો આવી બધી વિધિ માટે. ને જેમનાં સંતાનો આવી વિધિમાં બહુ શ્રધ્ધા ધરાવતાં ન હતાં એમનાં વડીલોએ પણ એમને પોતાની જીવત્ચર્યા કરાવવા તૈયાર કરવા માંડ્યાં. મથુર મહારાજના કામમાં કચાશ હોય જ નહીં ને.

એટલે જીવત્ચર્યાની આ વિધિ પૂરી પણ થઈ ન હતી ત્યાં તો મથુર મહારાજને આવી બીજી બે વિધિ માટેનાં આમંત્રણો મળી પણ ગયાં હતાં. અને તરત દાન ને મહા પૂન્યમાં માનતા મથુર મહારાજે એ વિધિ માટે જરૂરી સામગ્રીની યાદી પણ એમને લખાવી દીધી હતી. વળી તેમને થનારા ખર્ચનો અંદાજ આપવાનું પણ તે ભૂલ્યા ન હતા. અલબત્ત આ બધું જોઈ સાહેબ મનમાં મલકાઈ રહ્યા હતા તો મથુર મહારાજના પિતા તો પોતાના દીકરાની આ કાબેલિયત જોઈ આશ્ચર્ય જ પામી રહ્યા હતા. એમને એ સમજાતું ન હતું કે પોતાનો લગભગ અભણ અને અબુધ ગણાતો આ દીકરો આટલો કાબેલ કેવી

રીતે બની ગયો હતો. એમને એટલી તો ખબર હતી કે એની આ કાબેલિયત પાછળ સાહેબનો હાથ હતો, પણ તોય એમને એ વાત નહોતી સમજાતી કે સાહેબે એને આટલા ટૂંકા ગાળામાં એને આવો કાબેલ કેવી રીતે બનાવ્યો હશે.

અનુક્રમ Þ

૧૬. પ્રોજેક્ટ મેનેજર મુખી

વખતને જતાં કાંઈ વાર લાગે છે! હજુ તો કાલે સવારે નવી જગ્યા માટેનાં કાગળિયાં કરાતાં હતાં ને આજે તો એને સિટી તરફથી નવાં બાંધકામની મંજૂરી પણ મળી ગઈ અને એના ખાત મૂરતની વિધિ કરવાની વાતો આશ્રમવાસીઓ કરવા માંડ્યાં. તો બીજી બાજુ છગનભાઈ તથા છોટાભાઈ નવી મોટેલના બાંધકામની ગોઠવણીમાં પડી ગયા. હવે એમને તો એમને પણ કેટલાય આશ્રમવાસીઓનેય બાંધકામની નાની નાની વાતો સમજાવા લાગી હતી. એ લોકોય એના કામની ગોઠવણી કરવામાં છગનભાઈને સાથ આપી રહ્યા હતા.

પાછી વગર વ્યાજની એક વરસની લોન માટે મરજિયાત લોનની ટહેલ નાખવામાં આવી. એમાં મનોરભાઈની ગણતરી કરતાંય વધારે સહકાર મળ્યો. એક તો બધાંને આશ્રમના કામમાં શ્રધ્ધા અને ઉમંગ હતાં અને વળી આશ્રમવાસીઓની સંખ્યા પણ હવે તો વધી ગઈ હતી, એટલે આશ્રમની પોતાની જે બચત હતી એમાં મોટેલના બાંધકામ માટે જે રકમ ખૂટતી હતી એના કરતાંય વધારે રકમ ભેગી થઈ ગઈ. હવે મથુર મહારાજનું બામણિયું થઈ જાય એટલે મોટેલનું બાંધકામ કરવા માટે આશ્રમવાસીઓ થનગની રહ્યા હતા.

પૈસા હાથપર હતા એટલે કેટલીક જરૂરી મશીનરી વસાવી લેવા માટેના અંદાજ કાઢી છગનભાઈ ઑફિસમાં આવ્યા. એમણે કાગીળયાં ટેબલ પર મૂકયાં ને કહ્યું : 'આપણે આટલાં સાધનો વસાવી લેવાની જરૂર છે.'

'આજ સુધી આપણે એના વગર ચલાવ્યું એમ આ વખતેય ચલાવી લઈએ તો શો વાંધો છે? ભાડાનાં સાધનોથી કામ ચાલી શકતું હોય તો એવાં મોઘાં સાધનો આપણે વસાવવાની શી જરૂર છે?'

'અત્યારે આપણી પાસે જરૂરી પૈસા હોય તો એ વસાવી લેવાં જોઈએ એમ મારું માનવું છે. આ નવી જગ્યા પર જે બાંધકામ આપણે કરવાનાં છે એ પતતાં સુધીમાં તો એ સાધનોની કિંમત વસૂલ થઈ જશે અને છતાંય આપણી પાસે એ સાધનો પડ્યાં રહેશે. ને આપણે ભવિષ્યમાં બીજાં કામ પણ કરવાનાં જ છે ને! ને વખત છે ને કામ ન કરવાનાં હોય તોય આપણી મિલકતની મરામત ને જાળવણીમાંય એ ઉપયોગી થશે.'

'તમે એમ કરો બે દિવસ પછી આપણે બાંધકામ અંગે એક મીટિંગ બોલાવીએ એમાં બાંધકામના પાકા અંદાજ કાઢીને આવો એટલે આપણે જોઈએ કે આપણી પાસે મકાનનું બાંધકામ કરતાં એ સાધનોની ખરીદી જેટલા પૈસા વધે છે કે નહીં એ જોઈ લઈને પછી એની ખરીદી અંગે વિચારીએ.' મનોરભાઈએ વાત પર વાયદાની મહોર મારવા પ્રયત્ન કર્યો.

'તમે એ માટે બજારમાંથી ભાવ તો મંગાવો. એમાં કયાં પૈસા ખરચવાના છે? ને એ ખરીદવામાં જો પૈસા ખૂટતા હશે તો અમે એનો અલગ ફાળો કરી આપીશું પણ આ વખતે તો આ સાધનો ખરીદી લેવાં જ છે. એને લીધે ખર્ચમાં બચાવ થશે એની સાથે કામમાં ઝડપ પણ આવશે એય એક ફાયદો જ છે ને!' છગનભાઈનું એ ગણિત પાકું હતું. મનોરભાઈ એમને કેમ સમજાવે કે હવે પછીનાં બધાં કામ બહારના કોન્ટ્રાકટરો પાસે જ કરાવવાનાં હતાં! આ તો બધાંના આગ્રહને કારણે જ આટલો વખત એમણે નમતું જોખ્યું હતું.

છતાં એમણે બે દિવસની મીટિંગ પછી જ એ અંગે આગળ વધવાની વાત પકડી જ રાખી. એટલે ના છૂટકે છગનભાઈને પણ એ સ્વીકારવી પડી.

જ્યારથી આ નવા કામની વાત આવી ત્યારથી જ ધનજી મુખીને એને અંગે દોડાદોડ કરવાનાં કામ મનોરભાઈ વળગાડતા હતા. જેમ જેમ કામ આગળ વધતું જતું હતું એમ એમ મુખી એમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા જતા હતા. એટલે બે દિવસ પછી જ્યારે નવા કામની શરૂઆત માટેની લીલી ઝંડી આપવામાં આવી ત્યારે નાનાં નાનાં કામ માટે ઑફિસમાં આવી મંજૂરી માગવી ન પડે એ માટે સ્થળ પર હાજર રહીને કામની દેખરેખ રાખવાની અને જરૂરી નિર્ણયો લેવાની કામગીરી મુખીને જ સોંપવામાં આવી. આ દરમિયાન મુખી બધાંને ભાવતા થઈ ગયા હતા એટલે બધાંએ એમની એ નિમણૂંકને વધાવી લીધી.

ને હજુ તો કામનું ખાત મૂરત પણ થયું ન હતું ત્યાં મુખીએ છગનભાઈ તથા બીજા આશ્રમવાસીઓ સાથે એ કામની વ્યવસ્થા અંગેની ચર્ચાઓ શરૂ કરી દીધી. મુખીએ સૌથી પહેલી વાત મૂકી કે કામની સાઈટ પર સૌ પહેલી એક ઑફિસ બાંધી દેવી અને ત્યાં ટેલિફોનની સગવડ પણ કરી લેવી એટલે કામ કરતી વખતે બધાને વચમાં આરામ કરવાનું મન થાય તો એ ઑફિસમાં આવીને બે ઘડી બેસી શકે અને કોઈને કાંઈ પૂછવું હોય તો પણ એમને આશ્રમ સુધી દોડવું ન પડે. વળી ટેલિફોનની સગવડ હોય એટલે જરૂરી બાબતો અંગે આશ્રમના વડાઓ સાથે પણ મસલત કરી શકાય.

પછી આવી આવવા જવાની વાત. મુખીએ આ વાતનો ઉકેલ પણ પોતાની રીતે કાઢી લીધો. ને હજુ તો કામની શરૂઆત પણ થઈ ન હતી ત્યાં તો સવારના નવ વાગ્યાથી માંડીને સાંજના પાંચ વાગ્યા સુધી બાંધાકામની નવી જગ્યા પર હાજરી આપવા માંડી. એમનું જોઈને બીજા પણ કેટલાક વડીલો પણ એમની સાથે જવા માંડ્યા. કોઈ ટ્રેનમાં જતા હતા તો કોઈ છગનભાઈ સાથે એમની પીક અપમાં જતા હતા. હજુ તો પૂરી પરમીટો મળી ન હતી કે મથુર મહારાજે એમના બાંમણિયાનું મૂરતેય કાઢ્યું ન હતું ત્યાં તો જાણે કામ ચાલુ થઈ ગયું હોય એવો માહોલ સર્જાઈ ગયો.

આ બધું જોઈ એક દિવસ મનોરભાઈએ મુખીને બોલાવ્યા : ‘હજુ તો કામ શરૂ થયું નથી ત્યાં તમે રોજ આવી દોડાદોડી કરો છો તે જ્યારે કામ શરૂ થશે ત્યારે કદાચ માંદા પડી જશો. એના કરતાં તમે છગનભાઈ કે મહારાજ પાસેથી થોડી કાર ચલાવવાની તાલીમ લો. જ્યારે એ લોકો નવરા નહોય ત્યારે તમારે ડ્રાઈવ કરીને જ્યાં જવું હોય ત્યાં જઈ શકાય.’

‘મનેય મન તો થાય છે પણ દેશમાં કદી સ્કૂટર પણ ચલાવ્યું નથી એટલે મને નથી લાગતું કે મને ડ્રાયવિંગ આવડે.’

‘એવી બીક રાખો તો ન આવડે. બાકી છગનભાઈએ તો દેશમાં સાયકલ પણ ચલાવી ન હતી છતાં અહીં ન્યૂ યોર્કમાં વટથી કાર ચલાવે છે ને! તમે ટ્રાય તો કરો.’

‘આજે હું સાઈટ પર જઈશ ત્યારે છગનભાઈને વાત કરીશ. ત્યાં ખાસ અવર જવર પણ હોતી નથી એટલે કાર ચલાવતાં શીખવાનું ત્યાં વધારે સારું ફાવશે.’ મુખીએ કહ્યું. મનોરભાઈની વાતથી એમનામાં હિંમત આવી હતી.

એ દિવસે એમણે સાઈટ પર છગનભાઈને વાત કરી. છગનભાઈ તો તૈયાર જ હતા. મુખીની વાત જાણી ત્યાં હાજર હતા એમાંથીય બે વડીલોને કાર ચલાવતાં શીખવાની ચનક ચઢી. છગનભાઈએ બધાને લર્નિંગ પરમીટ અપાવવાની વાત કરી પણ એ આવે ત્યાં સુધી કાંઈ શીખવાનું થોડું મુલતવી રખાય છે! બધાને છગનભાઈએ વારા ફરતી કાર ચલાવવાની કળા શિખવવાની શરૂઆત કરી જ દેવી પડી.

બીજે દિવસે એ બધાને લઈને સ્ટેટની ઑફિસમાં ગયા ને બધાને લર્નિંગ પરમીટ લેવડાવી આવ્યા. આ બાજુ સિટીમાંથી બધી પરમીટો મળી જતાં મથુર મહારાજે ઘડિયાં મૂરત કાઢીને ખાત મૂરતની તારીખ નકકી કરી. આશ્રમના દરેક અવસરમાં મહેમાનોની સંખ્યા વધતી જ જતી હતી છતાં કેટલાંય અવસર પતી ગયા પછી પોતાને આમંત્રણ મળ્યું હોત તો આવત એમ કહી ભવિષ્યના અવસર માટેના આમંત્રણ માટે પાકું કરી જતાં હતાં. આશ્રમના અવસરનું આમંત્રણ મળવું એ જાણે મોભાનું પ્રતીક હોય એવી હવા આજુબાજુનાં ચાર પાંચ સ્ટેટમાં જામી ગઈ હતી.

આશ્રમના અવસરમાં જવું એટલે જાણે કોઈ ઉજાણીની મઝા માણવી, અનેક દેશવાસીઓને મળવું અને નવાં નવાં ઓળખાણો કરવાં. કેટલાક તો વરસોથી નજીક નજીક રહેતા હોય પણ એકબીજાને ખાસ જાણતા ન હોય એવા લોકોય આશ્રમના અવસરમાં મળતા ને કાયમના દોસ્ત બની જતા. જેમનાં વડીલો આશ્રમનાં વાસી હતાં એવાં કુટુંબો તો દરેક અવસરમાં ભેગાં મળતાં હતાં. વખત જતાં આ બધાં એક મેકની નજીક આવી ગયાં હતાં અને દોસ્તો બની રહ્યાં હતાં.

આ વખતના અવસરમાં મથુર મહારાજે એક નવી વિધિ ઉમેરી હતી. ખાત મૂરત કર્યા પછી શિલાને પંચામૃતનો અભિષેક કરવામાં આવવાનો હતો. શિલાની આસપાસની નવી પૂરાયેલી ધરતી પરિતૃપ્ત થાય ત્યાં સુધી પંચામૃતનો અભિષેક ચાલુ રાખવાનો હતો. જે બહેનોને અભિષેકનો સંકલ્પ કરવો હોય એમણે મહારાજને મળીને એમણે સૂચવેલી વિધિ પ્રમાણે ઘેરથી પંચામૃતની ગાગર અને સંકલ્પની દક્ષિણાના સવા પાંચ ડોલર લેતા આવવાની વાત મહારાજે પાકી કરી લીધી હતી. મથુર મહારાજના કામમાં કચાશ હોય જ નહીં ને!

મથુર મહારાજના પિતા નરભેશંકર આ બધું જોઈ આનંદના માર્યા ઘેલા થઈ જતા હતા. જેને ગામ આખાએ અબુધ કહીને વગોવી માર્યો હતો એવા એમના આ દીકરાની આવી પ્રતિષ્ઠા જોઈ એમને આનંદનાં આંસુ આવી જતાં હતાં. એમને તો ખબર જ હતી કે આ બધાની પાછળ સાહેબનો જ હાથ હતો. સાહેબ હોય નહીં ને મથુર આવો કાબેલ થાય નહીં.

નકકી કરેલી તારીખે નવી જગ્યા પર ખાત મૂરત કરવામાં આવ્યું. ન્યૂ યોર્ક તો ન્યૂયોર્ક પણ છેક એટલાન્ટાથીય કેટલાક આ અવસરમાં હાજરી આપવા આવ્યા હતા ને બધી વિધિનો લાભ લીધો હતો. એમાંના કેટલાકે તો પોતાને ત્યાં ધાર્મિક વિધિ કરવા આવવા માટે મથુર મહારાજને આમંત્રણો પણ આપી દીધાં હતાં ને એમના જવા આવવાનો ખર્ચ પણ કરવાની તૈયારી બતાવી હતી. ને મથુર મહારાજનાં પત્નીએ એમની એપોઈન્ટમેન્ટની ડાયરીમાં જોઈ આવી વિધિ માટે મહારાજની જવાની વાત પાકી કરી પણ લીધી હતી.

આ વખતની વિધિમાં ધનજી મુખી મુખ્ય આસને બેઠા હતા ને એમની સાથે પૂજામાં બીજાં દશ યુગલો બહારનાં પણ જોડાયાં હતાં. જે એમાં જોડાઈ શકયાં ન હતાં એવાં બીજાં કેટલાંક યુગલો આરતીમાં જોડાયાં હતાં. નવાં આવેલાં બહારનાં મહેમાનોમાંથી કેટલાંયે આશ્રમની આવી વ્યવસ્થા અને પ્રતિષ્ઠા જોઈ પોતાના શહેરમાં પણ આવો આશ્રમ શરૂ કરવાની મનોરભાઈને વિનંતિ પણ કરી હતી. સાહેબે પણ મનોરભાઈ અને સોમાભાઈને જ્યાં આપણા દેશીઓની વસતિ સારા પ્રમાણમાં હોય એવાં રાજ્યોમાં વધારે તો નહીં પણ એક એક આશ્રમ શરૂ કરવા અંગે વિચારવા સૂચન પણ કર્યું હતું. વળી અહીંનું કામ બરાબર રાગે પડી ગયું હતું અને મુખી પણ એમાં ખરા મનથી જોડાઈ ગયા હતા એટલે અહીંના કામની ચિંતા ન કરવાની તેમને હૈયા ધારણ પણ આપી હતી.

આ દરમિયાન ન્યૂ જર્સીમાં આવો આશ્રમ ખોલવા માટેનું વાતાવરણ જામી પણ ગયેલું હતું અને કેટલાક દેશીઓએ સિટીમાં જમીન માટે વાત પણ મૂકી જોઈ હતી. એક તો ત્યાં પણ આ આશ્રમની વાત જાણીતી થઈ ગયેલી હતી એટલે સિટીએ એમને જમીન ફાળવવા ઘટતું કરવાની તૈયારી પણ બતાવી હતી. પછી તો જેમણે આ વાત જાણી એવાં બીજાં રાજ્યના દેશીઓએય પોતાના શહેરની કાઉન્સીલ પાસે આવી માગણીઓ મૂકવા માંડી હતી. હવે આ આશ્રમ જાણે આખા અમેરિકાના દેશીઓની બધી જાહેર પ્રવૃત્તિયોનું કેંદ્ર બની ગયો હતો.

આ તરફ મુખી અને બીજા બે જણને ડ્રાયવિંગ લાયસન્સ પણ મળી ગયાં હતાં. મનોરભાઈએ મુખીને માટે એક કાર ખરીદવાની વાત પણ સહેબ અને સોમાભાઈને કરી હતી પણ એમની વાત જાણી ગયેલા દાકતરે પોતાની ત્રણ જ વર્ષ વપરાયેલી કાર આશ્રમને ભેટ આપી એટલે મુખી માટે કાર ખરીદવાની જરૂર પડી નહીં. દાકતરના આ પગલાથી આશ્રમને આવી ભેટો મળવાની વાતના જાણે શ્રી ગણેશ મંડાયા. હવે તો બહારના લોકોય આશ્રમને ઉપયોગમાં આવી શકે એવી ચીજ વસ્તુઓ આશ્રમને ભેટ આપવા આવવા લાગ્યા. મનોરભાઈએ એક દિવસે એમની એક મીટિંગમાં આ વાત તરફ બધાનું ધ્યાન દોરતાં કહ્યું : ‘જો આવી રીતે ભેટો આવતી રહેશે તો એક વખત આશ્રમને પોતાનો થ્રીફ્ટી સ્ટોર ખોલવો પડશે.’

મુખી કહે : ‘એવું થાય તો એમાં ખોટુંય શું છે? મારું માનો તો આપણે નવા આશ્રમમાં આપણો જ સ્ટોર કરીએ તો મને લાગે છે કે એ બરાબર જામી જશે અને અનેક દેશવાસીઓ ને એ ઉપયોગી પણ થશે.’ ને મુખીની વાતમાં બીજા પણ કેટલાક જોડાઈ ગયા. થોડી ચર્ચા પછી નકકી થયું કે આશ્રમનો થ્રીફ્ટી સ્ટોર શરૂ કરવો અને એનું નામ પણ ‘આશ્રમ સહાય સ્ટોર’ રાખવું.

મુખીનું અહં અહીંના બીજા કાર્યકરો સાથેના સંગથી નિમૂળ થઈ ગયું હતું. હવે એમની આવડતને સેવાની ભાવનાનો ઓપ ચઢી ગયો હતો. બીજી પાંખનું કામ શરૂ થયું કે તરત બધાને એ વાતની પ્રતીતિ થઈ ગઈ કે આશ્રમના કાર્યકરોને એક સાચો સેવાભાવી કાર્યકર મળી ગયો હતો.

રોજનું કામ પૂરું થાય એટલે બીજા દિવસના કામની ચાલ ગોઠવવા પાંચ સાત માણસો સાથે મુખીએ મસલત કરી લેવાની ગોઠવણ કાયમી કરી. આમ થવાથી એમને બધાને આશ્રમ પર આવવાનું રોજ મોડું થવા લાગ્યું એટલે એમની થાળીઓ સાચવીને બેસી રહી કંટાળેલાં રેવતીબેને મોવડી મંડળને ફરિયાદ કરી. મુખી કહે : ‘એવું હોય તો બીજા બધાને એક ગાડીમાં વહેલા મોકલી આપીશું પણ મારે ને છગન મિસ્ત્રીને ને બીજા પાંચ સાત જણાને તો રોજ મોડું થવાનું જ છે. બોલો એમ કરીએ!’

‘એ તો બધું એકનું એક જ ને! પંદરની થાળી ઢાંકી રાખો કે પાંચની એમાં કયો મોટો ફેર પડી જવાનો હતો! પણ તમારે લીધે આ બીજા લોકોને તમે માંદા પાડી દેશો. એ બધા હોંશમાં કામ તો કરે છે પણ આપણે તો આપણી બધાની ઉંમરનો ખ્યાલ તો કરવો જોઈએ ને!’

‘એમ ના કરવું હોય તો ત્યાં પણ પંદરેક માણસનું રસોડું શરૂ કર્યું હોય તો બપોરેય બધાને તાજું લંચ મળે અને સાંજેય રેવતીબેનને વાટ જોઈને બેસી રહેવું ના પડે.’ મુખીએ વચલો રસ્તો કાઢવા પ્રયત્ન કર્યો.

‘પછી તમે કહેશો કે ખાલી સૂઈ જવા માટે જ આશ્રમ સુધીનો ફેરો શું ખાવો, એના કરતાં ત્યાં જ સૂઈ રહીશું.’ રેવતીબેને કહ્યું.

‘મારો વિચાર એવો જ હતો. વળી ત્યાં હવે દશ પંદર માણસને રહેવા સૂવા જેટલી જગ્યા તૈયાર થઈ પણ ગઈ છે.’

‘અલ્યા મુખી અલગ જુવાળું માંડવાની વાત તો નથી કરતા ને!’ બધાંની વાત સાંભળી મલકાતાં સાહેબે કહ્યું.

‘કયારેક તો એવું કરવું જ પડવાનું છે પણ મુખી, હમણાં નહીં. અત્યારે જરા વહેલું પડશે. અમારો વિચાર તો અહીંથી અર્ધા જેટલા કાર્યકરોને ત્યાં રહેવા મોકલી આપવાનો હતો પણ મને નથી લાગતું કે આવો મેળ છોડી કોઈ ત્યાં

રહેવા જવા તૈયાર થાય. જ્યારે ત્યાં નવા આશ્રમવાસીઓને વસાવવાની શરૂઆત કરીશું ત્યારે અહીંથી કોઈ ત્યાં જશે નહીં.

'જવાની ઈચ્છા તો કોઈની નહીં થાય પણ કોઈકે તો જવું જ પડશે ને! આશ્રમની જે પ્રતિષ્ઠા જામી છે એ કોઈ અજાણ્યા કે શિખાઉના હાથમાં તો ન જ છોડી દેવાય ને! ઓછામાં ઓછા પાંચેક માણસોએ તો ત્યાં રહેવા જવું જ પડશે, તમને શું લાગે છે?' મુખીએ પૂછ્યું.

'એ તો જેવા પડશે એવા દેવાશે બાકી હમણાં જ્યાં સુધી કામ ચાલે છે ત્યાં સુધી તો તમે બધા ત્યાં આખો દિવસ હોવાના જ છો, પછી કશુંક ગોઠવવું પડશે.'

ને કામ ચાલતું રહ્યું. મોટેલ બંધાઈ ગઈ અને ફ્રેન્ચાઈઝવાળા આવીને સાઈન ઊભી કરી ગયા અને એનું વિધિવત્ ઉદ્‌ઘાટન પણ થઈ ગયું. મનોરભાઈએ મોટેલ ચલાવવાના અનુભવી એવા પાંચ માણસોની કામચલાઉ નિમણૂંક કરી દીધી ને મોટેલ ચાલુ થઈ ગઈ. અલબત્ત મુખીને જ એની જવાબદારી સોંપવામાં આવી. મુખી કહે : 'મને મોટેલ ચલાવવાનો કશો અનુભવ નથી એને બદલે કોઈ એના જાણકારને એ જવાબદારી સોંપો તો વધારે સારું.'

'અનુભવ તો કોઈનેય કયાં હતો પણ એ તો કામ કામને શિખવે. તમારેય અનુભવે શીખી લેવાનું. ને જરૂર પડે તો જૂની મોટેલ પર જઈને જાણી લાવવાનું.' મનોરભાઈએ એમને હૈયાધારણ આપી.

ગમે તેમ પણ મુખીનું સ્થાન આશ્રમના સંચાલકમંડળમાં મુકરર થઈ ગયું હતું. મુખી શરમાતા અને જવાબદારી લેવામાં છપાતા છતાં ધીમે ધીમે એમાં ઘસડાતા જતા હતા. બાંધકામ આગળ ચાલતુ હતું. હવે નવા આશ્રમમાં વધારાની જગ્યા થવાની હતી એટલે નવાં નવાં વડીલોને જૂના આશ્રમની ખાલી રાખેલી જગ્યાઓમાં રહેવા પ્રવેશ અપાવા માંડ્યા હતા. આશ્રમ હવે કાયમ ભર્યોભર્યો લાગતો હતો.

અનુક્રમ Þ

## ૧૭. ભોળાભાઈ સૂરતી

વાત એમ બનેલી કે ફકત મજૂરી કરવા જ અમેરિકા આવી ગયેલા એક કુટુંબમાં જન્મેલા કીશન પટેલે પંદરેક વરસ પહેલાં એક ગેસ સ્ટેશન લીધેલું. હપ્તા બધા ભરાઈ ગયેલા ને ધંધો પણ સારો ચાલતો હતો. પણ જે એરિયામાં આ ગેસ સ્ટેશન હતું એ એરિયાને નવા જમાનાનો પવન લાગી ગયો હતો. એ ગેસ સ્ટેશનની આજુબાજુમાં હોલ્ડ-અપ અને અન્ય પજવણીના કેસ વધવા માંડ્યા હતા. એક દુકાન પર તો શુટિંગ પણ થયેલું, પણ નસીબ સંજોગે એ દુકાનનો માલિક બચી ગયેલો. એટલે આ કીશન પટેલને આવા જોખમવાળા એરિયામાંથી બહાર નીકળી જવું હતું.

જેમ એમને નીકળી જવું હતું એમ આજુબાજુવાળા બધાનેય નીકળી જવું હતું, પણ કોઈ પેસવાવાળો મળે તો એમનાથી નીકળાય ને! અર્ધી કિંમતેય કોઈ ધંધો ખરીદવાની તૈયારી બતાવતા ન હતા. પણ આ બધામાં એક ચાઈનીઝ વેપારી પણ હતો. એણે બધાને સમજાવવા માંડ્યું કે નીકળી જવા કરતાં સામનો કરવાનો વિચાર કરવો જોઈએ. પણ કોઈનામાં એવી હિંમત ન હતી.

છેવટે પેલાએ જ એનો પણ ઊકેલ કાઢ્યો : 'જો તમે બધા થાકયા જ હો તો હું મારી રીતે એનો રસ્તો કાઢી આપું. બધાને પૂરતા પૈસા નહીં મળે ને ધારતા હશો એટલા રોકડા પણ નહીં મળે. જો તમારી નીકળી જ જવાની ઈચ્છા હોય તો હું અમારા બેચાર જણને વાત કરું.'

ને પેલાએ એના દેશના માથાભારે એવા બેચાર દોસ્તોને સાથે ભેળવીને આખા વિસ્તારની મોનોપોલી કરી લીધી. પણ કીશનભાઈને તો નવો ધંધો શોધવાની વેળા આવી. એમણે ઓહાયોમાં હાયવેની એકઝીટ પર એક મોટેલ લઈ લીધી. એમનાં માબાપ ભોળાભાઈ અને સન્તુબેન વરસોથી ન્યૂ યોર્કમાં રહેલાં એટલે દીકરા સાથે નવી જગ્યાએ એમને બહુ ગોઠતું ન હતું. કીશનને આશ્રમની વાતની બહુ ખબર ન હતી, પણ ભોળાભાઈ અને સંતુબેન તો એક અવસર વખતે આશ્રમમાં આવી પણ ગયેલાં એટલે એમણે તો દીકરા સાથે મોટેલ પર રહેવાનો એક મહિનો પ્રયત્ન કરી જોયા પછી આશ્રમમાં મૂકી જવાની વાત કરી. કીશનને આશ્રમ વિશે કશી ખબર ન હતી. એ કહે : 'તમે આશ્રમમાં રહેવા જાવ તો સારું ન દેખાય. એના કરતાં જો તમારે ન્યૂ યોર્કમાં જ રહેવું હોય તો કોઈકને ત્યાં તમારા રહેવાની ગોઠવણ કરી દઉં.'

'જો ભાઈ, એમાં તારું કે અમારું ખોટું દેખાય એવું કશું નથી ને એમાં મફત રહેવાનું પણ નથી. આપણા ગજા પ્રમાણે એમાં આપણે દર મહિને ખર્ચના પૈસા ભરવાના હોય છે. તને કશી ખબર નથી પણ અમે તો ત્યાં એક અવસરમાં જઈ પણ આવ્યાં છીએ. અમને તો ભાઈ ત્યાં આપણા ઘર કરતાંય વધારે ગમે એવું લાગ્યું હતું પણ ત્યારે ઘર મૂકીને ત્યાં રહેવા જવાની જરૂર ન હતી. અને એ વખતે આશ્રમમાં ખાલી જગ્યા પણ ન હતી. હવે એ લોકો એક બીજો આશ્રમ ચાલુ કરવાના છે એટલે ત્યાં જગ્યા ઘણી છે. તું અમને ત્યાં એક વખત લઈ તો જા. જગ્યા હશે તો પાકું કરતા આવીશું અને નહીં હોય તો આશ્રમ જોવા ગયા હતા એમ માનીશું.'

ને કીશનને એમની એ વાત બહુ ગળે ઊતરી ન હોવા છતાં એમને આશ્રમમાં લઈ જવા તૈયાર થવું પડ્યું. બે દિવસ પછી એ બેયને લઈને આશ્રમ પર પહોંચ્યો. આશ્રમને દરવાજેથી દાખલ થતાં જ એ ગૂંચવાઈ ગયો. સરસ મઝાની હરિયાળી ને એમાં હરતાં ફરતાં વડીલો. કોઈ હિંચકે ઝૂલતાં તો કોઈ બાગમાં ખણખોદ કરતાં તો કોઈ બહાર બાંકડે બેસીને હીંચતાં હતાં.

'આ તો કાંઈ નથી, તું એક વાર બધાને મળ તો ખરો. તને એમ જ લાગશે કે આપણા સૂરતની ગલેમંડીમાં બેઠા છીએ. આપણા તરફનાંય ચાર પાંચ ઘરડાં એમાં છે. એમણે તો અમને કેદા'ડાનુંય કહી રાખ્યું હતું પણ જ્યાં સુધી અહીં ન્યૂ યોર્કમાં હતાં ત્યાં સુધી છોકરાંની માયા છૂટતી ન હતી, પણ હવે તો ત્યાં સાવ એકલાં પડી ગયાં હોઈએ એવું લાગે છે.'

એ લોકો હજુ તો આશ્રમની ઑફિસમાં પહોંચ્યાં પણ ન હતાં ત્યાં તો પંદરવીશ આશ્રમવાસીઓ તેમને ઘેરી વર્યા. એમાં કેટલાંક ભોળાભાઈ અને સંતુબેનને ઓળખતા પણ હતા. એક જણે તો તેમને કહ્યું પણ ખરું : 'ખાલી ફરવા માટે આવ્યાં છો કે અમારી સાથે રહેવા આવ્યાં છો? અમારું માનો તો રહી જ જાવ. અહીં તમને ઘર કરતાંય વધારે ગમશે.'

ભોળાભાઈ શું જવાબ આપે! છતાં એમણે હસીને કહ્યું : 'મને તો અહીંની બધી ખગર છે પણ આજે તો અમારા કિશનને અહીંની વ્યવસ્થા બતાવવા માટે લઈ આવ્યાં છીએ. એને સંતોષ થાય તો અમારે તો અહીં રહી જ પડવું છે. અમારા જેટલી જગ્યા તો છે ને!'

'અરે તમારે રહેવા આવવું હોય તો જગ્યા નહીં હોય તોય થઈ જશે, બોલો, રહી જવું છે!' એક જણે કહ્યું.

'અને મૂરત કઢાવવું હોય તોય અમારા મથુર મહારાજ હાજર છે.'

'આજે તો રહેવા આવ્યાં નથી પણ તમે યાદ દેવડાવ્યું એટલે તો જતાં પહેલાં મથુર મહારાજની પાસે પાછાં આવવાનું મૂરત કઢાવીને જ જઈશું. અહીં રહેવા આવવું હશે તો બધાનાં મોં મીઠાં કરાવ્યા વગર તો નહીં જ આવીએ. પણ પહેલાં ઑફિસમાં જતાં આવીએ.' કહીને એ લોકો ઑફિસ તરફ ચાલ્યાં.

એમની બધી વાત જાણી સાહેબ કહે : 'અત્યાર સુધી તો બધાં અહીં ઘેરથી થાકીને ને ભાગીને જ આવ્યાં છે. એક તમે જ એવાં છો કે દીકરાને સાથે લઈને આવ્યાં છો.'

'એટલે તો કહીએ છીએ કે અમારે છાનાંમાનાં આશ્રમમાં પેસી જવું નથી. ભગવાનની દયાથી ઘણું કમાયાં છીએ. બધાંનું મોં મીઠું કરાવીને આવવું છે. સેવા તો અમારાથી થાય એવી કરીશું, પણ આશ્રમ માટેય અમારે રહેવાની એક ખોલી જેટલા પાંચ હજાર ડોલર આપવા છે.'

'તમે કહ્યા એટલે અમને એ મળી ગયા બરાબર પણ આપણે આશ્રમમાં દાન નહીં લેવાની રીત રાખેલી છે. છતાં તમારે જો આપવા જ હોય તો બે વરસ માટેની વગર વ્યાજની લોનમાં આપશો તો લઈ લઈશું ને બે વરસ પછી પરત આપી દઈશું.' મનોરભાઈએ કહ્યું.

'એમાં તો આપ્યા પણું લાગતું નથી. એમ કરો અમે જીવએ ત્યાં સુધીની લોન રાખો. અમે ન હોઈએ ત્યારે અમારાં છોકરાંને એ પરત કરજો, બસ!'

'એના કરતાં એમ જ કરો ને કે એમના એ પૈસામાંથી લાયબ્રેરીનો એક હોલ જ બનાવી લો. ને એને સંભાળવાની જવાબદારીય એમને જ સોંપી દો. એમનેય ખબર તો પડે કે દાનની પાછળ કામની સેવા પણ કરવી પડે છે.' સાહેબે બધાના વતી વાતમાં પૂર્ણવિરામ મૂક્યું.

'એનો તો કશો વાંધો નહીં પણ મને એવા કામનો અનુભવ નથી છતાં તમે કહેશો એમ ચલાવી બતાવીશ.'

'એ તો બધું કામ કામને શિખવે. અમારા આ મુખીને ઘરમાં ખીલી મારતાંય આવડતી ન હતી તોય એમને માથે પડ્યું છે તે અત્યારે નવા આશ્રમનું બધું માથે લઈને ફરે છે ને! તમનેય બધું આવડી જશે.'

ને ભોળાભાઈના દીકરા કિશનનેય એક વાતે સંતોષ થઈ ગયો કે બાપા અહીં આશ્રમમાં રહેવા આવે એમાં એનું જરાય ખોટું દેખાવા જેવું ન હતું. ઊલટાનું એ આશ્રમના એક સેવક બનીને ગોઠવાઈ જતા હતા. મથુર મહારાજેય ભોળાભાઈ અને સંતુબેનના આશ્રમપ્રવેશનું મૂરત કાઢી આપ્યું અને એમણે આપેલી દક્ષિણા ઓટીએ ચઢાવી. કેશવભાઈએ એ જોઈને કહ્યુંય ખરું : 'અલ્યા મહારાજ, એમની પાસેથી સક્ષિણા ના લેવાય, એ તો આપણા આશ્રમના કહેવાય.'

'હજુ એ અહીં રહેવા આવે ત્યારે, પણ અત્યારે તો દક્ષિણા લેવી જ પડે. તમને એમાં ખબર ના પડે.' ને સાંભળનારા હસી પડ્યા.

પછી એ દિવસે કેટલાં માણસોને બહારથી બોલાવવાં અને કેટલાં માણસોનું જમવાનું કરવું વગેરે વાતો પાકી કરીને આશ્રમને રસોડે જમીને એ નીકળ્યાં. કિશન કહે : 'આટલી સારી વ્યવસ્થા છે છતાં દાન લેતા નથી તે બધું પેલી મોટેલ અને થ્રીફ્ટી સ્ટોરની આવકમાંથી જ ચાલે છે!'

'જે લોકો આશ્રમમાં રહે છે એ લોકોય નકકી કરેલી રકમ દર મહિને પોતાના ખર્ચા જોગી આપે છે. પહેલાં તો વધારે પૈસા લેતા હતા પણ હવે આવક વધી એટલે એ રકમેય અર્ધી કરી નાખી છે. અમે બે જણ રહીશું તો અમારે મહિને સો ડોલર આપવા પડશે. એટલામાં તો આપણા ઘરમાં રહેતા હોઈએ તોય ન રહેવાય.'

'મને એના વહીવટદારોનો સ્વભાવ બહુ ગમ્યો. લાગે નહીં કે આટલી મોટી સંસ્થાના હોદ્દેદારો છે. બધા જાણે સામાન્ય માણસો.' કિશને કહ્યું.

'એમાંના કોઈ સામાન્ય માણસ નથી. એમણે આવડત અને જાતમહેનતથી આ બધું વગર પૈસે ઊભું કર્યું છે.'

¦

નકકી કરલે દિવસે કિશન એની પત્ની તથા બાળકો સાથે આવ્યો અને ભોળાભાઈ અને સંતુબેનને મૂકી ગયો. પણ મથુર મહારાજ એમ કંઈ જવા દે! જ્યારે આટલાં બધાં માણસોને જમાડીને એ લોકો આશ્રમ પ્રવેશ કરતાં હોય ત્યારે કશુંક તો કારણ આપવું જોઈએ ને! એમણે છેલ્લી મિનિટે ભોળાભાઈ અને સંતુબેનને જીવત્ચર્યા કરવા મનાવી લીધાં.

ને દોડાદોડ એ માટેની બધી સામગ્રી બજારમાંથી આવી ગઈ. આવેલા બહારના મહેમાનોય આ અવસરના કામમાં મચી પડ્યા. મથુર મહારાજના કામમાં કશી કચાશ હોય જ નહીં ને! જમવાનું તો તૈયાર જ હતું. આવેલા મહેમાનો જીવતચર્યામાં શ્રવણ, આરતી અને દાન દક્ષિણાનું પૂન્ય કમાઈને સંતોષ પામ્યા. ને મથુર મહારાજને જીવચર્યાના બીજા બે ઓર્ડર પણ આ દરમિયાન નોંધાઈ ગયા. ને ભોળાભાઈ તથા સંતુબેન આશ્રમમાં ગોઠવાઈ ગયાં.

કામ તો એમને માટે મનોરભાઈએ શોધી જ રાખ્યું હતું, આશ્રમનું પુસ્તકાલય સંભાળવાનું. હજુ તો બધાંને પૂછીને તેમની પસંદગીનાં સારાં સારાં પુસ્તકો કોઈ આવતા જતા સાથે દેશમાંથી મંગાવવાનાં હતાં. અત્યારે તો મથુર મહારાજના પિતાજી અને સોમાભાઈ જે થોડાં પુસ્તકો લેતા આવ્યા હતા એ અને દાકતરે સ્કૂલની શરૂઆતમાં જે થોડાં આપ્યાં હતાં એ જ જે ગણો તે પુસ્તકાલય હતું.

આમ તો મોટા મકાનમાં પુસ્તકાલય માટે ઘણી જગ્યા હતી પણ અત્યાર સુધી એને માટે અલગ ઓરડો હોવો જોઈએ કે એમાં વાંચવા બેસવાની ખાસ વ્યવસ્થા હોવી જોઈએ એવું કોઈએ વિચાર્યું પણ ન હતું, કારણ કે આશ્રમમાં એવાં બધાં પુસ્તકો જ ન હતાં. વળી દેશનાં વર્તમાનપત્રો મહિને અહીં પહોંચે એટલે એ લોકો મંગાવતા ન હતા. હવે જ્યારે ભોળાભાઈના કિશને પાંચ હજાર ડોલર એના જ કરીને આપ્યા હતા ત્યારે આશ્રમના વહીવટદારોને લાગવા માંડ્યું હતું કે એને માટે ભલે અલગ મકાન ન હોય પણ એનો એક અલાયદો ઓરડો તો હોવો જ જોઈએ. અને એને માટેનાં કબાટો અને બેસવા માટે ખુરસી તથા ટેબલોની પણ વ્યવસ્થા કરવી જોઈએ.

અનુક્રમ ➪

## ૧૮. ઈન્ડિયા-પાકિસ્તાન

બધું સરખું ચાલે તો પછી ભગવાનને ગણેય કોણ! આશ્રમની બધી પ્રવૃત્તિયો આજ સુધી નિર્વિઘ્ને ચાલ્યા કરી એમાં ભગવાનની રહેમ જ ને! પણ એક દિવસ અલ્લા ભગવાનની સામે પડ્યા હોય એમ લાગ્યું. મૂળ તો આશ્રમમાં બધા હિન્દુઓ અને આશ્રમ શબ્દ જ હિન્દુત્વને સાકાર કરતો. અમેરિકામાં રહેતા હોય તોય છેવટે તો એક મુસ્લિમ જ ને! એમને આવી પ્રવૃત્તિ આંખમાં ખૂંચ્યા સિવાય રહે ખરી!

અબ્દુલ મલેક નામના એક પાકિસ્તાની મુસ્લિમે આશ્રમમાં રહેવા આવવા અરજી કરી. એક તો એ ઉંમરે પહોંચેલો ન હતો. વળી હજુ એ કારના રીપેરિંગનું ગેરેજ ચલાવતો હતો. એને આશ્રમમાં રહેવા આવવાની જરૂર ન હતી છતાં પોતાને આશ્રમમાં પ્રવેશ કેમ ન મળે એવા ખાલી તંતથી પ્રેરાઈને એણે દાખલ થવા અરજી કરેલી. પણ એની અરજી આવતાં જ આશ્રમના શાંત જળમાં જાણે મોટો પથ્થર પડ્યો હોય એવાં વમળો પેદા થઈ ગયાં. બધા સાહેબ અને મનોરભાઈની પાછળ પડી ગયા : 'આપણા આશ્રમમાં કોઈ પાકિસ્તાનીને લાવશો તો એ આપણને બધાને હેરાન કર્યા સિવાય નહીં રહે.'

‘પણ આપણે ક્યાં એને દાખલ કરી દીધો છે કે તમે બધા મારી પાછળ પડી ગયા છો! હજુ તો એણે દાખલ થવા અરજી જ આપી છે. આપણે એની હાલતની ચકાસણી કરીશું પછી એને યોગ્ય જવાબ આપીશું.’ મનોરભાઈએ કહ્યું.

‘એમાં વળી ચકાસણી શી કરવાની? એને કહી દેવાનું કે અમારા આશ્રમમાં કો મુસલમાનને લેવાની જોગવાઈ નથી, એટલે વાતનો ફેંસલો.’

‘એમ ના કહેવાય. અહીંના કાયદા મુજબ આપણે કોઈને નાત, જાત કે રંગના ભેદને કારણે પ્રવેશ આપવાનું ટાળી ન શકીએ. પણ તમે બધા બેફિકર રહેજો, અમે ગમે તે બહાનું કાઢીનેય તેને ટાળીશું.’

‘ને તમારાથી ના થાય તો મને સોંપી દેજો, એવાને સીધાદોર કરી દેતાં મને આવડે છે.’ મુખીએ કહ્યું.

‘મુખી, આમાં આપણાથી દાદાગીરી કરાય એવું નથી. આપણે તો એ સાપ મરે અને આપણી લાકડીય સલામત રહે એવો ઉપાય કરવાનો છે. પણ મારા મનમાં એક આઈડિયા છે. મને લાગે છે કે આપણે એને ટાળી શકીશું. એ પહેલાં આપણે એકાદ ક્રિશ્ચિયનને આપણા આશ્રમમાં દાખલ કરવો પડશે.’

‘એવું કરવું હોય તો આપણી સાઈટ પર એક ઈલેક્ટ્રીશીયન આવે છે એનો બાપ ઉંમરેય પહોંચેલો છે અને કામ પર હાથ ભાગી ગયેલો એટલે ફેક્ટરીનું ડિસેબિલિટીનું પેન્શન પણ ખાય છે. ઘણી વખત એ એના દીકરા સાથે સાઈટ પર આવે છે ને વગર કશી આશા રાખ્યે આપણું નાનું મોટું કામ પણ કરવા લાગે છે.’

‘એવું હોય તો તમે એને બે બોલા વાત કરી જોજો ને એક દિવસ આપણી ઑફિસે બોલાવી લાવજો. માણસ લાયક હશે તો આપણે એને આશ્રમમાં દાખલ કરી દઈશું. વાત વધી જાય તો આપણે કહેવા થાય કે આપણે હિન્દુ સિવાયનાય માણસને આશ્રમમાં પ્રવેશ આપીએ છીએ.’

‘આજે સાંજે એને પકડી લાવીશ. અત્યાર સુધી તો મને એમ હતું કે આપણે આશ્રમમાં બીજા ધરમવાળાને પ્રવેશ આપતા નથી એટલે મેં એને કશું કહ્યું ન હતું, પણ હવે જ્યારે જરૂર જ પડી છે ત્યારે એને કહેવામાં વાંધો પણ નથી. માણસ બહુ લાયક છે.’

પછી તો મુખીના કામમાં કહેવાનું જ શું હોય! એમણે બપોરના જ પેલા ઈલેક્ટ્રીશીયનને અને એના બાપ ડેવીડને પાસે બેસાડીને વાત સમજાવી કે એના બાપને આશ્રમમાં રહેવા આવવું હોય તો એમને માટે પોતે ભલામણ કરશે. ડેવીડને તો અહીં કામ કરતાં આશ્રમના માણસો સાથે સારી દોસ્તી બંધાઈ ગયેલી જ હતી. એ તો તરત તૈયાર થઈ ગયો. કહે : ‘મને એમ હતું કે તમે ફક્ત હિન્દુઓ માટે જ આશ્રમ ચલાવો છો એટલે મેં વાત કરી ન હતી બાકી મનેય આશ્રમમાં રહેવા આવવાનું મન થઈ જ ગયું હતું.’

‘તો માનજો કે તમારે માટે જગ્યા થઈ ગઈ છે. હા, અમારું ખાવાનું તમને માફક આવતાં વાર લાગશે.’

‘આટલા દિવસથી તમારી સાથે તમારા ટિફિનમાંથી જ ખાઉં છું ને! સાચું કહું તો મને તમારું વેજિટેરિયન ખાવાનું ભાવી ગયું છે.’

'તો આજે કામ પરથી છૂટીને મારી સાથે આશ્રમ પર આવો એટલે મેનેજરને મળીને તમારું પાકું કરી નાખીએ.' મુખીએ એમની વાત પાકી કરી.

પછી સાંજે કામ પરથી આશ્રમમાં પાછા જતાં એ પેલા બાપદીકરાને સાથે લેતા ગયા ને નકકી કર્યા પ્રમાણે એમના આશ્રમમાં રહેવાની વાત પાકી કરી નાખી.

¦

અઠવાડિયા પછી અબ્દુલમીયાં તપાસ કરવા આવ્યા તો મનોરભાઈએ એમને જવાબ દઈ દીધો : 'માફ કરજો પણ અત્યારે તો તમારે માટે આશ્રમમાં જગ્યા થઈ શકે એમ નથી.'

'સીધું એમ જ કેમ કહેતા નથી કે તમારે મને જગ્યા આપવી જ નથી. બાકી મને ખબર છે કે આશ્રમમાં જગ્યા છે.' મીયાંભાઈ સીધા જ જાત પર ગયા.

'જગ્યા તો ઘણી છે પણ અમે જરૂરીઆત જોઈને જગ્યા આપીએ છીએ. તમારી બાબતમાં તો એવું છે કે તમે ધંધાવાળા માણસ છો, વળી હજુ તમારી ઉંમર પણ થઈ નથી રીટાયર થવાની. અમે આશ્રમ ચલાવીએ છીએ ફકત ઉંમરે પહોંચેલાં અને કુટુંબથી થાકેલાં માણસો માટે.'

'એમ જ હોય તો તમારા મહારાજની પણ ઉંમર હજુ કયાં થઈ છે! એમને કેમ રાખ્યા છે?' અબ્દુલમીયાં જાણકારી મેળવીને આવ્યા જણાતા હતા, પણ એમને કયાં ખબર હતી કે અહીં બધાય એમને આઘા રાખવાની તૈયારી કરીને જ બેઠેલા હતા.

'એમને તો અમે સામે ચાલીને બોલાવ્યા છે. અમારે સેવા પૂજા માટે અને ધાર્મિક વિધિ માટે એવા માણસની જરૂર હતી એટલે એમને માટે અપવાદ રાખીને એમને રહેવા લઈ આવ્યા છીએ.'

'તમારી એવી ખોટી વાતો મારે નથી સાંભળવી. જો મને આશ્રમમાં નહીં લો તો હું સરકારી રાહે લડી લઈશ.' અબ્દુલમીયાંએ જાત બતાવી.

'તે ભાઈ વહેલો જા ને. સાંજ પડવા આવી છે તે ઑફિસ બંધ થઈ જશે. અને બીજાને બીક હોય તો ભલે પણ અમને તારી બીક નથી લાગતી. અમે દાન ઉઘરાવીને કે સરકારની ગ્રાન્ટ લઈને આ આશ્રમ નથી ચલાવતા, અમારાં બાવડાંના બળે ચલાવીએ છીએ. તારે જે કરવું હોય એ કરી લેજે.'

'એ તો હું કરીશ જ, તમે જોઈ લેજો.'

'મીયાં બહુ પાણી હોય તો આવો આશ્રમ ખોલીને બતાવજે ને! બાકી તો તું માથાં પછાડીને મરી જઈશ તોય તને આ આશ્રમમાં તો કોઈ કાળે જગ્યા નથી જ મળવાની એ લખી રાખજે.'

'હું જોઈ લઈશ.'

'જો તને ઉતાવળ ના હોય તો ઘડીક બેસ એટલે હું મારું કામ પતાવીને બહાર આવું તારે જોઈ જ લેવો હોય તો. ને તારે ઉતાવળ હોય તો કાલે તારા વર્કશોપ પર આવી જાઉં, બોલ, કેમ કરવું છે. મારી બધી વાતે તૈયારી છે.' મુખીએ ટંકાર કર્યો ને પેલા મીંયાંભાઈ નરમ પડી ગયા.

'મારે મારામારી કરવી નથી. કાયદેસર જે થતું હશે એ જ મારે કરવું છે.'

'એનોય અમારે વાંધો નથી. અમારી તો બધી વાતે તૈયારી છે, શરમાતો નહીં. બાકી તમારા પાકિસ્તાન સામેની બીજી લડાઈમાં હું લશ્કરમાં હતો ત્યારે પાંચસાત જણા મારે હાથ મરાયા હતા. એમાં તારા બાપ તો ન હતા ને! કદાચ હોયેય ખરા. બંદૂકની ગોળી પર કંઈ કોઈનું નામ લખેલું નથી હોતું. પણ મારું માનું તો મીંયાંભાઈનોય આવો એક આશ્રમ બનાવી બતાવ તો તારુંય નામ થઈ જશે. એમાં મદદ જોઈતી હોય તો અમને કહેજે, શરમાતો નહીં. ને લડવું હોય તોય શરમાતો નહીં, અમારી તો બધી વાતે તૈયારી છે.' મુખીએ પેલાને બરાબરનો લીધો.

અબ્દુલમીંયાં મનમાં તો કાળજાળ થઈ ગયા પણ મુખીનાં તેવર જોઈ ગમ ખાઈ ગયા.

¦

અબ્દુલમીંયા ગયા એ ગયા. પછી એમના તરફથી કશા સમાચાર ન આવ્યા પણ એક દિવસ આશ્રમ પર એક સરકારી ખરીતો આવ્યો ખરો. મીંયાંભાઈ જાત બતાવ્યા સિવાય રહ્યા ન હતા. ખરીતામાં જણાવવામાં આવ્યું હતું કે આશ્રમમાં ધર્મ અને જાતિના ભેદભાવ રાખવામાં આવે છે અને બીજા ધર્મવાળાને આશ્રમમાં લેવામાં આવતા નથી એવી ફરિયાદ આવી છે તો એનો ખુલાસો કરવો.

બીજે દિવસે મનોરભાઈ અને સોમાભાઈ સરકારી ઑફિસમાં જરૂરી પુરાવા લઈને ગયા. પેલો ઑફિસર તો આશ્રમમાં આવી ગયેલો હતો અને આશ્રમની વ્યવસ્થાથી પરિચિત પણ હતો. એ કહે : 'મારે કશા પુરાવાની જરૂર નથી. પણ પેલાને જવાબ આપવા જોગી કારવાઈ તો કરવી જ પડે ને!'

'જુઓ સાહેબ, અમારી પાસે તો બધી ચોખ્ખી વાત છે. અમે આ આશ્રમની શરૂઆત ફક્ત ઉંમરે પહોંચેલા અને કુટુંબથી થાકેલા એવા માણસોને મદદ કરવા માટે કરી છે. આજ સુધીમાં અમે ફક્ત એક જ અપવાદ કર્યો છે. અમે ધાર્મિક વિધિ માટે એક મહારાજને નાની ઉંમરનો હોવા છતાં આશ્રમમાં જગ્યા આપી છે, પણ એ તો અમારી જરૂરીઆત માટે આપી છે.' મનોરભાઈએ રજૂઆત કરી.

'તે એમાં શો વાંધો છે! મેં જાતે જોયું છે કે તમારી ધાર્મિક વિધિ માટે તમારા એ મહારાજ જાણકાર છે અને જરૂરી પણ છે. એમાં કોઈને વાંધો લેવાનું કારણ નથી.'

'પણ જેણે તમને અરજી કરી છે એ માણસ તો એક મીકેનિકલ વર્કશોપ ચલાવે છે અને એની ઉંમર હજુ તો માંડ ચાલીસ વરસની છે. વળી એને ચાર છોકરાં પણ છે. આવા માણસને અમે આશ્રમમાં કેમનો પ્રવેશ આપી શકીએ?'

'તમે હવે ચિંતા ન કરતા. એ આવશે તો હું એને મારી રીતે જવાબ આપી દઈશ. મને લાગે છે કે એ એક પાકિસ્તાની છે એટલે પણ એ તમારા આશ્રમમાં આવે તો ડખો ઊભો કર્યા સિવાય રહે નહીં. હવેથી કોઈ આવા માણસની અરજી આવે અને તમે એને પ્રવેશ ન આપ્યો હોય તો તમારે મને એની જાણ કરી દેવી એટલે હું એને અહીંથી જ જવાબ આપી દઈશ.'

બધાને માથેથી જાણે સો મણનો બોજો ઊતરી ગયો હોય એમ એમને લાગ્યું. આ વાત જાણી મુખી કહે : 'સરકારી જવાબ મળી જશે એટલે એને ઈસ્લામિક બુઝૂર્ગ સરાઈ ખોલવાની ચાનક ચઢશે. એનામાં જો વેપારીબુધ્ધિ હશે તો એ સલાહ માગવા આપણી જ પાસે આવશે.'

અને મુખીની ગણતરી સાચી જ સાબિત થઈ. અબ્દુલમીયાં બીજે જ દિવસે એમની સલાહ માગવા દોડી આવ્યા. મુખી કહે : 'મને જ એની સાથે વાત કરવા દો. એને બરાબરનો ભેખડે ભરાવવો પડશે.'

ને મુખીએ એને બરાબર યોગ્ય જ શીખ આપવા માંડી : 'જુઓ મીયાં મેં કહ્યું હોય એનું ખોટું ના લગાડતા. બાકી તમારા જેવાએ તો ઈસ્લામિક જમાતખાના જેવી સંસ્થા ખોલીને સામો દાખલો બેસાડવો જોઈએ. બધા ન માનતા હોય એ ભલે ન માને પણ આવી સંસ્થા ઊભી કરવી એ તો રમત જેવી વાત છે. ને તમારી કોમ પાસે તો પૈસાદારોનો સાથ પણ છે. ને સહેજ કામ નજરમાં આવ્યું કે સરકાર હજાર હાથે મદદ કરવા દોડી આવશે. અમારે એવું જ થયું ને!'

'મારેય એવું જ કરવાની નેમ છે જો તમે મને સાથ અને સહકાર આપો તો.'

'અરે એ શું બોલ્યા! અમે તો સેવા કરવા જ બેઠા છીએ. તમારું કામ થતું હોય તો ઈસ્લામની સેવાને નાતેય મારે તમને બનતી મદદ કરવી જ જોઈએ. તમારે અમારી જેમ જ એક મોટેલ શોધી કાઢવી જોઈએ. પછી એમાં પાંચ સાત બુઝૂર્ગને રહેવા બોલાવી લેવાના. પછી સરકારની મદદ મળે તે પહેલાં જ એક ઈસ્લામિક થ્રીફ્ટી સ્ટોર ખોલી દેવાનો.'

'પણ એના કરતાં તમારી જેમ કોઈ ખ્રિસ્તી સ્ટોરની સાથે ભાગીદારી કરવાનું સારું નહીં!' અબ્દુલ મીયાંની બુધ્ધિ હજુ સલામત હતી. પણ મુખી એને એમ છોડે એમ ક્યાં હતા!

'અમે એક ભૂલ કરી છે એ અમને હજુય ખટકે છે. તમે એવી ભૂલ ન કરતા. અમારે કામ વગર એ લોકોને અર્ધો ભાગ આપી દેવો પડે છે. અમારે તો એક સરકારી અમલદારની લાગવગ લગાડીને એ ભાગીદારી કરેલી છે એટલે એને લાત પણ મરાતી નથી. ને તમારી કોમમાં ચાલે તેવાં કપડાં એમના સ્ટોરમાં આવે છે જ ક્યાં!'

'પણ અમારી કોમમાંથી એવાં દાન મળશે ખરાં!'

'બધા પાસેથી નહીં મળે પણ તમારામાંય દાક્તરો છે, વકીલો છે અને બીજાય ઘણા પૈસાવાળા છે એમની પાસેથી મળશે અને કોમના ગરીબ લોકોને મદદ થશે.'

'એમને સાલાંને મદદ કરવા જેવી નથી.'

'જુઓ મીયાં, જમાતખાના જેવી સંસ્થા ચલાવતા હો ત્યારે તમારાથી એમ ન બોલાય. તમારે મનથી જે માનવું હોય એ માનવું પણ બહાર બોલતા પહેલાં સાતવાર વિચાર કરવો. હવે તમે એક આમ આદમી નહીં રહો. તમારે તો એક ઓલિયા કરતાંય વધારે નરમાઈ બતાવવી પડશે. પછી તમે જોજો કે લોકો તમારાં તાવીજ બનાવીને ગળામાં પહેરશે. તમારોય એક વખત આવશે. એક વખત બે વરસ મહેનત કરીને જબાન પર કાબૂ રાખજો.'

'તો હું ચાલું. તમારી સલાહ મુજબ બધી કારવાઈ ચાલુ કરી દઈશ. મારા જુથના કોમમાં ઘણા છે. ને કાલે નમાજ વખતે આ વાત બધાને કરીશું. મારા જુથના માણસો બૂમાબૂમ કરી ટેકો આપશે તો મોટેલ લેવા જેટલા પૈસા તો ભેગા થઈ

જશે. ને જ્યાં મુશ્કેલી પડશે ત્યાં તમારી સલાહ અને મદદ માગવા આવી જઈશ.' એમના નામનાં તાવીજવાળી વાતથી મીંયાં પાણીમાં આવી ગયા લાગતા હતા.

મુખી મનમાં જ કહે : દીકરા, જરૂર આવજે મેં તને આજે તો ચણાના ઝાડ પર ચડાવ્યો છે પણ ફરીથી આવીશ ત્યારે નારિયેળીના ઝાડ પર ચડાવી દઈશ કે પડું તો માથું તો રંગાય. પછી પ્રગટ કહે : 'જરૂર આવજે ભાઈ, જો તું કામથી નહીં થાકી જાય તો બે વરસમાં તો તારું જમાતખાનું આ આશ્રમ કરતાંય આગળ નીકળી જશે.'

અનુક્રમ ➪

૧૯. દેડકાની પાંચશેરી

મુખીએ અબ્દુલમીયાંને ચણાના ઝાડ પર ચઢાવી દીધા હતા એ તો વાંદરાને નિસરણી આપ્યા જેવું થયું હતું. મૂળ મીંયાંભાઈ ને પાછી મુખીએ ભાંગ પિવડાવી. પછી તો એ કાંઈ ઝાલ્યા રહે. એમણે શુક્રવારે નમાજ પછી એમની યોજનાની વાત જાહેર કરી. એમની વગના બેચાર જણાએ એમની વાતને ટેકો આપ્યો. પછી એક તો ઈસ્લામનું કામ હતું અને તેમાંય પેલા ભારતીય આશ્રમની સામે કરી બતાવવાનું હતું એટલે બધા વટમાં આવી ગયા. કાચી ઘડીમાં ઈસ્લામના નામ નીચે સારી એવી રકમનો ફાળો પણ નોંધાઈ ગયો.

કોમમાંથી આને માટે એક કમિટીની પણ રચના કરવામાં આવી. અબ્દુલમીયાં મનમાં પ્રમુખ બનવાની મહેચ્છા લઈને આગળ પડ્યા હતા એ કમિટીમાં ક્યાંય પાછળ ધકેલાઈ ગયા. એક દાકતરને પ્રમુખ બનાવવામાં આવ્યા, મૌલવીને સેક્રેટરી બનાવવામાં આવ્યા, એક મોટેલવાળાને ખજાનચી બનાવવામાં આવ્યા ને અબ્દુલમીયાંને જોઈન્ટ સેક્રેટરી બનાવવામાં આવ્યા. અબ્દુલમીયાંને આ ગમ્યું તો નહીં પણ એમણે એ પદ સ્વીકારી લેવું પડ્યું. એમણે મન મનાવ્યું કે પછી જોઈ લેવાશે.

પછી એમણે એક સારી મોટેલ માટે તપાસ કરવા માંડી. પેલા મોટેલવાળા ભાઈની મોટેલ બરાબર ચાલતી ન હતી. એમણે આ તક ઝડપી લીધી. એમણે ખરી ખોટી બેચાર બનાવટી ઓફરો બતાવીને પોતાની એ ખખડી ગયેલી મોટેલ જમાતખાનાને સવાલાખમાં પધરાવી દીધી. આ મોટેલ આમ તો પચીસ રૂમની હતી પણ બિલકુલ રનડાઉન થઈ ગયેલી હતી અને એની નજીકથી જે ફ્રી રોડ પસાર થતો હતો એની એકઝીટ પર બે નવી મોટેલો થઈ ગઈ હતી અને આ મોટેલ બહુ અંદર પડતી હતી એટલે એનો ધંધો પણ સાવ તળિયે બેસી ગયેલો હતો. બધાએ ધંધાની બાબતે મન મનાવ્યું કે એમને અર્ધા જેટલી રૂમો તો જમાતખાનાના ઈસમો માટે રાખવાની હતી એટલે બાકીની રૂમો તો રોજ ભરાઈ જશે.

મોટેલના માલિક રમજાન મલેકને પંદર હજાર ડોલર રોકડા આપીને બાકીના હપ્તા બાંધી આપ્યા. મોટેલ ચલાવે તેનું રહેવા અને ખાવાનું મફત હોવું જોઈએ એવી વાત અબ્દુલમીયાંએ મૂકી જોઈ પણ બધા કહે : 'હમણાં બધું નવું છે અને ઘરાકી કેવી રહે છે એ જોયા પછી નક્કી કરીશું. હમણાં તો બધાના કરતાં અર્ધા પૈસા અબ્દુલમીયાંએ આપવા ને મોટેલ ચલાવવી એવું રાખો.' અબ્દુલમીયાં શું બોલે! એમણે નીચી મૂડીએ એ વાત પણ સ્વીકારી લીધી.

ફાળાની રકમમાંથી હજુ દશેક હજાર ડોલર વધ્યા હતા એમાંથી મોટેલને ઠીકઠાક કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. એમની કોમના જ એક સુથાર પણ શહેરમાં હતા. એમને બજારભાવ કરતાં થોડા ઓછા ભાવ આપવાના કરીને એ કામ સોંપવામાં આવ્યું. જરૂરી માલસામાન જમાતખાનાએ લાવી આપવાનો અને પેલાને ફક્ત મજૂરીથી જ કામ આપ્યું.

અબ્દુલમીયાં પાછા મુખીની પાસે દોડ્યા : 'અમે મોટેલ લઈ લીધી છે અને એને ઠીકઠાક કરવાનું કામ પણ સરમસખાં પઠાણને આપી દીધું છે. હવે તમે સાથે આવો તો આપણે સરમસખાંને લઈને એને માલસામાન અપાવી દઈએ એટલે કામ ચાલુ થઈ જાય.'

'તમારું કામ હોય તો મારે આવવું જ પડે. પણ એ તો કહો કે બધું કેમનું ગોઠવ્યું?'

ને કચવાતે મને અબ્દુલમીયાંએ બધી વાત કરી. મુખી કહે : 'કોમવાળાએ તમને અન્યાય કર્યો. અમારે ત્યાં તો મેનેજરને રહેવાનું અને ખાવાનું મફત અને મોટેલની રૂમોય આશ્રમના માણસો કરી આપે છે. જો તમારે એ કામ કરવાનું હોય તો તમારો ધંધો કેવી રીતે સાચવશો ને છોકરાંને કેવી રીતે ભણાવશો! પણ એનોય ઉપાય કરીશું. માલ કોને ત્યાંથી લેવાનો છે એ નક્કી કર્યું છે?'

'ના, એ નકકી નથી કર્યું. તમે જયાંથી માલ લેતા હો ત્યાંથી જ ગોઠવીએ.'

'એ નકકી નથી કર્યું એ બહુ સારું કર્યું. જુઓ હું એમ નથી કહેતો કે તમારે એવું કરવું પણ મારી સાથે જો કોઈ આવું કરે તો હું એનો બદલો બીજામાંથી કાઢી લીધા વગર ન રહું. જેને ત્યાંથી અમે માલ લઈએ છીએ એ મારો દોસ્ત થઈ ગયેલો છે. એને કહીએ તો એ તમને દશ ટકા ખાનગીમાં કમિશન આપી દેશે. હા, ભાવ અમારા કરતાં સ્હેજ ઊંચો પડશે પણ અમારાં બિલો કયાં તમારી કોમવાળાને જોવા મળવાનાં છે? આ તો મને તમારાં છોકરાંની દયા આવે છે એટલે કહું છું, એ કરવું ના કરવું એ તમારે જોવાનું છે.' મુખીએ જરૂર પડે તો મીયાંને પછાડવાનો પેંતરો અત્યારથી જ ગોઠવવા માંડ્યો.

અબ્દુલમીયાંને એક તો પોતાને ઊંચો હોદ્દો ન મળ્યો એનો અસંતોષ તો હતો જ એમાં વળી મોટેલની રૂમો કરવાની જવાબદારી પોતાને માથે પડી એ તો મુખીએ કહ્યું ત્યારે જ ખબર પડી. એમને થયું કે મુખી કહે છે એમ કરવામાં કશું ખોટું ન હતું. એમણે કહ્યું : 'આમેય કરવું જ છે તો એને કહેજો ને કે પંદર ટકા જ કાઢી આપે. મને તો અત્યારથી મારા ધંધાની ચિંતા થવા લાગી છે.'

મુખીને થયું કે માછલી ગલ આખો ગળી ગઈ છે. હવે વાંધો નથી. એમણે કહ્યું : 'તમે કાલે સવારે આવો એટલે આપણે જઈશું ને તમારો કારીગર કહે એટલો માલ લઈ આવીશું. હું આજે જ પેલા હાર્ડવેરવાળાને ફોન કરીને બધી વાત સમજાવી દઈશ. તમારા કારીગરની સામે તો વાત ન કરાય ને!'

અબ્દુલમીયાંને થયું કે મુખી ભલે ભખ્ખાબોલો છે પણ માણસ લાયક છે. એણે કેવો ઉકેલ કાઢી આપ્યો, બાકી જમાતખાનું કરવા જતાં મરાં છોકરાં જ મુશ્કેલીમાં મુકાઈ જાત ને! હવે તો મોટેલમાંથીય રોજની એકબે રૂમો કાઢી લઈશ તો મારા ધંધા કરતાંય આગળ પડશે.

તો આ બાજુ મુખી પણ એવું જ વિચારતા હતા. એમને ખબર જ હતી કે પોતે દશ ટકા કહ્યા એને બદલે અબ્દુલમીયાં પંદર ટકાએ કૂદી પડ્યા હતા એટલે એ મોટેલમાંય પોતાના કહ્યા સિવાય કટકી કર્યા વગર નહીં રહે. ને વખત છે ને એના ધ્યાનમાં એ નહીં આવ્યું હોય તો પોતે એને એ રસ્તો બતાવ્યા વગર કયાં રહેવાના હતા! પણ એમને કયાં ખબર હતી કે અબ્દુલમીયાંને એમની સલાહ માખણની જેમ ગળે ઊતરી ગઈ હતી!

પછી મુખીએ પેલા હાર્ડવેરવાળાને ફોન કરીને કહી દીધું કે બીજે દિવસે એ એક મીયાંભાઈને લઈને આવશે તો એને આશ્રમ કરતાં વીશ ટકા ભાવ વધારે કહીને માલ આપવાનો છે અને એ વધારાના પૈસામાંથી પંદર ટકા પેલાને ખાનગીમાં કાઢી આપવાના હતા. પેલાને વધારે કાંઈ સમજાવવું પડે તેમ ન હતું. એને આવાં કામનો અનુભવ નવો ન હતો.

હવે આની હોળી કેમ ઉજવાય છે એ જોવાની મુખીને તાલાવેલી હતી પણ એક આખું વરસ તો રાહ જોવાની એમણે મનથી નકકી કરી હતી. બધું બરાબર પાકીને ગલ થાય પછી જ એની ખરી મજા આવશે એવી એમણે મનમાં ગણતરી કરેલી જ હતી.

બીજે દિવસે મુખીએ પેલા લોકોની સાથે જઈને પેલા વેપારીની સાથે ઓળખાણ કરાવી આપી. અબ્દુલમીંયાંને તો પોતાનું કામ થતું હતું પણ પેલા સરમસખાંને ભાવ થોડા વધારે લાગતા હતા પણ જ્યારે એણે પોતાને માટે હથોડી અને રંધો ખરીદ્યાં ત્યારે એણે એના પૈસા ન લીધા ત્યારે એમનેય એ ભાવ નીચા ઊતરી ગયા લાગ્યા. ને વધારામાં પેલાએ પોતાની પીકઅપમાં મફત ડીલીવરી કરી આપી ત્યારે બેય મીયાંભાઈ ખુશ થઈ ગયા. મુખી કહે : ‘આજે તમારી ઓળખાણ કરાવવાની હતી એટલે હું સાથે આવ્યો હતો પણ હવે તો મારી જરૂર નહીં પડે ને!’

પેલો વેપારી કહે : ‘હવે તો કોઈ નહીં આવો ને મને ફોન કરી દેશો તોય તમને માલ ઘેર બેઠાં મળી જશે. એક વાતની કાળજી રાખજો કે મારા ફેરા જેટલો મોટો ઓર્ડર મૂકજો.’

‘એની ચિંતા ન કરતા. એમને પચીસ રૂમની મોટેલ રીનોવેટ કરવાની છે એટલે આવી તો કેટલીય ખરીદી કરવી પડશે.’ એમના વતી મુખીએ કહ્યું ને અબ્દુલમીંયાં મનમાં પોતાની કટકીનો હિસાબ માંડતાં મલકાઈ રહ્યા.

મુખી કહે : ‘ભાવ બરાબર ભરજો પાછો મારે ઠપકો સાંભળવાનો ન આવે.’

‘એ બાબતમાં તમે નચિંત રહેજો. મારો ભાવ વધારે લાગે તો અર્ધી રાતે માલ પાછો લઈ આવશો તોય હું પાછો લઈ લઈશ, પછી છે કાંઈ! આવી બધી સેવાભાવી સંસ્થાઓનો માલ મારે ત્યાંથી જ જાય છે. ભગવાનની દયાથી હજુ સુધી કોઈની ફરિયાદ આવી નથી.’

‘ચાલો તમારે એક વાતની રાહત થઈ ગઈ. હવે વહેલી તકે મોટેલ તૈયાર કરી દો એટલે જમાતખાનું ચાલુ થઈ જાય.’

અબ્દુલમીયાંનું ખિસ્સું ગરમ થવા માંડ્યું એટલે એનો કામ કરવાનો ઉત્સાહ પણ વધ્યો. એને થયું કે જેટલું વહેલું મોટેલનું કામ પૂરું થશે એટલી વહેલી એની બે નંબરની કમાણી પણ આવતી થશે. એણે પોતાના ધંધામાંથી રસ ઓછો કરીને મોટેલ પાછળ ધ્યાન આપવા માંડ્યું. એમાં રમઝાનમીયાંની સલાહ મુજબ એણે બધી રૂમો સામટી સરખી કરવા કાઢી ન હતી એટલે ઘરાકી ચાલતી તો હતી જ. પણ મોટેલ ખખડી ગયેલી હતી એટલે રૂમોનાં ભાડાં પણ એવાં જ લેવાં પડતાં હતાં. અબ્દુલમીંયાંની ગણતરી હતી કે મોટેલ સરખી થઈ ગયા પછી ભાડાં બમણાં નહીં તો દોઢાં તો લઈ જ શકાશે.

કેટલાક આ તૈયાર થઈ રહેલા જમાતખાનામાં રહેવા આવવા પણ આંટા મારવા માંડ્યા હતા. એમને તો એનીય ખબર ન હતી કે કોને મળવું એટલે એ મોટેલ પર જ આવતા હતા ને અબ્દુલમીયાંને મળતા હતા. ને અબ્દુલમીંયાં પણ જાણે પોતે જ આ સંસ્થાના કર્તા કારવતા હોય એમ એમની ઉપર વટ પાડવા મોટી મોટી વાતો કરતો હતો અને મોટેલ તૈયાર થશે એટલે એમને માટે એમાં જગ્યા કરી આપશે એવી હૈયાધારણ પણ આપતો હતો.

હવે વાત એવી હતી કે એમની કોમમાં બુઝૂર્ગો અમેરિકામાં બહુ ઓછા હતા. જે કોઈ હતા એ ફક્ત કામ મજૂરી કરી શકે એવા માણસો જ અહીં હતા. બુઝૂર્ગો તો બધા એમના દીકરાઓ અહીંથી જે કાંઈ મોકલે એનાથી સંતોષ માનીને દેશમાં જીવતા હતા. એટલે અબ્દુલમીયાં પાસે જે કોઈ જમાતખાનામાં રહેવા આવવાની માગણીઓ આવતી હતી એ આવા કામ

કરતા લોકોની જ આવતી હતી. વળી એમની કોમના સામાન્ય વલણ મુજબ બધા ત્રણથી ચાર છોકરાંવાળા જ હોતા. કેટલાક તો બે બૈરીઓવાળા પણ હતા.

અબ્દુલમીંયાંએ એમના જનાતખાનાના આગેવાનોને આ વાત કરી તો એય વિચારમાં પડી ગયા. એમણે હિન્દુઓના આશ્રમની સામે પડવા જમાતખાનાનો ઈસ્લામી તુકકો ચગાવ્યો ત્યારે એમણે આનો વિચાર પણ નહીં કરેલો. બધા વિચારમાં પડી ગયા. એમણે ન્યૂ યોર્કમાં એમની કોમમાં આવા કેટલા બુઝૂર્ગો છે એની યાદી કરવાનું નકકી કર્યું. પણ બે દિવસના અનુભવે એમને જણાયું કે એ કામ સહેલું ન હતું. કેટલાકને ઘેર ફોન ન હતા તો કેટલાકને એમના દીકરાનાં છોકરાં સાચવવાનાં હતાં.

છેવટે એમણે વચલો રસ્તો કાઢયો. જયાં સુધી આવા બુઝૂર્ગ મળે નહીં ત્યાં સુધી બાળબચ્ચાંવાળા કામધંધાવાળાનેય રૂમ આપવી ને ખાવાનું દરેકે પોતાની જાતે જ કરી લેવાની શરત રાખી. પણ એમની સાથે શરત કરવી કે જયારે કોઈ બુઝૂર્ગ આદમી માટે રૂમ ખૂટે તો એમણે ખાલી કરી આપવી. ને એમણે બધાની અરજીઓને ધ્યાનમાં લઈ કારોબારીમાં નકકી કરીને જગ્યાઓ આપવા માંડી. ને થોડા જ વખતમાં મોટેલની અર્ધી રૂમો ભરાઇ ગઈ. હજુ કેટલાય લોકો જમાતખાનામાં રહેવા આવવા આંટા મારતા હતા. પણ હજુ વહીવટકર્તાઓમાંના કેટલાયની બુધ્ધિ હજુ સલામત હતી એટલે મોટેલની અર્ધી રૂમો ધંધા માટે ખાલી રાખવાનો એમણે આગ્રહ રાખ્યો હતો.

અને આ વાત તો અબ્દુલમીંયાંનેય મનગમતી હતી. જેટલી રૂમો મોટેલ માટે અલગ રાખવામાં આવે એટલું એનું કામ પણ વધતું હતું પણ વધારે રૂમો હોય તો જ એમાંથી પોતે ધારેલી કટકી કાઢી શકે એ વાત પણ સમજાય તેવી હતી.

ને એમ પેલા હિન્દુઓને બતાવી આપવાની એમની દોડ શરૂ થઈ. મોટેલ નવી થઈ એટલે ધંધો પણ થોડો વધ્યો હતો પણ એ વધારાનો ધંધો તો સીધો અબ્દુલમીંયાંના ખિસ્સામાં જતો હતો. અબ્દુલમીંયાંએ જમાતખાનાના રહેવાસીઓએ મોટેલના કામમાં મદદ કરવી જોઈએ એવી વાત કરવા પ્રયત્ન કર્યો પણ ન તો એનો વહીવટકર્તાઓ તરફથી કે ન તો મોટેલના રહેવાસીઓ તરફથી સાનુકૂળ પ્રતિભાવ મળ્યો એટલે એ કામ તો અબ્દુલમીંયાંને માથે જ રહ્યું. એ મનમાં અકળાયો અને એણે કટકીનું પ્રમાણ વધારી દીધું.

જમાતખાનામાં રહેવા આવનાર પણ એમની દેશી રહેણીકરણી સાથે લઈને જ આવ્યાં હતાં. એમણે પાર્કિંગ લૅટમાં પોતાની રૂમની સામેની જમીનમાં પોતાની હદો નકકી કરી લીધી હતી અને નાની મોટી ચીજો મૂકી હદ પાકી પણ કરી લીધી હતી. કઈટલાકે બે થાંભલીઓ ચોઢીને કપડાં સૂકવવાની દોરીઓ પણ બાંધી દીધી હતી. વળી આવા કામથી અજાણ એવા અબ્દુલ મીંયાંએ એમને રૂમો પણ મોટેલમાં પેસવાના ડ્રાઈવવે પાસે જ આપી હતી એટલે કોઈ મોટેલમાં પેસે તો એને રંગબેરંગી કપડાંનાં એ તોરણ વચ્ચેથી પસાર થઈને જ પોતાના રૂમ સુધી જવું પડતું. આને કારણે મોટેલમાં આવતી ઘરાકી દિવસે દિવસે ઓછી થવા લાગી. ઘરાકી ઓછી થવા છતાં અબ્દુલમીંયાંનો કટકીનો ફાળો તો એનો એ જ રહ્યો એટલે કયારેક તો એમાંથી મોટેલનાં વપરાશનાં બિલો ભરવામાંય અગવડ પડવા માંડી.

અબ્દુલને ચિંતા થવા માંડી. એને થયું કે એની આ આવક બંધ થઈ જશે તો દશા બેસી જશે. એક તો આ બધી ઝંઝટમાં એનો ગેરેજનો ધંધો લગભગ બંધ જેવો થઈ ગયો હતો તેમાં આ આવક જો બંધ થઈ જાય તો તકલીફ થઈ જાય એવો ઘાટ થવાનો હતો. એને પેલું થ્રીફ્ટી સ્ટોર શરૂ કરવાનું તીકડમ ચલુ કર્યું. આ વખતે એ ભૂલ કરવા માગતો ન હતો. એણે પહેલેથી જ આ કામ જમાતખાનાના રહેવાસીઓએ ભેગા મળીને કરવું પડશે એવી વાત કરવા માંડી. પોતે એ સ્ટોરની મેનેજર તરીકે દેખરેખ રાખશે એ વાત એણે કોઈ કહે એ પહેલાં જ કરવા માંડી. એને તો ખબર પડી ગઈ હતી કે મેનેજરશીપ ભલે ઓનરરી હોય પણ કટકી તો પોતાની આવડત પ્રમાણે કરી જ શકાય છે.

ને એક દિવસ એ પ્લાન પણ બધાએ મંજૂર કર્યો. શરૂમાં નવી જગ્યા લેવાને બદલે પોતાની મોટેલની જ બે રૂમોમાં એ સ્ટોર શરૂ કરવાનું નકકી થયું. શુક્રવારની નમાજ પછી આ માટેની ટહેલ નાખવામાં આવી. પેલા ડૉક્ટરે પોતાની કાર ડોનેશનની ચીજો ઉઘરાવી લાવવા બે દિવસ આપવાની તૈયારી બતાવી. અબ્દુલને માથે એ બેગો લઈ આવવાની અને એમાં આવેલી ચીજો જુદી પાડી એના પર ભાવની ટીકડીઓ ચોઢવાનું કામ આવ્યું. અને એણે એ સ્વીકારી પણ લીધું.

ને જોતજોતાંમાં ચાલીસ પચાસ થેલા આવી દાનની ચીજોના ભેગા પણ થઈ ગયા. દાનમાં આવેલી ચીજો જોઈ એની તો મતિ જ મારી ગઈ. જે ચીજો ફકત ગારબેજ ટ્રકને જ લાયક હતી એવી જ ચીજો લોકોએ દાનમાં જમાતખાનાના આ સ્ટોરને પધરાવી હતી. પેલા ડૉક્ટર જેવા કેટલાક સુખી માણસોને ત્યાંથી સારી ગણાય એવી ચીજો આવી હતી ખરી પણ એમાંની કેટલીક ચીજો તો ટીકડી મારતા પહેલાં જ અબ્દુલે પોતાનાં બૈરી-છોકરાં માટે કે પોતાનાં સગાં માટે અલગ તારવી લીધી. પછી બકીના કચરા પર એણે ટીકડીઓ મારી. અને એક દિવસ ઈસ્લામિક થ્રીફ્ટી સ્ટોરનું વિધિવત ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જે લોકોએ ઉદ્‌ઘાટન પછી આ સ્ટોરની મુલાકાત લીધી એ લોકો સ્ટોરમાં રજૂ થયેલી કોમની કંગાલિયત જોઈને દંગ થઈ ગયા. કેટલાકે તો કહ્યુંય ખરું કે એ સ્ટોરમાંની ઘણીખરી ચીજો તો ગારબેજ કરવા જેવી જ હતી.

છતાંય સો ડોલર જેવો વકરો થયો. આવેલા મહેમાનોને અબ્દુલમીયાંએ દાનની ટહેલ ફરીથી નાખી અને થોડી સારી ચીજો દાનમાં આપી કોમનાં ગરીબ કુટુંબોને મદદરૂપ થવા વિનંતિ કરી. અલબત્ત કોમમાં પોતાનાથી વધારે ગરીબ કોઈ ન હતું એ વાત એમણે ભલે ન કરી પણ એ મનમાં તો એ વાત સમજતો જ હતો. એણે પહેલા દિવસના વકરામાંથી જ પોતાનો પંદર ટકાનો ભાગ સાંજે હિસાબ લખતાં જુદો તારવી લીધો હતો. પછીને અઠવાડિયે વધુ પ્રમાણમાં દાનની ચીજો આવી. આ વખતે ચીજો પહેલા વખત કરતાં વધારે સારી અને વધારે હતી એટલે બીજાં ગરીબ કુટુંબોને ફાળે એમાંથી કેટલીક ચીજો આવી ખરી.

પણ આ સ્ટોર શરૂ થયાથી બે વાત ઊભી થઈ. એક તો મોટેલની ઘરાકી ઘટીને લગભગ તળિયે બેસી ગઈ અને સરકારી ખાતાના ધ્યાન પર આ વાત આવી ગઈ. એમણે વાંધો લીધો કે મોટેલના લાયસંસ નીચે એ લોકો આવો રીટેઈલિંગનો દુકાન જેવો ધંધો ન કરી શકે. પાછી એની ચર્ચાઓ નમાજ પછી રાબેતા મુજબ થઈ અને ડૉક્ટર અને અબ્દુલમીયાં સરકારી ઑફિસમાં ગયા ને મહા પ્રયાસે એના ઑફિસરને ગળે વાત ઉતારી કે એ લોકો જે કાંઈ કરતા હતા એ ફકત સેવાની ભાવના સાથે જ કરતા હતા અને જેમ પેલા હિન્દુ લોકો આશ્રમ ચલાવે છે એવી જ આ પણ સંસ્થા છે. એટલે એ વખતે તો મારા ભાઈ એ બચી ગયા.

ઈસ્લામના નામ નીચે એમને ન્યૂ યોર્કની બહારથી પણ આ સ્ટોર માટે દાનની ચીજો આવવા માંડી એટલે સ્ટોર તો સારો ચાલવા લાગ્યો અને અબ્દુલમીનેય રોકડી સારી થવા માંડી પણ કોમમાં ચહલ પહલ થવા માંડી કે અબ્દુલમીયાં દાનની ચીજોમાંથી પોતાનૌ પસંદગીની ચીજો મફત કાઢી લે છે અને પછી જ બાકીની ચીજો સ્ટોરમાં વેચવા મૂકે છે. કેટલાકે તો એમ પણ કહેવા માંડ્યું કે કાઢી લીધેલી એ ચીજો અબ્દુલમીયાં ખાનગીમાં વેચીને પૈસા કરી લે છે. અબ્દુલમીયાંએ આની સામે છણકો કરીને એ કામ પોતાને બદલે બીજાને સોંપવું હોય તો એમ કરવાનીય વાત કરી પણ જમાતખાનામાં એવું કામ કરવા ને સમય આપવા કોઈ તૈયાર ન હતું એટલે એ કામ તો એમની પાસે જ રહ્યું. હા, એમના પર ફરી કોઈ ખોટું આળ ન ચઢાવે એ માટે જ્યારે દાનની ચીજો અલગ પાડવામાં આવે અને એના પર ટીકડીઓ લગાડવામાં આવે ત્યારે કોમના બેબે માણસો રહે એવી ગોઠવણ કરવામાં આવી.

પણ આ ટીકડીઓ મારેલી ચીજો સ્ટોરમાં ગોઠવવાની કામગરી તો અબ્દુલમીયાંને હસ્તક જ હતી ને! એ ટીકડી મારેલી ચીજોમાંથી પોતાની પસંદગીની ચીજો પરની ટીકડીઓ કાઢી નાખીને એ ચીજો બારોબાર જ અબ્દુલમીયાંના ખજાનામાં જમા થવા માંડી. પણ એનોય ધરાવો હોય ને! ઘણી વખત વધારે સારી ચીજ આવતાં એ ઘેર લઈ જઈ પોતે પહેલાં લઈ ગયો હોય એવી ચીજ એ પાછી સ્ટોરમાં મૂકવા લાગ્યો.

પણ જ્યારે ધંધો બહુ વધ્યો અને જગ્યા ભાડે લઈ બજારમાં સ્ટોર શરૂ કરવામાં આવ્યો ત્યારે કોમમાંથી બીજા બે માણસોનેય રોકવામાં આવ્યા અને ટીલિંગ મશીન પર જ રીસીપ્ટો બનવા માંડી ત્યારે શરૂમાં અબ્દુલમીયાંની કટકી બિલ્કુલ બંધ થઈ ગઈ. પણ વખત જતાં એનોય એણે ઉપાય શોધી લીધો. કામ જ કામને શિખવે છે ને! વળી જેમ થોડો સમય એ આવણી બંધ થઈ હતી તેમ બે રૂમો વધારાની મળતાં મોટેલનો ધંધો પણ થોડો વધ્યો હતો એટલે અબ્દુલમીયાંની ગાડી ચાલતી રહી હતી.

પણ આખા આ તંત્રમાં સેવાભાવે કામ કરવાવાળું કોઈ ન હતું. જે બે માણસોને સ્ટોરમાં રોકવામાં આવ્યા એમનેય માસિક ફી માફ કરવાની શરતે રોકવામાં આવ્યા હતા. એમની સાથે અબ્દુલમીંયાંએ પોતાની વાત આગળ કરી હતી અને પોતે પોતાનો ધંધો પડતો મૂકીને કોમની સેવા કરતો હતો એનોય વિચાર કરવાની બધાને વિનંતિ કરી હતી. એટલે એનીય માસિક ફી માફ કરી દેવામાં આવી હતી. ભલે મોટેલના હપ્તા ભરાતાં કશું વધતું ન હતું પણ સ્ટોરને લીધે સંસ્થા નભી રહી હતી.

¦

એક દિવસ બધા આશ્રમની ઑફિસમાં બેઠા હતા ત્યારે મુખી કહે : ‘પેલા પાકિસ્તાની હવે ખરા લાગમાં આવ્યા છે. મને થાય છે કે એકી ઝાટકે એમને વેરણછેરણ કરી નાખું.’

આટલા દિવસથી ચૂપ રહેલા સાહેબ કહે : ‘મુખી, ઘરડા થયા, હવે તો તમારી વેરણછેરણ કરી નાખવાની વાત પડતી મૂકો. એને બદલે કશુંક જોડવાની વાત કરો. એમણે આપણું શું બગાડ્યું છે! એમની એ સંસ્થા રાગે પડશે તો તમનેય જશ મળશે અને કયારેક આપણામાં ડખલ કરવા આવતા હશે તો એય અચકાશે.’

‘તમારી વાત વિચારવા જેવી લાગે છે પણ હવે તો એમાં ઘણું મોડું થઈ ગયું છે. મેં વાત જ એવી અવળે પાટે ચડાવી દીધી છે કે એને રાગે લાવવનું શકય જ નથી.’

‘કશું અશકય નથી. તમે જો મન મૂકીને એની પાછળ લાગો તો. તમે જ ડખો ઊભો કર્યો હોય તો હવે તમે જ એનું મારણ પણ શોધી શકશો એની મને ખાતરી છે. કોઈ બીજાથી એ ન થાય પણ તમારાથી એ થઈ શકશે.’

જવાબ આપતાં મુખી સહેજ ગૂંચવાયા પણ ઘડી પછી કહે : ‘તમારી એવી જ ઈચ્છા હોય તો એમની ગાડી પાટે ચડાવવા પ્રયત્ન કરી જોઉં. મારે એમની સભામાં રૂબરૂ જવું પડશે અને એમને થોડા પંપાળીને એમને થોડી શિખામણ આપવી પડશે. જોઉં છું એમને મારી વાત ગળે ઊતરે છે કે નહીં.’

‘હંમેશાં આવી વાતમાં છટકવાની બારી રાખવી જોઈએ. ન રાખી હોય તો એ શોધજો કે અજાણ્યેય એવી બારી રહી ગઈ છે ખરી! મને ખાતરી છે કે તમને એવી બારી મળી રહેશે કે એમાંથી તમારી તોડફોડને સવળો વળાંક આપી શકાય.’ સાહેબે હસતાં કહ્યું.

‘એ તો તમારે પનારે પડ્યા છીએ એટલે બારી નહીં હોય તો પાડવી પડશે. મેં તો એમને ઊંચા ચડાવીને ઊંધે મોઢે પછાડવાનું ધ્યેય રાખીને જ બધું ગોઠવેલું એટલે થોડી તકલીફ તો પડશે સુકાન ફેરવતાં. તે દિવસે અબ્દુલમીયાં ટેંટેં કરી ગયેલો એને પાઠ ભણાવવાનો પેંતરો જ ગોઠવ્યા કરેલો.’

'તો હવે એને ને જમાતખાનાની પ્રવૃત્તિને બેયને બચાવવાનો નવો પેંતરો ગોઠવો. દુશ્મનનુંય સારું કરવાની ભાવના રાખો, હવે ઉંમર થઈ.'

એ દિવસે તો એમની વાત એટલેથી અટકી પણ મુખીના મનનો ચરખો ચાલુ થઈ ગયો. જમાતખાનાને અને અબ્દુલને બચાવતાં આશ્રમની પ્રતિષ્ઠા પણ વધે એવી ગોઠવણ કેમ કરવી એના વિચારોમાં એ બેચાર દિવસ મશગુલ રહ્યા. જ્યાં સુધી એમને એવો કોઈ રસ્તો જડ્યો નહીં ત્યાં સુધી એમને કળ વળી નહીં.

ને પછી એક દિવસ એ એમનું નવા આશ્રમનું કામ છગન સુથારને સોંપીને અબ્દુલમીયાંને મળવા એના ઈસ્લામિક થ્રીફ્ટી સ્ટોર પર પહોંચી ગયા. એમને આવેલા જોઈ અબ્દુલમીંયાં અડધો અડધો થઈ ગયો. 'તો આજે તમને અમારો સ્ટોર જોવાની નવરાશ મળી ખરી. પણ મુખી સાહેબ તમારા જેવાનાં પગલાં થાય તો અમને નવું જાણવાનુંય મળે ને અમારા ધંધામાંય બરકત આવે. કયારેક તો સમય કાઢીને આવતા રહો, સાહેબ.'

'આજે આવ્યો છું તમારા જમાતખાનાના હાલ જાણવા. મને વાત મળી છે કે તમારામાં અંદર અંદર ડખા ઉત્પન થયા છે. જો આવું થાય તો તનેય છાંટા ઊડ્યા વગર નહીં રહે એટલે તેને સાવચેત કરવા આવ્યો છું. અને તને એક અંગત શિખામણ પણ આપવાની છે. સોનાનાં ઈંડાં આપતી મરઘી હોત તેને કાપીને સામટાં ઈંડાં કાઢી લેવાની દાનત ન રાખીશ. જો જમાતખાનું ચાલતું રહેશે તો જ એ ચાલવાનું છે. એટલે દિવસે દિવસે એ જામતું જાય એમ પણ કરવાનું.'

'તે તમે આગળ વધવાનો રસ્તો બતાવો ને. મારે તો હવે એક આનો જ આશરો રહ્યો છે. ગેરેજ વેચીને જે બેપાંચ પૈસા મળ્યા એ બેંકમાં મૂકી દીધા છે. એ જ મારી આજ સુધીની જે ગણો તે બચત છે.' અબ્દુલ ઢીલો પડી ગયો.

'જો ભૂંડા દેખાવું પડે તો ભૂંડા દેખાઈને પણ બધા નાની ઉંમરના માણસોને મોટેલમાંથી કાઢો અને સીનીયરોને રહેવા આપો. એમને જમાતખાનાનું કામ ભાગે પડતું કરવાની શરત મૂકો.'

'પણ જે જૂના છે એમાંથી કોઈ બહાર નીકળવા તૈયાર નથી. બધાને કોઈને કોઈ વહીવટકર્તાની ઓથ છે. એમને કાઢવા હોય તોય કાઢવા કેમના એ જ મોટો પ્રશ્ન છે.'

'એનો રસ્તો સહેલો છે. બધાને નોટિસ આપી દેવાની કે જેમ જેમ રૂમોની બુઝૂર્ગો માટે જરૂર પડશે તેમ તેમ ઓછી ઉંમરના માણસોએ રૂમો ખાલી કરી આપવી પડશે. જે આડા થશે એમને કેસ કરીને કાઢવામાં આવશે.'

'એમ તો અમારી પાસે બધાનાં એવાં કબૂલતનામાં પણ છે. પણ કોને પહેલા કાઢવા ને કોને રહેવા દેવા એ બાબતે બધા કાર્યકરો એકમત થઈ શકતા નથી. એનું કેમ કરવું એનો રસ્તો બતાવો. કોઈને ભૂંડાશ લેવી નથી.'

'એમાં ભૂંડાશ લેવાની વાત જ કયાં છે. અહીં તો બધાંની પાસે આઈ.ડી.કાર્ડ હોય જ છે. કેટલાકની પાસે તો ડ્રઈવિંગ લાયસન્સ પણ હશે. એમાં જેની ઉંમર સૌથી ઓછી હોય એ પહેલાં જાય. એક જ નિયમ રાખવો કે મોટી ઉંમરનાં હોય એને જ જમાતખાનામાં રાખવાં. આદમીની ઉંમર પાંસઠ વરસની નકકી કરો તો સ્ત્રીની ઉંમર સાઠ વરસની નકકી કરો. જો ધણી ધણિયાણી હોય તો બેમાંથી એકની ઉંમર એ લેવલમાં આવતી હોય તો બેયને રહેવા દેવાં.' મુખીએ નિયમ નકકી કરી આપ્યો.

અબ્દુલમીયાંને ગળે પણ એ વાત ઊતરી ગઈ. આમાં કોઈને ખોટું લાગવાનો પ્રશ્ન જ રહેતો ન હતો. વળી બધાને આજથી જ નોટિસ આપી દીધી હોય તો એ પોતાની વ્યવસ્થા પણ કરે. જેને મકાનની વ્યવસ્થા થાય અને વહેલા નીકળી

જવું હોય તેને પણ છૂટ. અબ્દુલ કહે : ‘કાલે જ સભામાં વાત મૂકી ઠરાવ કરાવી લઉં. કેટલાક બુઝૂર્ગો બાપડા જગ્યા માટે આંટા મારે છે એમનો રસ્તો ચોખ્ખો થાય અને જમાતખાનાનું રસોડું પણ ચાલુ કરી શકાય.’

‘એક વખત આટલું કરો પછી જરૂર પડે તો મને બોલાવજો. અને એક વખત એ બધા બુઝૂર્ગોને અમારો આશ્રમ બતાવવા પણ લઈ આવજો. એમનેય થાય કે જો પોતાનાથી બનતી મદદ એ બધા કરે તો વગર પૈસેય કેવાં કામ થઈ શકે છે.’ મુખીએ આશ્રમ બતાવીને એ લોકોનો ઉત્સાહ જાગૃત કરવાની નેમ સાથે કહ્યું.

‘હવે તમે રસ્તો બતાવ્યો છે એટલે જોજો કે એક જ મહિનામાં વાતનો ફેંસલો લાવી દઈશ. મોટેલની જે રૂમો એ લોકોને રહેવા આપી છે એય સરખી કરવી પડે એવી ગંદી કરી નાખી હશે એ લોકોએ એય પાછી તૈયાર કરવી પડશે.’

‘ને મારું માનો તો એ લોકોને છેક છેલ્લેથી જ રૂમો આપવાની ચાલુ કરજો અને બને તો એમની રૂમો અને મોટેલની રૂમો વચ્ચે આડશ પણ ઊભી કરી દેજો એટલે એ બાજુનો ગંદવાડો ઘરાકોને ના દેખાય. વળી કોઈ છોકરાં નહીં હોય એટલે બૂમરાણ અને દોડાદોડી પણ નહીં થતી હોય એટલે તમે જોશો કે ઘરાકી પણ પાછી જામવા માંડશે.’

અનુક્રમ ⇨

## ૨૦. મુખી નમ્યા

મુખીએ અબ્દુલને ચાનક ચઢાવી ખરી પણ એનો કેવો અમલ થયો એની ભાળ કાઢવાનો એમને સમય જ ન મળ્યો. એમનું નવા આશ્રમના પહેલા ચરણરૂપ મોટેલનું કામ પૂરું થઈ જવા આવ્યું હતું અને મથુર મહારાજે એના વાસ્તુનું મૂરત પણ કાઢી આપ્યું હતું. મોટેલના સ્ટોરરૂમમાં કામચલાઉ રસોડું આ વખતે સમારંભ પૂરતું ચાલુ કરવાનું હતું. વરસાદનું કશું નકકી નહીં એમ મનીને રસોઈ બધી સ્ટોર રૂમમાં જ બનાવવાનું નકકી થયું હતું. જો કે લાડુ અને બીજી એક મીઠાઈ આશ્રમમાંથી બનાવીને લાવવાની હતી એટલે અહીં તો દાળ, ભાત, ફરસાણ અને શાક જ બનાવવાનાં હતાં.

પણ સમારંભ પહેલાં પાર્કિંગ લૉટ અને લેન્ડસ્કેપિંગ તૈયાર કરવાનું અઘરું હતું. એની મોટાભાગની તૈયારી તો થઈ ગયેલી હતી પણ તોય ફિનિશિંગમાં પણ સારો એવો સમય જાય તેમ હતો. મુખીની ટીમ કેડ બાંધીને એની પાછળ પડી ગઈ હતી. એટલે અબ્દુલમીયાંની ખબર કાઢવાની મુખીને નવરાશ કયાંથી મળે!

આશ્રમની ઑફિસેથી આમંત્રણો લખાઈ ગયાં હતાં. દરેક અવસરમાં ઉત્તરોત્તર આમંત્રિતોની સંખ્યા વધતી જ જતી હતી. વળી આ વખતે તો ન્યૂ જર્સી તથા શિકાગોમાંય આશ્રમની શાખા ખોલવાની ચહલપહલ શરૂ થઈ ગઈ હતી એટલે ત્યાં પણ સારા એવા પ્રમાણમાં આમંત્રણો મોકલાયાં હતાં. મુખીએ અબ્દુલમીયાંને ફોન કરીને જમાતખાનાના હાલ પૂછયા હતા. ત્યાં એમના સૂચવ્યા પ્રમાણે બધા સુધારા અમલમાં મુકાવા માંડ્યા હતા એવી વાત જાણી એમણે અબ્દુલમીયાંને પાછી શબાશી આપી ચાનક ચડાવી હતી. વાસ્તુમાં આવવા માટે મુખીએ એમના પંદરેક કાર્યકરોને આમંત્રણ પણ મોકલી આપ્યાં હતાં.

આવા અવસરોથી આશ્રમની પ્રતિષ્ઠા સેંકડો માઈલ સુધીનાં ભારતીય લોકોમાં પ્રસરતી જતી હતી. અને કોઈ પ્રસંગે ન્યૂ યોર્ક આવતાં લોકો આશ્રમને જાણે એક જાત્રાના ધામ જેવો ગણીને મુલાકાત લેતાં હતાં. એની પ્રગતિમાં જાણે ભારતીય સંસ્કૃતિ પાંગળતી હોય એવો એ બધાં અનુભવ કરતાં હતાં. ને પોતાના શહેરમાં આવો જ આશ્રમ શરૂ કરવા માટે ત્યાંના સ્થાનિક કાર્યકરોની પાછળ પડી જતાં હતાં. જ્યાં દેશીઓની વસ્તી સારા પ્રમાણમાં હતી એવાં બધાં શહેરોમાં આશ્રમ શરૂ કરવાનાં ચક્રો ગતિમાન થઈ ગયાં હતાં.

મથુર મહારાજે સાહેબની શિખામણ ગાંઠે બાંધી હતી અને આ પહેલાંના અવસરોમાં જેણે આરતી કે પૂજામાં બેસવાનું પૂન્ય હાંસલ કર્યું હોય એવાં યજમાનોને તથા જેણે એમની પાસે પહેલાં કોઈ વિધિ કરાવી હોય એવાં બધાંને આમંત્રણ પત્રિકાની સાથે એક અલગ પત્રિકા પણ મોકલી હતી. એમાં અવસરમાં બેસવાની કે આરતી ઉતારવામાં સહભાગી થવાની ઈચ્છા હોય એમણે વેળાસર નામ નોંધાવી દેવાની વિનંતિ કરી હતી. અલબત્ત યોગ્ય દક્ષિણા સાથે જ. મથુર મહારાજની વાતમાં કહેવાનું હોય જ નહીં ને!

જેમ દેશીઓનાં આમંત્રણો વધતાં જતાં હતાં એમ પરદેશીઓનાં આમંત્રણો પણ દરેક અવસરમાં વધતાં જ જતાં હતાં. આશ્રમની પ્રવૃત્તિમાં મદદરૂપ થતા અથવા આશ્રમની પ્રવૃત્તિને આદરપૂર્વક જોતા અમેરિકનોની સંખ્યા પણ દિવસે દિવસે વધતી જતી હતી. કેટલાક તો અવસર વગરેય આશ્રમમાં આવી ચઢતા તો વળી કેટલાક પૈસા આપીને આશ્રમમાં એકાદ ટંક જમવાની ઈચ્છા પણ બતાવતા. જો કે આવા માણસો રોજના ચારથી પાંચ હોતા છતાં એમની કોઈની પાસેથી ભોજનના પૈસા આશ્રમના વહીવટદારોએ લીધા ન હતા. જે લોકો મહિનામાં એક કે બે દિવસ સવારથી આવીને સાંજ સુધી રોકાતા એ લોકો આશ્રમના આ નિયમને જાણી ગયા હતા. એ લોકો આશ્રમમાં જમવાના કે દાનના પૈસા આપવાની વાત કરતા ન હતા પણ પોતાનાથી બનતી આશ્રમની સેવા કરવાનું ચૂકતા ન હતા. અરે કેટલાક તો અઠવાડિયે કે પંદર દિવસે ફક્ત સેવા કરવા માટે જ આશ્રમમાં આવતા હતા ને!

એક તો આશ્રમનું બાતાવરણ જ ઉલ્લાસ અને રમણિયતાથી ભર્યું ભર્યું હોતું અને જાણીતા કે અજાણ્યા સૌને એક સરખાં સહકાર અને આદર મળતાં હતાં એટલે કોઈનો ત્યાં આવતાં પગ પાછો પડતો ન હતો. અરે કેટલીક સ્કૂલો પણ પોતાનાં બાળકોને આશ્રમ બતાવવા લઈ આવતી હતી ને!

¦

આ તરફ અબ્દુલમીયાંના જમાતખાનામાં થોડી બોલાચાલી, થોડી ગાળાગાળી અને આક્ષેપબાજી થયા પછી હમણાં બે ચાર દિવસથી સહેજ શાંતિ સ્થપાઈ હોય એમ લાગતું હતું. કોમમાંથી લગભગ દશેક બુઝૂર્ગોએ જમાતખાનામાં રહેવા આવવા માટે અરજીઓ આપી હતી એટલે એમને માટે જગ્યા કરવા ઓછી ઉંમરના રહેવાસીઓને તેમના રૂમો ખાલી કરવા તકીદ કરવામાં આવી ત્યારે મોટેલમાં જાણે ખળભળાટ થઈ ગયો હતો.

‘એ નવા આવનારા ભાડું આપવાના છે તો અમેય ભાડું આપીએ છીએ જને! થોડા મફત રહીએ છીએ! અમે રૂમ ખાલી કરવાના નથી, જાવ થાય તે કરી લેજો.’ લગભગ બધાએ મીંયાંભાઈવાળી કરી. ને એ લોકો જાતે હતા જ મુસલમાન તે મીંયાંભાઈવાળી કર્યા વગર રહે ખરા! એમાંના કેટલાકને એમ હતું કે જમાતખાનાના વહીવટદારોમાં એમની ફેવરના જે એક બે જણ છે એ એમને પડખે આવશે પણ એથી ઊંધું જ થયું. વહીવટદારોએ બહુમતીએ ઠરાવ કર્યો હતો એટલે ઊલટા એ લોકોય એમની વિરૂધ્ધ પડ્યા.

છેવટે કોર્ટે જવાની દાટી આપી ત્યારે કેટલાક સમજ્યા. એમને એવી ભાષા અસરકારક રીતે સમજાય છે. કેટલાકને ખાલી દાટીથી સંતોષ ન થયો તેમને વકીલ મારફતે નોટિસ આપીને સમજાવી શકાયા. કોર્ટ સુધી જવાની જરૂર ન પડી. અને એમ તો એ લોકો સમજી જાય એમાં નવાઈ પણ ન હતી. જમાતખાનાની સલામત રૂમોમાં રહીને એમણે દાણચોરી અને ડ્રગના ધંધા વધારી દીધા હતા એટલે એમને કોર્ટના નામથી જ ચકકર આવી જાય એવું હતું. એટલે એમણે સાનમાં જ સમજી જઈને રૂમો ખાલી કરી દીધી. અલબત્ત વકીલની નોટિસ મળ્યા પછી જ.

બધી રૂમો ખાલી થઈ એટલે વહીવટદારો રૂમો ફાળવવા ભેગા મળ્યા. અબ્દુલમીયાં કહે : ‘પહેલાં તમે બધા મોટેલ પર આવો અને રૂમોની હાલત તો જુઓ. જે લોકો એ ખાલી કરીને ગયા છે એમણે ફક્ત ભીંતો, છત અને બારીબારણાં જ બાકી રહેવા દીધાં છે. લાઈટના બલ્બથી માંડીને બાથરૂમના ફોસેટ સુધ્ધાં કેટલાક કાઢી ગયા છે. ભીંતો પર આપણે જે રંગ

કર્યો હતો એનું તો નામ નિશાન રહ્યું નથી. તમે બધા આવો ને તમારી નજરે એ બધું જૂઓ તો તમને આપણી કોમની નાલાયકીનો ખ્યાલ આવે.'

'તો એને નવે સરથી તૈયાર કરાવવા માંડો. બાકી પારકી જગ્યા હોય એટલે રહેનાર માણસ એની પૂરતી કાળજી ન જ રાખે એ તો આપણે બધા જાણીએ છીએ.' એક જણે કહ્યું.

'એવું નથી. આપણને બધાને આશ્રમની નવી મોટેલના ઉદ્‌ઘાટનમાં જવાનાં કાર્ડ મળ્યાં જ છે ને. આપણે ત્યાં જઈશું ત્યારે હું તમને એ લોકો રહે છે એ રૂમો બતાવીશ. કોઈ કહે નહીં કે એ લોકો એ રૂમમાં બે વરસથી રહે છે. મુખી કહેતા હતા કે અમારે તો દશ વરસેય કાર્પેટ બદલવાની જરૂર નહીં પડે. તમે જાતે જૂઓ તો જ સમજાય એવી વાત છે.'

ડૉક્ટર કહે : 'મેં તો એ બધું જોયેલું છે અને એમના રસોડામાં જમ્યો છું પણ ખરો. એ લોકો આશ્રમમાં રહેતાં લોકો માટે એક મફત દવાખાનુંય ત્યાં ચલાવે છે. મારા એક દોસ્ત છે એ ત્યાં દર અઠવાડિયે બે દિવસ મફત સેવા આપે છે. એમની સાથે હુંય બેચાર વખત સેવા આપવા જઈ આવ્યો છું. સાતેસાત દિવસ એ દવાખાનું ચાલે છે ને દેશી તો દેશી પણ અમેરિકન અને ચાઈનીઝ ડૉક્ટરો અને નર્સોય ત્યાં સેવા આપવા આવે છે. એમણે ત્રણ વરસમાં જે કર્યું છે એવું આપણે જો કરવું હોય તો સો વરસ જોઈએ. આપણી પ્રજાની ઘરેડ જ જુદી છે.'

'તે આપણે ત્યાં તમે છો અને આપણાય દાકતરો મલી રહેશે. આપણેય એવું દવાખાનું શરૂ કરો તો! અને સાથે એક મદ્રેસાય શરૂ કરી હોય તો!'

'મારી આગળ તમે મદ્રેસાની વાત ના કરશો. એને કારણે આપણાં બાળકો ઊલટાં ભણવામાં પાછળ પડી જાય છે. એમાં આપણે ધર્મજનૂન અને કોમી ભાવના જ શિખવાડીએ છીએ અને આખી દુનિયાનાં બીજાં બાળકો એ ઉંમરે જે ભણે છે એ ઉંમર આપણાં બળકોની આપણે એમાં વેડફી નાખીએ છીએ. આપણે આપણી છોકરીઓને તો વળી કૉલેજનું પગથિયુંય ચડવા દેતા નથી. મહેરબાની કરીને નમાજ વખતે કોઈ ભૂલેચૂકેય આ મદ્રેસાની વાત ના કરતા. નહીં તો હું તો આ સંસ્થામાંથી છૂટો જ થઈ જઈશ.'

'આપણે તો એ વાત નહીં ઉપાડીએ પણ જમાતખાનામાં જે ડોસાડોસીઓ આવશે એમાંથી તો કેટલાય આ વાત કર્યા વગર રહેવાનાં નથી જ.'

'એય રહેશે જો એમને આપણા જમાતખાનામાં રહેવું હશે તો. એમને વધારે નહીં તો જુમ્માની નમાજ પઢવા આપણે મસ્જિદમાં લઈ જવાનું પણ બેચાર મહિના પછી ગોઠવી કાઢીશું પણ એ પહેલાં એમને આપણા મુલ્લાઓની પકકડમાંથી છોડાવવા પડશે. અત્યારે તો આપણી એવી સ્થિતિ નથી પણ કયારેક જો એવી સગવડ ઊભી થાય તો આપણે આપણાં બાળકોને અહીંનું જે સાચું ભણવાનું છે એ ભણાવવાની એક સ્કૂલ શરૂ કરવી પડશે. આપણાં છોકરાં બીજાં છોકરાં કરતાં પાછાં ન રહી જાય એ માટેના પ્રયત્નો આપણે કરવા પડશે.'

ગમે તેમ તોય લાગતું હતું કે એ દાકતરની સલાહને અવગણવાની કોઈની હિંમત ન હતી એટલે એમની ગાડી પાટા પર આવી જશે. વળી અબ્દુલમીયાંએ આશ્રમના રહેવાસીઓએ જાત મહેનતથી જે કામો કર્યાં છે એની વિગતે વાત કરી હતી એય એ લોકોને ગળે ઊતરી ગઈ હતી. હવે એ વાત પેલાં નવાં રહેવા આવનારાંને સમજાવવાની હતી. જો એમના મનમાં સેવાની ભાવના જાગૃત કરી શકાય તો એક જ વરસમાં જમાતખાનાની સૂરત જ પલટાઈ જાય. દાકતર અને અબ્દુલમીયાંને ભરોંસો હતો કે એમને બેચાર વખત આશ્રમની મુલાકાતે લઈ જવાય તો ઘણો ફેર પડશે.

અને હવે તો મુખીએ સામે ચાલીને જમાતખાનાની પ્રવૃત્તિમાં રસ લેવા માંડ્યો હતો એટલે આશ્રમ તરફથી તો માગી મદદ મળી રહેશે એવી અબ્દુલને ખાતરી થવા માંડી હતી. વળી દાક્તર પણ આશ્રમમાં સેવા આપવા જતા હતા એટલે એમની ભલામણ પણ આશ્રમની મદદ મેળવવામાં ઘણી ઉપયોગી થઈ પડશે એમ એને લાગતું હતું.

જમાતખાનામાં જે દશ રૂમો બુઝૂર્ગોને આપવાની હતી એમાં પણ કામ કરવાની ધગશવાળા સેવાભાવીને ચકાસીને ભરતી કરવા જોઈએ. અબ્દુલમીયાંએ નક્કી કર્યું કે કમિટીમાં આ વાત નક્કી થાય તે પહેલાં દાક્તર સાથે કોને લેવા ને કોને કોઈ બહાનું કાઢીને પડતા મૂકવા એ ચર્ચા કરી લેવી જોઈએ. ને એણે આવેલી અરજીઓમાંથી આવાં કામ કરવાની ભાવનાવાળાં આદમી અને ઔરતની અલગ યાદી બનાવવા માંડી. હવે તેની પાસે જમાતખાનાની પ્રગતિનો ખ્યાલ આવી ગયો હતો અને દાક્તર જેવા સાચી સમજણવાળા અધિકારીનો એને સાથ હતો. એણે મનથી નક્કી કરી લીધું કે પોતાનું ને જમાતખાનાનું બેયનું સચવાય એવી નીતિ રાખવી. જો એણે નક્કી કર્યા મુજબ એ એને વળગી રહે તો જમાતખાનું ચોક્કસ આગળ આવી જાય એમ હતું.

મુખીને ખબર હતી જ કે જમાતખાનાની પ્રગતિની આડે અબ્દુલ જ હતો. એ કામ કરવામાં ફક્ત વેઠ જ ઉતારતો હતો ને કટકી લેવામાં પાછું વાળીને જોતો ન હતો. એણે પહેલેથી જ જો સેવા કરવાની વૃત્તિ રાખી હોત તો આજે જમાતખાનું ઘણું આગળ આવી ગયું હોત. પણ એક તો સંચાલકોએ એનો કસ કાઢવાની જ દાનત રાખી હતી એને કારણે અને બીજું મુખીએ એને પહેલેથી જ અવળે પાટે ચડાવી દીધો હતો એને કારણે જમાતખાનાની પ્રગતિ સામે એ અવરોધ બની રહ્યો હતો. પણ હવે એને મુખીએ તે દિવસે કહેલા શબ્દો યાદ આવતા હતા. એમણે કહ્યું હતું : ‘જો બરાબર કામ કરશો તો કોમના લોકો તમારા નામનાં તાવીજ બનાવીને ગળામાં પહેરશે.’

હવે એને એવી ઓલિયા જેવી નામના મેળવવાની લગની લાગી હતી. મુખીનો ટૂચકોય કામ કરી ગયો હતો અને હવે એનું મારણ પણ કામ કરી રહ્યું હતું. અબ્દુલને કે દાક્તરને એની ખબર ન હતી કે આની પાછળ સાહેબની એક ટકોર કામ કરી ગઈ હતી.

■

જમાતખાનાની કાયાપલટ કરી નાખવાના નિર્ણયની આ વાત ફરતી ફરતી સાહેબને કાનેય આવી ને એ મલકાઈ રહ્યા. એમને આનંદ થયો કે એક સારું કામ ખરાબે ચઢતાં બચી ગયું. પણ એથીય વધારે આનંદ એમને એ વાતથી થયો કે મુખીના દિલમાંથી પેલી તોડી નાખવાની ને ફોડી નાખવાની ભાવના નીકળી ગઈ હતી. એમને ખાતરી હતી કે મુખી જ્યારે એનાં પરિણામો જોશે ત્યારે એમનામાં જે થોડા અંશો આવી ભાવના રહ્યા હશે એ પણ નિર્મૂળ થઈ જશે. એ મનમાં વિચારી રહ્યા કે જેમને આશ્રમમાં લેવા સામે જ બધાનો વિરોધ હતો એ મુખી એટલા બદલાઈ ગયા હતા કે આજે કામની ઉકલત અને હિંમતની બાબતમાં કોઈ એમની બરોબરી કરી શકે તેમ ન હતું.

બધા આશ્રમની આ તૈયાર થઈ રહેલી પાંખની વ્યવસ્થા કેમ ગેઠવવી એનો વિચાર કરતા બેઠા હતા ત્યારે સાહેબ કહે : ‘એમાં શી ગોઠવણ કરવાની હતી! મુખીને ત્યાં કાઢો એટલે મને શાંતિથી જીવવા દે.’

‘હવે અમે તમનેય ભારે પડવા માંડ્યા. ઘેર છોકરાંને ભારે પડતા હતા તે અહીં કાઢ્યા. હવે તમે અહીંથી ત્યાં કાઢો. એના કરતાં એમ કરો, સોમાભાઈને ત્યાં મોકલો. અહીં જૂના આશ્રમમાં તો સંભાળવા જેવું શું છે? બધાં ડોસાં ડગરાં ભર્યાં છે. એ સાહેબ સંભાળશે. એમનીય ઉંમર પેલાં જેવી જ છે ને!’ મુખીએ સહેબનેય ભેગા લીધા.

‘હા ભાઈ, અમારી ઉંમર થઈ ગઈ ને મુખી તમને તો હજુ હમણાં જુવાની ફૂટતી હશે.’

‘તોય તમારા જેટલી તો નહીં જ ને વળી. હજુ તો હમણાં મનોરભાઈએ કાગળિયાં કર્યાં ત્યારે ગયે મહિને સરકારના જીવાઈ ભથ્થાનો ચેક જોયો. ને તમે તો દશ વરસથી સરકારી ચોપડે ચઢી ગયા છો.’

‘હા, એય ખરું. પણ સોમાભાઈથી તો આ ઑફિસ છોડાય એવું નથી. વળી ત્યાં હજુ તો એક મોટેલ જ શરૂ થવાની છે. હજુ તો બીજાં ઘણાં કામ બે વરસ સુધી ચાલવાનાં છે. ને તમે ત્યાંના ત્યાં છો તે તમે જ એ મોટેલની જવાબદારી સંભાળો એ ઠીક પડે. તમારે જુદું જુવાળું કરવું હોય તોય વાંધો નથી. એક નાનકડું ત્યાં બાંધી દો. પછી તમારે બધાંને ટિફિનનું ઠંડું ખાવું ના પડે. સાંજે તો અમારી ભેળા જ.’

‘એમ કરીએ તોય વાળા કાઢવા પડે બેચાર જણને મોટેલ સંભાળવા મૂકીને ખાવા અવાય અને અમે જઈએ પછી પેલાંથી ખાવા અવાય.’

‘એટલે તમારા મનમાં એમ છે કે તમે અને આપણા માણસો જ એ મોટેલ ચલાવવાના છો?’

‘એમ જ તો.’

‘જૂઓ હવેથી આ મોટેલમાં કે પેલી મોટેલમાં કે બાંધકામમાં આપણા કોઈએ કામ કરવાનું નથી. બધું પગારદાર માણસોથી જ કરાવવાનું છે. આપણાં માણસોમાંથી જેને કામ કરવું હોય એને સ્ટોરમાં કે બાગમાં કે રસોડામાં જ કામ કરવાનું છે. હા, દેખરેખ રાખવામાં જ્યાં જરૂર પડશે ત્યાં સોમાભાઈ બધાને કામ બતાવશે. આ ઉંમરે તો ઘરનાં છોકરાંય તમને કામ ના કરવા દે.’

‘તમે ઘરનાં છોકરાંની તો વાત જ ના કરશો. આ બધાં ઘરનાં છોકરાંથી થાકીને તો અહીં આવ્યાં છે. અત્યારે આપણે બધા સુખચેનથી રહીએ છીએ એ ભગવાનની કૃપા છે બાકી મનોરભાઈનો આ પાસો અવળો પડ્યો હોત ને આપણે બધાંને છોકરાં પાસે પાછા જવાનું થયું હોત તો એ છોકરાં આપણને પેટ પાણી ન પડવા દેત, ભગવાનને માથે રાખીને કહેજો તમે બધા.’

‘એટલે જ હું તમને કહું છું કે આખી દુનિયા બદલાઈ ગઈ પણ આ એક મુખી ના બદલાયા. અલ્યા ભાઈ, જે વાત બની જ નથી એનાં ગાણાં ગાવાનો શો અર્થ ? જૂઓ મારી એક વાત ગાંઠે બાંધજો કે કડવી વાતો ભૂલીને જે સારી વાતો જ ગાંઠે બાંધે છે એ ભવિષ્યમાં સુખી થાય છે. આપણે બધા છોકરાંને અંતરિયાળ મૂકીને અહીં આવતા રહ્યા એટલે એમને માથે નહીં વીતી હોય! પણ એ ભૂલીને એમણે આપણી સાથે સંબંધ સુધારી લીધા કે નહીં!’

‘સાહેબ, એવી તત્ત્વજ્ઞાની વાતો મનમાં ઉતારવા બહુ પ્રયત્ન કરીએ છીએ પણ કયારેક પેલું જૂનું યાદ આવી જાય છે. બાકી આપણેય સંબંધ તો સુધારી જ લીધેલા છે ને! કેટલાકે તો પોતાની બચતમાંથી છોકરાંને પૈસાય મોકલ્યા છે જ ને!’

‘જૂઓ, આજથી એક વાત નકકી કરી લો કે કોઈએ અહીં ઑફિસમાં જૂની વાતો ના કાઢવી. ને મારું માનો તો મનમાથી જ કાઢી નાખવી. એનાથી મનમાં કડવાશ વધે છે ને આપણે જે ચર્ચા કરતા હોઈએ એ વિલંબમાં પડે છે.’ સાહેબે વાતનું પૂર્ણવિરામ મૂકતાં કહ્યું.

પણ મુખી લીધી વાતનો તાગ લીધા વગર કયાં રહે એમ હતા! ‘કાલે સવારે તમે કહેશો કે જઈને છોકરાંની માફી માગી આવો.’

‘એમ કરો તોય કશું ખોટું નહીં. ચાલો, તમારાથી જ શરૂ કરીએ. તમે બેય જણાં કાલે સવારથી જ કહેવડાવી દો છોકરાંને કે તમે સાંજઈ એમને મળવા આવવાનાં છો ને ત્યાં જમવાનાં છો. પછી સાંજે જમ્યા પછી તમારે દીકરા ને વહુને

પાસે બેસાડીને એટલું જ કહેવું : અમને લાગે છે કે તમને બહુ દૂભવ્યાં. હવે અમારું સરકારી ભથ્થું આવવા માંડ્યું છે એટલે તમારે આશ્રમના ખર્ચાના પૈસા મોકલવાની જરૂર નથી. મુખી આમાં માફી માગવા જેવી કોઈ વાત નથી પણ તમારી આ વાતની શી અસર થાય છે એ જોજો ને બીજે દિવસે આવીને બધાંને કહેજો.'

'મુખી, સાહેબ કહે છે તે મનનો ઉભરો કાઢી નાખવાનો એક પ્રયત્ન તો કરી જૂઓ. સાહેબે આજ સુધી કોઈને આવું કરવાનું કહ્યું નથી.' બીજાએ કહ્યું.

'સાહેબ કહે છે એટલે મન થાય છે કે એમ કરી જોઉં. બીજે દિવસે આવીને તમને બધાંને કહીશ પણ ખરો કે શું થયું. આજે હમણાં જ ફોન કરી દઉં છું.' કહેતાં મુખી બહારની ઑફિસમાં ગયા કોઈએ એમને એમ ના કહ્યું કે અહીંથી ફોન કરો. બધા સમજતા હતા કે મુખી જેવા માણસને સાહેબની વાત ગળે ઉતારતાં કેવી વીતી હશે.

બીજે દિવસે પોતાનાં કામની સોંપણી કરીને મુખી આશ્રમ પર વહેલા આવી ગયા. ત્યાં રેવતીબેન હાથમાં એક બોકસ લઈને આવી પહોંચ્યાં : 'લ્યો, દીકરાને ત્યાં આજે ત્રણ વરસે જાવ છો તે ખાલી હાથે ના જવાય. આ લેતા જજો.'

તો આ બાજુ જીવકોરબેનેય ગોરાણી પાસે હમણાં જ જીવત્ચર્યા વખતે સંતુબેને આપેલી સાડી વહુને આપવા લઈ લીધી. એમણે પૈસા આપવા માંડ્યા તો ગોરાણી કહે : 'તમે બધાં અમને આટલા ભાવથી રાખો છો તે એના પૈસા લેવાતા હશે. મારે તો તમે જાણો છો કે બાર મહિનામાં નહીં નહીં તોય પચાસ જેટલી સાડીઓ આવતી હશે. હું બધાંને વહેંચી જ દઉં છું ને!'

'પણ આ તો મારે દીકરાની વહુને આપવા જોઈએ છીએ એટલે એના તો પૈસા લેવા જ પડશે.' જીવકોરબેને દલીલ કરવા પ્રયત્ન કર્યો.

'તો પછી એમને મારા નામથી આપજો. કહેજો કે ગોરાણીએ મોકલી છે. પણ પૈસા લઉં તો મહારાજ મને વઢી નાખે.'

પછી મુખી કાર લઈને આશ્રમમાંથી નીકળ્યા ત્યારે કેટલીય આંખો એમને તાકી રહી હતી. તો કેટલાક વડીલો આંખને ખૂણેથી એમને જતા જોઈ મલકાઈ રહ્યા હતા. કોઈકે તો કહ્યુંય ખરું : 'મુખીએ સાહેબનું માન રાખ્યું ખરું.'

તો બીજાએ એમાં હાજિયો પૂરાવતાં કહ્યું : 'આજ સુધી સાહેબનું કહેવું કોઈએ ટાળ્યું છે ખરું!' ને બેય હસી રહ્યા.

¦

આંગણે ગાડી આવી એટલે જાણે બારણામાં રાહ જોઈને જ ઊભાં હોય એમ ધની અને સમીપ એમના દીકરાને લઈને ગાડી પાસે દોડી આવ્યાં. બધાં બેયને પગે લાગ્યાં ને સમીપ અને ધની છૂટે મોંએ રડી પડ્યાં. એમનું જોઈ પેલો નાનોય રડવા માંડ્યો. જીવકોરબેને એને તેડી લીધો ને આગળ થઈ ઘરમાં પેઠાં : 'મને એમ કે તું મને ભૂલી ગયો હોઈશ.'

'અરે રોજ ખાવાના ટેબલ પર બેસે ને તમને યાદ કરે છે. કયારેક કહે : હું આજે દાદાની ખુરસી પર બેસી જઈશ પછી દાદા કેવા ગરમ થશે! તો કદીક કહેશે : આજે હું બાની ખુરશી પર બેસી જવાનો. બા આવશે ને મને ખોળામાં લઈ એમને હાથે ખવડાવશે. તમને યાદ કર્યા સિવાય એ કયારેય ખાવા બેઠો હોય એવું યાદ નથી.'

‘અમેય એને યાદ કર્યા સિવાય ખાધું નથી. એના દાદા તો એની સ્કૂલની બસ આવે ત્યારે એની વાટ જોઈને ઊભા રહેતા પણ કયારેય એ એમને મળ્યો નહીં.’

‘તે કંઈથી મળે? એની સ્કૂલ એક માઈલની અંદર આવી જાય એટલે એને બસમાં અવાય જવાય નહીં. વળી અમે બેય નોકરી કરીએ એટલે એને એની બેબી સીટર સ્કૂલમાંથી બારોબાર એને ઘેર લઈ જાય અને સાંજે હું આવું ત્યારે મારી સાથે ઘેર લેતી આવું. પણ અમે તમારી સાથે આવું કર્યું એટલે તમને ઘેર આવતાં આંચકો લાગે ને તમારી બીકે અમારાથીય આશ્રમમાં અવાય નહીં.’

‘એમાં તમારોય શો દોષ કાઢવો! એમનો સ્વભાવ એવો આકરો એટલે શું કરીએ! પણ હવે તો બધાંની સંગતે એ બહુ બદલાઈ ગયા છે.’

‘અમે તમને બધાંને બહુ દુખી કર્યાં.’ મુખીએ એટલું જ કહ્યું ને પેલાં બેય જણાં પાછાં રડી પડ્યાં.

‘ના બાપુ, અમે તમને દુખી કર્યા એટલે તો શરમનાં માર્યાં અમારાથી તમારી સામે અવાતું ન હતું. ઘણી વખત એમ થાય કે બાપુ નવા આશ્રમનું બધું કામ માથે લઈને ફરે છે તે જઈને એમને થોડી મદદ કરું પણ કયે મોઢે ત્યાં અવાય. એટલે મન મારીને બેસી રહું.’ સમીપે કહ્યું.

‘આ વખતે બધાં આવજો અને પૂજામાં પણ બેસજો. હું મથુર મહારાજને તમારાં નામ નોંધાવી દઈશ.’

‘ગોરાણીએ તારે માટે સાડી મોકલી છે. ને રેવતીબેને બધાંને માટે આ બોકસ આપ્યું છે. અમને તો ખબરેય નથી કે મહીં શું મોકલ્યું છે. એ કહે ત્રણ વરસે દીકરાવહુને ત્યાં જાવ છો તે ખાલી હાથે ન જવાય.’ જીવકોરબેને કહ્યું ને સમીપે બોકસ ખોલ્યું તો અંદર ઘરો આઠમના ચોખના તથા દળના લાડવા હતા.

‘બધા મને મારી જોબ પર પૂછતા હોય છે કે આશ્રમમાં આટલાં બધાં માણસો રહે છે અને એક જ ફેમિલીની જેમ રહે છે અને એક જ રસોડે જમે છે તે એ લોકોમાં કામ કરવાની બાબતમાં ખેંચાખેંચ નથી થતી?’

‘હવે એમને કહેજે કે બધાંમાં કામ ન કરવા માટે નહીં પણ કામ કરવા માટે પડાપડી કરે છે એની ખેંચાખેંચ થાય છે ખરી.’

ત્યાં નાનકો કહે : ‘દાદા, તમે મારી સાથે રહેવા આવી જાવ ને. હું હવે તોફાન નહીં કરું. મને બેબી સીટરને ત્યાં નથી ગમતું. બા તમે અહીં આવતાં રહો ને.’

જીવકોરબેને સજળ આંખે મુખી સામે જોયું. એમને નાનકાની દયા આવી ગઈ. છતી માએ બાપડો છોકરો નમાયો થઈને રહેતો હતો અને કોચવાયા ને હિજરાયા કરતો હતો એ જોઈ એમની આંખોમાં આંસુ આવી ગયાં. પણ હવે એમાં એમનાથી કશું થઈ શકે એમ ન હતું. મુખીથી હવે આશ્રમ છોડી બહાર નીકળી શકાય એમ ન હતું. એ કહે : ‘એનોય કશોક રસ્તો કરીશું. એક વખત આ મોટેલ ચાલુ થઈ જાય અને મારે માથેથી કામનો બોજો થોડો હળવો થાય એટલે તનેય રોજ આશ્રમમાં લઈ આવવાનું ગોઠવીશું.’

એમનું એ કહેવું સાંભળતાં જ જીવકોરબેનને તો જાણે સાતે કોઠે અજવાળાં થઈ ગયાં. એ કહે : 'જો એવું કરી દો તો તમારા જેવો ભગવાનેય નહીં. આપણે બેઠાં હોઈએ ને મારો નાનકો હિજરાયા કરે છે એ કેમ સહન થાય! ને કામ તો આ વસ્તુ થઈ જાય પછી શિયાળામાં ઓછું જ થઈ જ જવાનું છે ને.'

'ને હવે તમે અમને મહિને અઢીસો મોકલો છો એ ના મોકલશો. ગયા મહિનાથી અમને સરકારી સહાય મળવા માંડી છે. તમે હવે કામ વગરની ભીડ ના વેઠશો ને નાનકાનેય કોઈ પ્રાઈવેટ સ્કૂલમાં મૂકવો હોય તો આવતી ટર્મથી એને એમાં મૂકી દેજો.'

'બાપુ, અમારું બધું બરાબર ગોઠવાઈ ગયેલું છે. તમને તો દર મહિને મોકલ્યા જ કરીશું. તમારા પૈસા તમારે જેમ વાપરવા હોય એમ વાપરજો.'

'અમારે હવે એની જરૂર જ નથી પડવાની પછી કામ વગરની તમારે ભીડ શા માટે વેઠવાની! અમારે માથે એટલાં બધાં કામ આવી ગયાં છે કે અમારાથી પાંચ વરસ સુધી તો આશ્રમની બહાર નીકળાવાનું જ નથી. એટલે હવે અમને જે પૈસા મોકલતો હતો એ આ નાનકાને માટે વાપરવાના રાખ. એને કોઈ વાતની અગવડ ના પડવી જોઈએ. જરૂર પડશે તો વરસે દિવસે અમેય એમાં હજાર ડોલર તો આપી શકીશું.'

અનુક્રમ ➪

## ૨૧. ઉપસંહાર

ને આશ્રમની નવી જગ્યા પર મોટેલ તૈયાર થઈ ગઈ હતી. મથુર મહારાજે મૂરત તો કાઢી આપેલું જ હતું અને એના વાસ્તુનાં કાર્ડ પણ લખાઈ ગયાં હતાં. બધાં આશ્રમવાસીઓ અવસર માટે થનગની રહ્યાં હતાં. જેમને આ અવસરમાં આવવાનાં આમંત્રણ મળ્યાં હતાં એ લોકોય અવસરમાં આવવા તૈયાર થઈને બેઠાં હતાં.

નકકી કરેલે દિવસે સવારથી જ બધાંની દોડાદોડ વધી ગઈ હતી. મથુર મહારાજ જ જાણે વરના બાપ. આજે એમને પૂછ્યા વગર જાણે કશુંય થાય જ નહીં. સૌકોઈનો એક જ જવાબ હોય મથુર મહારાજને પૂછો.

¦

જેમ સાહેબની ટકોર મુખીને ગળે ઊતરી ગઈ હતી એમ મુખીની ટકોર અબ્દુલને ગળે પણ ઊતરી ગઈ હતી. એણે જમાતખાનાને નવું રૂપ આપવા કમર કસી હતી. અને આ વખતે તો ડૉક્ટર પણ એની સાથે ખભો મિલાવીને વળગી પડ્યા હતા અને મુખી પણ જ્યારે માગો ત્યારે મદદ કરવા તત્પર રહેતા હતા.

ડૉક્ટરે આગળ પડીને કોઈનીય શરમ રાખ્યા વગર બધાંની અરજીઓ ચકાસી હતી અને યોગ્ય માણસોને ઑફિસમાં બોલાવી જમાતખાના તરફથી એમને કેટલી સગવડો મળશે અને બદલામાં એમણે બધાંએ ભાગે પડતાં કેવાં કામો હોંસાતોસી વગર કરી લેવાનાં રહેશે એની વિગતવાર ચોખવટ કરી હતી. પછી એ મુજબ છાપેલા ફૉર્મ પર બધાંની સહીઓ પણ લઈ લીધી હતી. એમણે કેવી રીતે જમાતખાનામાં રહેવાનું અને પોતાની ઓરડી કેવી સાફ રાખવાની તથા મોટેલ અને ઈસ્લામિક થ્રીફ્ટી સ્ટોરમાં તેમને અબ્દુલ સોંપે એવાં કામ ભાગે પડતાં કરવાની ચોખ્ખી સમજણ તેમણે આપી હતી. અને માણસો પણ પસંદ કરીને લીધાં હતાં એટલે જમાતખાનાનું કામ રાગે પડી જવાનું હતું એટલું જ નહીં પણ એમાંથી થોડી બચત પણ થવાની હતી એની બધાને શ્રધ્ધા બેઠી હતી.

આ વખતે અબ્દુલે જમાતખાનાના વસહતીઓની અને મોટેલની અન્ય રૂમો વચ્ચે એક નાની સરખી આડશ પણ ઊભી કરી દીધી હતી. પેલાં લોકોએ પાર્કિંગ લૉટમાં ગંદવાડો કરીને ને હદ નકકી કરવા માટે જે આડશો ઊભી કરી હતી એને કારણે આવનારા ગ્રાહકો પર ખોટી છાપ પડતી હતી અને ધંધા પર પણ એની અસર થતી હતી એ આડશો પણ એણે કઢાવી નાખી હતી. અને પોતાની રૂમની બહાર કપડાં સુકવવા પર પણ એણે પ્રતિબંધ મૂકી દીધો હતો.

એમણે જમાતખાનાનું રસોડું મોટેલને અંદરને છેડે આવેલા સ્ટોરરૂમને નામે ઓળખાતા મકાનને ઠીકઠાક કરીને એમાં ગોઠવી દીધું હતું. ત્યાં છ માણસો સાથે ભોજન લઈ શકે એવી ડાઈનિંગ ટેબલની પણ વ્યવસ્થા એમણે કરી દીધી હતી. રસોડાની વ્યવસ્થા તથા તે માટે જરૂરી ગ્રોસરી ને શાકભાજી ખરીદવા માટે પણ એમણે અબ્દુલની સાથે બે વસાહતીઓ મૂકી દીધા હતા.

વળી જે લોકો જમાતખાનામાં રહેવા આવ્યા હતા એ પણ ઠરેલ અને કામ કરવાની ધગશવાળા હતા એટલે કામ ઝડપથી ગોઠવાવા માંડ્યું હતું. આ બધામાં ફક્ત અબ્દુલ અને એની બૈરી ઝુબેદા તથા એમનાં બે છોકરાં જ મફ્ત રહેવાવાળાં હતાં એટલે દર મહિને જમાતખાનાને નજીવી જ રકમ ઉમેરવી પડતી હતી, બાકીનો ખર્ચ તો વસાહતીઓની ફીમાંથી જ નીકળી જતો હતો.

અબ્દુલ હવે ખુશ હતો કારણ કે મોટેલના કામમાં પણ બે માણસો તેની મદદમાં મૂકવામાં આવ્યા હતા. વળી પાછી મોટેલ ચાલવા લાગી હતી. ઘરાકો આવતા થયા હતા.

મોટેલની સાથે લગભગ બે એકર જેટલી ખાલી જગ્યા પણ હતી એમાં નવરાશને સમયે બધા બાગકામ કરતા હતા. પણ હવે તો શિયાળો લગભગ બેસી જ ગયો હતો એટલે કશું કરી શકાય એમ ન હતું પણ ઉનાળામાં તો બધાંની ગણતરી હતી કે એ લોકો થોડો બાગ બનાવશે અને થોડાં શાકભાજી પણ ઉગાડી શકશે. વળી બધાને મોટેલના મશીનોમાં જ પોતાનાં કપડાં ધોવાની અને સૂકવવાની એણે છૂટ આપી હતી એટલે કોઈને બહાર કપડાં સૂકવવાની જરૂર જ પડતી ન હતી.

એ બધાંને અબ્દુલ આશ્રમમાં લઈ ગયો હતો અને એમને ત્યાં આશ્રમવાળાએ જમાડ્યા પણ હતા. ત્યાંની સ્વચ્છતા ને ત્યાંની વ્યવસ્થા જોઈ એ બધા દંગ રહી ગયા હતા. એમણે એ પણ જાણ્યું હતું કે આટલી મોટી સંસ્થા ચલાવતા હોવા છતાં એ લોકો આશ્રમ, રસોડું અને થ્રીફ્ટી સ્ટોર ચલાવવામાં કોઈ બહારના માણસોને પગારથી રોકતા નથી. હા, મોટેલમાં પાંચ માણસો કામ કરે છે ખરા. ને હવે નવી મોટેલમાં તો આ ઘરડા માણસોની કામ કરવાની ઈચ્છા હોવા છતાં તેમની ઉંમર અને તબિયતનો ખ્યાલ કરીને બધા જ પગારદાર માણસોથી જ વહીવટ કરવાનું નકકી થયું છે.

જમાતખાનામાંથી આવેલાં બધાંને આ જોયા પછી અનુભૂતિ થઈ કે આશ્રમની પાસે જે કાર્યકરો છે અને એમાં રહેતાં માણસોમાં જે કેળવણી છે એ તો એમનામાં નથી પણ તોય પોતાનાથી બનતું કરીનેય એ લોકો જમાતખાનાને એમની કોમમાં તો દાખલો બેસાડવા જેવું કરીને જ રહેશે.

થોડું બરાબર ગોઠવાય એટલે જમાતખાના માટે સિટીમાં જગ્યાની માગણી કરવાનો પણ એમનો વિચાર હતો. આ માટે ડૉકટર જેવા માણસ આગળ હતા એટલે જગ્યા મળવામાં કશી અડચણ નહીં આવે એમ એ લોકો માગતા હતા. આ માટે પહેલાં તો જમાતખાનું એમને બતાવવા જેવું તૈયાર ન થાય ત્યાં સુધી એ વાત મૂકવા જેવી ન હતી એમ ડૉકટરનું માનવું હતું એટલે અબ્દુલમીયાં જમાતખાના પાછળ પડ્યા હતા. એ રોજે રોજ જમાતખાનાના રહેવાસીઓની રૂમો ચેક કરતો હતો અને એને સંતોષ થતો જતો હતો કે બહારના માણસ એ રૂમો જુએ તોય એને કશી ખોડ કાઢવા જેવું લાગે તેમ ન હતું.

પણ બધાંને એ ગમે જ એવું થોડું છે ? પાંચેક વરસ સારું ચાલ્યા પછી અબ્દુલમીયાંની પાસેથી વહીવટ સંભાળી લેવા માટે ડખો ઊભો થયો. પેલા દાકતર સિવાય કોઈ અબ્દુલમીયાંને પક્ષે રહ્યા નહીં. ને અબ્દુલમીયાંને ભૂંડે હાલ નીકળી જવું પડ્યું. પછી નવા ટોળામાંય સત્તા માટે ઝઘડા ચાલ્યા ને એક વખત તો મારામારી પણ થઈ અને પોલીસ પણ બોલાવવી પડી.

અબ્દુલમીયાંના બેય દીકરા મોટા થઈ ગયા હતા. એક ટેક્સી ફેરવતો હતો ને બીજો કોઈના ગેરેજમાં નોકરી કરતો હતો. અબ્દુલ અને એની બીબી મોટા છોકરા સાથે રહેતાં હતાં. જમાતખાનું તો બરાબર ગોઠવાય એ પહેલાં જ બંધ થઈ ગયું હતું. હવામાં એવી વાત ઊડતી હતી કે જમાતખાનાની એ મોટેલ હપ્તા ન ભરાતાં પાછી લઈ લેવા માટે એના જૂના માલિકે કોર્ટમાં કેસ મૂકયો હતો.

કયારેક અબ્દુલમીયાં મુખીને મળવા આવતા હતા ત્યારે મુખીય જૂની વાતો તાજી કરતાં મનમાં વિચારી લેતા હતા : સાહેબે ભલે મને એમની વહારે મોકલ્યો પણ છેવટે તો જે થવાનું હતું એ થઈને જ રહ્યું. હા, સાહેબની એ સૂચનાને કારણે પોતે વચમાં પડ્યા અને એને એક વખત રાગે લાવવામાં મદદરૂપ પણ થયા પણ જમાતખાનાનું ઊલાળિયું તો છેવટે થયું જ. હા, એમાં વચમાં આશ્રમનું નામ ન આવ્યું એ વાત ખરી.

¦

એ વાતનેય પંદર વરસ વીતી ગયાં છે ને એક એવી જ સવારે જૂની પેઢીમાંથી બચેલા મુખી, છગન સુથાર અને સોમાભાઈ આશ્રમની ઑફિસમાં બેસી આશ્રમના ભાવિનો વિચાર કરી ચિંતા કરી રહ્યા છે. જો કે આવતા વરસથી દાકતરીમાંથી ફારેગ થઈ દાકતર ભાવિને આશ્રમમાં રહેવા આવી જવાનું નકકી કર્યું છે એટલે બધાને ખાતરી છે કે પેલા જમાતખાનાનું થયું એવું તો આશ્રમનું નહીં જ થાય. પછી તો જેવી ભગવાનની ઈચ્છા.

અનુક્રમ ⇨